બનામે ઈઝદ

મહાન શાએર ફિર્દોસી તૂસીનું

શાહનામું.

ગુજરાતી હુરૂફે તમામ બયતો તથા તેનો તરજુમો.

બસી-રન્જ બોરૂદમ દરીન્ સાલે સી,
અજમ ઝેન્દહ કરૂદમ બદીન્ પારૂસી
તો ઈન્રા દોરૂઘો ફસાનહ મદાન્
બયકસાન્ રવેશ દરૂ ઝમાનહ મદાન્
બદીન્ નામહ બરૂ ઉમ્રહા બોગ્ઝરદ
બેખાનદ હરાન્ કસ કે દારદ ખરદ
(ફિર્દોસી)

"તીસ વરસ તલક રંજ. ખેંચીઓ મોટો
મુવો મુલક ઈ.ાનનો કીધો જીવતો
તું નો જાંણતો એહને જુઠી કાંહાંનીઓ
કે એકજ રીતનો નહી હતો આ જમાંનો
ગુજરશે વરસ પર વરસ બેશુમાર
પણ વાંચશે આ કેતાબ ઇનસાન અકલદાર"
(મનસુખ)

વૉલ્યુમ ૧લું.

બનાવનાર

માહીયાર નવરોજી કુટાર.

ફરામર્ઝ નવરોજી કુટાર.

મુંબઈ.

શાહનામા પ્રેસ.

સને ૧૨૮૩ યઝદજરદી.

સને ૧૯૧૪ ઈસવી.

Registered under the Government of India's Act XXV of 1867.
આ પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ મા ઍક્ટ પ્રમાણે રજીસ્ટર કરેલું છે.

આ પુસ્તક "ધી શાહનામા પ્રેસ" મુંબઈ કોટ ફ્રીયર રોડ કારવાર સ્ટ્રીટ
માણેકજી રૂસ્તમજી કંટ્રાક્ટર બીલ્ડીંગ નંબર ૫૦-૬૨ માં એર્વદ
ફ્રામજી નવરોજી કુટારે પોતાને માટે છાપી
ત્યાંથીજ પ્રગટ કીધું છે. |

THE

SHAHNAMAH OF FIRDAUSI.

ITS FULL TEXT & ITS TRANSLATION (in Gujarati)

BY

MAHIAR NAVROJI KUTAR

AND

FARAMARZ NAVROJI KUTAR

" Bináha-i-ábád gardad kharáb
Zi bárán o az tábish-i-áftáb
Pai afgandam az nazm-i-kákh-i-baland
Keh az bád o bárán niyábad gazand."

(FIRDAUSI.)

" The homes that are the dwellings of to-day
Will sink 'neath shower and sunshine to decay
But storm and rain shall never mar what I
Have built—the palace of my poetry."

(WARNER.)

VOL. I

Bombay.

SHAHNAMAH PRESS.

1914

" No other great poet ever imposed such strict limitations on himself or so sternly adhered to them as did Firdausi. He put himself at the mercy of his authorities and where they fail him, as they do sometimes in this portion of the Shahnama, he makes no attempt TO INVENT INCIDENTS, but leaves a blank and passes on. This is a proceeding for which the poet should be praised rather than blamed. "

(WARNER.)

અર્પણ પત્રિકા.

"મેહેરજી રાણા બડા નેક થા, પુરા બંદા સાહેબકા;
પાદશાહ અકબર સુદરા પેહેના, દેખ તમારા મઝહબકા."

જગત આશકાર અકબર પાદશાહ સાથ જે નર રત્નનું નામ જોડાયું છે,
જરથોસ્તી પાક મઝહબનો એક મુસલમીન શેહનશાહ ઉપર
જેણે પોતાની કાબેલીયતથી ઊંડો છાપ બેસાડયો છે,
પોતાની પવિત્રાઈ, દીનદારી અને એલમથી
જે મોબેદ ઉપરથી

દસ્તૂરાન દસ્તૂર થયો છે,

જે વિર રત્નને દિલ્હી દરબારે વધાવી લીધો,
અને દરબારી શાએર તાનસેને જે વિરલા માટે ગાયું કે,

લંબી લંબી દહાડી શાહ મેહેરીઆર;
તેરી મૂખ પર બરશત નૂર;
ઈઆહૂ પારસી પઠે શો કબૂલ.

તે નામવર નર, જેના જાએનેશીનોનાં ખભાં સાથ ખભું

અમો દસ્તૂર દારાબ પાહલનના બરખુર્દારો

ઘસડતા આવ્યા છિયે

તે

હિંદ સરઝમીનના દસ્તૂરાન દસ્તૂરજી સાહેબ

પહેલા દસ્તૂર મેહેરજી રાણાના અશો રૂહને

આ વૉલ્યુમ નઝર કરી

મહાન શાએર ફિર્દોસી તૂસી સાથ પણ
તે નેકનામનું બખ્તાવર નામ જોડવાની
અમો ખાહેશ કરિયે છિયે.

સાંકળિયું.

દીબાચો.

બનામે જહાન્દારે હરૂ દૂં જહાન્
ખોદાવન્દે બખ્શન્દહ જાનો રવાન્

આ પુસ્તક પ્રગટ કરનાર બે ભાઈઓમાંથી એકે રચેલા ફારસી બેતોમાં આવેલા ઉપલા એક બેતના શબ્દોમાં ખુદાનું નામ લઈ હું આ દીબાચો શરૂ કરૂ છું.

શાહનામાંના આ તરજુમા માટે, તે પ્રગટ કરનારા બે એરવદ ભાઈઓ, એરવદ મેહેરજીભાઈ નવરોજી કુટાર અને ફરામરોજ નવરોજી કુટારની એલતેમાસથી આ દીબાચો હું ઘણી ખુશી સાથે લખુ છું. તેમ કરતાં, પેહેલે, આ ભલા ભાઈઓની મારા વાંચનારાઓ સાથે થોડીક ઓળખાણ કરાવવાની રજા લઉ છું.

એ બન્ને ભાઈઓ, તે ભલા વર્ગના અથોરનાંન ભાઈઓ છે, કે જે વર્ગે આગળ આપણા બાપ દાદેથી ઉતરી આવેલાં ઈરાની સાહિત્ય માટે ઘણુક કર્યું છે, અને જે વર્ગ કમ ભાયગે હવે ઘણો નાનો થતો જાય છે. એ વર્ગના આ અથોરનાન ભાઈઓ, પાક્કા મોબેદો તરીકે પોતાનો યઓઝદાથ્રગરીને પોષ કરવા ઉપરાંત, પેહેલવી ફારસી ભાષાઓનો અને ખાસ કરીને ફારસી ભાષાનો ઠીક અભ્યાસ કરતા હતા, અને જેને આપણે આપણું મધ્ય જમાનાનું (Mediæval) સાહિત્ય કહયે, તે સાહિત્યનુ સારૂં જ્ઞાન ધરાવતા હતા. વળી જયારે છાપાનો હુન્નર આપણામાં જણાયલો નહિ હતો ત્યારે તેઓ એવા સાહિત્યની નકલો કરી તેનો ફેલાવો કરતા હતા. એવા એક પ્રકારના લેખકો (Scribes) તરીકેની તેઓની સેવા ઘણી અગતની હતી. એઓમાંથી ઘણાકો, પોતાના ગુરૂ અથવા ઉસ્તાદ આગળ, પોતાની ચેલા અથવા શાગેર્દ તરીકેની જીંદગી, શરૂઆતનાં તબક્કામાં, એવા લેખકો યા નવીસંદા તરીકે શરૂ કરતા હતા, અને એમ લખતાં લખતાં તેવાં લખાણોની બાબતોમાં પાહવરદા થઈ ભણેલા અને જ્ઞાની બનતા હતા. આગળ પુસ્તકોની એવી નકલો કરતાં, તેઓ તેનો પછવાડેનો ભાગ (Collophon) પેહેલવી યા ફારસીમાં–ઘણાખરા ફારસીમાં–લખતા, અને [illegible] ને શાહેવાંન થવા માટે અભ્યાસની કાળજી રાખતા. તેઓ આસ્તે આસ્તે ફારસી બેતબાજી શીખતા, અને પોતે થોડાક બેતો લખવામાં મોજ અને મગરૂરી લેતા. હિન્દના મુલકમાં આપણું ઘણુક પુરાણું સાહિત્ય બચી રહયું છે, તે આવા અભ્યાસી વર્ગના અથોરનાનોથી છે. આ પુસ્તક પ્રગટ કરનારા કુટાર ભાઈઓ એવા ભણેલા વર્ગના એકમાર્ગી ભાઈઓ છે. મરહુમ દસ્તુર દારાબ પાહાલન, જેવણુ આસરે ૨૦૦) વર્ષ ઉપર થઇ ગયા હતા, તેવણુનું નામ નૌસારીના એક ભણેલા દસ્તુર તરીકે જાણીતું છે. તેવણુ તે વખતના એક ચુનન્દા ભણેલા લખનાર હતા. તે દસ્તુરના કુટુંબના આ ભલા, એકમાર્ગી, સાલેસ, અસરાફ ભાઈઓ વારેસો છે, અને એઓએ પોતાના નામાંકિત વડીલનો સાહિત્યનો શોખ વારસામા મેળવ્યો છે.

એ બે ભાઈઓમાંથી વડા ભાઈ એરવદ મેહરજીભાઈને મુંબઈમાં કોટની હોર્નબી રોડ ઉપર આવેલી મરહુમ શેઠ દાદાભાઈ વાછાની દરેમેહરના ઓટલા ઉંપર પોતાનું પવિત્ર ભણતર ભણતા યા કોઈ ચોપડી વાંચતા, ત્યાંથી પસાર થતા ઘણાક જરથોસ્તી ભાઈઓએ જોયા હશે. એવણ હાલમાં મરહુમ શેઠ માણેકજી શેઠની કોટની જાણીતી દરેહમેહેરના વડા ધર્મગુરૂ નેમાયા છે, તે જાણી ઘણાઓને ખુશી ઉપજી છે. એવણે "પંદ નામે એ માહીયાર" એવે નામે ફારસી બેતોમાં એક પુસ્તક રચ્યું છે, જે પ્રગટ થયું નથી, પણ જે મારા જોવામાં આવ્યું છે. તે કેટલાંક ફારસી શાએરો વિગેરેનાં આવાં લખાણોની માફક, ખુદા, પેગંમ્બર, દસ્તુર, બંદગી અને એલમની સીફતમા અને રાસ્તી, સખાવત, તાઝીમ તવાઝો, ઉપકાર, સંતોષ વિગેરે સદગુણોની સિફ્ટ ગાવા કાજે અને જુઠાઈ, બખીલી, મગરૂરી વિગેરે દુર્ગણો સામે ધિક્કાર બતાવવા કાજે લખ્યું છે.

બીજા ભાઈ એરવદ ફરામરોજ, જેવણ ઘણાક વાંદરાવાસી જરથોશ્તી ભાઈઓને ત્યાંની મરહુમ શેઠ નસરવાંનજી રતનજી તાતાવાળી દરેહમેહેરના એક આગેવાન ભલા મોબેદ તરીકે જાણીતા છે, તેવણને હું શાહનામાના આ તરજુમાના સંબંધમાં ઘણાક વર્ષથી ઓળખું છું. એવણ આ તરજુમાનાં કામ ઉપર, જેમ ઉલટ અને ખંત, તેમ ધિરજ અને સંતોષથી ઘણાક વર્ષો થયાં વળગેલા હતા. એવણના તરજુમાના કેટલાક ભાગોના હસ્ત લેખો ઉપલી દરેહમેહેરમાં કેટલાંક વર્ષ ઉપર મેં પેહેલે જોયા હતા. મોં. મોહલનાં જાણીતાં શાહનામાની આવૃત્તિ અને બીજી હિંન્દી આવૃત્તિઓ અને હસ્ત લેખો સાથે એવણ એ કામ પાછળ ઉલતથી મંડેલા હતા, એમ હું જોતો અને જાણતો આવ્યો છું. ત્યાર પછી મોં. મોહલનાં ઉપલાં શાહનામાનાં સાત દફતરોમાનાં માછળાં ત્રણ દફતરો એવણની એલતેમાસ ઉપરથી આસરે ચાર પાંચ વર્ષ ઉપર મેં એવણને પેરીસથી મંગાવી આપ્યાં હતાં, તે અવસર મને યાદ છે. તે વખતે મેં જોયું હતું કે, એવણ મોહોલની કીમતી આવૃત્તિ પાછળ ખરચ કરી પોતાની આવૃત્તિ અને તરજુમાને ઉપયોગી નિવાડવાને ઘણીક કાળજી રાખતા હતા. એરવદ ફરામરોજ કુટારની પેહેલી પીછાંણ મેં આજથી ૧૮) વર્ષ ઉપર કરી હતી, જ્યારે એવણે યઝદઝર્દી ૧૨૬૪ માં મરહુમ પેહેલા સર જમશેદજીની જીંદગીનો એક એહેવાલ ફારસી બેત બાજીમાં લખ્યો હતો. આ તરજુમામાં મુખ્ય હાથ હું એવણનો જોતો અને જાણતો આવ્યો છું.

આ તરજુમો કરનારા એરવદ સાહેબોની થોડીક પિછાંણ કરાવવા પછી હું ખુદ આ તરજુમા ઉપર આવું છું.

પેહેલું તો આ તરજુમો શબ્દશઃ (literal) એટલે ઘણોખરો શબ્દે શબ્દનો છે. છુટો (free) તરજુમો અને શબ્દે શબ્દનો તરજુમો, એ બન્નેના પોતાના લાભો અને ગેરલાભો છે. પણ આટલું તો ખરૂં છે કે શબ્દે શબ્દનો તરજુમો તેના કર્તાનું ખરૂં પાણી દેખાડે છે. છુટા તરજુમામાં, તેનો કર્તા, કોઈ શબ્દ પોતાને સમજ પડે નહિ તો, તે ઉડાવી યા છુપાવી શકે, પણ શબ્દે શબ્દના તરજુમામાં તે તેમ કરી શકતો નથી.

આ તરજુમો શબ્દે શબ્દનો છે, એટલુંજ નહિ પણ લીટીએ લીટીનો છે. એવો તરજુમો

કોઇક વાંચનારાઓને વિચીત્ર લાગે તેમાં નવાઈ નહિ. હાલમાં આપણે અંગ્રેજી વિગેરે ભાષાઓમાંથી ઘણાક શબ્દે શબ્દના તરજુમાઓ વાંચયે છિએ. તેમાં તે તરજુમો કરનારાઓ લીટીએ લીટીને વલગી રહેતા નથી પણ સરલ એબારતમાં તે આપે છે. આ તરજુમામાં તેમ નથી. તેથી તેની ભાષા કોઇને કદાચ જરા વિચીબ (uncouth) લાગે. પણ તેમ તેમાં એક મોટો લાભ છે. શબ્દે શબ્દના તરજુમાની માફક લીટીએ લીટીનો તરજુમો પણ કેટલીકવાર તેના કર્તાનું પાણી દેખાડે છે. કેઠે કેઠે તે શબ્દે શબ્દે યા લીટીએ લીટીનો તરજુમો આપી, તેનો સામટો અર્થ તે પોતે સમજે છે કે નહિ, તે બરાબર દેખાડવા વગર છટકી જાય એ બનવા જોગ છે. અવસ્તા પેહેલવી જેવી ભાષાઓનાં લખાણોના આવા તરજુમાઓમાં એમ ઘણીકવાર બને છે. આપણે જોઈ શકયે છિએ કે તેવો તરજુમો કરનારાઓ પોતે પોતાનો તરજુમો બરાબર સમજતા હોય તેમ દિસ્તું નથી. પણ ફારસી બેતના તરજુમામાં એમ બનતું નથી, સબબ કે પેહેલવી માફક તે સમજવી મુશ્કેલ નથી. એ સબબે ફારસી બેતોના લીટીએ લીટીના તરજુમાઓ ઘણીકવાર તરજુમો કરનારાઓના જ્ઞાનની ખામીઓ ધાંકવા કરતાં તેની ખુબી વધારે જાહેર પાડે છે.

હવે આ કુટાર ભાઇઓએ આ તરજુમો એમ લીટીએ લીટીનો કર્યો છે. એ તેઓને મલેલી તાલીમ અને તેઓએ કરેલા અભ્યાસની વળાંણુ મુજબ છે. એઓ, જેને આપણે આગળા વખતથી ચાલતી આવેલી રીતિ કહીએ તે રીતિના (traditional) વર્ગના અભ્યાસીઓ છે. એઓ પોતાના અવસ્તાના અને પેહેલવીના તરજુમાઓ પણ એવીજ રીતે શબ્દે શબ્દ અને લીટીએ લીટી શીખ્યા હતા. આપણા અવસ્તા પેહેલવીના હાથના લખેલા પુરાણા ગુજરાતી તરજુમાઓ કોઈ જોશે તો તુરત જાણશે કે તેઓ એવાજ પ્રકારના તરજુમાઓ છે. એવા અવસ્તા પેહેલવીના તરજુમાઓ કોઇકવાર આપણને કેટલીકવાર અંધારામાં રાખે છે પણ ગુંચવણમાં રાખતા નથી. એવો તરજુમો કરનારાઓ પોતે કોઈ શબ્દ સમજતા નથી તો તરજુમામાં અસલ શબ્દોજ આપી દે છે. તેથી આપણે તેવા શબ્દનો અર્થ સમજવા માટે અંધારામાંજ રહયે છિએ, પણ તુરત સમજી લીએ છિએ કે બીચારો તરજુમો કરનાર પોતે એ શબ્દ સમજતો નથી. તેથી આપણે તેની સામતી ઈબારતમાંથી તે શબ્દનો અર્થ શોધી કહાડવાની ગુંચવણમાં પડતા નથી. ફારસી ભાષા પેહેલવી કરતાં વધુ સમજી શકાય એવી હોવાથી એમ અંધારામાં યા ગુંચવણમાં રહેવાનો સંભવ થોડો રહે છે. માટે આ શબ્દે શબ્દના અને લીટીએ લીટીના તરજુમામાં આપણને એવી ચિંતા થોડીજ રાખવાની છે.

શાહનામાનો આવો શબ્દે શબ્દ અને લીટીએ લીટીનો તરજુમો શાહનામું શીખનારાઓને ઘણો ઉપયોગી થઈ પડશે. આપણી યુનીવર્સીટીની કોઇક પરિક્ષાઓમાં શાહનામાનો અભ્યાસ ફર્માવ્યો છે. તેવા અભ્યાસ સાટે યુનીવર્સીટીના ચેલાઓને આ તરજુમો ઘણો ઉપયોગી થઈ પડશે.

શાહનામાના ઘણાક તરજુમાઓ યુરોપની ભાષાઓમાં અધુરા કે પુરા થયા છે: એશ્યાતીક ભાષાઓમાં તેવા અને તેટલા તરજુમાઓ થયા નથી. અજબ જેવું છે કે પારસીઓ, જેઓને ફીર્દોસીનાં શાહનામા સાથે ઘણું લાગતું વલગતું છે અને જેઓની તવારીખને એ પુસ્તકે ઘણીક રીતે સજીવન

કરી છે, તેઓની તેઓને ઘરે બોલાતી ગુજરાતી ભાષામાં હજુર સુધી સંપુર્ણ તરજુમો બહાર પડયો નથી. મરહુમ ખાન બહાદુર બહેરામજી બેહેરામજી પટેલનાં પારસી પ્રકાશ* પ્રમાણે, આજથી ૧૧૦ વર્ષપર, ઈ. સ. ૧૮૦૩ માં, નૌસારીનાં એક ભણેલા દસ્તુર, મરહુમ દસ્તુર ફરામજી સોહરાબજી મેહેરજી રાણાએ શાહનામાનો ગુજરાતીમાં સંપુર્ણ તરજુમો કર્યો હતો. તે તેવણે મરહુમ શેઠ અરદેસર દાદાભાઈ દાદીશેઠને, તેવણને ત્યાંની શાદીને અવસરે, પોતા તરફની ભેટ તરીકે ભેટ આપ્યો હતો. પણ તે મરહુમ શેઠ અરદેસર દાદીશેઠ પાસે વગર છપાવવે રહયો હતો. એ શેઠીયાનાં મરણ બાદ તે કયાં હતો અને કેમ હતો તેની ગંધ નસલ પણ વીસરાઈ ગઈ હતી, પણ આ હાલનાં પુસ્તકનો તરજુમો કરનારા ભાઇઓના એક ખેશી, એરવદ માંણેકજી રૂસ્તમજી ઉનવાલા, જેવણની જુનાં પુસ્તકો યા લખાણો સોધી કહાડવાની અને એકઠાં કરવાની સ્તુતિપાત્ર કોશેશ જાણીતી છે, તેવણની કારસાજીથી આ ૧૧૦ વર્ષપરના પુરાણા તરજુમાનો અસલ (rough) ખરડો લગભગ સંપુર્ણ હાલતમાં, અને સાફ (fair) નકલ અસંપુર્ણ હાલતમાં તેવણના હાથમાં આવ્યાં છે. એ બન્ને સર જમશેદજી જીજીભાઈ જરથોસ્તી મદ્રેસાની જ્યુબીલીના પ્રસંગે, તેની વિધ્યા એલમના સંબંધની એક મીજલસ (Conversazione)મા દેખાડવામાં આવ્યાં હતાં.* દલગીરીની વાત છે કે ઉપલા ભણેલા દસ્તુરજીનો આ તરજુમો પ્રગટ થયા વિના પડી રહયો હતો, અને હજુર પડી રહયો છે.

એ દસ્તુરજીની કોશેશ પછી આપણામાં શાહનામાના તરજુમા બાબે ઘણીક કોશેશો થઈ છે, પણ તે સંપુર્ણ નથી. હાલમાં જોઇને ખુશી ઉપજે છે કે એવી કોશેશો બે બાજુથી થાય છે. એક નાયબ દસ્તુર મીનોચેહેર જામાસપજી જામાસપઆસાના તરફથી અને બીજી આ પુસ્તક પ્રગટ કરનારા કુટાર ભાઇઓ તરફથી. આ તરજુમામાં ખાશ આ વધુ છે કે, ફ્રેંચ ભાષામાં તરજુમો કરનારા મોં. મોહોલની માફક, એક બાજુએ શાહનામાનું ફારસી લખાણ ગુજરાતી હરફે આપ્યું છે, અને બીજી બાજુએ તરજુમો આપ્યો છે. એમ થવાથી અભ્યાસીઓને સાથે સાથેજ જોવાનું બનશે કે, તરજુમાના ચોક્કસ ભાગનું અસલ ફારસી લખાંણ શું છે. શાહનામાંની ઘણીક હસ્ત લેખ નકલો છે, જેમાંની કોઈ પણ બે સરખી નથી. નકલ થતાં થતાં નકલનવેશોની ભુલો યા ફાંતા પ્રમાણે તેમાં હેરફેર થતો રહયો છે. વળી તેની જે ઘણીક આવૃત્તિઓ છપાઇને બહાર પડી છે, તેમાંની કોઈ પણ બે આવૃત્તિઓ મલતી આવતી નથી. હિંદુસ્તાનમાં પ્રગટ થયલી આવૃત્તિમાં "મેકનનું કલકતા એડીશન" એવે નાંમે પ્રગટ થયલી આવૃત્તિ જાણીતી છે. યુરોપમાં મોં. મોહોલની ફ્રેંચ આવૃત્તિ જાણીતી છે. સંભાળથી રચેલી આ બે આવૃત્તિઓની સરખામણી (collation) સાથે બહાર પડેલી (Vuller ની) જર્મન આવૃત્તિ દેખાડે છે કે એ સંભાળભરી આવૃત્તિઓ વચ્ચે પણ કેટલીક ફેર છે. ઘણીક સતરો એકમાં છે તો બીજામાં નહિ. હવે એક અભ્યાસી પાસે એક ચોકસ આવૃત્તિ હોય અને તે આવૃત્તિ ઉપરથી અભ્યાસ કરતાં તે જો એક તરજુમાની મદદ લેતો, તેને આવૃત્તિ આવૃત્તિઓમાં ફરક હોવાથી અભ્યાસમાં ઘણી ગુંચવણ પડે કે તરજુમો કરનારે ફલાણી ફલાણી રીતે તરજુમો કેમ કર્યો હશે! પણ કુટાર ભાઇઓના

---

* દફતર પેહેલું, પાનું ૧૦.

* એની થોડીક હકીકત માટે જુઓ તા. ૩ માર્ચ ૧૯૧૩ નું ૪ મે જમશેદ.

આ તરજુમાનો ઉપયોગ કર્યાથી તે અભ્યાસીને એવો ગુચવાડો નહશે નહિ. સબબ કે તે તુરત જોશે કે તરજુમો કરનારાઓએ શાહનામાનાં કયાં અસલ લખાંણુ (Text/) પ્રમાણે તરજુમો કર્યો છે.

વળી આવા પ્રકારનો ટેક્ષ્ટ સાથનો એક તરજુમો ઘણા પારસી ભાઈઓ, જેઓ ખુદ ફારસી જબાન યા લીપી જાણુતા નહિ હશે, પણુ જેઓ ફીર્દોસીનું અસલ લખાણુ ફારસી ભાષામાં વાંચવાનો શોખ ધરાવતા હશે તેઓને પોતાનો શોખ પુરો પાડવાને ઉપયોગી થઈ પડશે. આપણાં ઉધરતાં બચ્ચાંઓ અને જવાનોમાં શાહનામાનો શોખ ઉતપન્ન કરવા માટે પણુ આવો તેક્ષ્ટ સાથનો તરજુમો ઉપયોગી થઈ પ્રડશે. દસ્તુરજી ડૉ. માણેકજી નસરવાનજી ધાલા તરફથી મેં ખુશી સાથે સાંભળ્યું છે કે તેવણુ કરાંચી ખાતે આપણાં ઉધરતા બાલકોમાં શાહનામાંનાં વાંચણો કાજે હરીફાઈનાં ઈનામોનાં વાંચણો કરાવે છે. તે માટે બાલકોને શાહનામાંની ફારસી સતરો, ગુજરાતીમાં લખાવવી પડે છે. ત્યારે આ આવૃત્તિથી એવી શુભ કોશેશોને ઘણી સગવડ અને ઉત્તેજન મલશે. બાલકો અને જવાનો આ પુસ્તકમાંથી ખુદ ફીર્દોસીનાં બેતો વાંચી શકશે.

શાહનામાંનાં આ પુસ્તકોને પારસી કોમ તરફથી શરૂઆતમાં સારો આસરો મલશે, શરૂઆતમાંજ મલશે એટલુંજ નહિ, પણુ સેવટ સુધી મલશે, એમ આપણે આશા રાખીશું. શાહનાંમું એક વીર રસ કવિતા (Epic poem) તરીકે એશ્યા ખંડમાં, મુખ્ય કરી મધ્ય એશ્યામાં મશહુર છે. તેનો અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, ઇટેલીઅન, રશીઅન, વિગેરે ભાષાઓમાં થોડો કે ઘણો તરજુમો થયો છે. તે મધ્ય એશ્યાનાં ઘણાક શેહરોમાં મીજલસોમાં હોંસ અને શોખ સાથે વંચાય છે. ખુદ આપણા દેશમાં તેનાં કોઈક દાસ્તાંનો, ઉત્તર હિંદુસ્તાનમાં ઉર્દુ અને કાશમીરી ભાષામાં હોંશ અને શોખથી વંચાય છે. કાશમીરમાં મેં સાંભળેલી વાત પ્રમાણે, તે કોઈક વેલા રાત્ર ખુશી ખુરમી માટે ભેગી મળેલી મીજલસોમાં, શરબત જેવા મીઠાં પીણાંની જામોના ફરતા દોર વચ્ચે, ઉલટ સાથે વંચાય છે અને સંભળાય છે. સર હેન્રી લેઅર્ડ ઈરાન અને તેની આજુબાજુનાં મુલકોની પોતાની મુસાફરીનાં વર્ણનમાં કહે છે કે કોઈક જગ્યાએ તેણે કોઈક બહાદુર જંગી મરદોને તેનાં કરૂણારસીક દાસ્તાનો સાંભળી બચ્ચાં માફક રડતા જોયા છે. આવું એક નામીચું પુસ્તક, જેને પારસીઓની પુરાણી તવારીખ સાથે ઘણુંક લાગતું વલગતું છે, જે તેઓનાં અવસ્તા પેહેલવી પુસ્તકો ઉપર ઘણી રોશની નાખે છે, અને જેની મદદ વગર તે અવસ્તા પેહેલવી પુસ્તકોના કેટલાક એસારાઓ આજ સુધી વગર સમજવે પડી રહ્યા હતે, તેવા પુસ્તકના આ તરજુમા માટે આપણે આશા રાખીશું કે પારસીઓ તે વાંચશે અને સમજશે, અને મધ્ય એશ્યાની કોઈક કોમો માફક રડવા કાજે નહિં, યા બીજી કોઈ કોમો માફક તેના વાંચણુ ઉપર શરાબ યા શરબતની જામોનો દોર ફરતો કરવા કાજે નહિ, પણુ તે ઉપરથી પોતાના વડીલોની રાહ રસમ અને જીંદગી પરથી મલતો ભલો ધડો લેવા કાજે તેને પુરતો આસરો આપશે, અને તેને શરૂઆતથી તે સેવટ સુધી પ્રગટ કરવાનાં કામમાં મદદ કરશે. આપણે જાણુયે છિએ કે આપણા રેવાજ પ્રમાણે અથોરનાનોને " અશોદાદ " આપવી એ એક પુણ્યનું કામ ગણાયું છે. એક મરનાર પાછળની ક્રિયા કાજે તેનાં ઉઠમણા વખતે, કોઈક ફરંજો કોઈક વારેસે માંથે લેવી એવા રેવાજનાં ભણુતરના એકરારમાં, તે વારેસ મરનારની નાઈઅતે " અશોદાદ " આપવા માટે બોલે છે. એવી " અશોદાદ " હાથો હાથ

આપેલા કોઈક પૈસાનીજ ફક્ત હોતી નથી. તે અથોરનાન સાહેબોએ મધ્ય રાતનું તેલ બાળી કરેલા અભ્યાસને અને તેવા અભ્યાસના આવા સાહીત્ય સંબંધી પરિણામોનાં પુસ્તકોને મદદ આપવામાં પણ સમાયલી છે. એવા સાહિત્ય સંબંધી પુસ્તકોને મદદ આપતાં કોઈક સાહેબોને આપણે બોલતાં સાંભળ્યે છિએ કે "એવાં પુસ્તકો અમોને શું કામનાં?" તેઓને આપણે કહીશું કે "તમોને તે નહિ કામનાં લાગતાં હોય તો તે ખરીદી કોઈ બીજા ગરીબ અભ્યાસીઓ, જેઓને તે કામ લાગતાં હોય તેઓને ભેટ આપો! એવી ખરીદી અને ભેટ બમની "અશોદાદ" થઈ પડશે અને બમનાં આશીર્વાદ પાંથરશે. તે જેમ એવાં પુસ્તક પાછલ મેહેનત કરનારા અને તે પ્રગટ કરનારા અથોરનાન ભાઈઓને અશોદાદ સમાન થઈ પડશે, તેમ તે વાંચનારા અને તેનો અભ્યાસ કરનારા બીજા ગરીબ ભાઈબંધોને પણ અશોદાદ આપવા સમાન થઈ પડશે."

આ થોડાક શબ્દો સાથે શાંહનામું, જેના સુંદર સાંએરી શરોદની શોખભરી મોજમાં મેં ઘણીક સુંદર સવારો, સાંજો અને રાતો પસાર કરી છે, તેના આ તરજુમાને માહરા જરથોસ્તી ભાઈઓના આસરા હેઠળ મેલી, તેને સર્વે ફતેહ ઇચ્છું છું. એ તરજુમો તમામ કરવા માટે ભાઇઓ મેહેરજીભાઈ અને ફરામરોજ કુટારને મુબારકબાદી આપું છું અને એ બે ભાઇઓને હાથે એવા કોઈ ઈરાની સાહીત્યનાં બીજાં પુસ્તકોની ઉમેદ રાખું છું.

ધી સ્તંડી, અંધેરી રોજ ૨ મા ૮ સને ૧૨૮૨ યઝદજરદી તા. ૧૧. એપ્રીલ ૧૯૧૩.	જીવનજી જમશેદજી મોદી.

ખોલાસો.

પાક દાદારની મદદથી આ પુસ્તક વાંચનારા સાહેબોની હઝૂરમાં તમારા દોઆગો બેરાદરો કેટલોક ખોલાસો કરવાની રઝા લે છે, કે આ શાહનામાનો તરજુમો કરવાનો ખેયાલ પ્રથમ અમો બેરાદરોમાંના એક ભાઈ ફરામર્ઝને આવ્યો. પણ જેમ એક બિકટ કામ પાર પાડવાના વિચારને બીજાઓ હસી નાખે છે, તેમજ આ ભાઈના વિચારને અમારા બીજા ભાઈઓએ હસી કાઢયો અને તેમ કરવાનું કારણ તેઓને વાજબીજ હતું, કેમકે એવું મુશ્કેલ કામ પાર પાડવાને માટે કેટલો વખત, કેટલી મેહનત, કેવી ખંત, કેવી ઉલટ અને કેટલો જોખમ ખેડવો પડે છે, તે અમારા ભાઇઓ જાણતા હતા. પણ ભાઈ ફરામર્ઝ એવી દરેક મુશ્કેલીની સામે થઈ ઉલટ પકડી આ મહાભારત કામ માથે ઉઠવવા તૈયાર થયા અને પાક યઝદાનની મદદથી કામ પણ શુરૂ કર્યું. હવે આ બિકટ કામ એખલે હાથે પાર પડવું મુશ્કેલ ધારી અમો બન્ને બેરાદરો આ કામ ઉપર મંડયા. અને જેમ જેમ કામ આગળ વધતું ગયું, તેમ તેમ અમોને વધુને વધુ ઉલટ આવતી ગઈ, અને અમોએ અમારા ધંધા પછીની દરેક ફુર્સત એજ કામમાં રોકી, જેનું પરિણામ આ પુસ્તક બાહેર પાડી તમો સાહેબોની હઝૂર ધરવામાં આવ્યું છે.

શુરૂઆતમાં એટલે એક સદી આગમચ આ નામીચાં પુસ્તક શાહનામાનો ગુજરાતી તરજુમો નવસારીવાળા મર્હૂમ દસ્તૂર ફરામજી સોહરાબજી દસ્તૂર મેહરજી રાણાએ કર્યો હતો. આ વિદ્વાન દસ્તૂર સાહેબને હાથનો લખેલો તરજુમો હાલ અમારા ભાઈ એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાલા પાસે મોજૂદ છે. તેની ઢપ તદન જુદીજ છે, જો કે તે છાપાની રોશની જોવા પામ્યો નથી. આગળા દસ્તૂર સાહેબો કેટલા બાહોશ અને ખંતીલા હશે તે આ શાહનામાના કરેલા સંપૂર્ણ તરજુમા ઉપરથી માલૂમ પડે છે. એજ બેહેશ્ત મુકામ દસ્તૂર સાહેબે બરઝો નામાનો પણ સંપૂર્ણ તરજુમો કર્યો હતો અને તે હાલ છાપાની રોશની જોવા આમ્યો છે. ત્યાર બાદ મર્હૂમ દસ્તૂર ફરેદૂનજી દારાબજી દસ્તૂર જામાસ્પ આશાનાએ આ શાહનામાનો તરજુમો કકડે કકડે આપવાનો ચાલુ કર્યો હતો, પણ ટુંક મુદતમાંજ તે બંદ પડયો; અને ત્યાર બાદ નામીચા પારસી શાએર મર્હૂમ મનસુખે એ પુસ્તકનો ગુજરાતી બયતબાઝીમાં તરજુમો આપવો શુરૂ કર્યો અને તે પણ અડધોક કર્યા બાદ બંદ પડયો. વળી શમ્સુલ ઓલમા એર્વદ ડા. જીવનજી જમશેદજી મોદીએ પાદશાહ મિનોચેહરની દાસ્તાન સૂધીનો એક ભાગ બાહેર પાડયો હતો, અને હાલ આપણા નાયબ દસ્તૂર મિનોચેહર જામાસ્પજી દસ્તૂર જામાસ્પ આશાનાએ એનો તરજુમો હાલ બાહેર પાડવા માંડયો છે, જેનાં બે વૉલ્યુમ બાહેર પડી ચૂકયાં છે. આવી રીતે દરેક જણે કોશેશ ચાલુ કરી પણ આજ સૂધી સંપૂર્ણ થઈ શકયો નથી.

આ અમારી દશ વર્ષની કોશેશ આજ બે વર્ષ થયાં સંપૂર્ણ થઈ છે, છતાં પણ એ છપાવી બાહેર પાડવાની અમારી હિમ્મત ચાલી નહીં, કારણ કે આ પુસ્તક બાહેર પાડવા માટે અમોને કોઈનો

કાંઇજ આસરો હતો નહીં એટલે અમો લાચાર થઈ બેઠા હતા, પણ હાલમા અમોને ઉલટ આપનારા સાહેબોની ખંતીલી કોશેશથીજ આ મુશ્કેલ કામ હાથ ધર્યું છે, અને અમો આશા રાખ્યે છિયે કે તે સાહેબોની ઉલટ અને ખંત છેવટ સૂધી અમોને મદદગાર થઈ પડશે અને તે સાથ આ મુશ્કેલ કામ પાર પાડવામાં આપણી ઝરતોશ્તી કોમ તરફથી પણ અમોને ઘટતો આસરો મલશે.

આ પુસ્તક બાહેર પાડવાનું ખરૂં માન અમારા મર્હૂમ ઉસ્તાદ સાહેબોને ઘટે છે, કે તે સાહેબોએ અમોને ફારસી ભાશાનું જ્ઞાન આપ્યું. અમારામાંના ભાઇ માહીયારે સુરતવાળા મર્હૂમ દસ્તૂર દારાબજી ખુરશેદજી દસ્તૂર દારાબ પાહલનના હાથ હેઠળ ફારસી ભાષાની તાલીમ લીધી હતી. આ મર્હૂમ દસ્તૂર સાહેબ અમારા મામા થતા હતા અને ભાઈ માહીયાર બચપણથીજ મર્હૂમ દસ્તૂર ખુરશેદજી બરજોરજી દસ્તૂર દારાબ પાહલન જેવણ અમારા મમાવા થતા હતા, તેવણને ત્યાંજ સુરત ખાતે રહ્યા હતા અને બચપણથીજ ફારસીની કેળવણી ત્યાંજ મેળવી હતી. તેમજ ભાઈ ફરામર્ઝે નવસારીવાળા મર્હૂમ દસ્તૂર એરચજી સોહરાબજી દસ્તૂર મેહરજી રાણા આગળ ફારસી ભાષાની તાલીમ લીધી હતી. એટલે આ પુસ્તકને હસ્તીમાં લાવવાનું ખરૂં માન એ બન્ને ઉસ્તાદ સાહેબોને ઘટે છે.

ઘણાક સાહેબોને ફકટ લુખ્ખો તરજુમો પસંદ ન આવ્યો અને સાથે અસલ ફારસી બયતો ગુજરાતી લિપિએ આપવાની ભલામણ કરી, જે અમોને પણ પસંદ આવવાથી સ્વીકારી. આ બયતો શુદ્ધ ઉચ્ચારે વંચાઈ શકાય તે માટે અમોને કેટલેક નિયમ જાળવવો પડયો છે. દરેક ફારસી શબ્દ "ઝબર્," "ઝીર્" અને "પીશ્"થી શુરૂ થાય છે. "ઝબર્"નો ઉચ્ચાર ગુજરાતી "અ" મિસાલ થાય છે. જેમકે "બર્," "પદીદ્," "અસ્પ્" વગેરે. અને "ઝીર્"નો ઉચ્ચાર ગુજરાતી "એ"ના જેવો થાય છે. જેમ કે "ફેર્દઉસ્," "પેદર્," "મેનૂચેહ્ર્" વગેરે. કેટલાક સાહેબો "ઝીર"નો ઉચ્ચાર ગુજરાતી રસ્વે "ઈ" ના જેવો કરે છે. જેમ કે "ફિર્દઉસ્," "પિદર્," "મિનૂચેહ્ર્" વગેરે. પણ અમોએ સઘળે ઠેકાણે ગુજરાતી "એ"ને મળતોજ ઉચ્ચાર ઉપર લખ્યા પ્રમાણે કર્યો છે. અને "પીશ્"નો ઉચ્ચાર રસ્વો "ઉ" અથવા "ઓ"ના જેવો થાય છે. જેમ કે "ખુદા" અથવા "ખોદા," "ગુર્ઝ્" અથવા "ગોર્ઝ્," "રુઝ્" અથવા "રોઝ્" વગેરે. ફારસી શબ્દોમાં જ્યાં "વાવ" આવે છે. ત્યાં તેનો ઉચ્ચાર કોઇ સાહેબો દીર્ઘઉ "ઊ" અથવા "ઓ" નો કરે છે. જેમ કે 'કૂહ્' અથવા 'કોહ્,' 'રૂમાલ' અથવા 'રોમાલ,' 'શૂર્' અથવા 'શોર્' વગેરે. પણ અમોએ આ શબ્દને દીર્ઘઉ "ઊ"થીજ સઘળે ઠેકાણે લખ્યો છે. બીજું, અહીંના ઘણાક સાહેબો ફારસી શબ્દને છેડે "હે" આવવાથી તેનો ઉચ્ચાર "એ" કરે છે. જેમ કે "આમદે," "ગોર્બે," "માયે" વગેરે. પણ આવી રીતનો ઉચ્ચાર કોઈ પણ ડીક્ષનરીમાંથી મળતો નથી. દરેક ડીક્ષનરીમાં દરેક શબ્દને છેડે "હે" આવેલાનો ઉચ્ચાર ગુજરાતી "હ" કર્યો છે. જેમ કે "આમદહ્" (A'madah), "ગોર્બહ્" (Gorbah), "માયહ્" (Máyah), વગેરે. અને અમોએ પણ તેજ પ્રમાણે ઉચ્ચાર કર્યો છે. ફારસી ભાષાના શબ્દો મોટે ભાગે જોડેલા આવે છે, જેથી ગુજરાતીમાં તેવા શબ્દો શુદ્ધ વંચાય તે માટે જેમ મર્હૂમ એર્વદ કાવસજી કાંગાવાળી અવસ્તાની ચોપડીઓમાં એક અક્ષરને ટુંકો વાંચવા માટે જે નિશાની મૂકી છે, તેવીજ નિશાની અમોએ પણ મૂકી છે. જેમ કે "અક્લ્" (Akl), પહ્લવાન્

(Pahlaván) "મર્દ્" (Mard) વગેરે. તેવા શબ્દો ટુંકા વાંચવા, નહીં કે Akal, Pahalván, Marad વાંચવા. ફારસી અક્ષરો "ઝે," "ઝાદ" અને "ઝોય"ને અમોએ ગુજરાતી "ઝ"ને મળતો ધારી એ શબ્દોના ઉચ્ચારમાં "ઝ" વાપરયો છે. જેમ કે "ઝાલ્," "ઝરૂર્," "ઝોલ્મ્" વગેરે તેમજ મોટી 'ઝે' દેખાડવા 'ઝ'ની અંદર એક મીંડું મૂકયું છે. જેમ કે 'ઝૂબીન્' 'ઝેન્દહ્' વગેરે. તથા 'ઘયન'ને માટે અમોએ 'ઘ' વાપરયો છે. જેમ કે 'ઘેરીવ્,' 'મઘ્ઝ્,' 'ઘર્ક્' વગેરે. આ પુસ્તકનાં ફારસી વાંચનમાં જે ઉચ્ચાર અમોએ આપ્યા છે તે મોટે ભાગે ફારસીની જાણીતી ડીક્ષનરી "બુર્હાને કાતેઅ" નામની લોઘાત ઉપરથી આપ્યા છે. ફારસી બયતોમાં કોઈ કોઈ ઠેકાણે કાફેયા (Ryhme) બંદ બેસતા કરવા માટે કેટલાક શબ્દોના ઉચ્ચાર ફેરવવા પડયા છે. દાખલા તરીકે "બેરદ" કરીને જ્યાં એક મિસ્રામાં છેલ્લે આવે છે અને જો બીજા મિસ્રામાં છેલ્લો શબ્દ "બરદ" હોય તો પેલા "બેરદ" શબ્દને "બરદ" કરી લેવો પડયો છે. તેમજ "ગેરાન્"ને બદલે "ગરાન્," "કોશ્તહ્"ને બદલે "કશ્તહ્" વગેરે.

આ પુસ્તકમાં દરેક બયતનો જે ગુજરાતી તરજુમો આપ્યો છે, તે દરેક જણને સમજ પડે તેવી રીતે દરેક મિસ્રાનો અર્થ છૂટો પાડીને આપ્યો છે. પણ જ્યાં છૂટો પાડી શકાતો નથી ત્યાંજ સામટો આખ્ખાં બયતનો તરજુમો અમોને આપવો પડયો છે. તથા કોઈ કોઈ વેળા બીજા મિસ્રાનો પહેલે અને પહેલા મિસ્રાનો છેલ્લે આપવો પડયો છે. શુરૂઆતથી તે કયૂમર્સની પાદશાહી સૂધીનાં આસરે અઢીસો બયતો ખોલાસાવાર સમજાવવા માટે, અમોને જરા લંબાણ કરવાની ફર્ઝ પડી છે.

ગુજરાતી ભાષામાં વપરાતા ફારસી શબ્દોને અમોએ પણ ઘણાં ખરા ફારસીનાજ ઉચ્ચારે મૂકવાનું દુરેસ્ત ધાર્યું છે. અને બીજા સાહેબો જેમ ગમે તેમ ફારસી શબ્દો ગુજરાતીમાં લખે છે તેમ નહીં કરતાં અમોએ લગભગ ફારસીને મળતાજ ઉચ્ચારો કર્યા છે. જો કે અમોએ બધાજ કાંઈ તેમ કર્યા નથી, પણ જેમ અમોને દુરેસ્ત લાગ્યા છે તેમ કર્યા છે.

આ પુસ્તકમાં આવેલાં ફારસી બયતોનાં આંક દશ દશ બયતોને અંતરે અમોએ મૂકયા છે. એટલે જે બયત ઉપર જે આંક હોય તે ઉપર એક મીંડું વધારી ગણત્રી કરવી. દાખલા તરીકે જે બયત ઉપર ૩૭ આંક માંડેલો છે તે ૩૭૦ મું બયત જાણવું.

હવે આ પુસ્તકમાં આવેલી કોઈ કોઈ બાબદ ઉપર અમારા અદના વિચાર દાનેશમંદ વાંચનારાઓ સન્મુખ રજુ કર્યે છિયે.

ફિર્દોસી અને શાહનામું.

મર્હૂમ ફિર્દોસીની જિંદગી દરમેયાન તેમજ તેના મરણ બાદ થઈ ગયલા શાએરો એક નહીં પણ અનેકે તેની કવિતાની ઝમકની વખાણ એટલી તો કરી છે, અને એવી તો સુંદર એબારતમાં અને ઉમદા શબ્દોમાં તેઓ તેની તારીફ લખી ગયા છે કે અમારી નાકેસ કલમ તેઓની એબારત કરતાં

વધારે સારી એબારત લખવાને કેવળ અશકત છે.

અપવાદ સમાન કવિઓની એક ચોકસ નાની સંખ્યા સિવાય ફિર્દોસી, સઅદી, અન્વરી, હાફેઝ વગેરેની પંકિતના ઘણાખરા બધાજ શાએરોને ખોદાતાલાએ મુફલેસીમાંજ જીવાડી રાખ્યા હતા તે તો આપણ સર્વને રઉશન છે. પણ તેમાં પર્વર્દેગારનું ડહાપણ કાંઈ હોવુંજ જોઈયે. દઉલત માત્ર સોના રૂપામાંજ સમાયલી નથી. દઉલત અનેક તરેહની હોય છે. વિદ્યા હોનર પણ દઉલતજ છે. ખોદાતાલાએ મહાન શાએરોનાં ભેજામાં વિદ્યા એલ્મનો ગંજ એટલા મોટા જથ્થામાં મેલેલો હોય છે, કે તેઓના હાથમાં સોના રૂપાંનો વધુ બોજો મૂકવાનું મુનાસેબ જોયું નથી. જ્યારે સોના રૂપાની દઉલત ધરાવનારાઓ પોતા પાછળ ચોકસ જથ્થો દઉલતનો મૂકી જાય છે, અને ફર્માવી જાય છે, કે ફલાના ફલાના મારા વારેસોને તે મળે ત્યારે આ મહાન કવિઓ વિદ્યાનો અખૂટ ખઝાનો મેલી જઈ તમામ આલમને પોતાનો વારસો આપી જાય છે. ઈરાન અને અફઘાનિસ્તાન જેવા મુલકોમાં ખરૂં પૂછતાં આવા શાએરોની કવિતાજ છે, કે જે ઉપર હઝારો ભિક્ષુકો તે કવિતાની લીટીઓ મોંઢે ચઢાવી સોના રૂપાંનાં ખઝાનાવાળા આગળ તે લીટીઓ ગાઈ સંભળાવી પોતાનો ગુઝારો કરે છે. જ્યારે સોના રૂપાંવાળાઓનાં નામો એક, બે કે બાર પેઢી ચાલુ રહે છે, ત્યારે આ વિદ્યા એલ્મના ભંડારોનાં નામો ઝમાનાઓ સૂધી ચાલે છે. એમ કહોની કે દુન્યામાં રહીને જો સો કે પોણો સો વર્ષની ઝિંદગી ગુઝારી જાય છે તો મરણ બાદ અમર્ગ ઝિંદગી ગુઝારે છે, ત્યારે શાએરોને ફલાકતમાં રાખવાનું ખોદાતાલાનું ડહાપણ તેઓને અમર્ગ બનાવવાનુંજ જણાય છે. મર્હુમ ફિર્દોસીએ તેમજ બીજા શાએરોએ વારમ્વાર પોતાના કાવ્યમાં પોતાની મુફલેસીની ફર્યાદ કરી છે ખરી, પણ તેઓ જાણુતા ન હતા કે તેઓ અખૂટ ખઝાનાના માલેક હતા તેમજ બેશુમાર મિરાસના પિતા હતા અને પોતાનાં નામ અને કીર્તિ સેંકડો વર્ષ સૂધી મેળી ગયા હતા.

અમારા નાકેસ વિચાર મુજબ તો ફારસી કવિતામાં ખરેખરાં જાનને રઉશન કરનારાં લખાણો માત્ર બેજ શાએરોનાં છે. પહેલું લખાણ હકીમ ફિર્દોસીના શાહનામાની બયતોનું અને બીજું લખાણ ખાજહ હાફેઝની ઘઝલો. આ સર્વ બાબદો ધ્યાનમાં રાખી, આ નામીચા શાએરની બયતબાઝી અને એબારત પર્દાઝીની શેતાયેશમાં આ નીચલી એકજ બયત લખી અમો સંતોષ પકડયે છિયે કે—

બરાએ ખેરદ્‌મન્દો અહ્‌લે કરમ
બુવદ્ શાહ્‌નામહ્ ચું બાધે અરમ

હકીમ ફિર્દોસીની ઝિંદગાનીનો અહવાલ લખનારાઓ શાએર ફિર્દોસીનાં તેમજ તેના બાપ અને બપાવાનાં નામ સંબંધી એકમત થતા નથી. શાએરોની ઝિંદગાનીના અહવાલ લખનાર પ્રખ્યાત લોતફ-અલી આઝર ફિર્દોસીનું નામ હસન, તેના બાપનું નામ એસ્હાક અને બપાવાનું નામ શર્ફશાહે તૂસી કરીને આપે છે. તે કહે છે કે ફિર્દોસીનો બાપ, ફિર્દોસ નામના સરકારી બાઘનો બાઘબાન હતો અને તે ઉપરથી શાએર ફિર્દોસીએ પોતાનો તખલ્લુસ "ફિર્દોસી" કરીને રાખ્યો હતો, પણ શાહનામાની છાપેલી નકલોનાં દીબાચામાં ફિર્દોસીનો અહવાલ લખતાં તેનો લખનાર, શાએરે મઉસૂફનું નામ મન્સૂર આપે છે અને તેની કોન્યત (એટલે અટક) અબૂલ કાસેમ આપે છે. તેના બાપનું નામ મઉલાના

ફખ્રુદ્દીન અહમદ અને બપાવાનું નામ ફરરોખે ફિર્દોસી કરીને આપે છે.

શાહનામાની શુરૂઆતમાં ખોદાતાલાની હસ્તી અને તેની શક્તિ વિષે તમામ સૃષ્ટિની તેમજ આ દુન્યાની પેદાયેશ વિષે અને દુન્યામાં પેદા કરેલી ચીઝોમાંની બે મહાન પેદાયેશ વનસ્પતિ અને પ્રાણી વિષે જેવી રીતે આપણો શાંએર લખાણ કરે છે તે ઉપરથી માંનવાને બની આવે છે કે ઝરતોશ્તી શેહન્શાહતના ઝમાનામાં જણાયલી અનેક વિદ્યા (Sciences) તેમજ વળી ઝરતોશ્તી ધર્મમાં સમાયલી ફિલ્સુફી વગેરેનો મઝકુર શાએરે સારો અભ્યાસ કરેલો હોવો જોઈયે. ઝરતોશ્તી શેહન્શાહત પડી ભાગવા ઉપર ચાર સદી ગુઝરવા બાદ (કે જે ટુંક વખતમાં ઈરાનનાં તમામ લોકોએ ઈસ્લામી ધર્મ કબૂલ કરીને જૂની તવારીખ, જૂનો ધર્મ અને જૂની વિદ્યા સર્વ ભૂલી ગયા હતા તેવા વખતમાં) જ્યારે ઈરાની પ્રજાએ પોતાના દેશમાં ફિર્દોસી જેવો લખનાર ઝાહેર થયલો જોયો ત્યારે તે લોકો ઘણાજ આશ્ચર્ય પામ્યા હતા અને તેને હકીમ (એટલેકે ફિલ્સુફ) કરીને કહેવા લાગ્યા હતા.

ફિર્દોસીએ માત્ર ઈરાન દેશની પ્રાચીન તવારીખ લખીનેજ નહીં પણ પ્રાચીન ઈરાન દેશ વિદ્યાભ્યાસમાં કેટલે દરજ્જે વધેલો હતો તેની ટુંકી પણ ખરી હકીકત લખી અર્વાચીન ઈરાન દેશ ઉપર અને ખસૂસ કરીને હિંદમાં આવી વસેલા ઝરતોશ્તીઓ ઉપર સદાકાળ યાદગાર રહે એવું મોટું એહસાન મેલી ગયો છે, તેમાંતો કાંઈ શક રહયો નથી.

ઈરાન દેશમાં કેળવણીની ઘયર હાઝેરીમાં અજ્ઞાનપણાનો પરદો લોકો ઉપર એટલો તો ફરી વળ્યો છે કે ઈરાન દેશની કુલ્લે વસ્તીના દર હઝાર માણસે એકજ માણસ કદાચ મળી આવશે કે જે ફિર્દોસીનાં શાહનામાની શુરૂઆતની હડીસો બયતોનો કોઈ ખરો ભાવાર્થ સમજી શકતો હોય એમ કહયે તો ચાલે. મઝકુર બયતોનાં બંધારણમાં અને તેના ખરા અનુક્રમમાં એટલો તો ફેરફાર થયલો નઝરે આવે છે તેમજ વળી નકલ ઉતારનારાઓના હાથે બયતો લખતાં એટલી તો ભૂલ થયલી જોવામાં આવે છે કે ઈરાનના મોતેબર લખનારાઓ પણ બાઝે વખત કહેતા જણાય છે કે શાહનામા મધ્યે ફિર્દોસીની એક પણ અસલ બયત ફેરફાર થવાથી બચેલી નથી. ઈરાનના ઇસ્લામી લખનારાઓના આ કિસમના ટીકાના જવાબમાં આપણે એમ કહીશું કે ફિર્દોસીની બનાવેલી બધીજ બયતોમાં (જેમ ધારવામાં આવે છે તેમ) ફેરફાર થયો નથી. હા, લિપિકારોને હાથે થયલી ભૂલો સંખ્યાબંધ છે ખરી, પણ ઘણું કરીને જૂની તવારીખનાં, જૂની વિદ્યાનાં, જૂનાં ધર્મનાં અને બીજી અનેક જૂની બાબદોનાં અજ્ઞાનપણાને લીધે એવી ઘણીક બયતો મળી આવશે કે જેમાં શું મતલબ સામાયલી છે તે સેહેલથી સમજી શકાતી નથી..

બીજું વળી જાણવું કે ફિર્દોસીએ તવારીખ લખતાં (જેમ કહેવામાં આવ્યું છે. તેમ) અતિશયોક્તિ (Hyperbole) નો ઝાઝો ઉપયોગ કરેલો જણાતો નથી, પણ કહ્યા વિના ચાલતું નથી કે ફિર્દોસીએ જે જે બીના અને બનાવોનું બેયાન આપ્યું છે, તે બીના જાણે પોતે જોઈ હોય તથા તે બનાવો બન્યા તે વખતે પોતે જાતે હાઝેર હોય તેમ તેનું આબેહુબ પ્રતિરૂપ અને જુસ્સાવાળું વર્ણન આપ્યું છે. આ કિસમના બનાવોનાં બેયાનને અંગ્રેજીમાં Graphic Description કહે છે. શાહનામાના દીબાચામાં આપણે વાચ્ચે છિયે કે ગઝનીના પાદશાહ સુલ્તાન મહમૂદે જે મુકામ ફિર્દોસીને રહેવા માટે

મુકરર કર્યું હતું, તે મુકામમાં ફિર્દોસીના લખવાના ઓરડામાં દીવાર ઉપર પાદશાહો તથા લડાયક પેહલવાનોની તસવીરો, તેમજ લડાઈનાં મયદાનનાં અને પાદશાહી દરબારોનાં તેમજ લડાઈનાં હથિયારો વગેરેના નકશા, ચિત્રો પાડેલાં હતાં, કે જેથી જુસ્સાવાળી ભાષામાં વર્ણન આપવાને બની આવે. તથા વળી કહેવાને બની આવે છે કે સુલ્તાન મહમૂદ તેમજ ફિર્દોસી બન્નેનો હેતુ એવોજ હોવો જોઇયે કે શાહનામાની નકલો જેટલી બાહેર પડે તેટલી દરેક ચિત્રથી સણગારેલી અને ચિત્ર સાથે સમજાવેલી હોવી જોઈયે. શાહનામાની પહેલી કેતાબ જે સુલ્તાને મોસૂફ આગળ પેશ થઈ હશે તે અલબતે Pictorial હોવી જોઈયે એમ માનવાને આપણી પાસે મઝબૂત કારણ છે."

ફાર્સી શાહનામાનો અભ્યાસ કરતી વખતે તેમજ તેનો ગુજરાતી, અંગ્રેજી કે બીજી ભાષાઓમાં તરજુમો કરતી વખતે મઝકુર બીના ધ્યાનમાંથી અનેકવાર ખસી જાય છે અને તેથીજ અભ્યાસીઓને અને તરજુમો કરનારાઓને ગુચવણમાં આવી જવું પડે છે. આ ગુચવાડો શેવટે અઘરાપણા અને અસ્પષ્ટા (Difficulties and obscurities)નું રૂપ લે છે, અને નાચારીએ જે તરજુમો થાય છે તે માત્ર એક શબ્દકોષ બનાવતા હોય તેમ મૂળાર્થક હોય છે. પરિણામમાં તરજુમા મધ્યે લડાઈ વગેરેના બેયાનો જો રશકશ વગરનાં દેખાય તો તેમાં નવાઇ કાંઈ નથી.

ફિર્દોસીએ ઈરાન દેશની જૂની તવારીખ કયાંથી મેળવી, તે મેળવવામાં કોણ કોણે મદદ કરી હતી, શું શું નડતરો અને મુશ્કેલીઓ વચ્ચે આવી હતી, કેવા કેવા સંજોગે તેણે તવારીખ લખવાનું શુરૂ કર્યું હતું, તેમાં કેવી કેવી નિરાશી મળી હતી, અને આખેરે સુલ્તાન મહમૂદ આગળ તે કેમ પહોંચ્યો હતો તે સ બીના પોતેજ પોતાની કેતાબમાં સ્પષ્ટ રીતે લખી ગયો છે, એટલે ત્યારે કહેવાને બની આવે છે કે ફિર્દોસીએ શાહનામા મધ્યે ઈરાન દેશની જે જૂની તવારીખ લખી છે તે તો માત્ર કલ્પનામાંથીજ ઉપજાવી કાઢેલી છે એવી વુજૂદ વગરની તકરાર ઉપર ઉપરથીજ ઉડી જાય છે. અમો તરજુમો કરનારાઓના નાકેસ વિચારમાં તો એમજ આવે છે કે ઈરાનની જૂની તવારીખને લગતા જે અહવાલો પારકા દેશના લખનારાઓએ લખ્યા છે, તેનાં કરતાં ફિર્દોસીની લખેલી તવારીખ સો ઘણી વધારે ભરોસેદાર છે અને તેનાં બે મુખ્ય કારણો છે. એકતો એકે ફિર્દોસી ઈરાનનોજ વતનદાર હતો અને બીજું કારણ એ કે ઈરાની સલ્તનતના ખઝાનામાં કદીમ ઇરાની પાદશાહોએ પોતાના દેશની ખરી તવારીખનો જે સંગ્રહ કરી રાખ્યો હતો તે ઉપરથી તેમજ ઈરાનનાં લોકો પાસે પોતાના દેશની તવારીખની જે નોંધો જળવાઈ રહી હતી તે ઉપરથી પોતાની તવારીખ (શાહનામાની કેતાબ) રચી હતી.

હિંદમાં આવી વસેલા પાર્સીઓએ જે દિવસથી યૂરોપ ખંડના તવારીખનવેસોએ લખેલી ઈરાનની તવારીખ વાંચી છે તે દિવસથી, તે આજ સૂધી કદીમ ઈરાની શેહનશાહો અને લડવૈયાઓની લાંબી ઝિંદગી તથા તેઓનો લાંબો રાજઅમલ જે રીતે ફિર્દોસીએ પોતાની તવારીખમાં આપ્યો છે, તે રીત ઉપર શક અને શંકાની નઝરે તેઓ જોતા આવ્યા છે. સો કે સવાસો વર્ષની લાંબી ઝિંદગી એક માણસ તો આજે પણ ગુઝારે છે, તેના દાખલા અવાર નવાર મળી આવે છે. પણ એક પાદશાહે સો અથવા દોઢસો વર્ષ રાજઅમલ ચલાવ્યો એમ જ્યારે વાંચયે છિયે ત્યારે કંઈક શકની નઝ-

રથી આપણે જોઇયે છિયે. તેમાં વળી અધુરામાં પુરૂં જ્યારે પાનસેં, સાતસો કે એક હઝાર વર્ષના રાજઅમલની વાત કાન ઉપર આવે છે ત્યારે તો વધારે શંકાશીલ બન્યે છિયે.

હકીમ ફિર્દોસીને ઈન્સાફ આપવા માટે કલ્પનામાંથી જોડી કાઢેલી વાતના આળમાંથી પ્રથમ તેને એવી રીતે મોકલો કરીશું કે

તો ઈન્શ દોરૂઘો ફસાનહ્ મદાન્

ઈરાનની કદીમ ઝરતોશ્તી કે પોરીઓતકેશી સલ્તનતમાં તે જીવી કે લખી ગયો નથી. કદીમ સલ્તનતનાં પડી ભાગવા પછી આસરે ચાર સદી બાદ તેતો જીવીને તવારીખ લખી ગયો છે, અને શાહનામાની શુરૂઆતમાં જેમ પોતે લખી ગયો છે તેમ ફિર્દોસીએ તે ઈરાનની જુની તવારીખ ઈરાનના જુદા જુદ ભાગમાંથી, જુદા જુદા આસામીઓ પાસથી મેળવી તેનો એક સંગ્રહ કીધો છે. જેમ અને જેવી રીતે તેને તવારીખી બાબદ મળી તેમ અને તેવી રીતે તે કવિતામાં રચી ગયો છે. આપણી પાસે ફિર્દોસીનું બે જાતનું લખાણુ છે. એક તો ખુદ જે પેહલવી પુસ્તકો જેવાં કે “યાદગારે ઝરીરાન,” “કારનામક ઇ અર્તખ્શીરે પાપકાન” વગેરે જે એને મળ્યાં તે પુસ્તકોને આધારે લખાણો કર્યાં છે.

ચુનાન્ ચૂન્ બેખાન્દમ્ ઝે દફ્તરૂ સખુન્
બનઝ્મ આવરીદમ્ ઝે સરૂ તા બખુન્

અને બીજાં જે મોઢેથી પેઢી દર પેઢી ઉતરતાં લખાણો આવ્યાં હોય જેને અંગ્રેજીમાં Tradition કરી કહે છે તેવાં લખાણો પણ દાખેલ કર્યાં છે.

મગરૂ કઝ્ પેદરૂ યાદ દારદ પેસરૂ
બેગૂયદ તોરા યક્ બયક્ અઝ્ પેદરૂ

હવે ત્યારે બધો આળ કોણુ ઉપર મેલ્યે તેનો વિચાર કરવો પડે છે. કલ્પનામાંથી જોડી કાઢેલી વાતનો કલંક પહેલો તો દરેક પાદશાહના વખતના તવારીખનવેસને માથે અને શેવટે મશ્હૂર તવારીખનવેસ “દાનેશવર દેહકાન”ને માથે (જેણે યઝદજર્દ શેહરયારના વખતમાં કયૂમર્સથી તે ખુસવ પર્વીઝ સુધીની તવારીખનો સંગ્રહ કર્યો હતો તેને માથે) આવવો જોઇયે. પણ એક સાદો સવાલ પૂછીશું કે જુના તવારીખનવેસોને આવી જાતની ખોટી તવારીખ લખવાની મતલબ શું હતી? કદીમ પાદશાહોની કીર્તિ અને તેઓના રાજઅમલની નિશાનીઓ જે હજી જળવાઈ રહી છે તે સાથે મઝકુર તવારીખનવેસોએ લખેલી તવારીખની લગભગ બધી બાબદો જ્યારે મળતી આવે છે, ત્યારે કદીમ પાદશાહ પેહલવાનોમાંના માત્ર થોડાકોનીજ લાંબી ઉમર તથા તેઓના રાજઅમલનો લાંબો વખત ખોટી રીતે આપી, શું ભવિષ્યની અઉલાદને ગોતું ખવડાવવાનો હેતુ રાખ્યો હશે? ના, તેમ નથી. કદીમ ઇરાની સલ્તનત ઉપર લાંબા ઝમાના પસાર થઈ ગયલા હોવાથી તે વખતે બોલાતી ભાષાના શબ્દો કેટલા જુદા જુદા અર્થે વપરાતા હતા તેનું પુરૂં જ્ઞાન આજે આપણે ધરાવતા નથી અને તેથી જુદદીનો ઇરાનના તવારીખનવેસોનાં લખાણો ઉપર જે રીતે શક નાખી જે જે વાતો કરતા આવ્યા છે તેને ઉતાવળથી અને વગર અચકાવે ગળે ઉતારી દેવાની આપણને ટેવ પડી છે. જ્યારે આપણા વડવાઓ હિંદ સરઝમીનમાં આવી વસ્યા અને આપણા કદીમ ઇરાની નેયાગ.નોની તવ.રીખી હકીકત આપણે મનમાંથી વીસારી મેલી સરાસર અજ્ઞાન બની ગયા છિયે, ત્યારે

પારકા દેશના લખનારાએ આજે આપણીજ કેતાબો ઉપરથી તેમાંનાં લખાણુનો જેમ ભાવે છે તેમ અર્થ ઉઠાડી ઇરાનની તવારીખ લખી જાય છે, પણ તે પારકાઓનાં લખાણ ઉપર કોઇ પણ અપક્ષપાત વાંચનાર એકદમ આધાર રાખી શકે નહીં; છતાં કહેવત છે કે "ઉગતાને સઉ કોઈ નમે" તેમ ચાર પાંચ સદી થઇ ઉગી નીકળેલી યૂરોપ દેશની દરેક કોમોનાં લખાણો ઉપર (પછી તે લખાણો સીધો રસ્તો દેખાડનારાં હોય કે આડે રસ્તે ભમાવનારાં હોય તો પણ) કાંઇજ નહીં તો તે લખનારાઓને રીજવવા ખાતર આપણામાંના ઘણુકો ભરોસો મેલવા બાહેર નીકળી પડે છે.

યૂરોપ દેશના લખનારાઓ કહે છે કે બહુમન, ગોશ્તાસ્પ, લોહરાસ્પ, કયકાઊસ, કયકોબાદ, મિનોચેહર, ફરીદૂન, જમશેદ અને ઝોહાક એ પાદશાહોનાં નામ સાથે ૧૦૦, ૧૧૦, ૧૨૦, ૧૫૦; ૫૦૦, ૭૦૦ અને ૧૦૦૦ વર્ષ જેવી લાંબી મુદતનો રાજઅમલ પયવંદ કરવામાં આવ્યો છે તેવો લાંબો વખત એકેક પાદશાહનો હોઈ શકે નહીં, પણ તે, તેઓના નામથી ચાલતા આવેલા વંશના અનેક રાજાઓનો સામટો રાજઅમલ હોવો જોઇયે. જો મઝકુર લાંબી મુદતો એકેક પાદશાહના રાજઅમલની હોઇ ન શકે પણ એકેક વંશના સામટા રાજઅમલની મુદત થઈ શકે તો, સવાલ ઉભો થાય છે કે માત્ર નવજ પાદશાહોને માટે ફાર્સી તવારીખનવેસોએ એમ કાં લખ્યું હશે? કદીમ ઈરાની શેહનશાહતમાં રાજ કરી ગયલા પાદશાહોની સંખ્યાની ટીપ તો ઘણી લાંબી છે, તો તેઓને માટે પણ એજ રીતે કાં ન લખવામાં આવ્યું? આખી અશ્કાનેયાન વંશનો સામટો રાજઅમલ તો તેઓએ આપ્યો છે, આખા વંશના રાજઅમલની આખી મુદ્દતજ આપવાની રીતથી તો કાંઈ તેઓ અંજાણ દેખાતા નથી. બીજો સવાલ એ છે કે કદીમ ઇરાનના પાદશાહોની આટલી મોટી સંખ્યામાંથી માત્ર નવજ પાદશાહોની તથા વળી સંખ્યાબંદ શૂરવીરોમાંથી માત્ર ગૂદર્ઝ, ઝાલ અને રૂસ્તમ એ ત્રણજ શૂરવીરોની ઉમર એટલી લાંબી કેમ કરી લખાઈ હશે? આ સવાલોનો જવાબ જો ખોલાસાવાર જણાય તોજ યૂરોપિયન લખનારાઓની દલીલ ઉપર કાંઈ વિચાર ચલાવી શકાય; અગર નહીં તો એમજ કહી શકાય કે તેઓનાં લખાણો કાંઈ દલીલવાર નથી, પણ માત્ર એક નાપાયદાર અટકળ છે.

કદીમ ઈરાની પાદશાહો અને પેહલવાનોની ઘણી મોટી સંખ્યામાંથી એક ઘણી નાની સંખ્યાની અતિશય લાંબી ઉમર અને તેઓના પુષ્કળ લાંબા રાજઅમલનો નીચે લખેલો ખોલાસો અમો તરજુમો કરનારાઓના નાકેસ વિચારમાંથી બાહેર પાડયે છિયે.

આટલી તો વાત ચોકસ છે કે ઈન્સાનની ઝિંદગીની અને ઈન્સાનનાં શરીરના બાંધાના નીભાવની મુદ્દત (૧) જગ્યાની આબો હવા, (૨) દેહનું સુખ કે દુઃખ, (૩) ખોરાક, (૪) ફિક્ર ચિન્તાની હાઝેરી કે ઘયર હાઝેરી અને (૫) જીવન શક્તિને પુષ્ટિ આપનારી દવાના ઉપયોગ ઉપર આધાર રાખે છે, આટલુ તો ચોકસ છે કે લાંબી ઝિંદગી ભોગવી ગયલા અને લાંબા રાજઅમલ ચલાવી ગયલા ઈરાન દેશના મઝકુર પાદશાહો અને પેહલવાનો ઈરાન દેશના જે જે ભાગોમાં વસવાટ કરતા હતા તે ભાગોની આબો હવા અતિશય ખુશનોમા અને નહીં વર્ણવી શકાય એવી શરીરને તનદુરેસ્તી આપનારી હતી. પરિણામમાં તેઓને દેહનું દુઃખ જેવું કાંઇ હતુંજ નહીં. તેઓનો ખોરાક અતિશય સંગીન, ધાતુપુષ્ટ અને અત્યંત બળવર્ધક હતો. પાછળી ઝિંદગીના માત્ર નાના ભાગ સિવાય તેઓની આખી ઝિંદગીમાં ફિક્ર કે ચિન્તા

જેવું તેઓ કશું જાણતા ન હતા અને "નોશદારૂ" જેવી ઝિંદગી લંબાવનારી દવાઓ અને "શાહદારૂ" જેવાં હિમ્મત આપનારાં અને તાકત વધારનારાં કીમતી પીણાંઓનો તેઓ છૂટથી અને ઉદાર હાથે ઉપયોગ કરતા હતા. લાંબી ઝિંદગી ગુઝારવાની અને લાંબા રાજઅમલ ચલાવવાની આ એક ખરેખરી મુસ્તકીમ દલીલ છે.

આટલું છતાં પણ ૧૦૦૦, ૭૦૦, કે ૫૦૦, વર્ષ જેવી લાંબી મુદ્દત ઉપર જ્યારે આપણે આવ્યે છિયે ત્યારે લગાર વિચાર કરવો પડે છે કે આજના ઝમાનામાં કેઈ ખુશનોમા હવા ભોગવતો હોય, દેહથી સુખી હોય, સંગીન ખોરાક ખાતો હોય, ફિક્ર ચિન્તા રાખતો ન હોય અને જીવનશક્તિને પુષ્ટિ આપનારી દવાનો ઉપયોગ કરતો હોય તોપણ ઘણામાં ઘણી સવાસો વર્ષની ઝિંદગી ગુઝારી શકે છે. જો આગળા અને આજના ઝમાનામાં બેવડો ફેર ધારી લેજીયે તો બસોથી ત્રણસો વર્ષની આગળા ઝમાનાની ઝિંદગી આપણા કેયાસમાં આવી શકે. પણ ૧૦૦૦, ૭૦૦ અને ૫૦૦ વર્ષના આંકડાનો ખોલાસો કેમ કરી શકયે ? આ છેલ્લા સવાલનો જવાબ અમો નીચે પ્રમાણે આપ્યે છિયે.

એમાંતો કાંઈ પણ શક નથી કે ઈરાન દેશ જેટલો વિચિત્ર છે, ઈરાની પ્રજા જેટલી ચમત્કારિક છે અને કદીમ ઈરાનમાં બનેલા બનાવો જેટલા અદભૂત છે, તેટલીજ તે દેશની ભાષાઓ અવસ્તા, પેહલવી, પાઝંદ, ફાર્સી, દરી વગેરે અજાયબીથી ભરપુર છે, જેમ અમોએ શાહનામાના તરજુમાની એક ફૂટનોટમાં લખ્યું છે, કે ફાર્સી "મન" શબ્દ કોઈ ચોકસ એકજ વઝન દેખાડતો ન હતો પણ જુદા જુદા વઝનનો "મન" ઈરાન દેશમાં વપરાતો હતો અને આજે પણ તેમજ વપરાય છે. તેજ પ્રમાણે હાલ આપણાં હિંદુસ્તાનનાં પણ ફકટ એક ઈલાકામાંજ કેટલી જાતના તોલ અને માપ વપરાય છે તે સર્વને રોશન છે. તેજ મુજબ દેખઈતી રીતે એકસોની સંખ્યા દર્શાવનારો ફાર્સી શબ્દ "સદ" બીજી નાની સંખ્યા દેખાડવા માટે પણ ઈરાનના ચોકસ ઈલાકા મધે કદીમ ઝમાનામાં વપરાતો હતો, એટલે કે "સદ" શબ્દ "ત્રીસ વર્ષની મુદ્દત" માટે પણ વપરાતો હતો, "સદ" શબ્દ આજે અરબી અક્ષર "સાદ"થી લખાય છે, પણ અસલમાં તે ફાર્સી "સીન"થી લખાતો હતો "સદ" શબ્દ તે અવસ્તાનો "સત" શબ્દ છે. ખરૂં છે કે તેને "સો"મો આંકડો દેખાડવા માટે સર્વ ઠેકાણે માની લીધો છે, પણ અમો ધાર્યે છિયે કે "સત" બોલ ઘણા પુરાણા વખતમાં "જુગ" અથવા "ઝમાના"ના અર્થે વપરાતો હતો. "સત"ની સંખ્યા પ્રથમ ત્રીસ વર્ષની હતી. રફ્તે રફ્તે વધીને પાછળથી તે એકસોની સંખ્યાને માટે પણ વપરાવા લાગ્યો અને ત્યાર પછી માત્ર એકજ અર્થમાં એટલે કે એકસોનો અંક દેખાડવાને માટેજ અવસ્તા અને ફાર્સીમાં વપરાવા લાગ્યો. જૂની ઈરાની સલ્તનતના જુદા જુદા ઈલાકાના લખનારાઓ "સત"ને જુદા અથમાં વાપરતા હતા. ખસૂસ કરીને જમશેદ, ઝોહાક અને ફરીદૂનની સલ્તનતના ઘણા લાંબા વખતો દેખાડવાને માટે અતિશયોક્તિ વાપરી "સદ" શબ્દને ત્રીસ અંકને બદલે સોના અંકના અર્થમાં વાપર્યો છે, કે જેથી પાનસો, સાતસો અને એક હઝાર જેવો આંકડો વાંચ્યાથી વાંચનારાઓનાં મન ઉપર ઊંડી અસર થાય.

"ઝમાના" અથવા "જુગ"ના અર્થમાં વપરાતા "સત" શબ્દની મિસાલ અરબી ભાષામાં "કર્ન" શબ્દ છે. જે પણ પહેલાં ત્રીસ વર્ષની સંખ્યા દેખાડતો હતો. પાછળથી તે હંસી અને

સોની સંખ્યા માટે પણ વપરાવા લાગ્યા. એજ રીતે અંગ્રેજી શબ્દ Generation ના ૩૦ વર્ષજ મુકર૨ થયલાં હતાં પણ હાલે તે વધીને ૪૨ અને ૪૮ ની સંખ્યા ઉપર આવ્યો છે. તેમજ વળી અંગ્રેજી બોલ Age છે, જેનો પહેલો અર્થ "જુગ" અથવા "ઝમાનો" છે. પાછળથી "સદી"ને માટે પણ વપરાયલો છે. ત્યારે અરબી બોલ "કર્ન" અને અંગ્રેજી શબ્દો Generation અને Ageની દલીલ ખચીત અમારી દલીલને ટેકો આપે છે કે શાહનામા મધે જ્યાં જ્યાં ૫૦૦, ૭૦૦ અને ૧૦૦૦ વર્ષની સંખ્યા બતાવનારી ઉમર કે પાદશાહી લખાઈ છે, ત્યાં ફારસી શબ્દ "સદ" ત્રીસ વર્ષનીજ સંખ્યાના અર્થમાં જૂના તવારીખનવેસોએ વાપરેલો હોવો જોઇયે, પણ ફિર્દોસીના ઝમાનામાં "સદ" બોલ સોનીજ સંખ્યા દેખાડતો હતો તેથી ફિર્દોસીએ "સદ"નો અર્થ ત્રીસની સંખ્યા પણ થઈ શકે છે, તે જાણવાની કાળજી ન રાખતાં "હફ્ત સદ સાલ" અને "પાનસદ" કે હઝાર સાલ જેવા વાકયોજ કાયમ રાખ્યા છે.

વંદીદાદની બીજી ફર્ગર્દમા જમશેદની પાદશાહી નવસો શિયાળા જેટલી લખાઈ છે, અને ફારસી શાહનામામાં જમશેદની પાદશાહી સાતસો વર્ષની લખાઈ છે. વંદીદાદના "સત" બોલને અને ફારસી "સદ" શબ્દને બન્નેને માત્ર ત્રીસનો આંકડો દેખાડતો લઇયે તો શાહનામા પ્રમાણે જમશેદની પાદશાહીનો અમલ ૨૧૦ વર્ષનો અને વંદીદાદ પ્રમાણે ૨૭૦ વર્ષનો થવા જાએ; અને આગળ લખ્યું તેમ જ્યારે "શાહદારૂ" અને "નોશદારૂ" જેવી ચીઝનો ઉપયોગ કદીમ ઇરાનમાં કયાની વંશના અમલની શેવટની ઘડી સૂધી પાદશાહો અને પેહલવાનોમાં થતો આવ્યો હતો તે જોતાં એક પાદશાહનો આવો લાંબો અમલ આપણા ધ્યાનમાં ઉતરી શકે એવો છે. પીશદાદેયાન અને કયાનેયાન વંશોના બીજા પાદશાહોના રાજઅમલને નઝરમાં રાખી જમશેદ, ઝોહાક અને ફરીદૂનના રાજઅમલને અપવાદ તરીકે ગણી લેવામાં કશું ખોટું ન કહેવાય.

જેમ "મય" અને "શરાબ" વગેરે પીણા પાદશાહ જમશેદના વખતમાં ઝાહેર થયાં હતાં તેમ તેનીજ અઉલાદથી ઉતરી આવેલા જેહાનપેહલવાન રૂસ્તમના વડવા અને કદીમ ઇરાનીઓના સર્વથી મોટા વૈદ અત્રત જેને અવસ્તામાં "થ્રિત" કહે છે તેણે "નોશદારૂ" નામની દવા પાદશાહ ફરીદૂનના વખતમાં બનાવી હતી. "નોશદારૂ" નામની દવા અનેક દવાઓની મેળવણીથી બનાવવામાં આવી હતી, તેમાંનું જાણવા જોગ એક મુખ્ય તત્વ "આપ હઓમ" યાને હોમનું ક્રિયા કરેલું પાણી છે કે જેને આજે પણ દીનચુસ્ત ઝરતોશ્તીઓ માનની નઝરની જોય છે અને તેનો પીવામાં ઉપયોગ કરે છે. એ હોમ પીવાના ફાયદા વિષે અવસ્તામાં ઇજશ્નેનાં નવમાં હામાં બહુજ ખોલાસાથી સમજાવ્યું છે.

શાહનામા મધ્યે આંગળી ઉપર ગણાય તેટલા થોડાક પાદશાહો કે પેહલવાનોની ઉમર અથવા પાદશાહી માટે જે "સદ" શબ્દ આવ્યો છે તેનો અર્થ અમો ૩૦ વર્ષની મુદ્દતનો કર્યે છિયે, અને તેમ ગણતાં તથા વળી "આપ હઓમ" જેવાના ઉપયોગને ધ્યાનમાં લેતાં જમશેદ, ઝોહાક અને ફરીદૂન જેવાની લાંબી ઉમર લખાઈ છે તે આપણા ધ્યાનમાં આસાનીથી ઉતરી શકે તેવી છે.

ફિર્દોસીના શાહનામા અંદર કયકાઊસ અને કયખુસરૂ આ બે નામીચા પાદશાહોના રાજઅમલ લખતાં ફિર્દોસી દેવોનું નામ વચ્ચે લાવે છે, તેમજ ઝરતોશ્તી ધર્મની કેતાબોમાં પણ જાબજા દેવ અને દરૂજના શબ્દો વપરાયલા છે. વારમ્વાર સવાલ કરવામાં આવે છે કે દેવ એટલે શું ? દેવો કોણ હતા ? દેવો જેવી કોઈ પેદાયશ ઈરાનમાં ખરેખરી હતી કે ?

ધર્મની રૂએ તપાસ કરતાં માલૂમ પડે છે કે અહુરમઝદે બે શક્તિઓ પેદા કરી છે; એકનું નામ 'સ્પેન્તોમઈન્યુ' અને બીજીનું નામ 'અંગ્રમઈન્યુ' સ્પેન્તોમઈન્યુ મારફતે ભલી પેદાયશો હસ્તીમાં આવી અને અંગ્રમઈન્યુ મારફતે બૂરી પેદાયશ હસ્તીમાં આવી. બૂરાં કામોમાં જેઓ અંગ્રમઈન્યુના મદદગાર હોય છે તેઓને 'દેવો'ની ઉપમા મળી છે, અને ભલાં કામોમાં જેઓ સ્પેન્તોમઈન્યુના મદદગાર હોય છે તેઓ સર્વને 'યઝદાન' અથવા 'ફરેશ્તાઓ'ની ઉપમા મળી છે. સાધારણ બુદ્ધિવાળાઓને માટે, ફરેશ્તાઓ અને દેવો વિષેની આ સમજ છે. જો આ બાંબદમાં આપણી વિચાર શક્તિ સહેજ લંબાવ્યે તો આપણે એમ કહી શકીએ કે 'ગીતી' માણસનું બદન થાય છે, 'સ્પેન્તોમઈન્યુ' તે માણસનો આત્મા છે, અને 'અંગ્રમઈન્યુ' તે ખાકી બદનમાં ઉત્પન્ન થતા જુસ્સા છે. 'ગીતી'માં એટલે દુન્યામાં માણસે ઝરતોશ્તી ધર્મ પ્રમાણે 'અંગ્રમઈન્યુ'ને તોડી 'સ્પેન્તોમઈન્યુ'ની તરફેનમાં જવું, એ ફર્માનનો અર્થ દાનાઈની રીતે એટલોજ થાય છે કે માણસનું બદન બે શક્તિઓના હાથમાં છે. એક તો આત્મા અને બીજી જુસ્સા. જુસ્સાને મારી ખાકી બદને આત્માની તરફ ઉભું રહેવું, કે જેથી આત્મા તેનો બચાવ કરે.

ઈરાનની તવારીખની રૂએ તપાસ કર્યે છિયે તો આપણને માલૂમ પડે છે કે પહેલું દૈત્ય જેવા રાક્ષસોને જેઓની વસ્તી કદીમ ઝમાનામાં ઈરાનના ઉત્તર ભાગોમાં જોવામાં આવતી હતી, તેઓને 'દેવ'ની ઉપમા આપવામાં આવી હતી; કારણકે તેઓને હાથે અંગ્રમઈન્યુના મદદગારો મિસાલ ખરાબી અને વયરાનકારી સિવાય બીજું કામ થતું ન હતું. અને બીજું મનુષ્યહારી ખૂનખાર જંગલી માણસોને પણ દેવની ઉપમા અપાયલી છે. દાખલા તરીકે કદીમ ઝાબુલના મુલકની દક્ષિણે આવેલા કોઈ પહાડી ઈલાકામાં 'કુકે કોહઝાદ' નામના રાહમારૂ ખૂનખાર લૂટારા વિષેના લખાણ ફાર્સી લખનારાઓએ લખેલાં છે. આ લૂટારો ઝાબુલની દક્ષિણે જ્યાં આજે બલુચીસ્તાન આવેલું છે ત્યાં પડાવ નાખી પડેલો હતો, અને તેની સાથ લૂટારાઓનું મોટું લશ્કર ભેગું થયલું હતું; અહીં સૂધી કે તે મોટા વિસ્તારવાળી જગ્યાનો ધણી થઈ, ચારે બાઝૂના રસ્તા ઘેરી વંજાર લૂટતો હતો, તેમજ આસપાસના દેશોના વેપારી માર્ગને તેણે બંધ કર્યો હતો. લખનારાઓ કહે છે કે ઝાલ તેને માત કરી શકયો ન હતો, અને પોતાના મુલકનાં વેપારી માર્ગને ખુલ્લો રાખવા માટે તેને ચોકસ સાલિયાણું આપતો હતો. પણ જ્યારે રૂસ્તમ જવાન વયે પહોંચ્યો ત્યારે તેની સાથ લડી, તેને તેમજ તેના સાથીઓને મારી ચારે બાઝૂના વેપારના રસ્તા ખુલ્લા કર્યા હતા. ત્યારે આગળ લખેલી ત્રણમાંની બે બાબદોનો ખોલાસો આવી રીતે મળી જાય છે. ત્રીજી બાબદ એ છે કે દેવો એટલે દૈત્ય જેવા રાક્ષસોની વસ્તી ખરેખર ઈરાનમાં હતી કે ? આ સવાલનો જવાબ અમારા નાકેસ વિચાર મુજબ હકારમાંજ આપવો જોઇયે. જો આ સવાલનો જવાબ નકારમાં આપ્યે તો પછી કુદરતની શક્તિની હદ બંધાઈ જાય છે. એક કીડીથી

તે હાથી અને તે કરતાં પણ બેશુમાર મોટાં જાનવરો કુદરતે પેદા કર્યાં છે અને કરે છે, તો શું કુદરતની શક્તિ ઉપર શક નાખી એમ કહુયે કે કુદરત દૈત્ય સમાન રાક્ષસો પેદા કરી ન શકે? વળી બીજી એક દલીલ આ છે, કે જો દૈત્ય સમાન રાક્ષસોની હસ્તી ન હોત તો આપણા કદીમ નેયાગાનો ઈરાનની જે તવારીખ પહાડી કોતરકામમાં જાળવતા આવ્યા હતા, તે કોતરકામોમાં દૈત્ય જેવા રાક્ષસોનાં ચીતાર શા માટે આપ્યા છે? શું ત્યારે પહાડી કોતરકામોમાં આપેલા દેવોના ચીતાર ઈરાની પાદશાહોએ પોતાની રઈયતને ખુશ કરવા પડાવ્યા હતા? તવારીખ જાળવવાના પહાડી કોતરકામોની દલીલ અચૂકજ હોવી જોઇયે. પહાડો ઉપરના કોતરકામોના દેખાવોના ખરાપણા ઉપર શક નાખવાનું આપણને કાંઈ ખાસ કારણ નથી.

આ દેવો જેવા રાક્ષસોની પેદાયશ તદન નિરાળી હતી કે કોઈ બે નિરાળાં પ્રાણીઓનાં નર નારીના અંગ સંગથી ઉપજેલી પેદાયશ હતી, તે કહેવું આજે મુશ્કેલ છે. ઈરાનના ઉત્તર ભાગોમાં હસ્તી ધરાવી ગયલી રાક્ષસોની વસ્તી, બનવા જોગ છે કે કેવળ નિરાળીજ હોય. વળી આ પણ બનવા જોગ છે કે કોઈ બે જુદા પ્રાણીનાં નર નારીનાં અંગ સંગથી ઈરાનના રાક્ષસોની વસ્તી ઉત્તપન્ન થઈ હોય. ઈરાનની જૂની તવારીખના મોટા અભ્યાસીઓમાં કેટલાક એમ માને છે, કે માણસ અને રીંછ એ બેના નર નારીઓના અંગ સંગથી આ રાક્ષસોની ઉત્પત્તિ થયલી છે; અને વળી એમ પણ કહે છે, કે આ બે જુદા જુદા પ્રાણીઓના નર નારીઓના અંગ સંગથી રાક્ષસો ઉત્પન્ન થયલાનું જોઈનેજ પાદશાહ ફરીદૂનના વખતમાં જુદા જુદા પ્રાણીઓમાં ભિન્ન કુલોત્પત્તિ (Cross breeding)નો સવાલ બરપા થયો, અને ઘણાક પ્રાણીઓમાં તેનો એખ્તેરો અઝમાવી જોવામાં આવ્યો હતો તેમાં ઘોડા અને ગધેડાનાં અંગ સંગનો એખ્તેરો પુરો ફતેહમંદ નીવડયો હતો, અને આ બે પ્રાણીનાં અંગ સંગના પરિણામે આજે આપણ ખચ્ચર જેવાં ઉપયોગી પ્રાણીને જોઈ શકયા છિયે.

જમશીદ, કયકાઊસ અને કયખુસરૂ જેવા કદીમ ઈરાનના પાદશાહોની પાદશાહી ઉપર એટલાતો લાંબા ઝમાના પસાર થયા છે, કે તે વખતની તવારીખ આજના ઈરાનીઓની યાદમાંથી કેવળ નાબૂદ થઈ ગયલી જણાય છે એમ કહુયે તો ચાલે. તેઓ જૂની તવારીખી બીનાઓને જેમ ગમે તેમ પોતાના વિચાર પ્રમાણે સમજાવ્યા જાય છે.

અર્વાચીન ઈરાનીઓ "જામે જમશીદ"ને શરાબ અથવા મય નોશ કરવાનું પ્યાલુંજ સમજે છે, અને તે પ્યાલાં ઉપર સાત લીટીઓ પાડેલી હતી, એમ માને છે. વળી તે સાત લીટીઓને નામ આપેલાં હતાં એમ પણ કહે છે, મઝકુર લીટીઓનાં નામો નીચે પ્રમાણે આપ્યા જાય છે.

૧ જઉરૂ, ૨ બગ્દાદ, ૩ બસ્રાહ્, ૪ અઝરક્, ૫ દરૂશેકરૂ, ૬ કાસેગરૂ અને ૭ ફરૂદીનહ્.

એક ફાર્સી શાએરે મઝકુર સાત નામોમાંના ચાર નામો ("જામે જમશીદ" ને શરાબની જામ સમજીને) પોતાની બનાવેલી બયતોમાં જીવજાન દોસ્તની તારીફ ગાતાં નીચે પ્રમાણે લખે છે કે—

તા બતતે બસ્રાહ્ અગરૂ બાદહ્ દેહદ—બમન આન્ દેલ્બરે બગ્દાદીએ મન્
જઉરે ઈન્ ગુમ્બદે અઝરક્ નકુનદ—રબ્તહ્ દર આલેમે આબાદીએ મન્

અર્થ—જો મારાં દિલને હરી લેનાર બધદાદનો વતનદાર "બસ્રા," નામના કાપા સૂધી ભરીને મયની જામ મને નોશ કરવા આપે તો આ ઝુલ્મગાર આસ્માની ગુમ્બદ મારી સુખવાસી ઝિંદગીમાં ખલલ નાખી શકશે નહીં.

મઝકુર બયતો "જામે જમશીદ" ઉપરં પાડેલી લીટીઓનાં નામ માટે જેટલી વખણાયલી છે તેના કરતાં સો દરજજે. વધારે તેની મનોહર રચનાની બાબદમાં વખણાય છે.

ફાર્સી ભાષાના અભ્યાસ કરેલા એક અંગ્રેજ ગ્રહસ્થ આજના ઈરાનીઓને મોઢથી "જામે જમશીદ" વિષે કલ્પિત વાતો સાંભળીને મઝકુર "જામ" બાબદ અંગ્રેજી ભાષામાં નીચે પ્રમાણે લખે છે.

"The seven-lined cup of Jamshed described by the modern Persians as a myth is a pint tumbler circled with seven rings of glass stained in succession, from below upwards, of colours dedicated by the Persians to the seven planets-purple to Saturn, orange to Jupiter, red to Mars, yellow to Sol, green to Venus, light-blue to Mercury and white to Luna."

પણ અમારા નાકેસ વિચાર મુજબ 'જામે જમશીદ' કાંઈ પાદશાહ જમશેદનું શરાબ નોશ કરવાનું પ્યાલું ન હતું, પણ તે તો સેતારાઓની અવલોકન કરવાની દૂરબીન (Telescope) હતી. હફ્ત ખત્તે જામ' (જામ ઉપરની સાત લીટીઓ)નો અર્થ અમો એમ જાણયે છિયે, કે તે કદાચ દૂરબીન ઉપર માપવાના આંકડાવાળી ગોળ લીટીઓ હોવી જોઇયે. અને લીટીઓનાં જે નામો આપ્યાં છે તે ઘણું કરીને જુદી જુદી જગ્યાએ બાંધેલાં અવલોકન કરવાનાં મકાનો (Observatories)નાં નામો હોવાં જોઇયે. બધદાદ, બસ્રા, જઉર વગેરે તો જગ્યાઓનાં ખુલ્લાં નામોજ દેખાય છે; અને તે ઉપરથી કહેવાને બની આવે છે કે બાકીનાં નામો પણ જગ્યાઓનાં અસ્લી નામોજ હોવાં જોઇયે. શાયદ કે હાલે તે જૂનાં નામો ફેરવાઈ ગયલાં હોય.

આજના ઝમાનામાં હવાઈ વિમાનની શોધ ચાલી રહી છે તે ઉપરથી અંગ્રેજી પ્રજા પણ ધીમે ધીમે સમજવા લાગી છે, કે કદીમ ઈરાનીઓના જમશેદ, કાઊસ અને કયખુસરૂ જેવા પાશાહદહોએ પણ પોતાના વખત પ્રમાણે Flying machines, Observatories અને Telescopes બાંધેલાં અને બનાવેલાં હોવાં જોઇયે. જમશેદ કયકાઉસ અને કયખુસરૂ સંબંધી ઝરતોશ્તી ધર્મની કેતાબોમાં શાહનામા મધ્યે અને બીજી તવારીખી કેતાબોમાં ખગોળ વિદ્યાની શોધખોળ વિષેના ઈશારા આપણે વાંચયે છિયે, એટલુંજ નહીં પણ કયકાઊસ વિષે એક લખનાર ખોલ્લા શબ્દોમાં કહી ગયો છે, કે તે પાદશાહે 'બાબેલ' (Babylonia)માં એક Observatory બંધાવી હતી. આ લખનાર પ્રખ્યાત શાહઝાદો જલાલુદ્દીન ફતેહઅલીશાહ છે. વળી એમ પણ જણાયલું છે કે કદીમ ઝમાનાથી તે આંજ સૂધી ઈરાનીઓ પૃથ્વીથી બીજા ગ્રહોના તફાવત તથા તેઓના સ્થળો વગેરે જાણવાના ઓસ્તુર્લાબ (astrolabe) જેવાં યંત્રથી તો સારી રીતે વાકેફગારી ધરાવતા આવ્યા છે.

'જામ'નો એક અર્થ પ્યાલું થાય છે, પણ અસલમાં 'જામ'નો બીજો અર્થ કાચ પણ થતો

હતો. આજે પણ કાચના ચોકસ માપને માટે જામ વપરાયો છે. 'શીશએ યક જામી' 'શીશએ ચાર જામી' વગેરે વાકયો ફારસી અભ્યાસીઓથી અજાણ નથી. જેમ અંગ્રેજીમાં Glass શબ્દ કાચના અર્થે વપરાઈ પાછળથી Looking glass, Mirror, Optical glass Weather glass વગેરેને માટે વપરા છે, તેમજ ફારસી શબ્દ 'જામ' પણ અસલમાં વપરાતો હતો એમ કહેવાને આપણી પાસે કારણ છે. સર્વથી પહેલા પાદશાહ જમશેદનાં વખતમાં સેતારાઓનું અવલોકન કરવા Flying machine અને Telescope બનાવવામાં આવ્યાં હતાં અને ત્યાર બાદ કયકાઊસ અને કયખુસરૂએ તેમાં સૂધારા વધારા કરેલા જણા છે. વળી ફારસી પંચાંગપોથીમાં નઝર કર્યે છિયે તો માલૂમ પડે છે કે કયકાઊસના રાજઅમલમાં ઉત્તર દિશાએ દેખાતા નક્ષત્ર (સેતારાઓ)નો એક ત્રણ ખૂણિયા ઝુમખાની શોધ થયલી છે. જે તારાના ઝુમખાનું નામ પાદશાહ કયકાઊસના નામ ઉપરથી આપવામાં આવ્યું છે. હાલમાં તે શબ્દ બેહુ અરબી (નુક્તહદાર) કાફ અક્ષરથી 'કયકાઊસ' લખાય છે. સેતારાના એક બીજા ઝુમખાનું નામ પાકઝાદ શાહઝાદા સિયાવક્ષનાં નામ ઉપરથી આપવામાં આવ્યું છે. આ સર્વ ખરી અને તવારીખી બીના છે. પણ અફસોસ! કે જેમ આસ્માની ચક્કરે કોઇને મૂકયા નથી અને મૂકશે પણ નહીં તેમ જૂની ઈરાની સલ્તનતની કીર્તિ અને કામો આજે અંધકારમાં આવી ગયાં છે, એટલે વધારે કાંઈ કહેવાતું કે લખાતું નથી એમ કહી અત્રે થોભિયે છિયે.

આપણા નામંચીન શાએર હકીમ ફિર્દોસી 'જામ' શબ્દ બે પાદશાહોનાં નામ સાથે પયવંદ કરે છે. એક 'જામ' જમશીદનાં નામ સાથે અને બીજી 'જામ' કયખુસરૂનાં નામ સાથે લાગુ પાડે છે. પણ પોતાના વખતમાં 'જામ' શું ચીઝ હતી તે વિષે કોઇએ અજવાળું પાડેલું નહીં હોવાથી તે વિષેનો ખોલાસો આપ્યા વગર લખ્યો જાય છે. જમશેદના વખતમાં બનેલી 'જામ' જે કયકાઊસના વખતમાં કાંઈ સૂધારા વધારા સાથે વપરાતી હોવી જોઇયે તે વિષે બન્ને પાદશાહોની નિસ્બતમાં જો કે ખુલ્લા શબ્દોમાં ફિર્દોસી લખતો નથી, પણ તેની લખવાની રીત અને પ્રસંગ ઉપરથી કહેવાને બની આવે છે કે 'જામ' સેતારા અને ગ્રહોનું અવલોકન કરવાનું યંત્ર હતું.

ઈરાનના બીજા લખનારાઓ વળી 'આયીનએ સેકન્દર' નામનાં એવીજ જાતનાં ત્રીજા યંત્રની ખબર આપે છે. હકીમ ફિર્દોસી પોતાની તવારીખમાં ઈશારો કરે છે કે 'એસકન્દરીય' (Alexandria) નામનું શેહર સેકંદરે (મેસીડોન્યાના પાદશાહ ફીલફૂસનાં છોકરાએ) બાંધ્યું હતું. પણ 'આયીનએ સેકન્દર'નું નામ પોતાની તવારીખમાં કોઈ પણ જગ્યાએ લખેલું નઝરે પડતું નથી. શેહરે શીરાઝનો પ્રખ્યાત કવિ હાફેઝ પોતાની જોડેલી ઘજલોમાંની એક ઘઝલમાં 'આયીનએ સેકન્દર'નો ઈશારો કરે છે. તે લખે છે કે—

> આયીનએ સેકન્દર જામે જમસ્ત બેન્ગર
> તા બર તો અર્ઝેહ દારદ મુલ્કે દારા

પણ એવું માલૂમ પડે છે કે ફીલફૂસના છોકરા સેકંદરે જેણે ઈરાન જીતી લીધું હતું, તેના વખતમાં 'આયીનએ સેકન્દર' બની નથી. 'આયીને સેકન્દર' તો 'જામે કયખુસરૂ'જ હોવી જોઇયે. ઈરાનમાં ઈસ્લામી ધર્મ દાખેલ થયા પછી ઈરાનની જૂની તવારીખી બીનાની પાયમાલી થઈ ગયલી

જણાય છે. ઇસ્લામી ધર્મની મશ્હૂર કેતાબ ‘ કુરાને શરીફ ’માં ‘ એસ્કન્દરે ઝૂલ્કર્નયન ’ નામના એક ઇતિહાસીક પુરૂષનું થોડુંક વર્ણન લખાયલું છે. એ પુરૂષ કાંઈ ફીલફૂસનો છોકરો સેકંદર જેણે ઇરાન જીતી લીધું હતું તે ન હતો એટલું તો ચોકસ છે. કેટલાકો કહે છે કે કુરાને શરીફનો એસ્કન્દરે ઝૂલ્કર્નયન તે ઈરાનના શાહઝાદા સિયાવક્ષનો છોકરો કયખુસરૂ છે. જો એ બીના ખરી હોય તો પછી ‘ આયીનએ સેકન્દર ’ તેજ ‘ જામે કયખુસ્રવ ’ હોવી જોઇયે.

આગળ જણાવ્યું તેમ જામનો અર્થ કાચ થતો હતો તેમ ‘ આયીનહ ’નો અર્થ પણ કાચ થાય છે. અને તે આરસી (Mirror)ને માટે વપરાય છે. ‘ ઘેયાસુલ લોઘાત ’ નામની ફાર્સી ડીક્ષનરીમાં ‘ આયીનયે સેકન્દર ’નો ટુંક અહવાલ આપ્યો છે. તે અહવાલમાં લખાયલું છે કે ફીલફૂસના છોકરા સેકંદરે એસકન્દરીયા નામનાં શેહરમાં એક આયનો (આરસીનો મોટો તખ્તો) ઉભો કર્યો હતો. પણ અમારી નાકેસ અકલમાં તે અહવાલ ઝાજો મોતેબર લાગતો નથી.

‘ જામ ’ની બાબદ આ ઠેકાણે ખતમ કરતાં બે શબ્દ વધારે લખવાની રજા લઇયે છિયે કે મુંબઈ શેહરમાં રોજીંદુ પ્રગટ થતું પ્રખ્યાત ‘ જામે જમશેદ ’ તથા માસિક ચોપાન્યુ ‘ જામે જહાનનુમા ’ તેમજ બંગાળમા પ્રગટ થતું ‘ ઇન્ડિયન મીરર ’ એ ત્રણેનાં નામો જે અપાયાં છે, તે ‘ જામે જમશીદ, ’ ‘ જામે જહાનનુમાએ કયખુસ્રવ ’ અને ‘આયીનએ સેકન્દર’ ઉપરથીજ અપાયાં છે. એટલે કે એ પેપરોના માલેકો લોકોને એમ કહેવા માગે છે કે અમારાં પેપરોમાં નેગાહ કર્યાથી તમામ દુન્યા વગેરેની ખબર મળી આવશે.

શાહનામાની અંદર સઘળા પાદશાહ અને પેહલવાનોમાં ફિર્દોસીએ જો કોઈની પણ ઘણીજ તારીફ અથવા વર્ણન કર્યું હોય તો તે જેહાનપેહલવાન રૂસ્તમનું છે. જેટલું એ પેહલવાનનું બેયાન અને બહાદુરી ફિર્દોસીએ લખી છે, તેવી કોઈ પણ પાદશાહ અથવા પેહલવાનની લખી નથી. પેહલવાન રૂસ્તમની એણે એટલી તો દાસ્તાનો આપી છે, કે જો આપણે શાહનામાનું બીજું નામ ‘ રૂસ્તમ નામુ ’ આપ્યે તો તે પણ કદાચ વાજબી ગણાય. આખાં શાહનામા અંદર જો કોઈ પણ શખ્સને સર્વથી કૌવતમંદ ચીતાર્યો હોય તો તે જેહાનપેહલવાન રૂસ્તમ છે. શાહનામાના જે ચાર ભાગ છે, તેના લગભગ ત્રણ ભાગમાં રૂસ્તમનું દાસ્તાન ચાલુ આવ્યા કરેલું છે. શાહનામામાં જેહાનપેહલવાન રૂસ્તમની બહાદુરીમાં આ મહાન શાએરે કેવું અને કેટલું બધું લખ્યું છે, તેનો ફકટ એકજ દાખલો અમો અત્રે આપ્યે છિયે અને તે પણ રૂસ્તમની પહેલ વહેલીજ લડાઇનો છે. તેમાં આ પ્રખ્યાત કવિએ જેટલી રૂસ્તમની તારીફ કરી છે, એટલીજ પોતાની બયતો જોડવાની ઊંચી મધઝ શક્તિ બાહેર પાડી છે. તૂરાની પાદશાહ અફ્રાસિયાબ સાથની રૂસ્તમની પહેલીજ લડાઈમાં ફિર્દોસી લખે છે કે—

ઝમીન્ કરદહ્ બુદ સોરૂખ રોસ્તમ બજન્ગ્ **ચકી ગોર્ઝએ ગાવપયકર્ બચન્ગ્**	રૂસ્તમે લડાઈથી ઝમીન રાતી કીધી હતી-તેના હાથમાં ગાયની શિકલનો ગોર્ઝ હતો.
બહર્ સૂ કે મર્કબ્ બરૂઅન્ગીખ્તી **ચુ બર્ગે ખેઝાન્ સર્ ફરૂરીખ્તી**	જે તરફ તે ઘોડો દપટાવતો-ત્યાં પાનખર રૂતુનાં પાંદડાં માફક માથાં નીચે પડતાં.
બશમ્શીરે બુરૂરાન્ ચુ બુગ્ઝાશ્ત્ દસ્ત **સરે સરફરાઝાન્ હમીકરૂદ્ પસ્ત**	જ્યારે તે કાપનારી તલવાર ઉપર હાથ નાખતો ત્યારે સરફરાઝોનાં સર નીચે ફેંકતો.

અગર્ બરૂઝદી બર્ સર્ આન્ સરફેરાઝ્
બદ્ નીમહ્ કર્દીશ્ બા અસ્પો સાઝ્
ચુ શમ્શીર્ બર્ ગર્દન્ અફ્રાખ્તી
ચુ કુહ્ અઝ્ સવારાન્ સર્ અન્દાખ્તી
ઝે ખૂને દેલીરાન્ બદશ્ત અન્દરૂન્
ચુ દર્યા ઝમીન્ મઉજ્ઝન્ શુદ્ ઝે ખૂન્
હમહ્ રૂએ સહ્રા સરો દસ્તો પાય
બઝીરે સુમે અસ્પે જન્ગ્ આઝમાય
ઝે સુમ્મે સોતૂરાન્ દરાન્ પહ્ન્ દશ્ત
ઝમીન્ શુદ્ શશો આસ્માન્ ગશ્ત્ હશ્ત
ફરૂ રફ્તો બર્ રફ્ત રૂઝે નબર્દ
બમાહી નમે ખૂનો બર્ માહ્ ગર્દ
બરૂઝે નબર્દ આન્ યલે અર્જમન્દ
બશમ્શીરો ખન્જર્ બગોર્ઝો કમન્દ
બુરીદો દરીદો શેકસ્તો બેબસ્ત
યલાન્રા સરો સીનહો પાઓ દસ્ત
હઝારો સદો શસ્ત ગોર્દે દેલીર્
બયક્ ઝખ્મ શુદ્ કોશ્તહ્ દર્ જન્ગે શીર્
નેગહ્ કર્દ ફર્ઝન્દરા ઝાલેઝર્
બદાન્ નામબર્દારો બા ઝૂરો ફર્
બશાદી દેલ્ અન્દર્ બરશ બર્તપીદ
કે રોસ્તમ બદાન્સાન્ હોનર્મન્દ દીદ

અગર તે સરફરાઝ કોઈ માથાં ઉપર (શમ્શેર) મારતો–તો તે તેના ઘોડા અને લડાઇના સામાન સાથ બે ટૂકડા કરતો.

જ્યારે તે તલવાર ફેરવતો–ત્યારે સવારોનાં માથાં છીંટી પહાડની માફક (ઢગલો) કરતો.

દેલીરોનાં ખૂનથી લડાઈના મયદાનની ઝમીન–દર્યા માફક લોહીના મોજા મારતી થઇ.

સઘળી જંગલની સપાટી માથાં, હાથ અને પગ(થી ભરાઈ ગઈ) (અને તે સઘળાં) લડાયક ઘોડાની નાલ નીચે (કચુડવા લાગ્યાં).

ઘોડાઓની નાલથી તે બોહોલાં જંગલમાં–ઝમીન છ થઈ (યાને ખાડા પડયા) અને આસ્માન આઠ બન્યાં (યાને ધૂળનાં પડ ચઢયાં).

તે લડાઇને દિવસે લોહીનો ભિનાશ (ઝમીન નીચેની) માહી સૂધી નીચે ઉતર્યા અને ધૂળ માહતાબ સૂધી ઉપર ચઢી.

લડાઇને દહાડે તે નામીચા પેહલવાન (રૂસ્તમે)–તલવાર, ખંજર, ગોર્ઝ અને કમંદથી,

પેહલવાનોનાં માથાં, સીના, પગ અને હાથ–કાપ્યા, ચીર્યા, ભાંગ્યા અને બાંધ્યા.

એક હઝાર એકસો સાઠ દેલાવર પેહલવાનો એકજ હુમ્લામાં તે સિંહ (રૂસ્તમ)ની લડાઈમાં માર્યા ગયા.

ઝાલેઝરે તે દબદબા અને કૌવત સાથના નામ ઉઠાવનાર ફર્ઝંદ ઉપર નઝર કીધી.

અને ખુશહાલીથી તેની છાતી ધડકવા લાગી–કારણકે તોણે રૂસ્તમ(ને) આવો હોનરમંદ જોયો.

ફિર્દોસીએ જ્યારે આટલું બધું પેહલવાન રૂસ્તમ માટે લખ્યું છે, ત્યારે આખી દુન્યામાં થઈ ગયલા સર્વથી ઝોરાવર માણસ જેહાનપેહલવાન કેરશાસ્પ માટે તદન થોડું અને ઘણુંજ ટુંકમાં વર્ણન કર્યું છે. જો કે અવસ્તા અને પેહલવીનાં લખાણોમાં કેરશાસ્પ માટે પુષ્કળ લખાયું છે, પણ ફિર્દોસીને આ પેહલવાંનનું જેટલું વર્ણન મળ્યું એટલુંજ તેણે આપ્યું છે. એ ઉપરથી કેરશાસ્પ નામાવાળો ફિર્દોસીએ કરેલી રૂસ્તમની તારીફ વિરૂધ નીચે પ્રમાણે બોલે છે—

ઝે રોસ્તમ્ હમી ચન્દ્ ખાહી સેતૂદ્
ગુમાની કે ચૂન્ ઊ બમર્દી નબૂદ્
અગર્ રઝ્મે કેરશાસ્પ્ યાદ્ આયદત્
હમહ્ રઝ્મે રોસ્તમ બબાદ્ આયદત્
ને રોસ્તમ હમાન્ બુદ્ કે દીવે નેઝન્દ્
બેબોર્દશ્ બઅબ્રો બદર્યા ફેગન્દ્
સોતૂહ્ શુદ્ ઝે હુમાન્ બગોર્ઝે ગરાન્
ઝદશ્ દશ્તબાની બમાઝન્દરાન્
બકુશ્તીશ આવર્દ સોહ્રાબ્ ઝીર્
ઝબૂન્ કર્દશ્ અસ્ફન્દેયારે દેલીર્
જહાન્દાર્ બર્ઝૂય બાઝૂશ ખસ્ત
બગોર્ઝે ગેરામીશ દસ્તશ્ શેકસ્ત
જહાન્દાર્ ગર્શાસ્પ્ તા ઝેન્દહ્ બૂદ્
નકર્દશ્ ઝબૂન્ કસ્ નેયફ્ગન્દહ્ બૂદ્

બરૂમો બહેન્દો બચીન્ અઝ્ નબર્દ
બેકર્દ આન્ચે દસ્તાને રોસ્તમ નકર્દ

તું રૂસ્તમની કેટલીક તારીફ કર્યા કરશે ?–તને એવુંજ ગુમાન છે કે તેના જેવો બીજો કોઇ મર્દીમાં હતોજ નહીં ?

પણ જો તને કેરશાસ્પની લડાઈ યાદ આવે–તો સઘળી રૂસ્તમની લડાઈ તુંને વિસાત વગરની લાગે,

શું રૂસ્તમ તેજ ન હતો કે જેને નાપાક (અકવાન) દેવે–આસ્માન ઉપર ઉઠાવી લઈ જઈ દર્યામાં નાખ્યો હતો ?

તેમજ વળી પેહલવાન હોમાનનાં ભારી ગોર્ઝ તે આજેઝ થયો હતો અને માઝંદરાનમાં એક ગામડિયાને હાથનો માર ખાધો હતો ?

પેહલવાન સોહરાબે તેને કુશ્તીમાં નીચે નાખ્યો હતો–તેમજ બહાદુર અસ્ફંદિયારે તેને ખુવાર કર્યો હતો ?

પેહલવાન બરઝોએ તેની બાઝૂ ઝખ્મી કરી હતી–અને ભારી ગોર્ઝે કરી તેના હાથ ભાંગી નાખ્યો હતો ?

પણ જેહાનપેહલવાન કેરશાસ્પ જ્યાં સૂધી જીવતો રહયો ત્યાં સૂધીમાં–કોઇએ તેને કાંઇ પણ નુકસાન કર્યું ન હતું અને તેને કોઇએ નીચે પણ નાખ્યો ન હતો.

રૂમ, હિંદુસ્તાન, ચીન વગેરેમાં તોણે જેવી લડાઇ–કરી છે તેવી ઝાલના રૂસ્તમે કરી નથી.

ને ગોર્ગો ને બબ્રૂ આમદ્ અઝ્ વય રહા
ને શીરો ને દીવો ને નરૂ અઝ્દહા
બશાહનામહ્ ફેરૂદઉસીએ નઘઝગૂય
કે અઝ પીશે ગૂયન્દગાન્ બોરૂદ્ ગૂય
બસી યાદે રઝ્મે યલાન્ કરૂદહ્ બૂદ
અઝીન્ દાસ્તાન્ યાદ્ નાવરૂદહ્ બૂદ

શું વરૂ, બબર, સિંહ, દેવ કે અઝદહા વગેરે તેના હાથથી છૂટી શકયા નથી.

છટાદાર બોલનાર ફિર્દોસી, કે જેણે સઘળા શાએરો પાસથી સખુનની દડી જીતી લીધી હતી તેણે પોતાના શાહનામાની અંદર

ઘણાક પેહલવાનોની દાસ્તાનો લખી છે-પણ આ (કેરશાસ્પ)નીજ દાસ્તાન તેને યાદ આવી નથી.

આ કેરશાસ્પ નામામાં જમશેદ ઝોહાકના હાથથી નાસી ગયો ત્યાંથી તે કેરશાસ્પનાં જન્મ સૂધીની દાસ્તાન શુરૂઆતમાંજ આપી છે. જેને ઘણાક લખનારાઓએ ફિર્દોસીની બનાવેલી ધારી કોઈ કોઈ લખેલાં શાહનામામાં મૂકી છે અને છપાયલાં શાહનામામાં પણ છેક શેવટે મૂકી છે; એમ જણાવીને કે આવી હલકી બાંધનીનાં બયતો ફિર્દોસી બનાવી શકે નહીં. પણ જે સાહેબોએ કેરશાસ્પ નામુ વાંચ્યુ હશે તેઓ તુરત પામી જશે કે આ દાસ્તાનનો લખનાર ફિર્દોસી નથી. એજ પ્રમાણે પેહલવાન બરઝોની દાસ્તન કોઈ કોઈ શાહનામામાં મળે છે તે પણ અમોએ છોડી દીધી છે કારણ કે તેનો પણ બનાવનાર જુદોજ માલૂમ પડે છે.

પાદશાહ જમશેદના વખતથી તે યઝદજર્દ શેહરયારના વખત સૂધી શું શાદી રામેશની કરતી વખતે કે શું દેશના બચાવ ખાતેર રણભૂમિ ઉપર જવા પહેલાં કદીમ ઈરાની પેહલવાનો અને પાદશાહો ' મય 'ની રંગરાગવાળી મજલેસ નિયમિત કરતા હતા એમ આપણે શાહનામાની અંદર અવાર નવાર વાંચ્યે છિયે. ત્યારે ' મય ' પીનું શું હતું અને કેવું હતું તે વિષેનો થોડાક ખોલાસો કરવો અમો દુરેસ્ત ધાર્યે છિયે.

આપણા આજના ઝમાનાના તરેહવાર વસ્તુમાંથી બનતા કેફી પીનાની સાથે કદીમ ઈરાનીઓના ' મય ' દારૂની સરખામણી ખરૂં જોતાં કરી શકાયજ નહીં. અમો એમ નથી કહેવા માગતા કે ઈરાનના ' મય ' દારૂમાં બિલ્કુલ કેફ આવતીજ નથી. ' મય ' દારૂ કેફી તત્વ ધરાવે છે ખરો, પણ તે ઘણાજ થોડા પ્રમાણમાં હોય છે. મય દારૂમાં થાક ઉતારવાના, તાઝગી બક્ષનારા, અતિશય ખુશી ઉપજાવનારા, બેહદ આનંદ પમાડનારા, લોહીને સ્વચ્છ કરી તેને સુધારનારા, પીનારને છાતીવાળો કરનારા, લડાઈ જેવા હંગામ ઉપર દુશ્મનો સાથ લડવાની હિમ્મત આપનારા અને નિર્ભય કરનારા અનેક ગુણો સમાયલા છે, તે બીના મય દારૂ પી તપાસી જોનારાઓ વગર અચકાવે કહી શકશે. અવગુણ કરનારી માંથી અસર તેમાં કોઈ નથી એ એક જાણીતી વાત છે. અને તેમ હોવાથીજ કદીમ ઈરાનના પાદશાહો અને પેહલવાનો છૂટથી તેનો ઉપયોગ કરતા હતા, અને પોતાની પ્રજાને પણ તેનો ઉપયોગ કરતી જોઈ મના કે બંધીનો હોકમ આપતા ન હતા. કહેવામાં આવ્યું છે કે તમામ કદીમ ઈરાની શેહનશાહત, જેમાં અફઘાનેસ્તાન પણ સમઈ જાય છે તેના ઘણા ખરા બધાજ ભાગોની આબો હવા કુદરતી રીતે તે શેહનશાહતના વતનદારોને મય દારૂનો ઉપયોગ કરવાની વધતી ઓછી ફર્ઝે પાડે છે.

મઝકુર શેહનશાહતમાંથી આજે ઝરતોશ્તી ધર્મ નાબૂદ થયો છે અને ઈસ્લામી ધર્મે મઝબૂત જડ ઘાલી છે, અને ઈસ્લામી ધર્મે તે ધર્મ પાળનારાઓ ઉપર કેફી પીનાની સખ્ત બાધ નાખી છે, છતાં દેશના મોટા મોટા સત્તાધિકારીઓ, શ્રીમંતો વગર અચકાવે મયનો ઉપયોગ કરે છે. તેમજ ગરીબો

છૂપી રીતે તેનો ઉપયોગ કરે છે. આ બીનાનું ખરૂં કારણ એટલુંજ ધારવામાં આવે છે કે એ પીનામાં કેફ જેવું ઘણુંજ થોડું છે.

ત્યારે આવું ગુણવાન પીનું કઈ વસ્તુમાંથી બન્યું અને તેની શોધ કેમ થઈ તેની વિગત જાણવી અગત્યની થઈ પડશે. કહે છે કે તાઝી દરાખ ઈરાનના સખ્ત શિયાળાના દિવસોમાં ખુલ્લી રહી શકતી નથી. બેદ નામનાં ઝાડનાં લાકડાંના પેટારાઓમાં રૂ મેલીને દરાખના છૂટા દાના ભરી રાખવાથી તે રહી શકે છે. વળી શિયાળામાં તાઝી દરાખને જાળવી રાખવા માટે માટીની રકાબીઓનો ઉપયોગ કરવામાં આવે છે. માટીની કાચી બનાવેલી એક રકાબીમાં દરાખના આખા ઝુમખા મેલીને તેવીજ બીજી રકાબી તે ઉપર ઊંધી ઢાંકીને બન્ને રકાબીઓની કોરને માટી લગાડી બંધ કરી લે છે. તેમજ વળી માટીની મોટી મોટી ગાગરોમાં દરાખનો મોટો જથ્થો ભરીને તે ગાગરનાં મોં ઉપર માટીનું ઢાંકણ ઢાંકીને તેને પણ માટીથી બંધ કરી લેવામાં આવે છે. ઈરાનની તવારીખમાં આ રીતે નોધાયલું છે કે પાદશાહ જમશેદના મેહલમાં તેના ખિદમતગારો મોટી મોટી ગાગરોમાં તાઝી દરાખ ભરીને શિયાળામાં વાપરવા માટે રાખતા હતા. ખોદાની કુદરત જ્યારે કોઈ નવી ચીઝ માણસની જાણમાં લાવવા માંગે છે, ત્યારે નહીં ધારેલા દેખાવો માણસની નઝરે પડે છે. એક શિયાળામાં પાદશાહને માટે દરાખ ભરેલી એક ગાગર ઉઘાડવામાં આવી પણ તેમાંની તમામ દરાખનો બગાડ થઇ તેનું પાણી થયલું જણાયું. આ વાત પાદશાહના કાન ઉપર આવ્યાથી તે ગાગરને પોતાની નઝદીક મંગાવી તેમાંનાં પાણીને જરા મોઢાં ઉપર મૂકાવી જોયું તો માલૂમ પડયું કે તેનો સ્વાદ કડવો લાગતો હતો. તુરત વેલા પાદશાહે તે ગાગર ઉપર લખ્યું કે 'ઝેહર છે.' પછી ગાગરને ઓરડાનાં એક ખૂણામાં મેલવાનો હોકમ આપ્યો.

પાદશાહ જમશેદની રાણીઓમાંની એક રાણી માથાંના સખ્ત દુખારાથી હયરાન થતી હતી. કોઈ પણ દવાથી તેને રાહત મળતી ન હતી. તેણી ઝિંદગીથી કાયર થઈ ગઈ હતી. એક દિવસ તેણી તે ઓરડામાં જઈ લાગી જ્યાં 'ઝેહર' બોલ લખેલી ગાગર ઉપર નઝર પડી. તે જોઈ પોતાના જીવને દુ:ખમાંથી છોડાવવા તૈયાર થઇ. તે વાસણનું મોં ઉઘાડી તેમાંનો રસ એક જામ ભરી પી ગઈ. ત્યાંથી નીકળી પોતાના ઓરડામાં જઇ સૂઇ ગઇ. સૂતી તેવીજ ભર ઊંઘમાં પડી. જ્યારે પાછી બેદાર થઈ ત્યારે તેણીને પોતાના માથાંનો દુખારો બિલ્કુલ નીકળી ગયલો લાગ્યો. હવે તેણીને મરી જવાને બદલે જીવવાની ઉલટ આવી. એક અઠવાડિયાં સૂધી તેણીએ છૂપી રીતે પેલાં વાસણમાંની પ્રવાહી પદાર્થનો થોડો થોડો ઉપયોગ જારી રાખ્યો. તેણી દિવસે દિવસે વધારે ને વધારે તનદુરોસ્ત થઇ ગઇ. અને તેણીના મોં ઉપર રતાસ આવવા માંડયો.

હવે પોતાના દુ:ખના એલાજની અને નવી મળેલી તનદુરોસ્તીની વાત જે દિવસે તેણી પાદશાહ જમશેદના કાન ઉપર લાવી તેજ વખતે પાદશાહે પેલી ગાગર પાછી મંગાવી પોતે તેમાંથી થોડોક રસ પીધો. પાદશાહને તે દિવસ રાબેતા કરતાં વધુ તનદુરોસ્તી ભરેલો લાગ્યો જેથી દરરોઝ થોડો થોડો પીવા માંડયો. પાદશાહ જમશેદને તે દરાખના રસનાં ગુણની ખાતેરી થવાથી પોતાની દરબારમાં ઝાહેર કર્યું કે 'દરાખ ખરાબ થઈ ગાગરમાં જે પાણી એકઠું થયું હતું તે કાંઇ ઝેહરી પદાથ ન હતો, પણ માણસની તનદુરોસ્તીનું એક અચ્છું સાંધણ હતું.' પાદશાહ જે વસ્તુને એક વાર ઝેહરી સમજ્યો

તેને પાછળથી પાણી મિસાલ પીવા લાગ્યો. આ પીનામાં ઘણાક દુઃખોને દફે કરવાના ગુણ હતા તેથી તેનું નામ ' શાહદારૂ ' (Sovereign medicine) એટલે દુઃખનો રામબાણ એલાજ કરીને આપ્યું. આજના ઝમાનાના કેફી પીનાને પણ તેજ ફાર્સી નામે (એટલે દારૂને નામે) ઓળખ્યે છિયે.

આપણા ઝમાનામાં દુન્યાના જુદા જુદા ભાગોમાં જવ, ચોખા, મોવડાં, શકરકંદ (Sweet potato) અને તાડી વગેરે બીજી અનેક વસ્તુમાંથી અર્ક–દારૂ કાઢવામાં આવે છે ખરો, પણ દરાખના રસમાંથી જે 'મય' દારૂ બનાવવામાં આવે છે તેની બરાબરના ગુણો કોઇ પણ અર્ક–દારૂ ધરાવતો નથી તે માટે બે મત છેજ નહીં. મય દારૂ દરાખના રસ સિવાય બીજી કોઈ વસ્તુમાંથી નીકળતો નથી. બીજી વસ્તુઓમાંથી જ્યારે માત્ર ગાળેલો દારૂ એટલે અર્ક નીકળે છે, ત્યારે દરાખમાંથી પહેલે 'મય' બને છે અને તે મયમાંથી પાછો શરાબ એટલે ગાળેલો દારૂ અથવા અર્ક પણ નીકળે છે. મયમાંથી બનાવેલા અર્ક દરૂને બ્રાન્ડી કહે છે. દરાખમાંથી બનાવેલા ગાળેલા દારૂ બ્રાન્ડીના ગુણો બીજી વસ્તુમાંથી બનતો અર્ક ધરાવતો નથી. દવા વગેરેના કામને માટે કદીમ ઈરાનીઓ મયમાંથી શરાબ બનાવી જાણતા હતા. પણ તેને પીવાના કામમાં લેતા ન હતા. પીવાના કામમાં ફકટ મયનોજ ઉપયોગ કરતા હતા.

દુન્યામાં નિશો ધરાવનારી કેફી વસ્તુઓ અનેક છે. પણ તે સર્વ વસ્તુનો નિશો વધતો ઓછો નુકસાન કરનારો કહેવાય છે; પણ આ મયમાં તો નિશા જેવું કાંઈ છેજ નહીં. જો એક માણસ તેની રોજેતાની ટેવ કરતાં પણ મય વધુ પીએ અને થોડો નિશો ચઢે, તોપણ તે નિશો તેની તબીયત ઉપર જરા પણ માથી અસર કરતો નથી એમ અનુભવી માણસો કહે છે. અને તેનું કારણ એવું આપે છે કે મયમાં Alcohol નું તત્વ સેંકડે પાંચ ટકા પણ નથી હોતું. યૂરોપમાં બનતા Champagne દારૂ ગુણની બાબદમા ઈરાનના મયને ઘણે દરજ્જે મળે છે.

બાસ્તાન નામુ.

એમ કહે છે કે આગળા ઈરાની પાદશાહોમાં અને ખાસ કરી સાસાનિયાન ટોળાના પાદશાહ નોશીરવાન બિને કોબાદને પોતા આગમજ થઈ ગયલા પાદશાહ પેહલવાનો વગેરેનો ઇતિહાસ ભેગો કરવાનો ઘણોજ શોખ અને ઉલટ હતી. એ ઉપરથી તેઓ ચો તરફ માણસો મોકલી જે કાંઈ હકીકતો તેઓ મેળવી શકતા તે બધી ભેગી કરી ચોપડીના આકારમાં ગોઠવી શાહી ખઝાનામાં જમા રાખતા. એમ કરતાં જ્યારે શાહ યઝદજર્દ શેહરયારનો અમલ આવ્યો ત્યારે એના ખઝાનામાં ઉપલી હકીકતોનો ઘણોક ભંડાર તૈયાર થયો હતો. એ ઉપરથી શેહનશાહ યઝદજર્દે મદાયનના એક વિદ્વાન દાનેશવર દેહકાનને એ બધી તવારીખ સીલસીલાબંધ એકઠી કરવાનું કામ સોંપ્યું, અને કયૂમર્સથી તે ખુસ્રવ પર્વીઝ સૂધીની એક સીલસીલાબંધ તવારીખ ભેગી થઈ. એ તવારીખમાં જ્યાં કેથે કાંઈ વાત રહી ગઈ હતી તે એણે બીજા મૂબેદો અને દાનેશમંદોને પૂછી પૂછી તેમાં ઉમેરી અને એ પ્રમાણે એક પુરી તવારીખ તૈયાર થઈ, જે પેહલવી ભાષામાં હતી. એનું નામ " બાસ્તાન નામુ " રાખ્યું. હવે જ્યારે " સઅદ વક્કાસ " નામના અરબ સરદારે ઈરાનમાં જીત મેળવી શાહી ખઝાનો લૂટી લીધો ત્યારે એ નામીચો સંગ્રહ લૂટમાં એને હાથ લાગ્યો; અને તે લોકો આ કેતાબને " અમીર ઉલ મોમનીન " પાસે લઈ ગયા. તેણે એનો તરજુમો કરવાનો હોકમ કીધો. એ ઉપરથી કેતાબમાંના થોડાક

ભાગનો તરજુમો ફરી એને દેખાડયો. એમાં પીશદાદિયાન પાદશાહોના અદલ ઈન્સાફ તથા તેઓના વઝીરોની સલાહ અને રાજ કરવાની રીતીઓ હતી. એ તરજુમો જોઈ "અમીર ઉલ મોમીનીન" ઘણોજ ખુશી થયો અને આખી ચોપડીનો તરજુમો અરબી ભાષામાં કરવાનો હોકમ કીધો. જ્યારે થોડાક બીજા ભાગોનો તરજુમો, જેમાં કે સૂર્ય, અગ્નિ ઈત્યાદિની આરાધના તેમજ ઝાલ અને સીમોર્ઘની દાસ્તાન વગેરે હતી, તે સાંભળ્યો ત્યારે તે એને પસંદ ન પડયો અને બોલ્યો કે એમાં દુન્યાદારીને લગતી ઘણી વાતો છે માટે એ ચોપડીને ધ્યાન દેવું ન જોઇયે. પછીથી જ્યારે શાહી ખઝીના વગેરેની લૂટ એ લૂટારાઓએ પોત પોતામાં વેંહેંચવા માંડી ત્યારે પેલી ચોપડી "હબશ"ના લોકોને ભાગે આવી. તે લોકો એને પોતાના પાદશાહ પાસે લઈ ગયા જેણે એનો તરજુમો કરવાનો હોકમ કીધો. અને એ તરજુમા ઉપરથી પેલી ચોપડી એને ઘણીજ પસંદ પડી. એમ કરતાં એ ચોપડી "હબશ"ના કેટલાક મુલકોમાં તેમજ હિંદુસ્તાન પણ ફેલાઈ. જ્યારે ખુરાસાનમાં યકૂબના ખાન્દાનમાં પાદશાહી આવી ત્યારે "યકૂબ લેસ" નામના પાદશાહે માણુસો મોકલી હિંદુસ્તાનથી પેલી ચોપડી મંગાવી અને "અબૂ મન્સૂર અબ્દુલ રઝઝાક બિન અબ્દુલ્લા ફરરોખ" જે મોટો અધીકારી હતો તેને એ ચોપડીનો ફારસીમાં તરજુમો કરવાને ફર્માવ્યું. તેમજ ખુસ્રવ પર્વીઝના વખતથી તે યઝદજર્દ સૂધી જે કાંઈ થયું હતું તે બધું લખી તેમાં ઉમેર્યું. અબૂ મન્સૂરે પોતાના બાપના વકીલ "સઈદ ઈબ્ને મન્સૂર ઉલ્મુઅમ્મર"ને ફરમાવ્યું, જે ઉપરથી તેણે બીજા ચાર માણુસો જેઓમાં એક હરી શેહરનો "તાજ બિને ખુરાસાની," બીજો સીસ્તાનનો "યઝદાનદાદ–શાપૂર," ત્રીજો નિશાપૂરનો "માહુય બિને ખુરશીદ" ચોથો તૂસનો "સુલયમાન બિને નૂરયન" નામના હતા, તેઓ સાથે મળી હિજરી સને ૩૬૦ માં એ કેતાબ તૈયાર કીધી. એની નકલો ખુરાસાન તેમજ એરાકમાં પુગી. યકૂબી ખાનદાન પછી જ્યારે સામાનીઓનું રાજ થયું ત્યારે સામાની ટોળાવાળાઓને એ કેતાબ જોવાનો ઘણોજ શોક થયો એ ઉપરથી એ લોકોએ દકીકી શાએરને તેને કવિતામાં રચવા કહ્યું. દકીકીએ એક બે હઝાર બયતોજ બનાવ્યાં કે એ પોતાના ઘોલામના હાથ ઉપર માર્યો ગયો અને એ કામ એમનું એમ રહી ગયું. હવે જ્યારે એ રાજ સામાનીઓના હાથમાંથી સુલ્તાન મહમૂદ સબકતગીનના હાથમાં આવ્યું ત્યારે એને પણ એ કવિતા સાંભળવાની ઘણીજ આતુરતા થઈ કારણ એ સામાનીઓ સાથે ઘણો વખત રહયો હતો અને વળી એણે એવો વિચાર કીધો હતો કે હું એને એવી સરસ કવિતામાં રચાઉં કે આજ સૂધી કોઇએ તેવી જોઈ નહીં હોય. એ ચોપડી સુલ્તાન મહમૂદના હાથમાં આવવા માટે વળી એક બીજી પણ રેવાયત એમ છે કે 'ખુરફીરૂઝ' નામનો નોશીરવાનની અવલાદનો એક માણુસ ઝમાનાની ગર્દેશથી પોતાના બાપીકા વતન ફાર્સથી નીકળી ઘઝની ખાતે આવ્યો. અત્રે સુલ્તાનની દરબારમાં જતાં એને સુલ્તાનના ઈમામ સાથે વાતચિત્ત થઈ. ઈમામ આગળ એણે પોતા ઉપર પડેલી બધી આફતો બેયાન કીધી અને કહ્યું કે 'હું અત્રે દાદખાહી માટે આવ્યો છું.' ઈમામે જવાબ દીધો કે 'તક જોઈ હું સુલ્તાનને તારી બધી વાત કહીશ.' એમ વાત કરતાં કરતાં બેહુ દરબાર તક પુગ્યા. અત્રે ખુરફીરૂઝે જોયું કે ઘણાક શાએરો ભેગા થયા છે. એથી પેલા ઈમામને પૂછયું કે એ લોક શું કામ આ ઠેકાણે આવ્યા છે? ઈમામે જવાબ દીધો કે સુલ્તાન મહમૂદના હોકમથી ઉન્સરી નામના કવિને આજે આગળા ઈરાની પાદશાહોની તવારીખને કવિતામાં રચવાનું કામ સોંપવામાં આવ્યું છે તે માટે એ બધા અહીં આવ્યા છે. એ તવારીખના થોડાક જુજ 'સજેસ્તાન'થી અત્રે

આવ્યા છે. એ સાંભળી ખુરફીરૂઝ બોલ્યો કે એ આખી કેતાબ મારી પાસે મોજૂદ છે. જો મને ખબર હુતે તો હું સાથે લેતો આવતે. ઈમામે એને સુલાહ આપી કે તું તારી અર્ઝી જે સુલ્તાનને આપ વાનો છે તેમાં એ બાબદ પણ લખજે. સુલ્તાને અર્ઝી વાંચતાં જ્યારે એ ચોપડી માટે સાંભળ્યું કે તુરતજ ખુરફીરૂઝને હાઝેર થવાનો હોકમ કીધો અને પેલી ચોપડી લાવવા માટે હોકમ આપ્યો. ખુરફીરૂઝે જવાબ દીધો કે મારૂં પોતાને વતન પાછું ફરવું એતો બિલકુલ મહાલ છે પણ જો સુલ્તાન કોઈ કાસેદને મોકલે તો હું મારા ખેશીઓ ઉપર કાગઝે લખી તે ચોપડી મંગાઉં. સુલ્તાને તુરતજ કાસેદ તૈયાર કીધો. ખુરફીરૂઝે પોતાના કુટુંબીઓ ઉપર કાગઝ લખી પેલી ચોપડી મંગાવી અને એવી રીતે એ ચોપડી સુલ્તાન મહમૂદના હાથમાં આવી. વળી એક રેવાયત એમ પણ છે કે જ્યારે સુલ્તાન મહમૂદની ઈરાનના પાદશાહોની તવારીખ ભેગી કરવાની ઈચ્છા ચો તરફ જાણીતી થઈ ત્યારે કેર્માનના હાકેમે સુલ્તાનની સાથે દોસ્તી પાડવાના વિચારથી કેર્માન ખાતે રહેતા 'શાપૂરં ઝબાલઅકતાફ'ના ખાનદાનનો 'આઝર બર્ઝીન' નામનો એક માણસ જે હમેશથી ઈરાની પાદશાહોની તવારીખ ભેગી કરતો હતો; તેને તેડાવી સુલ્તાન પાસે મોકલ્યો. સુલ્તાને તે તવારીખ લઈ આઝર બર્ઝીનને ઘણો નવાઝયો અને કેર્માનના શાહ માટે પણ હદયો મોકલ્યો. વળી મર્વમાં 'ગોર્દ આઝાદ' નામનો સામ નરીમાનના તોખ્મનો એક માણસ હતો જેણે ઝાલ અને રૂસ્તમ તથા સામની ઘણીક તવારીખ ભેગી કીધી હતી તે તવારીખ સુલ્તાન પાસે લઇ ગયો. ટુંકમાં એવી રીતે તમામ ઈરાનના પાદશાહોની તવારીખ સુલ્તાન મહમૂદ પાસે ભેગી થઈ.

શાહનામામાં વપડાયલા અરબી ભાષાના શબ્દો.

સાધારણ રીતે કેટલેક ઠેકાણે એમ માનવામાં આવે છે કે ફિર્દોસીએ શાહનામામાં અરબી અલ્ફાઝો બિલકુલ વાપરયા નથી; પણ તે ભૂલ છે. શાહનામામાં એ ભાષાના શબ્દો ઘણા વપરાયલા મળે છે. દાખલા તરીકે આ નીચલાં એકજ બયતમાં પાંચ અરબી શબ્દો છે:—

કઝા ગોફ્ત ગીરો કદર્ ગોફ્ત દેહ્—ફલક્ ગોફ્ત અહ્સન્ મલક્ ગોફ્ત ઝેહ્

'કઝા, કદર, ફલક, અહ્સન, અને મલક.' જો કે આપણને માનવાને કારણ છે કે તે સઘળા ફિર્દોસીએ પોતે નહીં વાપરયા હોય અને પાછળથી નકલ કરનારાઓએ પોતે પોતાની ખુશીથી અથવા દીનની તાસુબી (Partiality)થીજ એ બોલો એ કેતાબમાં દાખેલ કર્યા હોય. એ પણ યાદ રાખવાનુ છે કે ફિર્દોસીના ઝમાના સૂધી ફાર્સી ભાષામાં એટલાં બધા અરબી શબ્દો દાખેલ નહીં થયા હતા, કે જેટલા એની પછીના વર્ષોમાં થતા ગયા. તેમજ વળી ફિર્દોસીએ અસ્લી પેહલવી ઉપરથી પોતાનુ શાહનામુ રચેલું હોવાથી પેહલવીના શબ્દોજ વધુ વાપરયા એ બનવા જોગ છે.

શાહનામાની નકલોમાં મળતો ફેરફાર.

આપણા હાથમાં જેટલાં પણ લખેલાં શાહનામા આવશે તેટલામાં કાંઇને કાંઈ ફેરફાર આપણને માલૂમ પડશે. કોઈક નકલોમાં એક બે દાસ્તાનો વધારે તો કોઈક નકલોમાં ઓછી તથા મોટે ભાગે બયતો અને કાફિયાઓમાં ફેરફાર મળવાનો. એનું કારણ એમ છે કે ફિર્દોસી હજુ તો એક દાસ્તાન લખી પુરૂં ન કરતો કે તુરત તેની નકલો ચો તરફ ફેલાઈ જતી. અને એ ઉપરથીજ દીલમી વગેરે

શાહો તરફથી એને ભેટ સૌઘાતો મળતી હતી. વળી ઘઝનીથી નીકળવા પછી આપણે જાણિયે છિયે કે એણે પોતાનું શાહનામુ 'Revise' કર્યું અને તેમ કરતાં એણે કેટલીક સુધારો વધારો તેમાં કર્યો હતો, કે જે એની આગમચની નકલોમાં આવી શકેજ નહીં. એવીજ રીતે ત્યારે જુદે જુદે વખતે લેવાયલી નકલોમાં ફેરફાર પડે તો કાંઈ અજાયબ જેવું નહીં. તેમજ વળી નકલ ઉતારનારાઓથી પણ ઘણીક ભૂલો થાય છે, જે ભૂલો સુધારવા માટે આપણને એક શાએર રમુજી શીખામણ આપે છે કે,

ખાતાઈ ઝે શાંએર નેયાયદ પદીદ—નવીસન્દહરા દસ્ત બાયદ બુરીદ
નવીસન્દહ અહ્વલોાં બૂદસ્ત મસ્ત—બદન્દાને ખાનન્દહ બાયદ શેકસ્ત

એટલે કે 'શાએરથી તો એક પણ ભૂલ નહીંજ થાય–ત્યારે નકલ કરનારનાંજ હાથ કાપવા જોઇયે. પણ જ્યારે નકલ કરનાર આંખે બાડો અથવા (લખતી વેળા) છાક્ટ હાલતમાં હોય તો વાંચનારનાંજ દાંત તોડવા જોઇયે (કે સુધારીને કેમ ન વાંચ્યું).'

વળી સાથે સાથે નકલ કરનારાઓ પણ પેલો લોઘરા કહે તેમ 'કાતેબ્રા અઝ મુસન્નેફ્ દખ્લ્ ઝેયાદહ્ બૂદ્' એટલે 'નકલ કરનાર અસલ કેતાબ લખનાર કરતાં વધુ સમજતો હતો.' પોતાની હોશ્યારી દેખાડી ગયલાઓનો એવો ફેરફાર હાલ આપણને કેટલાંક શાહનામાઓમાં નજર પડે છે.

ફિર્દોસીને હાથે સાઠ હઝાર જેવી ગંજાવર સંખ્યાનાં બયતોમાં ઈરાનની તવારીખ લખાઈ છે, તોપણ શાદી રામેશ્નીનાં કે લડાઈના વર્ણનમાં તેની તેજ એક બયત બે વાર વપરાયલી જોવામાં આવતી નથી. આ એક નવાઈ છે તેમજ ફિર્દોસીની કાવ્ય રચવાની મહાન શક્તિનો અંદાઝો વાચનારાઓને મળે છે. છૂટા છૂટા મિસ્રા ફરી ફરીથી બંધ બેસ્તી જગ્યાએ વપરાયલા નજરે પડે છે ખરા, પણ એકની એક બયત ફરીથી લખાયલી જોવામાં આવતી નથી. શાહનામાની નકલ કરનારાઓને હાથે કેટલીક વખત ભૂલથી એક બયત ફરીને બીજી જગ્યાએ લખાયલી છે પણ તે ખોટી જગ્યાએ લખાયલી હોવાથી તે ભૂલ તુરત માલૂમ પડી આવે છે. જો એક બીના કે એક વર્ણન બીજે ઠેકાણે લખવું પડે છે તો તે બીનાને ફરીને બીજી એબારતમાં ગોઠવીને બયત લખે છે. ફાર્સી લખનારાઓનો આ એક ખાસ ગુણ છે કે એક વિચાર કે એક ચીજનું બેયાન ફરી ફરીથી લખે છે, છતાં એબારત તેની તેજ વાપરતા નથી. ફાર્સી લખનારાઓ એકનો એકજ વિચાર ચાર જુદી જુદી એબારતે ચાર વખત લખશે. પણ એક વિચારને એક એબારતમાં લખી તેને ચાર વખત ફરી ફરીને કદી લખતા નથી.

આ શાહનામાનો તરજુમો કરતાં અમોને કેટલાંક શાહનામાની મદદ લેવી પડી છે. અમારો તરજુમો છપાયલાં ફાર્સી શાહનામાના આધાર ઉપરથીજ કર્યો છે. આ છપાયલાં શાહનામાની જુદે જુદે વખતે છપાયલી ૪ કોપીઓ (કલકતા એડીશન સાથે) છે. પણ તે સાથ બીજાં શાહનામાને પણ મદદમાં લેવાં પડયાં છે. જેમાં મોહલનું ફાર્સી શાહનામુ અને વોર્નરનું ઈંગ્લીશ શાહનામુ અમોને મુખ્ય મદદગાર થઈ પડયાં છે. એ ઉપરાંત નીચે જણાવેલાં કલમી શાહનામાનો પણ અમોએ ઉપયોગ કર્યો છે.

શાહનામુ જૂનું લગભગ પોણી ત્રણસો વર્ષનું એની ઉપર ત્રણ મોહમ્મદન પાદશાહોનો છાપ છે. જેમાં એક હિજરી સને ૧૦૬૬ નો, બીજો હિજરી સને ૧૧૩૨ નો અને ત્રીજો હિજરી સને ૧૧૫૮

નો છે. એ અધુરૂં છે. પ્રથમથી તે પાદશાહ કયખુસરૂ ધોફેનશીન થયો ત્યાં સૂધીનુંજ છે.

શાહનામુ એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની માલેકીનું ઘણું જૂનું લગભગ ત્રણસો વર્ષનું ખુશ ખ-તે લખાયલું, સંપૂર્ણ. એમાં જમશેદની વધુ દાસ્તાન તેમજ બરઝોની દાસ્તાન નથી. એમાં બીજા શાહનામા કરતાં બયતો ઓછાં છે. એમાં શેવટે શાહનામુ પુરૂં કરવાનો જે સને દરેકમાં આવે છે તેમજ એમાં નીચે પ્રમાણે છેઃ—

ચે હેજરત શુદહ પન્જ હસ્તાદ બારૂ—કે ગોફૂતમ મન ઈન નામએ શાહૂ વારૂ

પણ ત્યાર પછી થોડાંક બયત મૂકી શેવટે નીચલાં ત્રણ બયતો સને માટે લખ્યાં છે તે ગૂચવાડા ભરેલું લાગે છે.

અગરૂ સાલ નીઅ આરૂજૂત આમદસ્ત—નોહમ સાલો હસ્તાદ બા સીસદસ્ત
મહે બહૂમનો આસ્માન ફઅ બૂદ—કે કેફ્કમ બદીન નામહૂ પીરૂઅ બૂદ
ચુ ખાહેશગરીઓ નેયાઝમ નમૂદ—બરીન બરૂ બેબસ્તમ ઝબાન બરફશૂદ

શાહનામુ એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની માલેકીનું જૂનું, ખુશ ખત્ત, હિજરી સને ૧૦૨૦ માં લખાયલું, ઘણું અધુરૂં. રૂસ્તમ અને અસ્ફંદિયારની લડાઈની દાસ્તાનથી શેવટ સૂધીનું છે. આ શાહનામાની શેવટે પણ ઉપલાંજ ત્રણ બયતો છે.

શાહનામુ એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની માલેકીનું જૂનું, લગભગ અઢીસો વર્ષનું લખાયલું, અધુરૂં. પ્રથમથી તે અસ્ફંદિયાર અને અર્જાસ્પની લડાઈની શુરૂઆત સૂધીનું છે. એમાં ઘણાક બયતો નવાં મળે છે તેમજ પયગમ્બર ઝરતોશ્તને ગોશ્તાસ્પની દરબારમાં આવવાની બાબદમાં ઘણાક બયત વધુ છે. ' આમદને ચહારં ફેરેશ્તગાન અઝ દરગાહે યઝદાન પીશે ગોશ્તાસ્પ બરાએ ગવાહીએ ઝરતોશ્ત પયઘમ્બર ' મથાલું કરી આસરે દોઢસો બયત વધુ છે.

શાહનામુ એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની માલેકીનું ઘણું જૂનું, લગભગ ત્રણસો ઉપર વર્ષનું ખુશ ખત્તે લખાયલું. એ શુરૂઆતથી તે લોહરાસ્પની પાદશાહી સૂધીનું છે. એમાં જમશેદની વધુ દાસ્તાન તેમજ બરઝોની દાસ્તાન છે.

શાહનામુ એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની માલેકીનું ઘણુંજ જૂનું, લગભગ ત્રણસો ઉપર વર્ષનું સારા હુરૂફે લખાયલું પણ ઘણું અધુરૂં. એની શુરૂઆત ' રઝમે ઝરીર બા અર્જાસ્પ 'થી છે તે ઠીક શેવટ સૂધીનું છે. શેવટનાં પોણોસોએક બયત નથી. ' રઝમે બીઝન બા માહૂ વ કોશ્તે શુદને માહૂ ' સૂધીજ છે. વચ્ચેથી કોઈ કોઈ પાના ગયલાં છે. એની જલ્લદ બાંધેલી છે તેમાં કેટલાંક પાના ઉપર કાંઈ કાંઈ ફાર્સી તેમજ ગુજરાતી લખાણો છે, ફાર્સી લખાણોમાં કેટલીક આગળા મોઘલાઇ પાદશાહોની મોહરો પણ છે તેમાંની એકુ ઉપર હિ. સને ૧૦૩૩ નો આંકડો માલૂમ પડે છે. તથા ગુજરાતી લખાણોમાં સંવત ૧૭૫૪ માલૂમ પડે છે. એમાં પિકચરો પુષ્કળ છે, અને તે પણ જુદીજ રીતના છે.

શાહનામુ એરવદ માનેકજી રૂસ્તમજી ઉનવાળાની માલેકીનું, ઘણુંજ જૂનું ' નસખી ' હુરૂફે (અરેબીક ટાઇપે) લખાયલું. લગભગ ૪૫૦ વર્ષ ઉપરનું લખાયલું. મારજીન બધી ખવાઇ ગયલી છે

છતાં અંદરનું લખાણુ સાબેત છે. હાશીઆ ઉપર તેવા તેવા બોલના અર્થ આપ્યા છે. આ પુસ્તક ઘણું અધુરૂં છે. અંદર ચિત્ર નથી. શુરૂઆતનાં દશ બયતો નથી, પણ

બદીન્ આલતો શયો જાનો રવાન્

થી શુરૂ છે તે પાદશાહ કયખુસરૂ અફ્રાસિયાબને મારી નાખી ઘોફ્રેનશીન થવા જાય છે જેથી પેહલવાન ગેવ ઝાબુલેસ્તાન ઝાલને તેડવા જાય છે ત્યાં સૂધીજ છે. એમાં જમશેદ અને બરઝોની દાસ્તાનો નથી.

શાહનામુ એરવદ રૂસ્તમજી બેજનજી રાનજીની માલેકીનું ઘણું જૂનું, ખુશ ખતે લખાયલું, સંપૂર્ણ. એમાં દીબાચો નથી. નામાની શુરૂઆતનું એક પાનું તથા વચ્ચે વચ્ચેના થોડાંક પાનાં અને છેલ્લેનાં થોડાંક પાનાં મર્હૂમ દસ્તૂર એદલજી દારાબજી સંજાણાએ સને ૧૧૮૨ યઝદજર્દીમાં લખ્યાં છે. એજ મર્હૂમ દસ્તૂરજીએ આ જૂનાં શાહનામાનો અસલ સંને આપ્યો છે, પણ 'સદ'ની આગમચનો આંકડો ઓખવાઇ ગયો છે. તે છતાં પણ જો આપણે 'સદ'ની આગમચનો સર્વથી છેલ્લોજ આંકડો એટલે 'નોહ' (નવ) લઇયે તો 'નોહસદ' યાને નવસો હિજરી થાય છે. એટલે ૪૩૨ વર્ષનું લખાયલું હોવું જોઇયે. મર્હૂમ દસ્તૂરજી લખે છે કે—

બગૂયમ સાલે પીશીનશ ચુ દીદમ—ચુ [નોહ] સદ બૂદ હેજરી બરગુઝીદમ

'નોહસદ'ને બદલે 'હશસદ' કે હફ્સદ' પણ વાંચી શકાય. આપણે એ શક ભરેલા આંકડાને સર્વથી છેલ્લોજ વાંચવો ઠીક થઈ પડશે. એની મારજીનની લાઇનો તેમજ હેકાયતો સોનેરી સીઆહીએ લખેલાં છે, એમાં ચિત્રો છે પણ જુજ માલૂમ પડે છે.

શાહનામુ એરવદ રૂસ્તમજી બેજનજી રાનજીની માલેકીનું જુનું, ખુશ ખતે લખેલું, આસરે અઢીસો વર્ષનું. એમાં ચાર ભાગ જુદા પાડ્યા નથી, પણ સામટુંજ લખી ગયો છે. એમાં જમશેદની વધુ દાસ્તાન તેમજ બરઝોની દાસ્તાન છે.

મદદ અને ઉપકાર.

આ મુશ્કેલ કામમાં અમોને અમારા મિત્રોએ ઘણી કીમતી મદદો આપી છે, જે માટે તેઓનો ઉપકાર માન્યે છિયે. તેમાં ખાસ કરીને અમારા લાયકીવાળા અને વિદ્વાન મિત્ર મી. મેહરજીભાઈ બેહરામજી દોતીવાળા, કે જેવણુ ફાર્સી ભાષા ઉપર પુરતો કાબૂ ધરાવે છે, તેવણુનો સાચા ભક્તિભાવથી ઉપકાર માનતાં જણાવવાની ફર્ઝ પડે છે કે જો એવણુ મિત્રનો અમોને આસરો અને કીમતી મદદ નહીં હતે તો આ પુસ્તક બાહેર પાડતાં અમોને ઘણીજ મુશ્કેલી પડતે. એવણુ ભાઈ મુંબઈથી સેંકડો માઈલ દૂર છતાં પણ અમારાં કાંમને પોતાથી બની શકતી કીમતી મદદ આપે છે, જે માટે અમો એવણુ ભાઈના ઘણાંજ એહસાનમંદ છિયે.

તેમજ આ પુસ્તકનો દીબાચો લખવાનું બિકટ કામ અમારા એકજ સખુનથી અત્રેના જાણીતા વિદ્વાન શમ્સુલ ઓલ્મા એર્વદ ડા. જીવણજી જમશેદજી મોદીએ બજાવ્યું તે માટે એવણુ સાહેબનો

મોટો આભાર માન્યે છિયે તથા બીજી કેટલીક મદદ માટે પણ એવણુ સાહેબના ઉપકારી છિયે. તેમજ આ પુસ્તક માટે બીજાં કેટલાંક જૂનાં કીમતી શાહનામાની મદદ આપવા માટે અત્રેના જૂનામાં જૂનાં મેન્યુસ્ક્રીપ્ટસનો એક ગંજાવર જઠઠો ધરાવનાર તરીકે પ્રખ્યાત થયલા અમારા મેહરબાન ભાઈ સાહેબ એર્વદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાનો અને મેહરબાન ભાઈ સાહેબ એર્વદ રૂસ્તમજી બેજનજી રાનજીનો તેમજ વાંદરાની દાતા શેઠની દરેમેહરના દસ્તૂર અમારા બુઝોર્ગ ભાઈ સાહેબ એર્વદ ખુરશેદજી બેહરામજી સહીયાર કે જેઓએ આ અમારાં મુશ્કેલ કામમાં વારૂમ્વાર કેટલીક કીમતી મદદ આપી તે માટે તેઓ સાહેબનો ઉપકાર માન્યે છિયે.

શેવટ આ પુસ્તકમાં અમારી ઘણી એટલી સંભાળ છતાં રહી ગયલી કેટલીક ભૂલો માટે વાંચનાર સાહેબો દર ગુઝર કરશે.

મુંબઈ રોજ ૧ લો માહ ૫ મો ૧૨૮૩ યઝદજર્દી.

માહીયાર નવરોજી કુંટાર
ફરામર્ઝ નવરોજી કુંટાર

શાહનામાનો દીબાચો.

ફિર્દોસી.

દુન્યાને પોતાની જાદુઇ ભરેલી તવારીખના મનોહર મીઠાસની મોહિનીથી હયરત કરનાર આ ભવિષ્યના 'પયઘમ્બરે સખુન' અબૂલ કાસિમ મન્સૂરનો પનોતો જન્મ ખુરાસાન શેહરના 'તૂસ' કસબાનાં 'શાદાબ' નામનાં ગામમાં હિજરી સને ૩૨૯ (ઇ. સ. ૯૪૧)માં થયો હતો (કોઇકે કેતાબમાં ૩૩૩ લખ્યો છે). એની કાવ્ય રચનાની તારીફમાં ફારસી ભાષાના સત્તાધિકારી કવિઓ જાબજા બાપોકાર બોલે છે કે,

અન્વરી—આફરીન્ બર્ રવાને ફેર્દઉસી
આન્ હુમાયૂન્નેહાદ્ ફર્ખુન્દહ્
ઊ ને ઉસ્તાદ્ બૂદો મા શાગેર્દ્
ઊ ખુદાવન્દસ્તો મા બન્દહ્

અર્થ—તે બખ્તાવર બુન્યાદના મુબારક ફિર્દોસીના રવાન ઉપર આફ્રીન હોજો! તે ગુરૂ અને હમો ચેલા નહીં, બલ્કે તે માલેક અને અમો ગોલામ છિયે.

નિઝામી—સખુનગૂયે દાનાએ પીશીને તૂસ
કે આરાસ્ત રૂએ સખુન ચૂન્ અરૂસ્

અર્થ—તૂસ શેહરના આગળા વિદ્વાન કવિ (ફિર્દોસી)એ કે જેણે સખુનને સણગાર ભરેલી કુમારીકાના જેવો સણગાર આપ્યો.

શયખ સઅદી—ચે ખુશ ગોફ્ત ફેર્દઉસીએ પાકઝાદ્
કે રહમત બરાન્ તુર્બતે પાક બાદ્

અર્થ—પવિત્ર બુન્યાદના ફિર્દોસીએ કેવી સરસ વાત કહી છે, કે જેના પાક રવાન્ ઉપર દુઆ હોજો!

એઅને યમીન—સેક્કયે કન્દર્ સખુન્ ફેર્દઉસીયે તૂસી નેશાન્દ્
કાફેરમ ગર્ હીચ કસ અઝ્ ઝુમરએ. કસ્સી નેશાન્દ્
અવ્વલ અઝ્ બાલાએ કુરૂસી બર્ ઝમીન્ આમદ્ સુખન્
ઊ દીગર્ દસ્તશ ગેરેફ્તો બર્ સરે કુરૂસી નેશાન્દ્

અર્થ—જે છાપ કે ફિર્દોસીએ સખુન ઉપર બેસાડયો છે, તેવોજ છાપ જો કોઇ બીજા ઈન્સાને બેસાડયો હોય તો હું કાફર કહેવાઉં. દુન્યાની શુરૂઆતમા સાતમાં આસ્માન ઉપરથી સખુન નીચે આવ્યો, જેનો હાથ એણે પકડીને ફરી પાછો સાતમે આસ્માને (યાને તેની લાયક જગાએ) પુગાડયો.

રોબાઈ—અય તાઝેહો મોહકમ અઝ્ તો બુન્યાદે સખુન્
હરગેઝ્ ન કુનદ્ ચૂન્ તો કસી યાદે સખુન્
ફેર્દઉસ મકામ બાદત અય ફેર્દઉસી
એન્સાફ્ કે નીક્ દાદઈ દાદે સખુન્

અર્થ—સખુનની જડ તારાથીજ મઝબૂત અને તાઝી થઈ છે. તારી મિસાલ કોઈ પણ સખુનને વખણાવી શકયો નથી ઓ ફિર્દોસી! બેહેશ્ત તારી જગ્યા હોજો! ખરી વાતતો એમ છે કે તેંજ સખુનને પુરે પુરો ઇન્સાફ આપ્યો છે.

'દવલત શાહ સમર્કન્દી' નામના જાણીતા લખનારે પોતાના 'તઝકરયે દવલત શાહ' (Lives of Poets)માં ફિર્દોસીનું નામ 'હસન બિને એસ્હાક બિને શર્ફશાહ' કરી આપ્યું છે અને લખે છે કે એણે પોતાનાં લખાણોમાં કેથે કેથે 'એબ્ને શર્ફશાહ' એમ તખલ્લુસ પણ વાપરયો છે. એ એમ પણ લખે છે કે 'ફિર્દોસી તૂસ શેહરના તાલુકાનાં 'રઝાન' નામનાં ગામડાંના દેહકાનોમાંનો એક હતો.' કોઈક કેતાબમાં 'હસન અબૂલ કાસેમ (લકબ) શરફુદ્દીન, આપે છે.

'નિઝામી ઉરૂઝી સમર્કન્દી' નામનો વિદ્વાન જે હિજરી સને ૫૦૦ માં થયો છે તે પોતાની 'ચહાર મકાલત' નામની કેતાબમાં લખે છે કે ફિર્દોસી તૂસના દેહકાનો (ઝમીનદારો)માંનો હતો અને 'એબાઝ' નામના ગામમાં, જે તબરિસ્તાન તરફ આવેલું છે અને જેમાં હઝાર માણસની વસ્તી છે ત્યાં, સારો મોભ્ભો ધરાવતો હતો.

એની કાવ્ય રચનાની તારીફ કરતાં એજ વિદ્વાન ઉમેરે છે કેઃ—

"અલ્ હકફ્ હીચ્ બાકી નગુઝાશ્ત વ સુખુન્રા બ આસ્માન્ ઓરૂદ દર્ ઊ ઝુબુબ્ બમાયએ મુઈન્ રસાનીદ વ કુદામ્ તબ્અરા કુદરતે આન્ બાશદ કે સુખુન્રા બદીન્ દરજહ રસાન્દ કે ઊ રસાનીદહ."

અર્થ—ખરૂંજ કે કાંઇ પણ બાકી નથી છોડયું. એણે સખુનને બુલંદ દરજ્જેના આસ્માન ઉપર ચઢાવ્યા અને મીઠાસમાં બેહેશ્તનાં વહેતાં પાણીના ઝરાને પુગાડયા. કોણનામાં એવી શક્તિ છે કે જે દરજ્જે કે ફિર્દોસીએ સખુનને પુગાડયો એ તે દરજ્જે પુગાડી શકે?

વળી આગળ ચાલતા શાહનામાની નીચલી બયતો ટાંકી લખે છે કેઃ—

"મન્ દર્ અજમ સખુની બદીન્ ફસાહત નમી બીનમ વ દર્ બેસ્યારી અઝ સખુને અરબ્ નીઝ હમ"

અર્થ—આવું સુંદર લખાણ મેં ફાર્સી ભાષામાં નથી મળતું અને અરબીનાં પણ ઘણા લખાણોમાં આવું સરસ લખાણ કેથે નઝર નથી પડતું.

આ લીટીઓ જ્યારે ઝાલ રોદાબે સાથ પરણવાનો વિચાર કરે છે ત્યારે પોતાના બાપ સામ નરીમાનની એ બાબે પર્વાનગી મેળવવા માટે તેને નામે માઝંદરાન ખાતે જે નામુ લખી મોકલે છે તેમાંથી લીધી છે.

બયત—યકી નામહ ફરૂમૂદ નઝદીકે સામ
સરાસર્ દોરૂદો નવીદો સલામ
નુખોસ્ત અઝ્ જહાન્આફરીન્ યાદ કરૂદ
કે હમ દાદ ફરૂમૂદો હમદાદ કરૂદ
વઝ્ બાદ બર્ સામે નયરમ દોરૂદ
ખુદાવન્દે શમ્શીરો ગૂપાલો ખૂદ
ચમાનન્દએ ચર્મહ હન્ગામે ગરૂદ
ચરાનન્દએ કરૂગસ અન્દર્ નબરૂદ
ફેઝાયન્દએ બાદે આવરૂદગાહ
ફેશાનન્દયે ખૂન્ ઝે અબ્રે સેયાહ
બમર્દી હુનર્ દર્ હુનર્ સાખતહ
હુનરૂશ અઝ્ હુનર્ ગરૂદન્ અફરાખતહ

અર્થ—સામ ઉપર તેણે એક નામુ (કાગળ) લખાવ્યું. જેમાં બધી દુઆ વધાઈ અને સલામ લખાવ્યા. પહેલાં દુન્યાના પેદા કરનાર સાહેબની યાદ કીધી કે જેણે ઇન્સાફ કરવા ફર્માવ્યું છે અને પોતે પણ સઘળો ઈન્સાફજ કીધો છે. તેની મેહરબાની નરીમાનનાં બેટા સામ ઉપર હોજો! કે જે (સામ) તલવાર ગોર્ઝ અને કોલાહનો ધણી છે. જે તોફાનની વખતે પણ પોતાના

ઘોડાને લાડકી ચાલે ચલાવે છે (અને) લડાઈનાં મયદાનમાં ગીધોને ચરવા ખોરાક પુરો પાડે છે. (જે) લડાઈનાં મયદાનની આફતનો વધારનારો છે (જે) કાળાં વાદળમાંથી લોહી વરસાવનારો છે. જે પોતાની મર્દીને સબબે હોનરમાં હોનર ઉમેરે છે. જેનો હોનર હોનરથી નામાંકિત થયલો છે.

ફિર્દોસીની બચગી અને કેળવણી.

કેટલાક ગ્રંથકારોનાં લખવા મુજબ ફિર્દોસીએ પોતાની બચગીની કેળવણી પોતાના બાપ 'મઉલાના ફખરૂદ્દીન અહમદ' પાસેજ લીધી હતી જે પોતાના વખતનો ઘણો મોટો વિદ્વાન અને ધર્મગુરૂ હતો. એને સ્વભાવિકજ વિદ્યા અભ્યાસનો શોક હતો, જે દેખાડે છે કે એમાં કુદરતીજ 'આસ્નીદે ખેરદ' હતી. જેમ જેમ એ ઉમરમાં વધતો ગયો તેમ તેમ જુદા જુદા વિદ્વાનો પાસે ધર્મ, તવારીખ, સાહિત્ય, કવિતા ઈત્યાદિનો અભ્યાસ કરતો ગયો. જેમાં 'એલ્મે ઉરૂઝ' (કાવ્ય રચના) (Prosody) એણે તૂસના નામીચા કવિ અસદી તૂસી* પાસે શીખી,' બાપ પછી એણે મોટા વિદ્વાન 'કુત્બુદ્દીન દેમશ્કી'ના હાથ તળે તાલીમ લીધી. ત્યાર પછી એણે પોતાના ધર્મ પુસ્તક 'કુરાને શરીફ'ને મોઢે કરવા માંડયું. પણ કાંઈ દૈવિક સંજોગે સંપૂર્ણ કરી શકયો નહીં. અઝીમ સમર્કન્દી લખે છે કે "ફિર્દોસીએ અર્ધી કુરાન મોઢે કીધી હતી." પણ શા સબબે પુરી નહીં કરી શકયો તે લખતો નથી.

કુત્બુદ્દીન પછી એણે 'એલ્મે રેયાઝી' (ગણિત શાસ્ત્ર) (Mathematics) 'નાસિરૂદ્દીન§ તૂસી' પાસે શીખી પોતાના ધર્મ બાબેનું જ્ઞાન એણે ઘણા જુદા જુદા ઓલમાઓ પાસે લીધું એટલુંજ માલૂમ પડી શકે છે.

બચપણથીજ એને કુદરતની બલિહારી જોવાનો ઘણોજ શોક હતો અને તેટલા માટે વહેતી નદી જંગલ કે લીલોતરી અથવા ખીલતી રૂતુઓનો આનંદ ભોગવવામાં એ ઘણીજ મઝાહ લેતો. કહે છે કે એનુ ઘર એક નદીની પાસે હતું, જેમાં 'તૂસ' નામની નદીમાંથી પાણી આવતું. કદાચ એ ઉપરથીજ એને બચગીમાં કુદરતી બલિહારી અને વહેતાં પાણી જોવાનો શોક પેદા થયો હોય. તૂસ નદીમાં પુર આવવાને સબબે જ્યારે તેનો બંદ ભાગી પડતો ત્યારે ફિર્દોસીને પાણી વગર ઘણી અડચણ પડતી, એ ઉપરથી વારમ્વાર એ વિચાર કરતો કે, 'એવાં કોણનાં નસીબ કે આ ધોવાઈ જતા બંદને જે હમણા કાંટા કચરાથી બાંધે છે તે પાકો ઇંટ પત્થર ચૂનાનો બાંધે કે જે પાણીના ધોધે તુટે નહીં.' એ ઉપરથી એણે એવી ધારણા કીધી કે 'ખોદાતાલા જો મારો દહાડો ફેરવે તો હું એ કામ કરૂં.'

ફિર્દોસીના બાપે જોયલો ખાબ.

કહે છે કે એના પેદા થવાને વખતે એના બાપે સ્વપ્નમાં જોયું કે 'મન્સૂર એક ઊંચી અગાસી

---

* ફેરશાસ્પ નામાનો લખનાર ફેરેશ્તા પોતાની "તારીખે ફેરેશ્તહ"માં લખે છે કે "જ્યારે ફિર્દોસી શાહનામુ લખતાં થાકી ગયો ત્યારે પોતાના ઉસ્તાદ અસદી તૂસી પાસે જઇ કહેવા લાગ્યો કે "ઓ ઉસ્તાદ! મારો હવે મરવાનો વખત આવી લાગ્યો છે અને હજુ આ શાહનામુ પુરૂ થયું નથી. મને અફસોસ એમ લાગે છે કે જો હું એ અધુરૂંજ મૂકીને મરી જઈશ તો એને પુરૂ કોણ કરશે?" અસદી એ સાંભળી ફિર્દોસીને ધીરજ આપી બોલ્યો કે "ઓ બેટા! તું ફિકર ના કર, એ હું પુરૂં કરી આપીશ." ફિર્દોસીએ કહ્યું કે "ઉસ્તાદ! તું હવે બુઢ્ઢો થયો છે અને તારાથી એ કામ કેમ બનશે?" એ છતાં અસદીએ બાકી રહેલું શાહનામુ "તાખતંદ સઅદ વક્કાસ બઈશાન"થી તે શેવટ સુધી થોડાજ દહાડામાં ચાર હઝાર બયત લખીને પુરૂં કરી ફિર્દોસીને આપ્યું."

§ એનું રચેલું દીવાન પ્રખ્યાત છે.

ચઢી ગયો અને પશ્ચિમ તરફ મોઢું કરી ઝોરથી બૂમ પાડી અને દરેક તરફથી તે આવાઝનો પડઘો સાંભળ્યો.' સવારે ઉઠી ત્યાંના એક જાણીતા ખાબની તાસીર જોનાર નામે 'શયખ નજીબુદ્દીન' પાસે ગયો અને રાતે જોયલો સ્વપ્નો તેને કહી સંભળાવ્યો અને ખાબની તાસીર પૂછી નજીબુદ્દીને કહ્યું કે 'એની બૂમ પાડવાની મતલબ એમ છે કે એ તારો છોકરો એવો એક કવિ થશે કે એની કીર્તિ ચોખંડ દુન્યામાં ફેલાશે અને જે એને ચોતરફથી પાછો જવાબ મળ્યો છે તેની મતલબ એમ છે કે એની કવિતા કુલે જહાનમાં કબૂલ થશે.'

ફિર્દોસીનો તખલ્લુસ.

દવલતશાહ સમર્કન્દી લખે છે કે 'સૂરી બેન મોફ્તેર કે જેને અમીર ખુરાસાની પણ કહેતા હતા તેનો તૂસમાં એક બગીચો અને નેહેર હતાં. એ બગીચાનું નામ 'ફેર્દઉસી' હતું અને ફિર્દોસીનો બાપ એ બગીચાનો માલેક હતો એ ઉપરથી ફિર્દોસીએ પોતાનો તખલ્લુસ ધારણ કીધો.' ('ફેર્દઉસ'=બેહેશ્ત અને 'ફેર્દઉસી'=બેહેશ્તને લાયકનો).

એની કાવ્ય રચના.

જેમ બીજી ભાષાના કાવ્યોમાં આપણને મળે છે, તેમ ફિર્દોસીના શાહનામામાં પણ દરેક પ્રકારનું લખાણ કે જે સાધારણ રીતે કવિતા રૂઢીમાં 'રસ' કરી કહેવાય છે તે આપણને મળે છે. દાખલા તરીકે કરૂણારસમાં લખતાં જે સોહરાબનાં મરણ વખતે તેહમીનાનું રૂદણ આવે છે તેના જેવું લખાણ બીજે કેથે આપણને જવલેજ નઝર પડે છે. તેમજ સણગાર અને વીરરસમાં પણ શાહનામુ પોતાની ઢપનું બસ એકજ છે. અત્રે એ જાતના લખાણોનાં થોડાક દાખલા યોગ્ય થઈ પડશે.

ઝેબાયેશ્.

પસે બન્દહ અન્દર્ યકી માહરૂય
ચુ ખુર્શીદે તાબાન્ પુરઝ્ રન્ગો બૂય
દો અબ્રૂ કમાનો દો ગીસૂ કમન્દ
બબાલા બકેર્દારે સર્વે બલન્દ
દો બર્ગે ગુલશ સૂસને મય સેરેશ્ત
દો શમ્શાદ અમ્બર્ફોરૂશ અઝ્ બેહેશ્ત

બેનાગૂશ તાબન્દહ ખુર્શીદવાર્
ફેરૂહેશ્તહ ઝ્ હલકએ ગૂશ્વાર્
લબાન્ અઝ્ તબર્ઝદ ઝબાન્ અઝ્ શકર્
દહાનશ સુકલ્લલ્ બદુર્રો ગોહર્
સેતારહ નેહાન્ કર્દહ ઝીરે અકીક્
તો ગોફ્તી વશ ઝોહરહ આમદ રફીક્
રવાનશ ખેરદ બૂદો તન્ જાને પાક્
તો ગોફ્તી કે બહરહ નદારદ ઝે ખાક્

સણગાર.

દાસીની પછાડી એક માહતાબને ચેહરેની સોબે સણગાર સાથની ઝળકતા ખુરશેદની મિસાલની (એક બાનુ હતી).

(તેણીના) બન્ને ભવાં જાણે કમાન અને બન્ને ઝુલ્ફ કમંદ (હતાં)—કદમાં બુલંદ સરોવરની મિસાલની (હતી).

ગોલાબની પાતરી જેવા લાલી ભરેલા તેણીના બન્ને ગાલ જાણે શરાબ પાઇને ઉગાડેલા કમલ (Lily)ના ફૂલ જેવા હતા-તેણીના બન્ને ઝુલ્ફ જાણે બેહેશ્તમાંથી અમ્બર વેચનાર આવ્યા હતા.

કાનનાં લોલક ઝળકતા ખુરશેદની માફકનાં (હતાં)-જેમાં ઝૂલનાં એરીંગ પેહેરેલાં (હતાં).

(તેણીના) હોઠ જાણે શાકરના બનેલા (અને) ઝબાન જાણે ખાંડની બનેલી (હતી)- તેનું મોઢું પ્રકાશતાં મોતી અને ગોહર ભરેલું (હતું).

તેણીએ પરવાળાં (હોઠ)ની નીચે ટીલી સાંતી હતી-ગોયા શુક્રનો તારો તેનો દોસ્ત થઇ પાસે બેઠો હતો.*

તેણીનો આત્મા જાણે બિલકુલ અકલજ અને શરીર જાણે બિલકુલ જીવ હતાં-ગોયા તેણીનામાં માટીનો કશો પણ અંશ ન હતો.

* મોઢાં ઉપર પ્રકાશને માટે જે અબકની ભૂકી ભભરાવે છે તે.

ઝારી.

ખોરૂશીદો જૂશીદો જામહ્ દરીદ
બઝારી બરાન્ ફૂહકે નારસીદ
બેઝદ ચન્ગો બેદ્રીદ પીરાહનશ
હેરખશાન્ શુદ આન્ લઅલે ઝીબા તનશ
બરૂઆવરૂદ બાન્ગો ઘેરીવો ખોરૂશ
ઝમાન્ તા ઝમાન્ જૂ હમીરંફૂત હૂશ
ફેરૂબોરૂદ નાખુન્ દો દીદહ્ બેકન્દ
બરૂઆવરૂદ બાલા દરૂ આતેશ ફેગન્દ
મરૂ આન્ ઝુલ્ફૂ ચૂન્ તાબ્ દાદહ્ કમન્દ
બઅન્ગુશ્ત પીચાંદા અઝ બુન્ બેકન્દ
રવાન્ ગશતહ્ અઝ્ રૂએ ઊ જૂએ ખૂન
ઝમાન્ તા ઝમાન્ અન્દરૂ આમદ નેગૂન
હમહ્ ખાકે તીરહ્ બસરૂ બરૂ ફેગન્દ
બદન્દાન્ ઝે બાઝૂએ ખુદ ગોશ્ત કન્દ
બસરૂ બરૂ ફેગન્દ આતેશો બરૂફેરૂખ્ત
હમહ્ મૂએ મુશ્કીન્ બઆતેશ બસૂખ્ત
હમીગોફૂત કય જાને માદરૂ કુનૂન
કોજાઈ સેરેશતહ્ બખાકો બખૂન
ઘરીબો અસીરો નેઝન્દો નઝારૂ
બખાકૂ અન્દરૂન આન્ તને નામદારૂ
દો ચશમમ્ બરહ્ બૂદ ગોફૂતમ્ મગરૂ
ઝે સોહ્રાબો રોસ્તમ્ બેયાબમ ખબરૂ
ગુમાનમ્ ચુનાન્ બૂદ ગોફૂતમ કુનૂન
બેગશ્તી બગેરૂદે જહાન્ અન્દરૂન
પેદરૂરા હમીજુસ્તીઓ યાફૂતી
કુનૂન બામદન્ તીઝ બેશ્તાફૂતી
ચે દાનેસ્તમ અય પૂરૂ કાયદ ખબરૂ
કે રોસ્તમ બખન્જરૂ દરીદત જેગરૂ
હેરીઘશ નેયામદ અઝાન રૂએ તૂ
અઝાન્ બુર્ઝો બાલાયો બાઝૂએ તૂ
વઝાન ગોરૂદગાહશ નેયામદ દેરીઘ
કે બુબ્રીદ રોસ્તમ બબુરૂરન્દહ્ તીઘ
બેપર્વરૂદહ્ બૂદમ તનશરા બનાઝ
બરખ્શાન્દહ્ રૂઝો શબાને દરાઝ
કુનૂન આન્ બખૂન્ અન્દરૂન ઘર્કહ્ ગશ્ત
કફન્ બરૂ તને પાકે ઊ ખર્કહ્ ગશ્ત
કુનૂન મન કેરા ગીરમ અન્દરૂ કેનારૂ
કે ખાહદ બુદન મરૂ મરા ઘમગોસારૂ

રૂદન.

તેણી તે કુમળી વયના બાળક ઉપર રડી, પોકારી, બેકરાર થઇ અને કપડાં ચીર્યાં.

તેણીએ હાથ મારી પોતાનો લેબાસ ફાડયો-તેણીનું તે ખૂબસૂરત શરીર ખુલ્લું થયું.

તેણીએ બૂમબરાડા પાડયા, ફર્યાદ અને પોકાર ઉઠાવ્યા-(જેથી) તેણી ઘડી ઘડી બેહોશ થઇ જતી.

નખ ઘાલીને તેણી પોતાની બેઉ આંખો બહાર ખેંચી કાઢતી અને પોતે આતશમાં જઈ જઈ પડતી.

કમંદની મિસાલ વળ આપેલાં પેલાં ઝુલ્ફ-આગળાંમાં લપેટતી અને મૂળથી ઉખેડી કાઢતી.

તેના ચેહરા ઉપરથી લોહીની નદી વહેતી-તેણી વખતે વખત ઉથલાઈ પડતી.

તેણી સીઆહ ખાક માથાં ઉપર નાખતી-(અને) દાંત વડે પોતાની બાઝૂનું ગોશ્ત કરડતી.

તેણી માથાં ઉપર આતશ નાખી તેને સળગાવતી-(અને) તમામ કસ્તુરી જેવા બાલ આતશમાં બાળતી.

તે બોલતી કે "ઓ માયના જીવ! હમણા ખાક અને ખૂનમાં સુંદાઇ ગયલો તું ક્યાં પડયો છે?

તે તારૂં નામદાર તન (હવે) ખાકમાં લાચાર, કેદી, ખુવાર અને નબળું થઈ પડયું છે.

મારી બન્ને આંખ રસ્તા ઉપર લાગેલી (અને, હું કહેતી કે 'ખોદા કરે ને હું સોહરાબ અને રૂસ્તમની વધાઈ પામું.'

વળી હું વિચારતી અને કહેતી કે 'હવે તું દુન્યામાં બધે ફરી ચૂકો હશે.

તેં બાપને શોધ્યો અને મેળવ્યો (હશે)-(અને) પાછો ફરવાની ઉતાવળ કરતો હશે.'

ઓ બેટા! હું શું જાણું કે મને એવી ખબર મળશે-કે રૂસ્તમે ખંજરથી તારૂં જીગર ચીર્યું છે.

તારા ચેહરા, બુલંદી, કદ અને તારી બાઝૂઓ શું તેને અફસોસ નહીં આવ્યો?

અને તેણે તે કમરનો કાંઈ વિચાર નહીં કીધો-કે રૂસ્તમે તેઝ ખંજરથી તેને કાપી નાખી?

દહાડા અને લામ્બી રાતોમાં-મેં તારાં તનને નાઝથી પાળ્યું હતું.

તે હમણાં લોહીની અંદર ઘર્ક થયું છે-તે પાક તન ઉપર હવે ચીથડાંનું કફન થયું છે.

હું હવે બધલમાં કોણને લઈશ-હવે મારો ઘમ ખાનાર કોણ થશે?"

બહાદુરી.

બેમાલીદ ચાચી કમાનરા બદસ્ત
બચર્મે ગવઝન્ અન્દરૂ આવરૂદ શસ્ત
સુતૂન કરૂદ ચપરાઓ ખમ કરૂદ રાસ્ત
ખુરૂશ અઝ ખમે ચર્ખે ચાચી બેખાસ્ત

બહાદુરી.

તેણે ચાચી કમાનને હાથમાં લઈ સીધી કીધી-(અને) સાબરનાં ચાંમડાંની અંગુઠીમાં અંગુઠો નાખ્યો.

તેણે ડાબા (હાથ)ને સીધો કીધો અને જમણા (હાથ)ને વાંકો કીધો-(જેથી) ચાચી કમાનનાં વાંકમાંથી પોકાર ઉઠયો.

ચુ સૂફારશ આમદ બપહુનાએ ગૂશ
બે ચર્મે ગવઝ્નાન્ બરૂઆમદ ખુરૂશ
ચુ પયકાન્ બેબૂસીદ અન્ગોશ્તે ઊય
ગુઝરૂ કરૂદ અઝ્ મોહ્રએ પોશ્તે ઊય
ચુ ઝદ તીરૂ બરૂ સીનેએ અશ્કબૂસ
સેપહ્રૂ આન્ ઝમાન્ દસ્તે ઊ દાદ બૂસ
કઝા ગોફ્ત ગીરો કદરૂ ગોફ્ત દેહ
ફલક્ ગોફ્ત અહ્સન્ મલક્ ગોફ્ત ઝેહ
કશાની હમ્ અન્દરૂ ઝમાન્ જાન્ બેદાદ
તો ગોફ્તી કે ઊ ખુદ ઝે માદરૂ નઝાદ

જ્યારે તીરનો ખાંચાવાળો છેડો, તેના કાન આગળ આવ્યો-ત્યારે કમાનમાંથી પોકાર નીકળ્યો.

જ્યારે તીરની લોખંડી અણીએ તેના ડાબા હાથના અંગુઠાને ચુમ્બન કીધું-ત્યારે તેના હાથનાં ટાંચાં આગળથી તીર પસાર થયો.

જેવો તેણે અશ્કબૂસના સીનામાં તીર માર્યો-કે તુરતજ આસ્માને તેનો હાથ ચૂંમ્યો.

કઝાએ કહયું (કે) "પકડ" અને કદરે કહયું (કે) "આપ (માર)"-આસ્માન બોલ્યો કે "સાબાશ" (અને) ફરેશ્તો બોલ્યો કે "વાહ વાહ"

કશાનીએ તેજ વેળા પ્રાણ છોડયો-ગોયા કે તે માથી જન્મ્યોજ નહતો.

નસીહત્.

હેગરૂ ગોફ્ત રઊશન્ રવાને કસી
કે ફ્તાહ્ ગૂયદ બમઅની બસી
કસીરા કે મગ્ઝશ બુવદ પુરૂ શેતાબ્
ફરાવાન્ સખુન્ બાશદો દીરૂયાબ્
ચુગોફ્તારે બીહુદહ્ બેસ્યારૂ ગશ્ત
સખુનગૂય દરૂ મરૂદુમી ખારૂ ગશ્ત
હોનરૂ જૂયો તીમારે બીશી મખરૂ
કે ગીતી સેપન્જસ્તો મા બરૂગુઝરૂ
બગીતી બેહ્ અઝ્ મરૂદુમી કારૂ નીસ્ત
બદીન્ બા તો દાનેશ બપયકારૂ નીસ્ત
હમહ્ રઊશની દરૂ તન્ અઝ્ રાસ્તીસ્ત
ઝે તારીઓ કઝ્ઝી બેબાયદ ગેરીસ્ત
બનાયાફ્ત રન્જે મકુન્ ખીશતન્
કે તીમારે જાન્ બાશદો રન્જે તન્
ઝે નીરૂ બુવદ મરૂદરા રાસ્તી
ઝે સુસ્તી દુરૂઘ્ આયદો કાસ્તી
ઝે દાનેશ ચુ જાને તોરા માયહ્ નીસ્ત
બેહ્ અઝ્ ખામોશી હીચ પીરાયહ્ નીસ્ત
તવન્ગરૂ બુવદ હરૂકેરા આઝ્ નીસ્ત
ખુનુક્ મરૂદ કશ આઝ્ અમ્બાઝ્ નીસ્ત
મોદારા ખેરદરા બેરાદરૂ બુવદ
ખેરદ બરૂ સરે જાન્ ચુ અફૂસરૂ બુવદ
ચુ દાના તોરા દુશ્મને જાન્ બુવદ
બે અઝ્ દુસ્ત મર્દી કે નાદાન્ બુવદ
તવન્ગરૂ શુદ આન્ કસ કે ખુર્સન્દ ગશ્ત
અઝ્ આઝો તીમારૂ દરૂબન્દ ગશ્ત
ચુ દારી બદસ્ત અન્દરૂન્ ખાસ્તહ્
ઝરો સીમો અસ્પાને આરાસ્તહ્
હઝીનહ્ ચુનાન્ કુન્ કે બાયદત કરૂદ
નબાયદ ફેશાન્દો નબાયદ ફશારૂદ
મેયાનહ્ ગુઝીની બેમાની બજાય
નબાશદ જોઝ્ નીકીયત્ રહ્નુમાય
મઅન્દીશ અઝાન્ કાન્ નશાયદ બુદન્
કે નતવાની આહન્ બઆબ્ આઝદન્

નસીહત.

વલી તે બોલ્યો (કે) તેજ શખ્સ રોશન જીવવાળો કે જે ઘણા અર્થવાળું થોડું બોલે છે.

જે કોઈનું કે મઘઝ શેતાબી ભરેલું હોય છે-તે ઘણું બોલનારો અને થોડું સમજનારો હોય છે.

જ્યારે બેહુદી વાત ઘણી થાય છે-ત્યારે તે બોલનાર ઈન્સાનિયતમાં નીચો પડે છે.

હોનર હાસેલ કર અને ઘણાં માટે ધમ ના ખા-કારણકે દુન્યા તો ત્રણ પાંચ દહાડાની છે અને આપણને જવું છે.

દુન્યામાં માણુસાઇ સિવાય ભલું કામ કાંઇ નથી-એ બાબદમાં અકલ તારી સાથે કશી લડાઈ કરતી નથી (અકલ પણ તને એજ વાત શીખાડે છે).

શરીરનો કુલે ઝળકાટ માણુસાઇથીજ છે-અંધકાર અને આડે રસ્તેથી તારે દૂર થવું જોઇયે.

જે નહીં મળી શકે તે માટે અમથો રંજીદા ના થા-કારણકે તેતો જીવ માટે ધમ અને તન માટે આફત સમાન થઇ પડે છે.

ઈન્સાનમાં કોવતથી સચ્ચાઈ આવે છે-આળસાઈથી જૂઠું અને અન્યાય ઉત્પન્ન થાય છે.

જો તારી પાસ અકલની પુંજી ન હોય-તો ચૂપકીદિ સિવાય તારે માટે કાઇ બીજો સરસ લેબાસ નથી.

જે કોઇને કે લોભ નથી તેજ તવંગર છે-ભાગ્યશાળી તેજ કે જેની સાથે લોભ ભાગ્યા તરીકે નથી.

નર્મી એ અકલનો ભાઈ છે-અને અકલ જીવને માથેનું તાજ છે.

તારો દોસ્ત જો નાદાન હોય તો તે કરતાં તારા જીવનો દુશ્મન જો દાના હોય તો તે ભલો.

તે શખ્સ કે જે સંતોષી થયો તે તવંગર થયો-(અને) તેનાથી લોભ અને દુઃખ દૂર થયાં.

જ્યારે તારી પાસે ખઝાનો, સોનુ, રૂપું અને સણગારેલા ઘોડા હોય,

ત્યારે તને કરવો ઘટે તેવોજ ખર્ચ કર-(તે ખઝાનાને) વેરી નાંખવો (બી) નહીં ઘટે (તેમજ) સાંતી રાખવો(બી) નહીં ઘટે.

જો તું મધ્યમ માર્ગ એખ્તેયાર કરશે તો સારી રીતે રહેશે-અને ત્યારે નેકી સેવાય કોઈ તારો રેહનુમા નહીં થશે.

જે થઈજ નહીં શકતું હોય તેનો વિચાર ના કર-કારણકે કોઈ લોખંડમાં પાણી પેસાડી શકતું નથી.

હશાન્ કસ કે ઊ કરૂદએ કેરૂહેગારૂ
બેદાનદ ગુઝશ્ત અઝ્ બદે રૂઝ્ગારૂ
પરસ્તીદને દાવરૂ અફ્ઝૂન્ કુનદ
ઝે દેલ્ કાવેશે દીવ બીરૂન્ કુનદ
બેપરૂહીઝદ અઝ્ હરૂચે ના કરૂદનીસ્ત
નેયાઝારદ આનરા કે નાઝરૂદનીસ્ત
બયઝ્દાન્ ગેરાયદ બફર્જામે કારૂ
કે રૂઝીદેહૂ ઊયસ્તો પર્વરૂદેગારૂ
દેગરૂ ગોફ્તઅઝ્ મા ચે નીકૂ તરસ્ત
કે બરૂ દાનેશે બેખ્રદાન્ અફ્સરસ્ત
ચુનીન્ દાદ પાસોખ કે આહેસ્તગી
કરીમી ઓ રાદીઓ શાયેસ્તગી

જે કોઈ કે કેર્દગારનાં કામો પિછાને છે–તે દુન્યાની બુરાઈથી વેગળો થાય છે.

દાવરની ભક્તિ તે વધુ કરે છે–પોતાનાં દિલમાંથી એહરેમની દૂર કરે છે.

જે કાંઇ નહીં કરવું જોઇયે તેનાથી જુદો રહે છે–જેને તકલીફ આપવી ન જોઇએ તેને તકલીફ નથી આપતો.

શેવટે તે યઝદાન તરફજ જાય છે–કે તે પર્વરદેગાર અને રોઝીનો આપનાર છે.

બીજું એ પૂછયું કે "એ મારાંમાં એવું નેક તે શું છે કે જે અકલમંદોની દાનીઇનુંજ તાજ થઈ શકે?"

તેણે જવાબ દીધો કે "ધીરજ–બખ્શેશ, દાનાઈ અને લાયકાત."

શાહનામુ કેમ લખાયું?

કહે છે કે ફિર્દોસીએ એમ સાંભળ્યું કે 'દકીકી' નામનો જે શાએર શાહનામુ લખવામાં લાગેલો હતો તે પોતાના કોઈ ઘોલામને હાથ માર્યો ગયો અને 'સુલ્તાન મહમૂદ' એ ચોપડી તૈયાર થયલી જોવા માટે ઘણોજ આતુર છે, એ સાંભળી ફિર્દોસીનું મન એ કામ કરવા ઉપર ઘણુંજ લાગતું અને દિલમાં કહેતો કે 'કદાચ મારે માટેજ તો એ કામ પુરૂં કરવાનું નહીં હોય?' એવા એવા વિચારોથી એ કામ પાછળ મંડવાનો એણે નક્કી વિચાર કીધો. પણ ઈરાની પાદશાહોની પુરેપુરી તવારીખ એની પાસે ન હોવે ઘણોજ રંજીદા થતો. એમ કરતાં કરતાં એક દહાડે પોતાના એક દોસ્ત જેનું નામ 'મોહમ્મદ લશ્કરી' હતું તેની સાથ વાત કરતાં કરતાં ફિર્દોસીએ પોતાનાં મનનો એ વિચાર તેની આગળ ખુલ્લો કીધો કે 'યાર મારો વિચાર ઈરાની પાદશાહોની તવારીખને કવિતાના રૂપમાં લાવવાનો ઘણોજ થાય છે, પણ શું કરૂં એ જૂની તવારીખ મને કેથેથી પણ મળતી નથી.' પેલા દોસ્તે ફિર્દોસીની વાત સાંભળી ઘણોજ દિલાસો દીધો કે 'શું કામ નામુરાદ થાય છે. એ ચોપડી મારી પાસે છે, લે આ રહી.' ફિર્દોસી ચોપડી જોઈ ઘણોજ ખુશી થયો અને તુરતજ તે લઈ ઘર તરફ ચાલ્યો. એ પોતાના દોસ્ત મોહમ્મદ લશ્કરી માટે ફિર્દોસી શાહનામામાં લખે છે કે—

બશહૂરમ યકી મેહરૂબાનૂ દૂસ્ત બૂદ
તો ગુફ્તી કે બા મન્ યકી પૂસ્ત બૂદ
મરા ગોફ્ત ખૂબ્ આમદ ઈન્ રાએ તુ
બનેકી ખરામદ મેગરૂ પાએ તુ
નેવેશ્તહૂ મન્ ઇન્ નામએ પહૂલવી
બપીશે તો આરમ મગરૂ નઘનવી
કુશાદહ્ ઝબાનો જવાનીત હસ્ત
સુખન્ ગોફ્તને પહ્લવાનીત હસ્ત
શવ ઈન્ નામએ ખુસ્રવી બાઝ્ ગૂય
બદીન્ જૂય નઝ્દે મેહાન્ આબરૂય
ચુ આવરૂદ ઈન્ નામહ્ નઝ્દીકે મન્
બરૂઅફ્રૂખ્ત ઈન્ જાને તારીકે મન્

અર્થ—આખેર મારા શેહરમાંથી એક જીવજાન વિશ્વાસુ મેહરબાન દોસ્ત મને મળી આવ્યો. તેણે મને કહયું કે "કવિતા રૂપે ઈરાનની તવારીખ લખવાનો તારો વિચાર નેક છે–અને તે તને નેક રસ્તે ઉતારશે." તેણે કહયું કે "જો તારી ઉલટ નરમ

પડી જાય તો તે ફારસી નામુ લખી ઉતારીને તારી આગળ લાઉં. તું હજુ જવાન છે, છટાદાર બોલનાર છે-અને ફારસી કવિતા લખવાની શક્તિ ધરાવે છે. ચાલ, ત્યારે આ પાદશાહી તવારીખને ફરીને બયતોમાં લખ–અને તેમ કરીને મોટા લોકો આગળ આબરૂ મેળવ." શેખે મારા દોસ્તે તે નામુ મને લાવી આપ્યું જેથી મારા નિરાશ અને ઉદાસ બનેલા જીવને પાછો ઉમંગ આવ્યો.

રસ્તામાં જતાં તૂસના એક બુઝોર્ગ મર્દ નામે શયખ મોહમ્મદ મઅશૂક તૂસી પાસે ગયો અને પોતાનો વિચાર દર્શાવી તેની પાસે એ કામ પુરૂં થવા માટે દુઆ ચાહી. પેલા પીર મર્દે કહ્યું કે 'હિમ્મતથી કમર બાંધ અને ઝબાન ખોલ. તું તારી મુરાદે પુગશે.' ફિર્દોસી એ સાંભળી ખુશ થયો કારણ તેને નિશ્ચય હતો 'કે એ પીર મર્દની દીધેલી દુઆ કદી પણ ખાલી જતી નથી.' એવા નિશ્ચયથી એણે શાહનામુ લખવાનું કામ શુરૂ કર્યું અને પહેલાંજ ઝોહાક અને મુબારક ફરીદૂનની દાસ્તાનમાંથી થોડોક ભાગ કવિતામાં રચી કાઢયો. એ કવિતા બધાને ઘણીજ પસંદ પડી. એ કવિતાની કીર્તિ તે વખતના તૂસના હાકેમ નામે 'અબૂ મન્સૂર' તક પુગી. હાકેમે ફિર્દોસીને તેડાવી મંગાવ્યો અને એની કવિતા સાંભળી ઘણોજ ખુશ થયો અને ફિર્દોસીને સારો સરોપાવ આપી, પછી કહ્યું કે 'તું એજ કામ પર મંડ' વળી સાથે સાથે ફિર્દોસીના ખર્ચ ખૂંટણ માટે બંદોબસ્ત કરી આપ્યો. એ ઉલટથી ફિર્દોસી હવે પોતાના કામ પર દિલોજાનથી મંડયો. એટલાં માઠાં ભાગ્યે હાકેમ અબૂ મન્સૂર આ દુન્યા છોડી ચાલી ગયો; અને ફિર્દોસીનાં કામમાં વિઘ્ન પડયું. એ હાકેમનો મર્સીયો શાહનામામાં ફિર્દોસી એમ લખે છેઃ—

બદીન્ નામહ્ ચૂન્ દસ્ત કર્દમ દરાઝ
યકી મેહ્તરી બૂદ ગર્દનફરાઝ

અર્થ—જે વેળા હું તવારીખ લખવાને તૈયાર થયો તે વેળા (મારા શેહરમાં) એક નેકનામ તથા સદભિમાનવાળો ગ્રહસ્થ જીવતો હતો.

અબૂ મન્સૂરનાં મરણ પછી 'અસ્લીન ખાન' તૂસનો હાકેમ નેમાયો. અત્યાર આગમચ ફિર્દોસીનું નામ સુલ્તાન મહમૂદ સૂધી પુગી ચૂકયું હતું. એ ઉપરથી હાકેમને નામે સુલ્તાનનો હોકમ આવ્યો કે ફિર્દોસીને અમારી પાસે મોકલવો. અસ્લીન ખાને ફિર્દોસીને તેડાવી સુલ્તાનનો આવેલો હોકમ કહી સંભળાવ્યો. ફિર્દોસીએ ત્યાં જવા માટે આનાકાની કીધી પણ એનું કાંઈ ચાલ્યું નહીં. વળી સાથે સાથે પેલા પીર મર્દની વાત પણ એને યાદ આવી; જેથી એણે ત્યાં જવાનો વિચાર નક્કી કીધો અને તૂસથી 'ઘઝની' જવા નીકલ્યો. જ્યારે એ 'હેરાત' પુગો ત્યારે એક ખબર જે એને ઘઝની તરફથી મળી તે ઉપરથી ત્યાં જવા માટે વળી પાછી એને કાંઈ આનાકાની પેદા થઈ. એ ખબર એમ હતી કે જ્યારે ફિર્દોસીની ઘઝની આવવાની ખબર ચોતરફ ફેલાઈ ત્યારે 'બદીઉદ્દીન' નામના પાદશાહી મુન્શીએ રાજના કવિઓ 'રૂદકી' અને 'ઉન્સરી'ને ખબર આપી કે 'તૂસથી ફિર્દોસી પાદશાહની દરબારમાં આવે છે અને જો પેલી તવારીખને કવિતામાં રચવાનુ કામ એને મળ્યું તો તમો લોકોને ઘણુંજ નીચુ લાગશે, અને પાદશાહ સમજશે કે એ કામ કરવાને મારી દરબારનો કોઈ પણ કવિ લાયકનો નથી.' બેઉ જણે જવાબ આપ્યો કે 'આપણે પાદશાહને કેમ કહી શકયે કે ફિર્દોસીને રસ્તામાંથીજ પાછો ફેરવે. તો પણ આપણે એક એવી યુક્તિ કર્યે કે જેથી ફિર્દોસી અત્રે આવેજ નહીં અને નહીં આવવા માટે પોતાની માફી લખી મોકલે.' પછી બેઉ કવિઓએ એક ખેપિયો તૈયાર કરી ફિર્દોસી તરફ રવાના કીધોઃ કે તું જઇ ફિર્દોસીને કહેજે કે 'તારો મરતબો અ

મારાં દિલમાં કેટલો બધો છે 'તે તો તું પોતે જાણે છે અને એ ઉપરથીજ કે તુંજ જેવા દોસ્તને ફાયદો પુગે. અમોએ તને અત્રે તેડાવાનો વિચાર કીધો હુતો પણ હવે એવું લાગે છે કે તારા અત્રે આવ્યાથી તું તારો અમૂલ્ય વખત અમથો ખોહશે અને નકામો નામુરાદ થઈ, પાછો જશે. કારણકે જે દહાડેથી કે તને તેડવા માટેનો 'પાદશાહી હોકમ નીકળ્યો તે દહાડા પછી આજ સૂધી એ બાબે પાદશાહે એક બોલ પણ મોઢેથી કાઢયો નથી અને તને યાદ પણ કીધો નથી. એટલા માટેજ અમો તને આગમજથીજ ચેતાવ્યે છિયે. કે પછીથી તું અમોને બદનામ નહીં કરે.' જ્યારે ફિર્દોસીએ એ વાત સાંભળી ત્યારે વિચારમાં પડયો અને પાછા ફરવાની ઇચ્છા કીધી. વળી વિચાર કીધો કે 'એ વાતમાં કાંઇ ભેદતો નહીં હોય ?' એમ અંદેશો કરી થોડા દહાડા 'અબૂબેક્ર વરાક'ની ધર્મશાળામાં થોભ્યો. એટલા અરસામાં બેઉ રૂદકી અને ઉન્સરીને બદીઉદ્દીન સાથે કજીઓ થયો. એ લોકે ફિર્દોસીને પાછો ફેરવવાનું બોહતાન બદીઉદ્દીન પર મૂકવાનો એરાદો કીધો. એ વાતનો વિચાર બદીઉદ્દીનને આવતાંજ તેણે તુરતજ એક કાસેદને ફિર્દોસી તરફ રવાના કીધો અને કહેવાડયું કે જે ખબર તને અત્રેથી મળી છે તે બિલકુલ ખોટી અને બનાવટી છે અને રૂદકી અને ઉન્સરીએ અદેખાઇને મારે એમ કીધું છે. હવે જો તું એ લોકની બરાબરની કવિતા રચી શકતો હોય તો તુરત અત્રે આવ. ફિર્દોસીએ જવાબમાં એક કાગળ બદીઉદ્દીનને નામે લખી અંદર લખ્યું કે:—

બગૂશ અઝ સોરૂશમ બસી મુઅ્દહાસ્ત
દેલમ ગન્જે ગઉહર્ ઝબાન્ અઅ્દહાસ્ત
ચે સન્જદ બમીઝાને મન્ ઉન્સરી
ગેયા ચૂન્ કશદ 'પીશે ગુલ્બન્સરી
ઝે બીદાનેશી બાશદો ,રૂદકી
કે રાએ કુઝૂની ઝનદ રૂદકી

અર્થ—ધનઅ‍ા સરોશ તરફથી મારા કાન ખુશ ખબરીઓથી ભરેલા છે. મારૂં દિલ મોતી જેવા સુંદર સખુનોનો ખઝાનો છે અને મારી ઝબાન અઝદહા જેહવી તેઝ છે. ગરીબ બાપડો ઉન્સરી શું મારી બરાબરી કરી શકવાનો ? ગોલાબના ઝાડ આગળ ઘાસની શું કીંમત ? જો રૂદકી મારી આગળ કંઈ લાંબી ટુંકી વાતો કરે તો તે ગરાસર નાદાની અને છોકરવાદપણું સમજ.

અને પોતે હેરાતથી રવાના થઇ ઘઝની પુગ્યો. વળી એમ પણ કહે છે કે તૂસના હાકમે ફિર્દોસી સાથ ગેરવર્તણુક ચલાવવે ફિર્દોસી એ બાબેની ફર્યાદ કરવા ઘઝની ગયો. એજ ટાંકણે સુલ્તાન મહમૂદે ઈરાનીઓની તવારીખમાંથી જુદી જુદી દાસ્તાનો ચુંટી કાઢી કવિઓને સોંપ્યાં હતાં કે દરેક જણે પોત પોતાનું દાસ્તાન કવિતામાં રચવું અને જેની કવિતા સરસ નીકળશે તેને આખી ચોપડી કવિતામાં રચવા માટે આપવામાં આવશે. તે કવિઓનાં નામ પહેલો ઉન્સરી, બીજો ફરરોખી, ત્રીજો ઝીની, ચોથો અસ્જદી, પાંચમો મન્જનક ચન્ગઝન, છઠ્ઠો ખુરરમી અને સાતમો તર્મદી. એ સાતે શાએરોમાં ઉન્સરીને ભાગે સોહરાબનું દાસ્તાન આવ્યું હતું. અને બીજા કવિઓ પણ પોતાના કામમાં મશ્ગૂલ થયલા હતા, તેવામાં ફિર્દોસી ઘઝની પુગ્યો અને શેહરની બાહેર એક બગીચામાં ઉતર્યો અને એક માણસને પોતાના આવ્યાની ખબર પોતાના દોસ્તોને પુગાડવા માટે શેહરમાં મોકલ્યો. પછી પોતે હાથ મોઢું ધોઈ નમાઝ પઢવા લાગ્યો. હવે એમ બન્યું કે એજ બાઘમાં પેલા કવિઓમાંના ત્રણ ઉન્સરી, ફરરોખી અને અસ્જદી જરા મોજ મઝાહ કરવા આવેલા હતા. જ્યારે ફિર્દોસી નમાઝથી પરવાર્યો ત્યારે વિચાર કીધો કે જરા બગીચામાં ફેરો મારૂં. એવામાં પેલા ત્રણે જણાને બેહેલા જોયા. પેલાઓએ એને આ-

વતો જોઈ વિચાર્યું કે 'આ કબાબમાં હાડકું વળી કયાંથી નડવા આવ્યો?' તેઓમાંથી એકે પોતાનું મત આપ્યું કે 'એ આવે તેને બે ચાર ટપલા લઈ અત્રેથી વેહા કર્યે.' પણ ઉન્સરીને એ વાત પસંદ નહીં પડી. ત્યારે બીજાએ કહ્યું કે 'આપણે ત્રણે જણા સખ્ત કાફ્યા વાલા 'મિસ્રા' બનાવ્યે અને એને ચોથો મિસ્રો બનાવવાની અર્ઝ કર્યે. જો એ તુરતજ બનાવી શકે તો આપણી સાથે બેસે, નહીં તો બેહુરમાની કરી દૂર થાય.' ઉન્સરીએ કહ્યું કે 'હા એ વાત કાયદાસરની છે ખરી.' એટલામાં ફિર્દોસી ત્યાં આવી પુગ્યો.' પેલાઓએ પોતાનો વિચાર તેને દર્શાવ્યો. ફિર્દોસીએ કહ્યું કે 'જો બની શકશે તો હું પણ એવો મિસ્રો તુરતજ કહીશ અને નહીં તો તસ્દી માફ.' એ ઉપરથી પહેલાં ઉન્સરી બોલ્યો:—

ચુ આરેઝે તો માહ નબાશદ રઉશન

અર્થ—તારા ગાલ જેવો તો ચાંદ પણ ચળકાટ વાળો નથી.

ફર્રોખી બોલ્યે:—

માનન્દે રોખત ગુલ ન બુવદ દર ગુલશન

અર્થ—તારા મુખડા જેવું તો બગીચામાં ગોલાબનું ફૂલ પણ નથી.

અસ્જદી બોલ્યે:—

મેઝગાનત ગુઝર હમીકુનદ દર જઉશન

અર્થ—તારી આંખનાં પાંપણ બખ્તરમાથી પણ પેલી પાર નીકળી જાય છે.

ત્યારે તુરતજ ફિર્દોસી ચોથો મિસ્રો આ પ્રમાણે બોલ્યો:—

માનન્દે સનાને ગીવ દર જન્ગે પશન

અર્થ—જેમકે પશનની લડાઇમાં ગેવનો નેઝો.

વાંચનારા સાહેબોએ જાણવું જોઇયે કે ફારસી ભાષામાં 'શન'નાં કાફ્યા માત્ર ત્રણજ મળે છે, 'રઉશન,' 'ગુલ્શન' અને 'જઉશન' જે ઉપલા ત્રણે શાએરો પ્રથમ બોલી ગયા, એવીજ મતલબથી કે હવે ફિર્દોસીથી ચોથો કાફ્યો બોલી શકાશેજ નહીં, પણ એ વિદ્વાન શાએરે તુરતજ ચોથો મિસ્રો ઉપલા ત્રણે શાએરોના મિસ્રાની મતલબનોજ કહી સંભળાવ્યો ત્યારે પેલા ત્રણે શાએરો તાજુબ થઈ ગયા અને એ ઉપરથી તેઓએ ફિર્દોસીને ગેવ અને પશનની લડાઈ માટે પૂછયું. ફિર્દોસીએ ઘટતો જવાબ આપવે બધા એની સાથ દોસ્ત થઈ ગયા, પણ ફિર્દોસીની આવી સિદ્ધ કવિતા રચાવાની શક્તિ જોઇ એ લોકોને એની અદેખાઇ લાગવા માંડી અને એ સુલ્તાન સૂધી ન પુગી શકે તેનો વિચાર કરવા પડયા. પણ નસીબ સંજોગે સુલ્તાનનો એક દરબારી નામે 'માહક' પેલાજ બાગમાં આવી લાગો. ફિર્દોસી સાથે વાતચિત્ત કરતાં એને માલૂમ પડયું કે આ કોઇ ઘણોજ વિદ્વાન માણસ છે તેથી એ ફિર્દોસીને પોતા સાથે મેહમાન તરીકે ઘર લઈ ગયો. ખાણું ખાધા પછી ફિર્દોસીની ખબર પૂછી કે 'ભાઈ તું કયાંથી આવ્યો છે ને શું ધારણા ધરાવે છે?' ફિર્દોસીએ પોતાનો સઘળો અહવાલ કહી સંભળાવ્યો. એમાં પોતા ઉપર વીટેલી સખ્તી તેમજ હાડમાર થતો શેહરમાં આવવું તથા શાએરોના તાણા ટપલા બધું કહી સંભળાવ્યું. પેલા દરબારીએ પણ દરબારમાં થયલી વાતો જેવી કે દરેક જણને જુદો જુદો ભાગ કવિતા રચવા માટે આપવું ઈત્યાદિ ફિર્દોસીને કહ્યું. ફિર્દોસી એ સાંભળી ખુશ થયો અને કહેવા લાગો કે 'હું પણ કવિતા લખી શકું છું અને વખત આવે તો મને પણ પાદશાહ

આગળ લઈ જજે.' પેલા દરબારીએ એ વાત કબૂલ કીધી. બીજે દહાડે ફિર્દોસીને ઘરમાં બેસાડી પોતે દરબારમાં ગયો પણ તે દહાડે કાંઈ પણ એ વાત કાઢવાનો એને લાગ ફાવ્યો નહીં. અને એમ કરતાં કરતાં એક અઠવાડિયું થઈ ગયું ત્યારે ફિર્દોસીએ માહકને કહ્યું કે 'મને પાદશાહની દરબારમાં પુગાડવો જોઇએ.' માહકે જવાબ આપ્યો કે 'આજે બધા કવિઓ દરબારમાં ભેગા થયા હતા અને પોત પોતાની કવિતા વાંચી સંભળાવી હતી એઓમાં ઉન્સરીને જે રૂસ્તમ સોહરાબની દાસ્તાન રચવા આપી હતી તેમાંનાં બે બયત પાદશાહને ઘણુજ પસંદ પડવે પાદશાહે હોકમ આપ્યો કે આખી ચોપડી તારેજ કવિતામાં રચવી.' ફિર્દોસીએ પૂછયું. કે 'તે બે બયત કયાં હતાં?' માહકે જવાબ આપ્યો કે 'જ્યારે રૂસ્તમે સોહરાબ ઉપર ફતેહ મેળવી અને ભોંય ઉપર પછાડો ત્યારે સોહરાબે વિચાર કીધો કે જેમ મેં એને પહેલાં છોડી દીધો હતો તેમજ એ પણ મને છોડી દેશે. પણ જ્યારે રૂસ્તમે તેમ ન કરતાં ખંજર કાઢી સોહરાબને ભોંકી દીધું ત્યારે સોહરાબ બોલ્યોઃ—

હરાનગહ કે તેશનહ શુદી તૂ બખૂન
બેયાલૂદ ઈન્ ખન્જરે આબગૂન
ઝમાનહ બખૂનેતો તેશનહ શવદ
બઅન્દામે તૂ મૂય દશનહ શવદ

અર્થ—જ્યારે તું મારાં લોહીનો તરસો થયો અને આ વહેતું ખંજર મારાં લોહીમાં તર કીધું છે તો (યાદ રાખજે!) આ ફરતો ઝમાનો તારાં લોહીનો તરસો થશે અને તારાં શરીર ઉપરનો બાલે બાલ ખંજરનું કામ કરશે."

એ સાંભળી ફિર્દોસીએ માહકને જણાવ્યા વગર રૂસ્તમ અને અસ્ફંદિયારની દાસ્તાન કવિતામાં રચી કાઢી. એની શુરૂઆત એમ કીધી કેઃ—

કુનૂન્ ખુરૂદ બાયેદ મયે ખુશગુવાર
કે મય બૂયે મુશ્ક આરદ અઝ્ જૂયબાર

અર્થ—હવે મનને પસંદ પડતો લેઝતદાર શરાબ પીવો જોઇયે કારણ શરાબ કસ્તુરી ભરેલી સુગંધી હવા નદી તરફથી લાવે છે.

પછી એક રાતે ફિર્દોસીએ માહકને કહ્યું કે 'આગળા ઈરાની પાદશાહોની તવારીખને કવિતાના રૂપમાં આગળ પણ રચેલી છે અને ઘણી સારી રચેલી છે.' માહકે જવાબ આપ્યો કે 'એમ બનેજ નહીં.' ફિર્દોસીએ કહ્યું કે 'એ રચનામાંની એક દાસ્તાન મારી પાસ મોજૂદ છે કે જેની રચના ઉન્સરીની કવિતા કરતાં કંઈક દરજ્જે વધારે સારી છે.' એમ કહી પેલું રૂસ્તમ અને અસ્ફંદીયારવાળું પોતાનું રચેલું દાસ્તાન માહકને આપ્યું અને માહકે તે સુલ્તાન આગળ હાઝેર કીધું. દાસ્તાન વાંચી સુલ્તાને માહકને પૂછયું કે 'આવું સરસ લખાણ કોણે કીધું છે?' માહકે જવાબ દીધો કે 'એક માણસ જેના ઉપર ઘણો ઝુલમ પડવે પોતાના વતનથી નીકળી જહાનપનાહ પાદશાહની પનાહમાં આવ્યો છે અને કાંઈ આગળા વખતના સંબંધે કરી મુજ સેવક સાથે તેને મિત્રાચારી થઈ છે, તે માણસ સાથે વાતચિત્ત કરતાં તેણે મને કહ્યું કે ઈરાની પાદશાહોની તવારીખ આગળ પણ કવિતામાં રચાયલી છે અને તેમાંથી આ દાસ્તાન મને આપી જે મેં પાદશાહ સન્મુખ રજૂ કીધી છે.' સુલ્તાને તે માણસને હાઝેર કરવાનો હોકમ કીધો અને કહ્યું કે 'એને પૂછવું કે જો તે આખી ચોપડી કવિતામાં રચાયલી એની પાસે મોજુદ હોય તો પછી આપણને નવેસરથી મેહનત કરવાની ઝરૂર રહે નહીં.' એ ઉપરથી અબૂલ કાસેમને (ફિર્દોસીને) સુલ્તાનની દરબારમાં હાઝેર કીધો. સુલ્તાને પેલી કેતાબ અને પેલી દાસ્તાન બાબે એને પૂછયું. ફિર્દોસીએ ઉભા થઈ પાદશાહોને ઘટારતની દુઆ બંદગી કીધા

પછી જવાબ આપ્યો કે 'હું એક મુસાફર માણસ છું અને ઝમાનાની ગર્દેશથી તેમજ પોતાનાની બદસુલૂકીથી તૂસ છોડી અત્રે જેહાનપનાહ પાદશાહની પનાહના છાયડામાં આવ્યો છું. જ્યારે મને પાદશાહી દરબારની હકીકત માલૂમ પડી ત્યારે મેં પોતે આ દાસ્તાન રચી કાઢી છે.' પાદશાહ એ સાંભળી ખુશ થયો. પછી તૂસની હકીકત પૂછવા માંડી. એજ દરમિયાન એમ પણ પૂછયું કે 'તૂસ કોને વસાવ્યું હતું?' ફિર્દોસીએ કહ્યું કે 'મિનોચેહરના છોકરા નવદરના બેટા તૂસે.' વળી તેને વસાવવાની હકીકત પણ બેયાન કીધી કે 'જ્યારે કયખુસરૂએ પોતાના બાપનો કીનો લેવા તૂસને તૂરાન તરફ મોકલ્યો ત્યારે એને કહ્યું હતું કે તું 'કલાત' તરફથી ના જતો કારણ ત્યાં મારો બીજો ભાઈ ફરૂદ જે પીરાનની છોકરીથી પેદા થયલો છે તે ત્યાં વસે છે અને એ ભાઈ જરા મિજાઝનો તેઝ છે માટે એવું નહીં થાય કે તારી સાથે લડી પડે. તૂસે પાદશાહનું કહેવું ન માનીને કલાત તરફથીજ રસ્તો લીધો અને જે નહીં બનવુ જોઇતું હતું તેજ બન્યું. હવે કયખુસરૂને મોઢું કેમ દેખાડે? તેના વિચારથી તૂસે ઈરાન પાછા નહીં ફરતાં તૂરાનની સર ઝમીનમાંજ એક કસ્બો આબાદ કરી તેને પોતાનું નામ આપ્યું. તેજ આ તૂસ શેહર.' જ્યારે સુલ્તાને આ હકીકત સાંભળી ત્યારે એને નિશ્ચય થયો કે 'ફિર્દોસીને ઈરાની પાદશાહોની તવારીખ બાબે ઘણીજ સારી માહેતી હોવી જોઈયે.' એમ વિચારી હોકમ કીધો કે 'પેલા સાતે કવિઓ હાઝેર થાય.' પછી અબૂલ કાસેમ (ફિર્દોસી) તરફ ઈશારો કરી પાદશાહે કહ્યું કે 'આ માણસ પણ કવિ છે અને એણે આ કવિતા રચી છે.' એ જોઈ બધા ઘણાજ અજાયબ થયા અને સુલ્તાને ફિર્દોસીને એક લાયક સરોપાવ આપ્યો. હવે ઉન્સરી જે તે વખતે રાજ કવિ હતો અને એની આગમજ પણ ફિર્દોસી સાથ મુલાકાત થઈ હતી તેણે ઉભા થઈ કહ્યું કે 'હાલના ઝમાનામાં આવી સરસ કવિતા કોઈ લખી શકે એ બનવુંજ મુશકેલ છે તો પછી એથી બેહતર તે કોણ લખી શકે?' એમ કહી ઈન્સાફની રૂએ દોડી જઇને ફિર્દોસીના હાથ ઉપર બોસો લીધો અને બોલ્યો:—

સુખન્ ગરૂચેહ્ આમદ્ ઝે ચર્ખે બલન્દ્
તો બાઝશ્ બરાન્ બોર્દી અય હૂશમન્દ્
તો દાદી દરીન્ અર્સેહ્ દાદે સુખન્
કે બાદી સેતૂદેહ્ બહર્ અન્જુમન્
નમૂદેહ્ હુનર્ ઉન્સરત્ બીશુમાર્
બેમાનદ્ ચુ નામત્ સુખુન્ યાદ્ગાર્
તો શાહન્શાહે મુલ્કે નઝ્મે દરી
બેબન્દદ્ બપીશત્ કમર્ ઉન્સરી

અર્થ—"એ અકલમંદ! જોકે સખુન પહેલાં ઊંચા આસ્માન ઉપરથી નીચે ઉતર્યો હતો, પણ તેં તેને પાછો ઊંચે આસ્માને ચઢાવ્યો છે. કવિતાનાં મયદાનમાં તેંજ સખુનને પુરે પુરો ઇન્સાફ આપ્યો છે. તું દરેક અન્જુમનમાં માન પામેલો રહેજે. તારાં શરીરે ઘણાક હુનર પ્રગટ કીધા છે અને તારાં નામની માફક આ વચન પણ યાદગાર રહી જશે. તું દરી ભાષાની કવિતાના મુલકનો શેહનશાહ છે તારી આગળ ઉન્સરી સેવા માટે કમર બાંધી ઉભો છે."

એ ઉપરથી બીજા કવિઓ પણ

બપીશશ્ સરાસર્ બપા ખાસ્તન્દ્
ઝબાન્રા બમદ્હશ્ બેયારાસ્તન્દ્
પસાન્ ગાહ્ સુલ્તાને માલેક્ રેકાબ્
સુફ્ઉવઝ્ બદ્ કરૂદ્ નઝ્મે કેતાબ્

અર્થ—બધા તેની સન્મુખ ઉભા થયા અને તેની સ્તુતિ કરવા લાગ્યા. હવે સુલ્તાને એને ચોપડીને કવિતામાં રચવાનું કામ સોંપ્યું.

એ પછી સુલ્તાને પોતાના ઘોલામ 'અયાઝ'ની નવી ઉગતી દાઢી મૂછની તારીફમાં એક રોબાઈ માગી. બધા કવિઓએ ફિરદોસી તરફજ ઈશારત કીધી. એ ઉપરથી ફિરદોસીએ તુરતજ નીચલી લાઇનો કહી સંભળાવી.:—

મસ્તસ્ત ખુતા ચશ્મે તો ઓ તીરૂ બદસ્ત
બસ કસ કે ઝે તીરે ચશ્મે મસ્તે તો નખસ્ત
ગર્ પૂશદ આરેઝત ઝેરેહૂ ઓઝરશ્ હસ્ત
કઝ તીરૂ બેતરૂસદ હમહુ કસ ખાસહુ ઝે મસ્ત*

અર્થ—ઓ પૂતળાં! તારી આંખો ખુમાર ભરેલી છે અને વળી તીર લીધેલી છે. એવો કોણ છે કે તારી એવી મસ્તી ભરેલી આંખોથી વિંધાયો નથી? જો તારા રોખસારે બખ્તર પેહેર્યું છે તો તે વાજબીજ છે. કારણકે એમજ બધા તીરથી તો બીહે છે પછી વળી તે તીર કોઈ મસ્તના હાથમાં હોય ત્યારે તો પૂછવુંજ શું?

એ સાંભળી પાદશાહ ઘણોજ ખુશ થયો અને બોલ્યો કે 'વાહ વાહ ઓ ફિરદોસી! આજે તે અમારી મહફીલને ફિરદોસ (બેહેશ્ત) બનાવી દીધી છે.' એમ કહી એને જુદા જુદા સરપાવો આપ્યા અને પેલી તવારીખને કવિતામાં રચવાનું કામ સોંપ્યું. પછી પાદશાહે હોકમ કીધો કે 'મેહલની પાસેજ ફિરદોસીનાં રહેવાને માટે મકાન તૈયાર કરો.' અને ફિરદોસીનાં માગવા ઉપરથી લડાઈનાં સઘળાં હથિયારો અને પેહલવાનોની તસ્વીરો તેમજ જુદાં જુદાં જાનવરો જેવાં કે ઘોડા, હાથી, ઊંટ, ચિત્તા વગેરે ઘણાકની તસ્વીરો તે ઘરની દીવાર ઉપર હુસ્યાર ચીતારાઓએ ચીતરી. સાથે સાથે બધા ઈરાન, તૂરાન અને બીજા દેશોના પાદશાહોની લડાઈના હથિયાર ભીડેલી તસ્વીરો ચીતારી અને ત્યાં ફિરદોસી આ જગત પ્રખ્યાત શાહનામુ (એટલે પાદશાહોની તવારીખ અથવા તવારીખોનો પાદશાહ) લખવા બેઠો.

આ ઘરમાં ફિરદોસીના એક ઘોલામ અને અયાઝ સેવાય બીજા કોઇને પણ આવવા જવાનો હોકમ ન હતો. સુલ્તાન મહમૂદ ઘડી ઘડી કહેતો કે 'જો કે આ દાસ્તાનો વારમ્વાર સાંભળી છે તો પણ ફિરદોસીનાં લખાણની ઝમક કંઈ ઓરજ ચીઝ છે પછી તે ગમે લડાઇનું બેયાન હોય કે ગમે મહફીલનું. એનુ જુદી જુદી બાબદોનું લખાણ બહાદુરી કે મિલનસારી, ખુશી કે મુરવત, તેમજ લાચારીની બાબદનુ લખાણુ, પસ્તાવો કે રૂદન કે દિલગીરી તુરતજ સાંભળનારના દિલમાં ઉત્પન્ન કરે છે.' એ ઉપરથી આપણુને માલૂમ પડે છે કે શાહનામુ જુદે જુદે વખતે અને જુદી જુદી જગાએ લખી ફિરદોસીએ પુરૂં કીધું છે. નિઝામી ઉરૂઝી સમર્કન્દી પોતાની 'ચહાર મકાલા'માં લખે છે કે 'ફિરદોસીનો લેખક (Amanuensis) 'અલી દીલમ' નામનો હતો. એનો રેવાયત કરનાર 'બુદલફ' નામનો હતો અને એની ઉપર મેહરબાનીની નજર રાખનાર 'હુતી કતીબ' નામનો તૂસનો હાકેમ હતો.' એઓનો ફિરદોસી ઉપકાર માને છે અને લખે છે કે:—

અઝીન્ નામહુ અઝ નામદારાને શહૂર
અલી દીલમો બુદ્દલફેરાસ્ત બહૂર
નેયામદ્ જુઝ અહૂસનત્ શાન્ બહૂરહૂઅમ
બકફૂત અન્દરૂ અહૂસનત્ શાન્ બહૂરહૂઅમ

---

* આ લાઇનોંની ખરી ખૂબી તો ફાર્સી જાણનારાઓનેજ માલૂમ પડી હશે કે જે ખૂબી તરજુમામાં આવી શકવી ઘણીજ કઠણ છે. શાએર અત્રે એમ કહેવા માગે છે કે "અયાઝની આંખો પોતે મસ્તી ભરેલી હતી અને તેનાં પાંપણ તેજ તેને માટે તીર હતાં અને આંખ પોતે તે જાણે કમાન. હવે પેલી દાઢી જે ઉગી હતી તે જાણે અયાઝના રોખસારોએ બખ્તર પેહેર્યું હતું તે પણ એની બીકથી કે પેલી મસ્તી ભરેલી આંખો અને વળી તીર કમાન સાથની કે જેથી અમોનેજ પહેલાં વિંધી નહીં નાખે."

હતીયે કતીબસ્ત અઝ આઝાદગાન્
કે અઝ મન્ નખાહદ સખુન્ રાયગાન્
નેયમ આગહ્ અઝ અસ્લે ફરૂએ ખરાજ
હમી ધલ્તમ અન્દર્ મેયાને દવાજ

અર્થ—શેહરના નામદારો મધ્યેથી આ નામમાં "અલી દીલમ" અને "બુદલફ"નો ભાગ છે. ઉપકાર સેવાય મારી તરફથી તેઓ માટે બીજું કશું નથી, તેઓના ઉપકારથી મારો પિતો ફાટી જાય છે., ઉમરાવોમાંનો એક "હતી કતીબ" છે કે જે મારી પાસે મુફતમાંજ સખુન નથી માગતો (બલ્કે) પેસા ટકા કે ખેરાજ (કર Tax) બાબે હું કશું જાણતો નથી. (બસ) સુખ ચેનથી વખત કાઢું છું. (હતી કતીબે એ કવિતાની સુંદરતાને સબબે સઘળા કરથી મોકળો કીધો હતો તે બાબે એ ઈશારો છે).

નિઝામી ઉરૂઝી લખેછે કે અલી દીલમે શાહનામુ સાત જેલ્દોમાં (વોલ્યુમમાં) નકલ કીધું અને 'બુદલફ'ને લઈ ફિર્દોસી ઘઝની તરફ ગયો અને 'ખાજા બુઝોર્ગ અહમદ હસન' નવીસંદાની મદદથી સુલ્તાન સુધી પુગ્યો.

ફિર્દોસીની કાવ્ય રચનાની પરિક્ષા.

એક વખત સુલ્તાનની દરબારમાં ફિર્દોસીની કાવ્ય રચના બાબે વાત ચાલી. એના જે દુશ્મનો હતા તે કહેવા લાગ્યા કે 'એની કવિતામાં કાવ્યનો કશો પણ મીઠાસ નથી બલ્કે કવિતા રચવાના દરેક હોનરથી એની કવિતા ખાલી છે. એટલુંજ કે આપણુ લોકોનું મન એ કિસ્સાઓ સાંભળવા પાછળ લાગી જાય છે અને તેથીજ એ આપણુને મઝેની લાગે છે.' એણીગમ જે ફિર્દોસીના દોસ્તો અને વખાણનારાઓ હતા તે કહેતા કે 'સખુનની ઝમક એ ફિર્દોસીનુજ કામ છે.' એમ કરતાં આપસ આપસમાં વાત વધી જંવે એવુ ઠર્યું કે એક દાસ્તાન આજેજ ફિર્દોસીને આપવી કે એને આજની આજજ કવિતામાં રચીને લાવ; પછી એનુ નક્કી તોલ કરી શકાશે. એ ઉપરથી બધાએ રૂસ્તમનું અશ્કબૂસ કશાની સાથનું બેયાન ચુંટી કાઢયું. એ બેયાન કાંઈજ નહીં પણુ એટલુંજ છે કે કામૂસ કશાનીએ અશ્કબૂસને ઈરાનીઓ સાથ લડવા મોકલ્યો. ઈરાનીઓ તરફથી રહામ તેની સાંમે ગયો પણુ હારીને ઘર તરફ પાછો નાઠો. એ ઉપ્રરથી તૂસ ઘુસ્સે થઇને ચાહતો હતો કે પોતેજ લડાઈમાં ઉતરે તેટલાં રૂસ્તમે તેને રોકયો અને કહ્યું કે 'તું લશ્કરનો સેપહસાલાર છે, તારાથી લડાઈમાં નહીં ઉતરાય. તું જશ લશ્કરની સંભાળ રાખ હું હમણાં એની સામે લડવા જાઉં છું.' જેમકે ફિર્દોસી લખેછે, કે:—

તો કલ્બે સેપહ્રરા બઆયીન્ બેદાર્
મન્ અકૂનૂન્ પેયાદહ્ કુનમ કારૂઝાર્

અર્થ—"તું લશ્કરની કાયદા પૂર્વક સંભાળ રાખ, હું હમણાં પાંઉપેયાદો લડાઈમાં જાઉં છું."

પછી રૂસ્તમ પાંઉપેયાદોજ લડાઈમાં ઉતરે છે અને એક તીરે અશ્કબૂસના ઘોડાને અને બીજે તીરે અશ્કબૂસને આ કંટાળાભરેલી દુન્યાથી વેદા કરે છે.

ફિર્દોસી એ હેકાયત તેજ દહાડે કવિતામાં રચીને લાવ્યો અને દરબારમાં સંભળાવી બધા સાંભળી અજબ થયા અને વાહવાહ કરવા લાગ્યા. ખરૂં પૂછો તો એ દાસ્તાનમાં ફિર્દોસીએ જે જાદુઈ ભર્યા કલામ વાપડયા છે તે બસ ફિર્દોસીનુંજ કામ છે કે આટલાં નાના બેયાનને કેવી સરસ રીતે વિસ્તાર પૂર્વક વર્ણાવ્યું છે? જેમ કે રૂસ્તમના તીર ફેંકવા માટે કહે છે કે–(જુવો પાને ૩૧ આપેલો વીર રસનો દાખલો.) એ સાંભળી સુલ્તાન ઘણીક વખત બોલી ચૂકયો કે 'જે કાંઈ કાબુલિસ્તાન અને ઝાબુલિ-

સ્તાનમાં બધુ રૂસ્તમનું હતું તે સઘળું આ થોડીક લીટીઓની કીમત બરાબર થઈ શકે છે.' (એટલે જો રૂસ્તમ આ બયતો સાંભળતે તો બધું કાબુલ અને ઝાબુલ ફિર્દોસીને આપી દેતે.) તે દહાડે દરબારમાં બસ રૂસ્તમનીજ બહાદુરી અને દિલાવરીની વાતો ચાલી.

શાહનો ફિર્દોસી તરફ અણગમો ઘટવાનો સબબ.

એજ રીતે ફિર્દોસીએ રૂસ્તમને સ્વપ્નામાં જોયો કે જાણે મકનાબાદ શેહરના દરવાઝા આગળ જેમ ફિર્દોસીએ ઉપલાં દાસ્તાનમાં વર્ણન આપ્યું છે તેમનો તેમજ પાઉપેઆદો હાથમાં તીર લઈ ફિર્દોસી સામે આવે છે. ફિર્દોસી આગળ જાય છે અને સલામ કરે છે. રૂસ્તમ ઘણીજ મોહબત અને પ્યારથી તેની સલામ લે છે. પછી ફિર્દોસી તરફ જોઈને હસે છે અને થોડાજ વારમાં રડે છે. અને કહે છે કે 'તારી મેહનતનો બદલો વાળવાનો મારો ઘણોજ વિચાર થાય છે પણ શું કરૂં મારેથી બની શકતું નથી. એક વખત મેં એક દુશમનની ગરદનમાંથી સાંકળી કાઢી હતી, પણ વિચાર કીધો કે મારે એને ઉપયોગમાં ન લેવી. તે ઉપરથી નેઝાની નોકે ઊંચકી આ જગ્યા ઉપર ભાંયમાં ડાટી દીધી. હવે તું ત્યાં જા અને તે જગ્યા ખોદ અને સાંકળી કાઢી લે.' એમ કહી તીર ફેંકી તે જગ્યા ફિર્દોસીને દેખાડી. સવારે ફિર્દોસી વિચારવા લાગ્યો કે, જો હું આ વાત કોઈ આગળ કહીશ તો બધા કહેશે કે એનું ભેજું ચકાસી ગયું છે, તેથી કોઈ આગળ પણ એ વાત કાઢીજ નહીં. જો કે એનાં દિલમાં તો એમજ લાગતું હતું કે સ્વપ્ના પણ ઘણી વખતે સાચા પડે છે. એ વાતને ઘણો વખત થઇ ગયો. એક વખત સુલ્તાનનું મકનાબાદ તરફ જવું થયું અને ફિર્દોસી પણ સાથેજ હતો. તે વખતે પેલો ખાબ ફિર્દોસીએ અયાઝને કહયો અને કહ્યું કે 'તું કોઈ આગળ એ વાત બોલતો ના નહીં તો બધા આપણને ચસકેલા સમજશે.' અયાઝે જવાબ દીધો કે 'તારૂં દિલ સાફ હોવામાં કંશો પણ શક છેજ નહીં. અને નિશ્ચય એ સ્વપ્નું ખરૂંજ હશે.' હવે જ્યારે સુલ્તાની લશ્કરે શેહરની બાહેર દરવાઝા આગળ ઉતારો કીધો ત્યારે ફિર્દોસીએ ખાબમાં જોયલો પેલો માટીનો ઢગલો એમનો એમજ જોયો. એ ઉપરથી ફરી અયાઝ આગળ વાત કીધી અને કહ્યું કે 'તું સુલ્તાન આગળ અર્ઝ કર કે 'હમણા જ્યારે પાદશાહી લશ્કર અત્રે આવ્યું છે તો જો આપ જહાનપનાહ હોકમ કરો તો સુલ્તાનને નામે અત્રે એક જગા બનાવ્યે.' સુલ્તાનને એ વિચાર ઘણોજ પસંદ પડયો. તે ઉપરથી પેલો માટીનો ઢગલો ખસાડવા લાગ્યા અને થોડી વારમાં કેટલીક સોનાની મોટી સાંકળીઓ તે લોકોને મળી. એ લઈ બધા સુલ્તાન આગળ આવ્યા અને ફિર્દોસીએ જોયલા ખાબનું બેયાન કીધું. સુલ્તાન એ સાંભળી ઘણોજ અજબ થયો અને ફરી પાછો ફિર્દોસી ઉપર એનો વિશ્વાસ વધ્યો અને હોકમ કીધો કે 'આ બધી સોનાની સાંકળીઓ મેં ફિર્દોસીનેજ બક્ષી દીધી.' જ્યારે એ સાંકળીઓ ફિર્દોસી પાસે લઈ ગયા ત્યારે મુફલેસી હોવા છતાં ફિર્દોસીએ કહ્યું કે 'એ બધો ખઝાનો બીજા કવિઓને વેંહેંચી આપો' અને પોતે તેમાંથી એક દીનાર પણ લીધો નહીં.

શાહનામુ લખવાની કીમત.

ફિર્દોસીને શાહનામુ રચવા આપ્યા પછી સુલ્તાને પોતાના વઝીર 'ખાજા હસન મયમન્દી'ને હોકમ કીધો કે 'દર હઝાર બયત જે ફિર્દોસી લખી લાવે તેના બદલામાં એને એટલાજ સુનાના

મેસ્કાલ* આપવા.'

હવે ફિર્દોસી પોતાની સઘલી તન મનની મેહનત સાથે શાહનામુ લખવા પર ગુંતાયો. જ્યારે એક હઝાર બયત પુરો કરી પાદશાહ પાસે લઈ જતો ત્યારે હસન મયમન્દી એને હઝાર સુનાના મેસ્કાલ આપવા માગતો, પણ ફિર્દોસી તે સ્વીકારવા ના પાડતો. એણે એવો વિચાર રાખ્યો હતો કે જ્યારે શાહનામુ સંપૂર્ણ કરીશ ત્યારે બધા પૈસા એકઠાજ લઈશ અને (જેમ આગળ આવ્યું તેમ) એમાંથી તૂસ શેહેરમાં જે પુલની ઘણીજ અગત છે તે એ પૈસામાંથી બંધાવીશ.

ફિર્દોસી સાથની હસન મયમન્દીની અદેખાઈ.

કહે છે કે ફિર્દોસીના ઘઝનીમાં આવ્યા પછી આસેપાસેના મુલકોમાંથી સુલ્તાનના જુદા જુદા ઓહ્દેદારો એની સાથે ઘણીજ સલુકાઈ વાપરતા અને એને માટે ઘણીજ સારી સારી ભેટો મોકલતા એના બદલામાં ફિર્દોસી એ લોકો માટે સારી સારી કવિતાઓ રચીને મોકલતો. એટલા માટેજ હસન મયમન્દીને ફિર્દોસીની અદેખાઈ લાગવા માંડી. અને એ ઉપરથીજ હસન મયમન્દી જેમ સુલ્તાને એને ફિર્દોસી સાથે વર્તવાનો હોકમ આપ્યો હતો તેમ નહીં વર્તતો. એમ કરતાં વાત એટલી બધી વધી ગઈ કે ફિર્દોસી કહેવા લાગ્યો કે 'દુન્યા રચાઈ તે વખતે ખોદાતાલાએ આ ચોપડી મારે હાથેજ લખવાનો હોકમ કીધો હતો અને એથીજ મને કાંઈ સુલ્તાનના બદલાની લાલચ નથી અને હસન મયમન્દીના ઠાઠ માઠ અને દબદબાની મને કશી પરવા નથી.'

મન બન્દહ્ કઝ્ મબાદીએ ફેત્રત નબૂદહ્ અમ
માયલ્ બમાલ્ હરૂગેઝો તામઅ બજાહ્ નીઝ્
સોવીં દરે વઝીરૂ ચેરા મુલ્તફેત શવમ
ચુ ફારેઘમ્ ઝે બારૂગાહે પાદ્શાહ્ નીઝ્

અર્થ—"આ સેવક જે પેદાયશની શુરૂઆતથી કોઈના માલ અને કશા પણ દબદબા તરફ લલચાયો નથી, તે હું વઝીરનાં બારણા તરફ શું કામ મોહું કરૂં? જ્યારે કે મેં પાદશાહી દરબારથીજ હાથ ઉઠાવ્યા છે."

વળી એમ પણ કહે છે કે હસન મયમન્દી 'સુન્ની' પંથનો હતો જ્યારે કે ફિર્દોસી 'શીઅહ' પંથનો; અને એટલા માટેજ ફિર્દોસી એને ઘણોજ તુચ્છ ગણતો. ફિર્દોસીના બીજા દોસ્તો એને એ બાબદ છોડી દેવા ઘણો સમજાવતા પણ ફિર્દોસી કહેતો કે—

બદેલ્ હરૂકે બુઘ્ઝે અલી કરૂદ્ જાય
ઝે માદરૂ બુવદ્ અયબે આન્ તીરહ્ રાય
કે નાપાકૂઝાદહ્ બુવદ્ ખસ્મે શાહ્
અગરૂ ચન્દ્ બાશદ્ બઅયવાનો ગાહ્
ઝે મયમન્દી આયીને મર્દી મજૂય
ઝે નામો નેશાનશ મકુન્ જુસ્તજૂય
કલમ બરૂ સરે ઊ બેઝન્ હમચુ 'મન'
કે ગુમ બાદ્ નામશ બહરૂ અન્જુમન્

અર્થ—જેનાં દિલમાં અલી તરફની અદેખાઈ પેઠી તે ઊંધી અકલનામાં તેની મા તરફથી કાંઈ વાંધો હોવો જોઇયે.

---

* મેરકાલઃ સાડા ચાર માષાંનો વઝન. બાર માષાંના એક તોલા થાય છે. હાલમાં એક તોલા સોનાની કીમત તેવીસ રૂપિયા થાય છે.

કારણકે નાપાકઝાદોજ પાદશાહ (અલી)નો દુશમન હોય છે પછી તે ગમે તેટલો ઊચે દરજ્જે કાંય નહીં હોય. તું મયમન્દી તરફથી ઈન્સાનીયતપણાની કશી પણ આશા રાખતો ના બલ્કે તેનું નામ અને નિશાન જાણવાની પણ દરકાર કરતો ના. તું પણ મારી માફકજ તેનાં નામ ઉપર છેકો મૂક. ખોદા કરેને એનું નામ દરેક મંજલેસમાંથી ગુમ થાય.

આ વાત ચુઘુલખોરો ખાજા હુસન મયમન્દી પાસે પુગાડતા જેથી ખાજા હુસને પોતાનો કીનો લેવાનો વિચાર કીધો પણ કાંઈ દાવ ન ફાવવે મૂંગોજ રહયો. હયાં સૂધી કે શેવટે જે બન્યું તે એણે કીધું.

ફિર્દોસીનો ધર્મ.

હુસન મયમન્દી સાથેની એની અદાવત પછી કહે છે કે એના બીજા દુશ્મનોએ એને 'રાફેઝી,' 'દહરી', 'મોતઝલી' વગેરે ધર્મ પાળનારો ઝાહેર કીધો અને તે આ ઉપરથી:—

બબીનન્દગાન્ આફ્રીનન્દહ્રા
નબીની મરન્જાન્ દો બીનન્દહ્રા

અર્થ—(ઓ માનવી!) તારી જોતી આંખોથી પેદા કરનારને તું જોઈ શકનાર નથી, માટે આંખોને તું વધારે રંજ અને તકલીફ ના આપ.

આ સખુનો ઉપરથી એમ માલૂમ પડે છે કે ખોદાતાલાને કશો ચેહરો કે રૂપ નથી અને તે કાંઈ કોઈથી દેખી શકાતો નથી.

અને આ લખાણ ઉપરથી કહેતા કે એતો ફિલ્સુફી છે:—

નેગહ્ કુન્ બદીન્ ગુમ્બદે તીઝ્ગરૂદ
કે દર્માન્ અઝૂયસ્તો ઝૂયસ્ત દરૂદ
વઝૂ ઝાર ગરૂદી વઝૂ સરૂફરાઝ
વઝૂ દાન્ ફુઝૂનીઓ હમ ઝૂ નેયાઝ

અર્થ—આ ઝડપથી ચક્રગતિ કરનાં મેહરાબદાર નભોમંડળ તરફ નઝર કર (કે તે પણ સખ્ત મેહનત કરે છે)—માણસ ઉપર વેદના પણ આ નભોમંડળથીજ ઉતરે છે અને વળી તે વેદના દૂર કરવાનો ઇલાજ પણ તેજ ધરાવે છે. તું તેનાથીજ નીચો પડે છે અને તેનાથીજ ઊંચો ચડે છે. તું તેનાથીજ વધારો અને તેનાથીજ ઘટાડો સમજ.

કારણકે આ સખુનો ઉપરથી એમ માલૂમ પડે છે કે દુન્યામાં જે કાંઈ બને છે તે બધું આ ફરતા આસ્માનની તાસીરથીજ થાય છે.

અને આ સખુનો ઉપરથી કહેતા કે એતો દહરયા ધર્મવાળો છે:—

ને ગશ્તહ્ ઝમાનહ્ બેફરૂસાયદશ
ને અઝ્ રન્જો તીમાર્ બુઝાયદશ
ને અઝ્ ગરૂદેશ આરામ્ ગીરદ હમી
ને ચૂન્ મા તબાહી પઝીરદ હમી

અર્થ—તે મંડળ વખતના વહેવા સાથ ઘસાતું નથી-તેમજ ચક્રગતિના શ્રમ કે પરિશ્રમથી તેને કાંઈ ડંખ કે દુઃખ લાગતુ નથી.. ચક્રગતિ છોડી તે શિથીલતામાં આવતું નથી (એટલે હમેશ ફરતુંજ રહે છે,)—તેમજ વળી આપણા માણસ મિસાલ તેનો નાશ થતો નથી.

કારણકે આ સખુનો ઉપરથી માલૂમ પડે છે કે આ ઝમાનો હમેશથીજ એમનો એમ ચાલ્યો છે અને ચાલ્યા કરશે અને તેમાં કશો પણ ફેરફાર પડવાનો નથી.

અને આ બયતો ઉપરથી કહેતા કે એ તો રાફેઝી છેઃ—

અગર્ ચશ્મ દારી બદીગર્ સરાય
બનઝ્દે નબીઓ અલી ગીર્ જાય
ગરત્ ઝીન્ બદ્ આયદ્ ગુનાહે મનસ્ત
ચુનીનસ્ત ઈન્ રસ્મો રાહે મનસ્ત

અર્થ—જો તને પેલી દુન્યામાં ભલાઈ મેળવવાની કશી આશા કરવી હોય તો નબી અને અલીનો પ્યારો બન. જો એમ કીધાથી કશું બૂરૂં થાય તો તેનો ગુનાહ મારે માથે,–હું કહું છું તેમજ છે અને મારો ધર્મ તો એજ છે.

એ ઉપરથી કહેતા કે એ તો રાફેઝી (શીઅહ) પંથનો છે. દુશ્મનોની અદેખાઈ માટે આ કેટલાં સંગીન કારણો છે તે તો દેખાઈતુંજ છે. જો કે એ બનવુ બિલકુલજ અશકય છે કે એકજ માણસ ફિલ્સુફી–દહરી–મુતઝલી અને રાફેઝી હોય.

સુલ્તાનના ફિર્દોસી ઉપરના અણગમાનું કારણ.

એમ બન્યું કે ફિર્દોસી શાહનામામાં જગે જગ જે આગળા ઈરાની પાદશાહો અને તેઓના વડીલોની ઘણીજ તારીફ કરતો તે સાંભળી સુલ્તાન મનમાં ઘણોજ મુઝાતો, કારણ એ લોકોની આવી તારીફ એ સાંભળી શકતો ન હતો. એ બાબે અયાઝ, જે ફિર્દોસીને પોતાના બાપ તરીકે ઈઝઝત આપતો હતો તેણે ફિર્દોસીને કહ્યુંહી હતું પણ હવે એ બાબદને સુધારવા માટે ઘણું મોડું થઈ ગયું હતું. દાખલા તરીકે કયખુસરૂનાં બેયાનમાં આવે છે કેઃ—

જહાનદાર્ પૂરે શૈયાવુશ મનમ
ઝે તોખ્મે કયાન્ શાહે રૂચીનતનમ
નબીરહ્ જહાન્દારે કાઊસે કય
દેલ્અફ્રૂઝો પુર્ દાનેશો નીકૂપય
ઝે માદર્ હમ અઝ્ તોખ્મે અફ્રાસેયાબ્
કે બા ખેશ્મે ઊ ગુમ શુદહ્ ખુર્દો ખાબ્
નબીરહ્ ફરીદૂનો પૂરે પશન્ગ્
કે બર્ પીલો શીરાન્ જહાન્ કર્દહ્ તન્ગ્

અર્થ—દુન્યાના ધણી સિયાવક્ષનો હું છોકરોછું,–કયાની અવલાદનો રોઈનતન પાદશાહ છું. જહાનદાર કયેકાઉસનો હું નબીરો છું,–દિલ ખુશ કરનાર દાનાઇનો ભરેલો અને સબકતે પગલેનો છું. માતા તરફથી હું અફ્રાસિયાબની અવલાદ છું કે જે (અફ્રાસિયાબ)ના ધુસ્સાથી લોકોની ઊંઘ અને ભૂખ ઉડી જતાં હતાં. જે ફરીદૂનનો નબીરો અને પશંગનો છોકરો છે કે જેણે હાથી અને વાઘને તાબેદાર કર્યા છે.

તેમજ વળી અસ્ફંદિયાર અને રૂસ્તમના બેયાનમાં જ્યાં અસ્ફંદિયાર પોતાની વડાઈ કરે છે ત્યાં એમ આવે છે કેઃ—

નેઝાદે મન્ અઝ્ તોખ્મે ગુશ્તાસ્પસ્ત
કે ગુશ્તાસ્પ્ બુદ્ પુરે લોહ્રાસ્પ્સ્ત
કે લોહ્રાસ્પ્ બુદ્ પૂરે અવરન્દ્ શાહ્
કે ઊરા બુદી આન્ ઝમાન્ તાજો ગાહ્
બુદ્ અવરન્દ્ અઝ્ ગઊહરે કયપશીન્
કે કર્દહ્ પશીન્ બર્ પેસર્ આફ્રીન્
પશીન્ બૂદ અઝ્ તોખ્મએ કયકોબાદ્
હુનર્મન્દ્ શાહે દેલશ પુર્ ઝે દાદ્

હમીદૂન બેરવ તા ફરીદૂને શાહ
કે અસ્લે કયાન્ બૂદો ઝીબાએ ગાહ

અર્થ—મારી બુન્યાદ ગુસ્તાસ્પનાં તોખ્મથી છે-કે જે ગુસ્તાસ્પ પોતે લોહરાસ્પનો બેટો છે. એ લોહરાસ્પ અવરન્દ શાહનો બેટો હતો-જે તે વખતનો પાદશાહ હતો. અવરન્દ કયપશીનની બુન્યાદથી હતો-કે જે પશીન પોતાના બેટા ઉપર આફ્રીન કરતો હતો. પશીન કયકોબાદનાં તોખ્મથી હતો-જે હોનરમંદ અને ઇન્સાફી પાદશાહ હતો. એમજ તું ફરીદૂનશાહ તક ચાલ્યો જા-જેઓ બધા કયાની વંશનાં જડ અને તખ્તને લાયક હતા.

વળી શાહનામામાં જ્યાં કેથે હલકી બુન્યાદવાળાઓ માટે લખે છે ત્યાં ઘણુંજ સખ્ત લખાણુ કરે છે એ પણુ સુલ્તાનને પસંદ નહીં પડતું હતું.

વળી એક કારણુ એમ પણુ હતું કે જ્યારે ફિર્દોસી શાહનામુ લખવામાં મશ્ઘૂલ હતો ત્યારે જે કાંઈ દાસ્તાન કે એ લખી તૈયાર કરતો તે ચો તરફ તુરતજ ફેલાઈ જતી અને તેના બદલામાં ચારો તરફથી ફિર્દોસીને માટે તરેહવાર ભેટો આવતી, પણ ફિર્દોસીએ સુલ્તાનના વાયદા ઉપર પુરેપુરો ભરોસો રાખયો હતો તેથી એવી ભેટ સોઘાત કંઈ પણુ ભેગી કરતો નહતો. દાખલા તરીકે રૂસ્તમ અને અસ્ફંદયારની રચેલી દાસ્તાન કોઈ માણુસ ફખરૂદ દઉલા દીલમી પાસે લઇ ગયો. તે લઈ જનારને પાનસો સોનાના દીનાર આપ્યા અને ફિર્દોસી માટે હઝાર સોનાના દીનાર મોકલ્યા. અને કહેવડાવ્યું કે 'જો તું અત્રે આવે તો તને એટલું આપું કે તેથી વધુ કોઈ બીજો આપી શકે નહીં.' આ વાત આખા ઘઝનીમાં ફેલાઈ ગઈ અને સુલ્તાનને કાને પણુ પુગી. એ પરથી ઓરબી સુલ્તાનનો ઘુસ્સો એની ઉપર વધ્યો કારણુ એજ દહાડાઓમાં સુલ્તાનને દીલમીઓ સાથે કચડાયલું હતું. હવે હસન મયમન્દીએ વખત જોઇને સુલ્તાન આગળ ભેરવી આપ્યું કે 'ફિર્દોસી તો રાફેઝી છે.' એ વાત સુલ્તાનનાં મનમાં બિલકુલ ઠસી ગઈ કારણકે દીલમીઓ બધા શીઅહ પંથના હતા.

ફિર્દોસીની અઉલાદ.

ફિર્દોસીનાં લગ્નનો સને અને એને કેટલાં ફર્ઝંદ હતાં તે બાબે કશું લખાણુ મળતું નથી. શાહનામામાં ખુસ્રવ પર્વીઝનાં દાસ્તાન દરમિયાન ફિર્દોસી પોતાના એક પુરા બેટાનાં અકાળ મરણુનો વિલાપ કરતાં લખે છે કેઃ—

મરા સાલ બુગ્ઝસ્ત બર્ • શસ્તો પંજ
ને નીકો બુવદ્ ગર્ બેયાઝમ બગન્જ
મગર્ બહ્રહ્ બરગીરમ અઝ્ પન્દે ખીશ
બર્ અન્દીશમ અઝ્ મર્ગે ફર્ઝન્દે ખીશ
મરા બૂદ નઉબત બેરફૂત આન્ જવાન્
ઝે દર્દશ મનમ ચૂન્ તને બીરવાન્
... ...
મરા શસ્તો પન્જો વરા સીઓ હફ્ત
નપુર્સીદ અઝીન્ પીશ તનહા બેરફૂત

અર્થ—જ્યારે હવે મારી પાંસઠ વર્ષથી વધુની ઉમર થઈ છે-ત્યારે મારે પોતાનો લોભ નહીં કરવો જોઇયે. કેવું સારૂં થાય કે હું પોતાનાજ કહેવા ઉપરથી ધડો પકડું-અને પોતાનાં ફર્ઝંદનાં મરણુથી વિચારીને ચાલું. જ્યારે મારો જવાનો વખત હતો ત્યારે તે જવાન ચાલતો થયો-અને તેનાં દુઃખથી હું જીવતોજ મરી ગયો છું.... ... ...મને પાંસેઠ અને તેને સાડત્રીસ; તે છતાં આ ડોસાને પુછયા વિના તે એકલો ચાલી ગયો.

એ ઉપરથી માલૂમ પડે છે કે એની અઠ્ઠાવીસ વર્ષની ઉમરે એને ઘેર ફર્ઝંદ પેદા થયું હોય જે એની પાંસઠ વર્ષની ઉમરે પોતાની સાડત્રીસ વર્ષની ઉમરમાં આ દુન્યા છોડી ચાલતો થયો.

નિઝામી રૂઉઝી સમરકન્દી લખે છે કેઃ—

"વ અઝ અકબ્ યક્ દુખતરૂ બીશ નં દાશ્ત"

અર્થ—અને પોતા પાછળ એક છોકરીથી વધુ કોઈ મૂકી ગયો નહીં.

ફિર્દોસીનું શાહનામુ પુરૂં કરવું.

જ્યારે ફિર્દોસીએ સાઠ હઝાર બયતો લખી શાહનામુ પુરૂં કર્યું ત્યારે સુલ્તાનની આગળ રજૂ કરવાની પરવાનગી માગી. સુલ્તાને હોકમ કીધો, લાવો. ફિર્દોસીએ આખી ચોપડી અયાઝને આપી કે સુલ્તાન સન્મુખ લઇ જાય. સુલ્તાને જ્યારે એ બયતો સાંભળી ત્યારે એને ઘણીજ પસંદ પડી. પછી ખાજા હસનને હોકમ કીધો કે હાથી ઉપર લાધીને એને સોનું આપવું કારણ આ શાહનામા જેવું લખાણ આજ સૂધી કોઈ પણ કરી શકયો નથી.

કે ગૂયદ્ ચુનીન્ નઝ્મ ચૂન્ દુરૂ રવાન્
કે ગૂયદ્ ચુ ફેરૂદઉસી અન્દરૂ જહાન્
રસદ્ સીતે નુત્કશ બચર્ખે બલન્દ્
કે ગોફૂતસ્ત નઝ્મે ચુનીન્ અરૂજમન્દ્
ઝે અન્ફાસે ઊ બૂયે જાન્ મીદમદ્
ઝે તર્કીબશ આબે રવાન્ મીચકદ્
દરાન્ દમ કે તીઘે ઝબાન્ બરૂકશીદ્
સફે જુમ્લએ શાએરાન્ બરૂદરીદ્
બમયદાને દાનેશ ચુ આન્ પીલતન્
નદીદીમ નઝ્મઆવરી તીઘઝન્
બપીશમ ચુ બુકુશદ્ ગન્જે ગોહરૂ
કુનુન્ પીલવારશ દેહમ ગન્જે ઝરૂ

અર્થ—"દુન્યામાં ફિર્દોસીની માફક આવી મોતી જેવી ઝમકતી અને વહેતી કવિતા કોણ બીજો લખી શકે? એના સખુનનો આવાઝ ઊંચા આસ્માને પુગે છે આવી મનોહર કવિતા કોણ બીજાએ રચી છે? તેના સાંભળવાથી જાણે શરીરમાં જીવ પાછો આવે જે તેની રચના જાણે વહેતો સમુદ્ર છે. જ્યારથી એણે કવિતા રચવા ઉપર પોતાની ઝબાનરૂપી તલવાર ખેંચી-ત્યારથી બધા કવિઓની સફની સફ એણે ઉડલાવી નાંખી. અકલનાં મયદાનમાં આ પીલતન જેવો બીજો કોઈ કવિ યોધ્ધો અમારા જોવામાં આવ્યો નથી. જ્યારે એણે અમારી આગળ સખુનરૂપી ખઝાનાનો દરવાઝો ખોલ્યો છે-ત્યારે હવે અમે પણ એને હાથી ભરીને ખઝાનો બખ્શેશ કર્યે."

હવે પેલા બૂરી નેયતના હસન મયમન્દીનો વખત આવ્યો. પાદશાહનો હોકમ સાંભળી એ બોલ્યો કે 'હાથી ભરીને ખઝાનો બક્ષવો એ સુલ્તાનને મનસે તો એક મચ્છરનું પરબી નથી તો પણ સુલ્તાન જાણે છે કે જેમ ઘણો ઘમ તેમજ ઘણી ખુશી પણ માણુસની હલ્લાકીનો સબબ થઈ પડે છે અને જો સુલ્તાનના હોકમ પ્રમાણે એટલો બધો ખઝાનો એ માણુસને મલશે તો કદાચ ખુશીને લીધે એ પોતાનો પ્રાણ છોડી દેશે.' વળી ઉમેર્યું કે 'ઓ આલમ પનાહ! અફસોસ કે એક ગામડ્યા કવિને સાઠ હઝાર સોનેરી મિસ્કાલ મળે, જો સુલ્તાનનો હોકમ હોય તો સાઠ હજાર ચાંદીના મિસ્કાલ બસ થશે.' સુલ્તાને જવાબ આપ્યો કે 'હું ધારૂં છું કે ફિર્દોસી ઘણાજ ઊંચ ખવાસનો છે અને એટલાં

નાણાથી એ મરી જાય નહીં.' ખાજા હસને જોયું કે કાંઈ દાવ ચાલ્યો નહીં ત્યારે વળી અર્ઝ કીધી કે 'જો હોકમ હોય તો પહેલાં સાઠ હઝાર ચાંદીના મિસ્કાલ મોકલી જોઈયે.' સુલ્તાને કાંઈ વિચાર કરી કહ્યું 'વારૂ મોકલો.' ખાજા હસને કોથળીઓમાં સાઠ હઝાર ચાંદીના મિસ્કાલ ભરી અયાઝ સાથે ફિર્દોસી ઉપર મોકલ્યા. એ વખતે ફિર્દોસી હમામખાનામાં હતો. જ્યારે બાહેર આવ્યો ત્યારે અયાઝે સલામ કરી. પેલી કોથળીઓ જોઈ ફિર્દોસી ઘણોજ ખુશ થયો. પછી કોથળીઓ આગળ મૂકી. કોથળીઓ ખોલીને જોતાં તેટલો બધોજ ઘમગીન પણ થયો; કારણ તેમાં સોનાની જગે ચાંદીનાજ સિક્કા ભરેલા હતા. પછી અયાઝને કહ્યું કે 'સુલ્તાને એવો હોકમ તો નહીં આપ્યો હતો.' એ ઉપરથી અયાઝે દરબારમાં થયલી બધી વાતચિત્ત બેયાન કીધી. જ્યારે ફિર્દોસીએ એ વાત સાંભળી ત્યારે કોથળીઓમાંથી વીશ હઝાર મિસ્કાલ હમામખાનાવાળાને આપ્યા. બીજા વીશ હઝાર અયાઝને અને ત્રીજા વીશ હઝાર હમામખાના પાસેજ બેઠેલા એક શરબત વેચનારને આપી દીધા, અને તેની પાસે શરબતનું એક પ્યાલું લઈ પીધું. પછી અયાઝને કહ્યું કે 'જઇને સુલ્તાનને કહેજે કે આ મહાભારત મેહનત જે મેં ઉઠાવી છે તે કાંઈ પૈસા મેળવવાની લાલચે નહીં પણ મુજ સેવકે માત્ર નામ અને પ્રશંસા માટેજ આં કામ કીધું છે.' નિઝામી ઉરૂઝી લખે છે કે 'સુલ્તાન મહમૂદ ખાજા બુઝોર્ગ અહમદ હસનને ઘણી ઈઝ્ઝત આપતો હતો જે બીજાઓથી દેખી શકાતું નહીં અને તેથી એના દુશમન થયા હતા. હવે જ્યારે શાહનામું પુરૂં થયું ત્યારે સુલ્તાને પેલા લોકોને પૂછયું કે ફિર્દોસીને શું આપું? તેઓ બોલ્યા કે પચાસ હઝાર દિરમ બલ્કે એટલાબી ઘણા થશે; કારણકે એતો રાફેઝી અને મુતઝલ્લી ધર્મવાળો છે અને સાથે સાથે શાહનામામાંથી દાખલા દલીલ તરીકે બયતો પણ કહી સંભળાવ્યાં. જો કે સુલ્તાન પોતે ધર્મની બાબતમાં તાસુબી રાખનારો હતો એટલે એ લોકોના કહેવાની અસર તુરતજ એના મન ઉપર સારી પખે થઈ ગઈ અને ફિર્દોસીને સાઠ હઝાર દિરમ આપવાનો હોકમ કીધો.'

સુલ્તાનનું ફિર્દોસી ઉપર ઘુસ્સે થવું.

એ સાંભળી સુલ્તાન ઘણોજ ઘુસ્સે થયો અને બોલ્યો કે "પેલા 'કેરમતી'ને સહવારના હું હાથીના પગ તળે કચડાવી નાખીશ કે એથી બીજા બેઅદબોને બોધ મળે." અયાઝે તુરતજ આ ખબર ફિર્દોસીને પુગાડી અને કહ્યું કે 'જો તું પોતાની ભલાઈ ઇચ્છતો હોય તો સુલ્તાનને પગે પડી કીધેલી તકસીરની માફી માગી લે, નહીં તો તું છે ને હાથીનો પગ.' ફિર્દોસીએ એમજ કીધું. સહવારે જ્યારે સુલ્તાન મેહલમાંના બગીચામાં ફરતો હતો ત્યારે ફિર્દોસીએ પોતાની રહેવાની જગાએથી બાહેર નીકળી (જે જગ્યા સુલ્તાનના મેહલની પાસેજ હતી) પોતાનું માથું સુલ્તાનના પગ ઉપર મૂકી દીધું અને બોલ્યો કે 'દુશ્મનો અને અદેખાઓએ મારે માટે સુલ્તાનને ભૂલાવો ખવાડયો છે કે હું કેરમતી અને રાફેઝી છું; પણ એ તદન ખોટું છે. તારો ઘોલામ તો તારાજ તાયફાનો છે માટે એવાનો જીવ લેવાથી હાથ ઉચક. જે બેઅદબી કે મેં સુલ્તાને મોકલેલી બખ્શેશ સાથે કીધી છે તે તો હું સુલ્તાનની મેહરબાની ઉપરજ છોડું છું.' વળી બોલ્યો કે:—

ચુ દરૂ મુલ્કે સુલ્તાન્ કે ચર્ખશ સેતૂદ
બસી હસ્ત તર્સાઓ ગબ્રો યહૂદ
કઝીશાન્ બજેઝ્યહ્ કેફાયત કુનન્દ
ઝરો માલો ખૂન્, શાન્ હેમાયત કુનન્દ

ગેરેફૂતન્દ દર્ મુલ્કે અદલશ કરારૂ
શુદહ્ ઈમન્ અઝ્ ગરૂદેશે રૂઝ્ગારૂ
ચે બાશદ્ કે સુલ્તાને ગરૂદૂન્ શેકૂહ્
રહીરા શુમારદ્ યકી ઝાન્ ગોરૂહ્

અર્થ—"સુલ્તાનના મુલકમાં, કે જે મુલકની આ ફરતું આસ્માન પણ તારીફ કરે છે—જ્યારે ઘણાક ક્રીસ્ટીઓ આતશ પરસ્તો અને યાહુદીઓ વસે છે—કે જેઓ પાસે ફકત જઝીઓજ લેવાય છે—અને તેઓનાં ધન દોલત અને જીવની રક્ષા કરવામાં આવે છે. કે જેથી તેઓએ અદલ ઈન્સાફના છાયા નીચે આસરો લીધો છે—અને ઝમાનાની ગરદેશથી નચિંત થયા છે. તો શું મોટી વાત છે કે આવાં મોટા દબદબાવાળો સુલ્તાન આ ઘોલામને પણ તેઓમાંનોજ એક ગણે?"

જ્યારે ફિર્દોસીએ ઘણીજ ઓઝર ખાહી કીધી અને ઉપલા કલામ તુરતજ રચીને સુલ્તાનને સંભળાવ્યા ત્યારે ફરી સુલ્તાનના ઊંચ ખવાસે પોતાનું કામ કીધું. સુલ્તાને ઝટ દઈને ફિર્દોસીને ગલે લગાડયો અને કહ્યું કે 'તારી સાથ મેં જે કંઈ સખ્તી કીધી છે તે માટે માફી માગું છું. અને તેં જે કાંઈ બેઅદબી મારી સાથે કીધી છે તે તને માફ કરૂં છું.' હવે ફિર્દોસી પાછો પોતાની ઉતારાની જગે આવ્યો અને વિચારવા લાગ્યો કે અહીંનો કાંઈ ભરોસો નથી. કોણ જાણે વળી કાલે સુલ્તાનના મિજાઝમાં શું આવી જાય? એમ વિચારી બીજા કેટલાક હઝાર બયત જે શાહનામામાં દાખેલ નહીં કીધાં હતાં તે બધાં ફાડી કકડા કરી નાખ્યાં અને કાગઝને આતશમાં બાળી નાખયું. પછી અયાઝને એક લફાફો (પરબીડું) આપીને કહ્યું કે 'આજથી વીશમે દહાડે આ કાગઝ સુલ્તાનને આપજે.' એમ કહી બેઉ જણા મળી ભેટી છૂટા પડયા અને ફિર્દોસીએ ઘઝની છોડી જવાનો નિશ્ચય વિચાર કીધો. રસ્તામાં જ્યારે 'મસ્જેદે જામેઅ' આગળ આવ્યો ત્યારે જે જગાએ કે સુલ્તાન બેસ્તો હતો તે જગે દીવાર ઉપર આ બે બયતો લખતો ગયો.

ખુજસ્તહ્ દરૂગહે મહ્મૂદે ઝાબુલી* દર્યાસ્ત
ચે ગૂનહ્ દર્યા કાન્‌રા કરાનહ્ પયદા નીસ્ત
ચુ ધૂતહા ઝદમો અનદરૂન્ નદીદમ દુર
ગુનાહે બખ્તે મનસ્ત ઈન્ ગુનાહે દર્યા નીસ્ત

અર્થ—મહમૂદે ઝાબુલીની મુબારક દરબાર એક મોટો દર્યો છે. કેવો દર્યો છે કે જેની કંઇ હદજ નથી. મેં જ્યારે એ દર્યામાં ડૂબકી મારી અને મને કશાં પણ મોતી હાથ લાગ્યાં નહીં, તો એમાં મારા નસીબનોજ વાંક છે પેલા દર્યાનો વાંક નથી."

નિઝામી ઉરૂઝી લખે છે કે "જ્યારે પેલા સાઠ હઝાર દિરમ ફિર્દોસીને પુગા ત્યારે ઘણોજ રંજીદા થયો. પછી હમામમાં જઈ નાહીને બાહેર આવ્યો અને એક ગ્લાસ શરબત પીધું અને પેલા દિરમ હમામવાળાને અને શરબતવાળાને વહેંચી આપ્યા. સાથે સાથેજ એ સુલ્તાનના ઘુસ્સાને પણ જાણતો હતો તેથી રાતો રાત ઘઝનીથી નીકળી 'હરી' તરફ ગયો અને ત્યાં 'અઝ્રકી'ના બાપ 'ઈસ્માઈલ વરાક'ની દુકાને ઉતારો લીધો. અત્રે એ છ માસ સૂધી ભરાઈ રહ્યો.' જ્યારે સુલ્તાનના માણસો એને તૂસમાં શોધી પાછાં ફર્યાં ત્યારે ફિર્દોસી નચિંત થઈ 'હરી'થી તૂસ તરફ ગયો.

---

* "તારીખે ફેરેશ્તહ" લખે છે કે "પેદરે સુલ્તાન્ મહમૂદ અમીર્ નાસેરૂઉદ્દીન સબુક્તેગીન્ અસ્ત વ માદરશ દર્ બનાત યકી અઝ્ અયાને ઝાબુલેસ્તાન્ એન્તેઝામ દાશ્ત બેનાબરાન્ ઊરા. ઝાબુલી ગૂયન્દ."

અર્થ—સુલ્તાન મહમૂદનો બાપ અમીર નાસિરઉદ્દીન સબુકતેગીન હતો. એની મા ઝાબુલિસ્તાનના ઉમરાવોના ખાનદાનની હતી એ ઉપરથી એને મહમૂદે ઝાબુલી કહયો છે.

સુલ્તાનનું હસન મયમન્દી ઉપર ધુસ્સે થવું.

જ્યારે અયાઝે જઈને ફિર્દોસીના કહેલા સખુન સુલ્તાન આગળ અર્ઝ કીધા ત્યારે સુલ્તાન હસન મયમન્દી ઉપર ઘણોજ ધુસ્સે થયો. અને ઘણાજ સખ્ત કલામો કહી તેને પોતા પાસેથી દૂર કાઢયો અને કહ્યું કે 'તારી આવી ભૂંડી ચાલને લીધે તેં મને કવિઓ આગળ કેટલો બધો હલકો પાડ્યો છે?' હસન મયમન્દીએ જવાબ આપ્યો કે 'પાદશાહી સરપાવ એક દિરમથી તે લાખ દિરમ સૂધી સરખીજ કીમત ધરાવે છે બલ્કે એક ચમટી ભરીને ખાક પણ જો મોકલી હોય તો લેનારે તેને સુરમાની પખે આંખમાં આંજવી જોઈયે.

સુલ્તાન ઉપર ફિર્દોસીની તાનાઝની.

વીશ દહાડા પછી જ્યારે અયાઝે પેલું કાગળ સુલ્તાનને આપ્યું અને સુલ્તાને તે ખોલી જોયું તો નીચલાં બયતો તેમાં લખેલાં હતાં.

બેદાન્ શહુરૂયારા કે ઈન્ રૂઝગારૂ
નમાનદ્ હમી બરૂ કસી પાયદારૂ
ચેહૂ આન્ કૂ રહે દાદો દીન્ આવરદ્
ચેહૂ આન્ કસ્ કે આયીને કીન્ આવરદ્
બગીતી નદારંન્દ્ હરૂ દ્વૂ. દેરન્ગ્
સઝદ્ ગરૂ નબાશદ્ દેલે શાહુ તન્ગ્
તો અય શાહે મહૂમૂદે કેશ્વરૂગોશાય
ઝે મન્ ગરૂ નતર્સી બેતરૂસ અઝ્ ખોદાય
કે પીશ અઝ્ તો શાહાન્ ફરાવાન્ બુદન્દ્
હમહુ તાજદારાને ગયહાન્ બુદન્દ્
ફેઝૂન્ અઝ્ તો બૂદન્દ્ યકૂસરૂ બજાહુ
બગન્જો સેપાહો બતખ્તો કોલાહુ
નકરૂદન્દ્ જોઝ્ ખૂબીઓ રાસ્તી
નગશતન્દ્ ગેરૂદે કમો કાસ્તી
હમહુ દાદ્ કરૂદન્દ્ બરૂ ઝીરૂદસ્ત્
નબૂદન્દ્ જોઝ્ પાકૂ યઝદાન્ પરસ્ત્
ગરૂ અયદૂન્ કે શાહી બગીતી તરાસ્ત્
બેગૂઈ કે ઈન્ ખીરહુ ગોફૂતન્ ચરાસ્ત્
નદીદી તો ઈન્ ખાતેરે તીઝે મન્
નેયન્દીશી અઝ્ તીઘે ખૂન્રીઝે મન્
કે બદદીનો બદ્કીશ ખાની મરા
મનમ્ શીરે નરૂ મીશ ખાની મરા
સુખાલેફૂ નેયમ્ નીઝ્ બદ્દીન્ નેયમ્
બજોઝ્ બરૂ રહે ઓલે યાસીન્ નેયમ્

ઓ પાદશાહ મહમૂદ! તું જાણ કે આ ઝમાનો-કોઈ ઉપર હમેશાં કાયમ રહેવાનો નથી.

શું ઇન્સાફી અને ધર્મી માણસ-કે પછી શું કીનાખોર ઝાલેમ,

આ બેહુ જણ દુન્યામાં હમેશના રહેતા નથી-(માટે આ વાતથી) જો પાદશાહ પોતાનું દિલ કચવાવશે નહીં તો બેહતર.

એ મુલક જીતનાર પાદશાહ મહમૂદ!-જો તું મારાથી નહીં ડરતો હોય તોપણ ખોદાથી તો ડર.*

કારણકે તારી આગમચ ઘણાક પાદશાહો થઈ ગયા છે-અને તેઓ દેશ ઉપર સર્વોપરી સત્તા ભોગવી ગયા છે.

દરજ્જાની બાબદમાં કે દ્રવ્યની બાબદમાં, બળની બાબદમાં કે રાજ અમલની બાબદમાં (કહું) તો તેઓ તારા કરતાં દરેક રીતે ઝિયાદાજ હતા.

તેઓનાં સર્વ કામો ભલાઈનાં અને ન્યાયના હતાં-તેઓ બગાડ, ખરાબી કે અન્યાય તરફ ઢળ્યા હતાજ નહીં.

તેઓ પોતાની રૈયત સાથ પુરેપુરા ઇન્સાફથીજ વર્તયા હતા-તેઓ ખોદાનો ડર રાખનારા ખોદાપરસ્તોજ હતા.

જ્યારે (આજ કાલ) દેશનો રાજકર્તા તુંજ થયો છે-તો ખરું કહે કે આવું વાહિયાત બોલવાનું કારણ શું?§

શું મારા કરડા સ્વભાવને હજી તેં ઓળખ્યો નથી?-શું મારી લોહી રેડનાર (ઝબાન રૂપી) તલવારનો ડર તને નથી લાગતો?

કે તું મને બૂરા ધર્મનો અને બૂરા તરીકાનો ગણે છે.-હું નર સિંહ જેવો (ઝોરાવર) છું છતાં મને તું મેંઢી જેવો બીકણ ધારે છે.?

હું નથી (તારો) દુશ્મન કે નથી હું બૂરો ધર્મ પાળનારો-"યાસીન†" (હઝરત મોહમ્મદ)ની અકલાદે દેખાડેલો રસ્તો છોડી હું (બીજે રસ્તે) જનારો નથી.

---

* ફિર્દોસી મહમૂદને એમ કહેવા માગે છે કે આખો ઈરાન દેશ જીતીને તું તેનો માલેક થયો છે. તું મારા જેવાથી ડરવાનો નથી, પણ તને ખોદાતાલાનો ડર રાખવોજ જોઇશે.

§ એટલે શાએર એમ કહેવા માગે છે કે લોકો કોઇને માટે ગમે એવું વાંકું બોલે, પણ જે ધણી દેશનો પાદશાહ કહેવાય તેને ઘટે નહીં કે લોકોના કહેવા બોલવા ઉપર ચાલીને કોઈ માણસને મોંમાંથી વાંકો શબ્દ બોલે.

† ઈસ્લામી બાઇઓની પવિત્ર કેતાબના એક બાગને "યાસીન"નાં નામે ઓળખે છે. જેમાં હઝરત મોહમ્મદ પયગમ્બરની

બદીન્ ઝાદહ્ અમ હમ બદીન્ બુગ્ઝરમ
યકીન્ દાન્ કે ખાકે ,પયે હયદરમ

અગર્ શાહ્ મહ્મૂદ અઝીન્ બુગ્ઝરદ
મર્ ઊરા બયક્ જવ્ નસન્જદ્ ખરદ
મરા સહ્મ દાદી કે દર્ પાએ પીલ્
તનત્‌રા બેસાયમ ચુ દર્યાએ નીલ્
નતર્સમ કે દારમ ,ઝે રઉશનદ્‌લી
બદેલ્ જાએ મેહ્‌રે નબીઓ વલી
ચુ અઝ્ મેહ્‌રે શાન્ મન્ હેકાયત કુનમ
ચુ મહ્‌મૂદરા સદ્ હેમાયત કુનમ

મનમ બન્દએ હર્ દો તા રસ્તખીઝ્
વગર્ શહ્ કુનદ્ પયકરમ્ રીઝહ્ રીઝ

મન્ અઝ્ મેહ્‌રે ઈન્ હર્ દો શહ્ નુગ્ઝરમ
અગર્ તીધે શહ્ બુગ્ઝરદ્ બર્ સરમ
મરા ઘમ્ઝહ્ કર્દન્દ્ કાન્ બદ્ સોખન્
બમેહ્‌રે અલીઓ નબી શુદ્ કોહન્

હરાન્ કસ કે દર્ દેલશ કીને અલીસ્ત
અઝ્ ખારતર્ દર્ જહાન્ ગૂ કે કીસ્ત
મન્ ઈન્ નામએ શહ્‌રયારાને પીશ
બેગોફ્તમ બદીન્ નગ્ઝ્ ગોફતારે ખીશ
ઝે અબ્યાતે ઘર્રા દો રહ્ સી હઝાર્
તમામીશ દર્ શીવએ કાર્ઝાર્
ઝે શમ્શીરો તીરો કમાનો કમન્દ
ઝે ગૂપાલો અઝ્ નીઝહાએ બલન્દ
ઝે બરગુસ્તુવાનો ઝે ખફ્તાનો ખૂદ
ઝે સહ્‌રાઓ દર્યાઓ અઝ્ ખુશ્કો રૂદ
ઝે ગોર્ગો ઝે શીરો ઝે પીલો પલન્ગ્
ઝે એફ્રીતો અઝ્ અઝ્દહાઓ નેહન્ગ્
ઝે નયરન્ગો ઘૂલો ઝે જાદૂયે દીવ
કઝીશાન્ બગર્દૂન્ રસીદહ્ ઘેરીવ
ઝે મર્દાને નામી બરૂઝે મસાફ્
ઝે ગોર્દાને જન્ગી ગહે રઝ્મો લાફ્
હમાન્ નામદારાને બા જાહો આબ્
ચુ તૂરો ચુ સલ્મો ચુ અફ્રાસેયાબ્
ચુ હૂશન્ગો તહ્‌મૂરસે દીવબન્દ
જહાનદાર્ જમશીદે શાહે બલન્દ
ચુ ઝહ્‌હાકે બદ્‌કીશો બીદીનો દાદ્
ફરીદૂન્ મેનૂચેહ્‌રે બા અદ્‌લો રાદ્

(ઈસ્લામી) દીનમાંજ હું જન્મેલો છું અને તેજ દીનમાં હું મરીશ–ચોકસ જાણજે કે હું હયદરનાજ* રસ્તાની ખાક છું (એટલે હયદરનાજ તરીકા પ્રમાણે ચાલનાર છું).

જો પાદશાહ મહમૂદ આ (તરીકો) છોડી દે–તો ડાહ્યા પુરૂષો તેને જવના એક દાણા જેટલો પણ વઝન નહીં આપે.

તેં મને ધમકી આપી કે નીલ નદીનાં પાણી મિસાલ તારાં શરીરને હાથીના પગ નીચે રગડી નખાવી પાએમાલ કરીશ;

(પણ તેથી) હું બીહતો નથી કારણકે પયગમ્બર અને અલી (બન્ને)ની પ્રીતિને (મારાં) ભલાં મનથી મારા દિલમાં મેં જગ્યા આપી છે.

તેઓ તરફની પ્રીતિની વાત જ્યારે હું કરીશ–ત્યારે (તેઓ મારાથી એટલા તો રાઝી થશે અને મારો વગવસીલો એટલો તો વધી જશે કે) સુલ્તાન મહમૂદ જેવા સોની હિમાયત કરવા નીકળી શકીશ.

પાદશાહ (મહમૂદ) જોઇયે તો મારાં શરીરના ટૂકડે ટૂકડા કરી નાખે–તોપણ (કહીશ કે હા), કેયામતના દિવસ સુધી તે બન્નેનો હું આધીન સેવક બનેલો છું.

તે બન્ને પાદશાહો (પયગમ્બર અને અલી)ની પ્રીતિ કદીબી છોડી નહીં દઇશ–જોઇયે તો મારાં સર ઉપર સુલ્તાનની તલવાર ચાલે.

(કેટલાકોએ) મારી નિન્દા કરી (તને કેહયું) કે " તે બદ સખુન બોલનાર (ફિર્દોસી)એ–તો માત્ર પયગમ્બર અને અલીનાજ પ્યારમાં પોતાની ઝિંદગી પુરી કરી. "

(પણ) જે શખ્સ પોતાના દિલમાં અલીની અંટસ રાખતો હોય–તેના કરતાં વધારે ધિક્કારને પાત્ર આ દુન્યાનાં કોણ હોય, તે મને કહે?

મેં મારાં સુંદર લખાણે આગલા પાદશાહોની તવારીખ લખી છે.

સાઠ હજાર ઉમદા બયતો–જે સઘળાં લડાઈની રીતભાતમાં–(લખ્યાં છે).

(જેવાં કે) તલવાર, તીર, કમાન, કમન્દ,–ગોર્ઝ, બુલંદ નેઝા,

ઘોડાની પાખર, બખ્તર, કોલાહ,–જંગલ, દર્યા, ઝમીન, નદી,

વરૂ, સિંહ, હાથી, ચિત્તા,–રાક્ષસ, અઝદહા, મગરમચ્છ,

ભૂતના ચાળા, અને દેવની જાદુઈ,–કે જેઓનો પોકાર આસ્માન ઉપર પહોંચેલો હતો.

(તેમજ) લડાઇને દહાડેના નામીચા મર્દો–અને લડાઈ તેમજ બડાઇને વખતના જંગી પહેલવાનો,

તેમ્રજ મર્તબાવાળા અને આબરૂદાર નામદારો–જેવા કે તુર, સલ્મ અને અફ્રાસિયાબ.

જેવા કે પાદશાહ હોશંગ અને દેવબંદ તેહમૂરસ–તથા જેહાનનો પાદશાહ પ્રતાપી જમશેદ.

જેવા કે અધર્મી, બૂરા તરીકાવાળા અને ઝાલેમ ઝોહાક–ઈન્સાફી અને અકલમંદ ફરીદૂન તથા મિનોચેહર.

વખાણ આવેલી છે. અરબી ભાષામાં " યા " નો અર્થ " ઓ " થાય છે અને " સીન " એક મૂળાક્ષરનું નામ છે, જે સઈયદ બોલનો પહેલો અક્ષર છે. ત્યારે " યા-સીન "નો અર્થ ઓ સઇયદ ! થાય છે, જે પયગમ્બર મોહમ્મદને માટે ઈસ્લામી લખનારાઓ વાપરે છે.

* અરબી ભાષામાં " હયદર "નો અર્થ " સિંહ " થાય છે. હઝરત અલી જે અરબ દેશના પયગમ્બર મોહમ્મદનો જમાઈ થતો હતો તેને તેની બહાદુરી માટે " હયદર " કહેતા હતા.

હમાન્ નવ્દરો નામવર્ ,કયકોબાદ્
ચુ કાઊસો કયખુસ્રવે પાક્ઝાદ્
ચુ લોહ્રાસ્પો ગોશ્તાસ્પો અસ્ફન્દેયાર્
ચુ ગર્શાસ્પો નયરમ્ ચુ સામે સવાર્
ચુ રોસ્તમ્ જહાન્પહ્લવાને બલન્દ્
કે બર્ ચર્ખે ગર્દાન્ ફેગન્દી કમન્દ્
ફ્રરામર્ઝે યલ્ બહ્મને જન્ગ્જૂય
ચુ દારાઓ એસ્કન્દરે નીક્ ખૂય
ચુ ગૂદર્ઝો હશ્તાદ્ પૂરે દલીર્
કઝીશાન્ ગુરીઝાન્ શુદી નર્રહ્ શીર્
ચુ જામાસ્પ્ કન્દર્ શુમારે સેપેહ્ર્
ફેરૂઝન્દહ્તર્ બુદ્ ઝે તાબન્દહ્ મેહ્ર્
ચુ શાહ્ અર્દ્શીરો ચુ શાપૂરે ઊ
ચુ બહ્રામો નૂશીરવાને નેકૂ
ચુ હોર્મુઝ્ ચુ પર્વીઝો પૂરશ્ કોબાદ્
ચુ ખુસ્રવ કે પર્વીઝ્ નામશ્ નેહાદ્
કુજા આન્ બુઝોર્ગોને બા દાદો દીન્
કુજા આન્ દેલીરાને પુર્ ખેશ્મો કીન્
કુનૂનસ્ત્ બાલીન્ શાન્ ખાકો ખેશ્ત્
ખુનુક્ આન્ કે જોઝ્ તોખ્મે નીકી નકેશ્ત્
તો હમ્ શાહે મહ્મૂદ્ બીદાર્ બાશ્
બહર્ નીકો બદ્ નીઝ્ હોશ્યાર્ બાશ્
કે ગીતી સેપન્જસ્તો જાવીદ્ નીસ્ત્
ફરત્ બર્તર્ અઝ્ ફર્રે જમ્શીદ્ નીસ્ત્
ચુનીન્ નામ્દારાનો ગર્દનકશાન્
કે દાદમ્ અઝીશાન્ યકાયક્ નશાન્
હમહ્ મોર્દહ્ અઝ્ રૂઝગારે દરાઝ્
શુદ્ અઝ્ ગોફ્તે મન્ નામ્ શાન્ ઝેન્દહ્ બાઝ્
ચુ ઈસા મન્ ઈન્ મોર્દગાન્રા તમામ્
સરાસર્ હમહ્ ઝેન્દહ્ કર્દમ્ બનામ્
યકી બન્દગી કર્દમ્ અય શહ્રયાર્
કે માનદ્ ઝે તૂ દર્ જહાન્ યાદ્ગાર્
બેનાહાએ આબાદ્ ગર્દદ્ ખરાબ્
ઝે બારાનો અઝ્ તાબેશે આફ્તાબ્
પય અફ્ગન્દમ્ અઝ્ નઝ્મ કાખે બલન્દ્
કે અઝ્ બાદો બારાન્ નેયાબદ્ ગઝન્દ્
બદીન્ નામહ્ બર્ ઉમ્રહા બુગ્ઝરદ્
બેખાનદ્ હરાન્ કસ કે દારદ્ ખરદ્
નકર્દી દરીન્ નામએ મન્ નેગાહ્
ઝે ગોફ્તારે બદ્ગૂય ગશ્તી ઝે રાહ્
બદન્દીશ્ કઝ્ રૂઝે નીકી મબાદ્
સખુનહાએ નીકમ્ બબદ્ કર્દ યાદ્
બરે પાદ્શાહ્ પયકરમ્ ઝેશ્ત્ કર્દ્
ફેરૂઝન્દહ્ અખ્ગર્ ચુ અન્ગેશ્ત્ કર્દ્
હરાન્ કસ કે શેઅરે મરા કર્દ પસ્ત્
નગીરદ્શ્ ગર્દૂને ગર્દન્દહ્ દસ્ત્
ઝે બદ્ગઉહરાન્ બદ્ નબાશદ્ અજબ્
નશાયદ્ સેતોર્દન્ સેયાહી ઝે શબ્

તેમજ નવદર અને નામવર કયકોબાદ-જેવા કે કાઊસ અને પાકઝાદ પાદશાહ કયખુસરૂ.

જેવા કે લોહરાસ્પ, ગોશ્તાસ્પ અને અસ્પંદિયાર-જેવા કે પેહલવાન કેરશાસ્પ, નરીમાન અને સામે સવાર.

જેવા કે બુલંદ મર્તબાનો જેહાન પેહલવાન રૂસ્તમ-કે જે ફરતા આસ્માન ઉપર (પણ) કમંદ નાખી શકતો હતો.

(તેમજ) પેહલવાન ફરામર્ઝ અને લડાયક બહમન-જેવા કે દારા અને નેકખસ્લતનો સેકંદર.

જેવા કે ગૂદર્ઝ અને તેના એંશી બહાદુર છોકરાઓ-કે જેઓથી નરસિંહ (પણ) નાસી જતા હતા.

જેવા કે જામાસ્પ કે જે સેતારાઓની ગણત્રી કરવામાં-નૂરમંદ આફતાબ કરતાં પણ વધુ રોશન હતો.

જેવા કે શાહ અર્દશીર અને તેનો શાપૂર-જેવા કે બેહરામ અને ભલો પાદશાહ નોશીરવાન.

જેવા કે હોરમઝ, પીરોઝ અને તેનો છોકરો કોબાદ-જેવા કે ખુસરૂ કે જેનું પર્વીઝ નામ આપવામાં આવ્યું હતું.

આ સઘળા ઈન્સાફી અને ધર્મી મહાન પુરૂષો કયાં રહ્યા છે ?-કયાં રહ્યા છે તે ઘોસ્સા અને કીના ભરેલા બહાદુરો ?

હાલ તેઓનું બિછાનું ખાક અને ઇંટ છે-તો ભાગ્યશાળી તેજ (કહેવાય) કે જેણે નેકીનાજ બી વાવ્યાં હોય.

ઓ મહમૂદશાહ ! તું પણ બેદાર થા-અને નેકી બદીના કામોનો વિચાર રાખ.

કારણકે દુન્યા તો ત્રણ પાંચ (થોડા) દિવસની છે કાંઇ હમેશાની નથી-તારો દબદબો જમશેદના દબદબા કરતાં ચઢતો નથી.

આંવા નામદાર પાદશાહો અને ગર્દન ઉઠાવનાર પેહલવાનો-કે જેઓના નામ નિશાન સઘળાં હું આપી ગયો છું.

તેઓ સઘળા લામ્બા ઝમાના થયા મરી ગયા છે-પણ મારા કહવાથી (શાહનામાથી) તેઓના નામ પાછાં જીવતાં થયાં છે.

પયઘમ્બર ઇસુ ખ્રિસ્ટની મિસાલ મેં આ સઘળાં મુવેલાંઓને-એક નાકેથી સર્વને (તેઓનાં) નામે (પાછાં) જીવતાં કર્યાં છે.

ઓ પાદશાહ ! મેં તારી એક એવી સેવા બજાવી છે-કે જે તારાથી દુન્યામાં (સદા) યાદગાર રહી જશે.

વરસાદ અને આફતાબની ગર્મીથી-બાંધેલી ઇમારતો ખરાબ થઇ જશે,

(પણ) મેં કવિતાથી એક એવા બુલંદ મેહલનો પાયો નાંખ્યો છે કે જેને તોફાન અને વરસાદથી (કશું) નુકશાન પહોંચશે નહીં.

આ તવારીખ ઉપર ઝમાના ગુઝરી જશે-(તોપણ) જે કોઈ દાનાઈ રાખતો હશે તે વાંચશે.

તેં આ મારી તવારીખ ઉપર નઝર નહીં કીધી-અને બૂરૂં બોલનારની વાતોથી તું આડે માર્ગે દોરવાયો.

તે દુશ્મન (હસન મયમંદી) કે જેનો ભલો દિવસ હવે કદી ના હોતો !-તેણે મારા નેક સખુનોને ખરાબ રીતે યાદ કર્યા.

તેણે પાદશાહ આગળ મને બૂરો ચીતાર્યો-(હું) આતશની રોશન ચણગારી (છું) પણ તેણે (મને) કોલસાનું રૂપ આપ્યું.

જે શખ્સે કે મારી કવિતાને હલકી પાડી છે-તે શખ્સનો હાથ ફરતો આસ્માન કદી પકડશે નહીં (એટલે ખોદાની મદદ મળશે નહીં).

બેબુન્યાદોથી બુરાઈ થાય (તેમાં) અજબ જેવું નથી-(કારણ કે) રાતમાથી કાળાસ સાફ થઇ શકતો નથી.

કે બદરેહ ચશ્મે બેહી દાશતન્
બુવદ્ ખાક્ દર્ દીદહ્ અમ્બાશતન્
સરે નાસઝાયાન્ બરૂઅફ્રાશતન્
વઝીશાન્ ઉમીદે બેહી દાશતન્
સરેરેશતએ ખીશ ગુમ્ કરૂદનસ્ત
વયા મારૂ દર્ જીબ્ પર્વરૂદનસ્ત
કે નાપાકઝાદહ્ મદારીદ્ ઉમીદ્
કે ઝન્ગી બેશુસ્તન્ નગંરૂદદ્ સફીદ્
દરખ્તી કે તલ્ખસ્ત વયરા સેરેશ્ત
ગરશ દરૂનેશાની બબાઘે બેહેશ્ત
વર્ અઝ્ જૂએ ખુલ્દશ બહન્ગામે આબ્
બબીખ્ અન્ગબીન્ રીઝીઓ શીરે નાબ્
સરન્જામ ગઉહર્ બકારૂ આવરદ્
હમાન્ મીવએ તલ્ખ બારૂ આવરદ્
બઅમ્બર્ ફેરૂશાન્ અગર્ બોગ્ઝરી
શવદ્ જામએ તૂ હમહ્ અમ્બરી
વગર્ તૂ શવી નઝ્દે અન્ગેશ્તગર્
અઝ્ જોઝ્ સેયાહી નેયાબી દગર્
ચુ પર્વરૂદેગારશ ચુનાન્ આફ્રીદ્
નેયાબી તો બર્ બન્દે યઝ્દાન્ કલીદ્
અગર્ મુન્સેફી બૂદી અઝ્ રાસ્તાન્
કે અન્દીશહ્ કર્દી દરીન્ દાસ્તાન્
બેગોફ્તી કે મન્ દર્ નેહાદે સખુન્
બેદાદસ્તમ અઝ્ તબ્અ દાદે સખુન્
જહાન્ અઝ્ સખુન્ કરૂદહ્ અમ ચૂન્ બેહેશ્ત
અઝીન્ બીશ તોખ્મે સખુન્ કસ નકેશ્ત
સખુન્ ગુસ્તરાન્ બીકરાન્ બૂદહ્ અન્દ
સખુનહાએ અન્દાઝહ્ પયમૂદહ્ અન્દ
વલીક્ અર્ ચે બૂદન્દ ઈશાન્ બસી
હમાના નગોફ્તસ્ત અઝીશાન કસી
ચુ ફેરૂદઉસી અન્દર્ ઝમાનહ્ નબૂદ્
બદ્ આન્ બુદ્ કે બખ્તશ જવાનહ્ નબૂદ્
મરા ગોફ્ત ખુસ્રવ કે બૂદસ્ત ગીવ
હમાન્ રોસ્તમો તૂસો ગૂદર્ઝે નીવ
મરા દર્ જહાન્ શહ્રૂયારી નવસ્ત
બસી બન્દગાનમ્ ચુ કયખુસ્રવસ્ત
ચુ દીહીમદારશ નબુદ્ દર્ નેઝાદ્
ઝે દીહીમદારાન્ નેયાવરૂદ્ યાદ્

ચુ અન્દર્ તબારશ બુઝોર્ગી નબૂદ્
નેયારોસ્ત નામે બુઝોર્ગાન્ શેનૂદ્
બુઝોર્ગી સરાસર્ બગોફ્તાર્ નીસ્ત
દોસદ્ ગોફ્તહ્ ચૂન્ નીમ કેર્દાર્ નીસ્ત
ચુ નામે શહાન્ બર્ બેખાનદ્ હમી
સર્ અઝ્ આસ્માન્ બુગ્ઝરાનદ્ હમી
બસી રન્જ બોરૂદમ દરીન્ સાલે સી
અજમ ઝેન્દહ્ કરૂદમ બદીન્ પારૂસી

બૂરી બુન્યાદનાથી ભલાઈની આશા રાખવી-(એ પોતાની) આંખમાં ધૂળ છાંટવા (બરાબર) છે.

નાલાયક માણસોને ઊંચી પદવી આપવી-(અને) તેઓથી ભલાની ઉમેદ રાખી બેસવું,

તે ગોયા દીવાનાપણું કહેવાય-(અથવા તો) ગજવાંમાંજ સાંપ પાળવા જેવું ગણાય.

નાપાકના જણેલાથી સારાં કામની ઉમેદ રાખતો ના-કારણકે હબશીને (ગમે એટલો) ધોવાથી સફેદ થતો નથી.

જે ઝાડનું બીજ કડવું હોય-તેને તું બેહેશ્તના બાઘમાં (પણ) રોપશે,

અને જો પાણી સીંચતી વેળા બેહેશ્તની નદીમાંનું (પાણી)-તથા મધ અને ચોખ્ખું દુધ તું તેનાં મૂળિયાંમાં રેડશે,

તોપણ શેવટે તે પોતાનાં બીયાંનીજ અસર દેખાડશે-અને કડવાંજ ફળ આપશે.

જો તું અમ્બર (સુગંધી પદાર્થ) વેચનારને ત્યાં જશે-તો તારાં લૂગડાં પણ સુગંધી થશે.

પણ જો તું કોલસા વેચનારને ત્યાં જશે-તો તેની પાસેથી મેસ સિવાય બીજું કાંઇ તને મળશે નહીં.

જ્યારે પર્વર્દેગારે તેને એજ સ્વેશેનો પેદા કર્યો-ત્યારે તું ખોદાના ભેદની ચાવી મેળવી શકશે નહીં.

જો સાચા પ્રમાણિકોમાંથી કોઈ (કવિતાની ખૂબી-ખામી જાણનારો) પરીક્ષક મારી (લખેલી) તવારીખની તપાસ કરતે,

તો તે શખ્સ તને કહેતે કે આ તવારીખ રચવામાં મેં મારી કલ્પના શક્તિથી કવિતાને ખરી દાદ આપી છે.

(મારા સખુનથી ઈરાન દેશને મેં બેહેશ્તની મિસાલ (જાણીતો) કર્યો છે-આ કરતાં વધારે સાદા કવિતાના બીજ કોઇએ હજી વાવ્યાં નથી.

કવિઓ બેશુમાર થઈ ગયા છે-અને તેઓએ અગણિત બયતો લખી છે.

વળી જો કે તેઓની સંખ્યા પણ મોટી હતી-છતાં જો એમજ કહીયે કે તેઓએ (વાંચવા લાયક) કાંઈજ લખ્યું નથી તો ચાલે.

આ ઝમાનામાં ફિરદોસી જેવો કવિ હતોજ નહીં-મગર એબ એટલીજ હતી કે તે ભાગ્યશાળી ન હતો.

પાદશાહ (મહમૂદે) મને કહ્યું કે "ગેવ કોણ હતો-તેમજ બહાદુર રુસ્તમ, તૂસ અને ગોદર્ઝ કોણ હતા ?

દુન્યામાં નવી પાદશાહી મારી છે-અને કયખુસરૂ જેવા ઘણાક ઘોલામો મારી પાસે છે."

પણ તેનાં ખાન્દાનમાં પાદશાહી દરજ્જે પહોંચેલું કોઈ ન હતું (યાને પાદશાહી અવલાદનો નહીં હતો)-તેથીજ તેણે પાદશાહો (ની તવારીખ) ઉપર ધ્યાન આપ્યું નહીં.

તેના ખાન્દાનમાં મોટાઈ હતીજ નહીં-તેથીજ તે મોટાઓનાં નામો સાંભળી શક્યો નહીં.

બસો શબ્દ બોલાય અને તેમાંના અડધા ઉપર પણ અમલ ન થાય-તો પછી ડંફાસ હાંકવામાં કાંઈ મોટાઈ સમાયલી નથી.

જો પાદશાહોનાં નામો તે (બરાબર) વાંચીને સમજે-તો તેનો દરજ્જો આસ્માનથી પણ બુલંદ વધે.

આ (નામા)માં ત્રીસ વર્ષ સૂધી મેં ઘણીક રંજ ખેંચી-અને આ ફાર્સી (ભાષા)માં ઈરાન દેશને પાછો જીવતો કર્યો.

બસી સાલ અન્દર સરાએ સેપન્જ
ચુનીન રન્જ બોરૂદમ બઉમ્મીદે ગન્જ
બદર્વીશીઓ નાતવાનીઓ રન્જ
કુનૂન સાલ બોગ્જશત અઝ સીઓ પન્જ
બદાન તા બપીરી મરા બર દેહદ
મરા પાદશાહ તખ્તો અફસર દેહદ
હમાન દર જહાન બીનેયાઝી દેહદ
મેયાને સરાન સરફરાઝી દેહદ
બપાદાશ ચૂન ગન્જરા બરગોશાદ
મરા જોઝ બહાએ ફોકાઈ નદાદ

ફોકાઈ બેયર્ઝીદમ અઝ ગન્જે શાહ
અઝાન મન ફોકાઈ ખરીદમ બરાહ
ચુ ઉમ્રમ બનઝદીકે હશતાદ શુદ
ઉમીદમ બયકબારહ બરબાદ શુદ
ચુ બરબાદ દાદન્દ રન્જે મરા
નબુદ હાસેલે સીઓ પન્જે મરા
ચુ દાના બુવદ શાહરા પીશકાર
ઝે નાદાને બદ્દીન બરઆરદ દમાર
બદાનેશ નબુદ શાહરા દસ્તગાહ
વગરનહ મરા બરનેશાન્દી બગાહ
અગર 'શાહરા' શાહ બૂદી પેદર
બસર બર નેહાદી મરા તાજે ઝર
વગર માદરે શાહ બાનૂ બુદી
મરા સીમો ઝર તા બઝાનૂ બૂદી
ખેરદ નીસ્ત મર શાહે મહમૂદરા
કે બીનમ કફશ માનએ જૂદરા
કફે શાહે મહમૂદે આલી તબાર
નોહ અન્દર નોહ આમદ સેહ અન્દર ચહાર
શહી કુ નેઝાદશ ઝે દર્વીશ બૂદ
બશાહનામહ અન્દર નબાયદ સેતૂદ
પેશીઝી બેહ અઝ શહરયારી ચુનીન
કે નય કીશ દારદ ને આયીને દીન

ગંજની ઉમેદમાં આ ત્રણપાંચ દહાડાની દુન્યામાં મેં ઘણાક વર્ષો સૂધી આવો શ્રમ ખેંચ્યો.

ગરીબાઈ, ઝઇફી અને મેહનતમાં પાંત્રીસથી વધુ વર્ષ ગુઝાર્યા છે.

એ ઉમેદથી. કે ઘડપણમાં તેનાં ફળ મળશે-અને પાદશાહ મને તખ્ત અને તાજ બખ્શેશ કરશે.

તેમજ મને આ દુન્યામાં હાજત વગરનો બનાવશે-[illegible] મોટાં માણસો વચ્ચે મને સરફરાઝી આપશે.

પણ જ્યારે મને બક્શો આપવા માટે (ખઝાનાનો) દરવાઝો ખોલ્યો ત્યારે તેણે એક જવ-ચોખાના શરાબનાં [illegible] કીમત કરતાં કાંઈ વધુ આપ્યું નહીં.

પાદશાહના ખઝાનામાં મારી કીંમત એક શરાબનાં પ્યાલાં જેટલી થઈ-તેથી તેનું એક શરાબનુ પ્યાલું રસ્તામાંજ ખરીદી પી ગયો.

જ્યારે મારી ઉમર લગભગ એંસીની થઈ-ત્યારે મારી આશા અચિન્તી ભંગ થઇ ગઇ.

"જ્યારે આવી રીતે તેઓએ મારી મેહનત બરબાદ કીધી-ત્યારે પાંત્રીસ વર્ષની મેહનતનું ફળ કાંઈજ નહીં આવ્યું.

જો પાદશાહનો રાજઅમલ દાનાઈ ભરેલો હતે-તો બૂરા તરીકાવાળા નાદાનને જડ બેખથી ઉખેડી કાઢતે.

પણ શાહે અકલ ઉપર કાબૂ મેળવ્યો નથી-નહીં તો તે મને તખ્ત ઉપર બેસાડતે.

જો પાદશાહનો બાપ પાદશાહજ હતે-તો મારે માથે સોનેરી તાજ મૂકતે.

જો પાદશાહની મા મહારાણી હતે-તો ગુંટણ સૂધી આવે એટલું સોનું રૂપું મને આપતે.

પાદશાહ મહમૂદને અકલ નથી- કારણ કે તેનો હાથ તેને સખાવતનાં કામો કરતાં અટકાવે છે. *

જેમ નવે નવે એકયાસી અને ત્રણ ચોગ બાર હોય છે-તેમ પાદશાહ મહમૂદની હથેલી હોય છે.

જે પાદશાહ ગરીબ માણસની અવલાદથી ઉતરી આવેલો હોય-તેને પાદશાહોની તવારીખની કેતાબમાં વખાણવો નહીં જોઇયે.

આવા એક ઢંગધડા વગરના અને દીનધર્મ વગરના પાદશાહ કરતાં તો એક મુફલેસ માણસ વધારે સારો.

---

* ખોલાસો. "અકદે અનામેલ"ની રૂયે એટલે કે આંગળીઓ વડે આંકડા દેખાડવાની રીતે નવે નવે એકયાસી અને ત્રણ ચોગ બાર મળી ત્રાણુંનો આંકડો દેખાડવામાં હાથની મુઠી વાળી બંધ કરવાની ઝરૂર પડે છે તેમ સખાવતની બાબદમાં શાહ મહમૂદના હાથની હથેલી સદા વળેલીજ હોય છે. મુંબઈ તેમજ હિંદુસ્તાનનાં બીજાં શેહરોમાં હિંદુ વગેરે વેપારીઓ વેપારની જણસોના ભાવતાલ હાથ ઉપર કપડું નાખીને ખાનગી રીતે કરે છે, તે રીતને મળતી આવતી એક રીત ફાર્સીમાં છે જે "અકદે અનામેલ"ને નામે ઓળખાય છે. આગળાં વડે આંકડા દેખાડવા માટે આ રીતનો ઉપયોગ કરવામાં આવે છે. દાખલા તરીકે હાથના અંગુઠાનાં ટેરવાં ઉપર જો પહેલી આંગળીનું ટેરવું મેળિયે અને ગોળ કુંડાળું કરિયે તો નેવુંનો આંકડો દેખડાય. જો તેની સાથે બીજી એટલે કે વચલી આંગળી વાંકી વાળિયે તો એકાણું થાય. તે સાથે ત્રીજી આગળી વાંકી વાળિયે તે બાણુંનો આંકડો થાય. અને વળી જો ચોથી એટલે કે છેલ્લી આંગળી પણ વાંકી વાળિયે અને હથેલી બંધ કરિયે તો ત્રાણુંનો અંક દેખડાય. "અકદે અનામેલ"ના ધોરણે ત્યારે ત્રાણુંનો અંક દેખાડતાં હાથની મુઠી વળીને હથેલી બંધ થઈ જાય છે. "નોહ અન્દર નોહ આમદ"નો અર્થ નવને નવે ગુણવું થાય છે. તેજ પ્રમાણે ત્રણને ચારે ગુણવાને ફાર્સીમાં "સે અન્દર ચહાર કર્દન" કહે છે. એકયાસી અને બારનો જુમ્લો ત્રાણું થયો અને ત્રાણુંનો આંકડો ઉપલી રીતે દેખાડતાં હથેલી બંધ થાય છે. આ ત્રાણુંના આંકડાને કેટલાક સાહેબો નીચલી રીતે સમજાવી પાદશાહ મહમૂદ "બખીલ હતો" કરી અર્થ કરે છે. તે એમ કે ત્રાણુંનાં આંકડાનો અર્થ ફાર્સીમાં "લઈમ બૂદ" કરીને કરે છે. એટલે "બખીલ હતો" અબજદને કાયદે "લઈમ બૂદ"નો સરવાળો ત્રાણું થાય છે. લામનાં ત્રીસ, ઇનાં દશ, હમ્ઝાનો એક, મીમનાં ચાળીસ, બેના બે, વાવનાં છ અને દાલનાં ચાર.

ને ઈન્ બૂદમ્ અઝ્ શાહે ગીતી ઉમીદ
અઝ્ અઉવલ્ ને ઈનગૂનહુ દાદમ્ નવીદ
અગર્ ખુદ જહાન્દાર્ નામી બુદી
બરાયો બદાનેશ ગેરામી બુદી
શેનીદી ચુ ઝીનગૂનહુ શાયો સોખન્
ઝે શાહોને પીશીનો રસ્મે કોહન્
દેગર્ ગૂનહુ કર્દી બહાલમ્ નેગાહુ
નગશ્તી ચુનીન્ રૂઝ્ગારમ્ તબાહુ
જહાન્ તા બુવદ્ શહ્‌રયારાન્ બુવદ
પયામમ્ બરે તાજદારાન્ બુવદ
કે ફેરૂદઉસીએ તૂસીએ પાક્ જોફૂત
ને ઈન્ નામહુ બર્ નામહુ મહ્‌મૂદ ગોફૂત
બનામે નબીઓ અલી ગોફૂતહુ અમ
ગોહરહાએ મઅની બસી સોફૂતહુ અમ
મરા નામ બાયદ્ કે માનદ્ બજાય
વર્ અન્દાઝદમ્ દર્ તેહે પીલ્ પાય
હસદ્ બોર્દ્ બદ્‌ગૂય દર્ કારે મન્
તબહુ કર્દ્ બર્ શાહ્ બાઝારે મન્
ગરમ્ ગશ્ત વયરાન્ બરે શાહ્ ગન્જ
બઓકૂબા શુદ આબાદ ગન્જમ્ ઝે રન્જ
બનઝ્‌દે ખોદાવન્દે જાન્આફ્રીન્
બસી બોર્દહુ અમ ઝીન્ જહાન્આફ્રીન્
રઊનત્ બુવદ્ ઝીન્ પસઝ્ મન્ ગલહુ
હકૂમત્ બદાદાર્ કર્દમ્ યલહુ
હરાન્ગહ્ કઝીન્ તીરગી બોગ્ઝરમ્
સખુનહાએ મહ્‌મૂદ યાદ્ આવરમ્
બેનાલમ્ બયઝ્‌દાને પર્વર્દેગાર્
ફેશાનમ્ બસર્ ખાકે રૂઝે શુમાર્
કે યા રબ્ રવાનશ બઆતેશ બેસૂઝ
દેલે બન્દએ મુસ્તહક્ બર્ફેરૂઝ
અઝીન્ ગોફૂતમ્ ઈન્ બયતહાએ બેલન્દ
કે તા શાહ્ ગીરદ્ અઝીન્ કાર્ પન્દ
કઝીન્ પસ બેદાનદ્ ચે બાશદ્ સોખન્
બેયન્દીશદ્ અઝ્ પન્દે પીરે કોહન્
દેગર્ શાએરાન્‌રા નેયાઝારદ્ ઊ
હમાન્ હોર્મતે ખુદ નેગહ્‌દારદ્ ઊ
કે શાએર્ ચુ રન્જદ્ બેગૂયદ્ હજા
બેમાનદ્ હજા તા કયામત બજા
ખોદાયા તો તક્‌સીરે ઈન્ મર્દે પીર્
બેબખ્શો બેશવ્ બન્દહ્‌રા દસ્તગીર્
તો આબાદ દારમ્ બદીગર્ સરાય
ચે ખાહમ્ ઝે દુન્યાએ મર્દુમગઝાય
રવાને મરા દર્ મોકામે સફા
ફેરૂદ્ આર્ દર્ હઝ્‌રતે મુસ્તફા

મને દુન્યાના પાદશાહથી આવી આશા નહીં હતી-પ્રથમ મને તેણે આવી આશા નહીં આપી હતી.

અગર પાદશાહ પોતે નામચીન હતે-અને અકલ અને દાનાઈમાં બુઝોર્ગ હતે,

જો તેણે આગલા પાદશાહો વિષે અને તેઓની રીતભાત વિષેના મારા વિચારો અને લખાણો સાંભળિયા હતે,

તો તેણે મારી હાલતનો કેવળ જુદીજ રીતે વિચાર કર્યો હતે-અને આવી રીતે મારી ઝિંદગી ખરાબ નહીં થતે.

જ્યાં સૂધી દુન્યા હયાત છે ત્યાં સૂધીનાં (જેબી)પાદશાહો હોય-તે પાદશાહો ઉપર મારો પયગામ છે,

કે તૂસના વતનદાર નેક માબાપના છોકરા ફિર્દોસીએ-આ શાહનામુ મહમૂદને અર્પણ કર્યું નથી.

પણ પયગમ્બર અને અલીને અર્પણ કર્યું છે-(કે જેમાં) અકલના ઘણાક મોતીઓ વિંધ્યાં છે

(દુન્યામાં) મારૂં નામ (જળવાઈ) રહે તેજ મને જોઇયે છે-પછી જો (પાદશાહ) મને હાથીના પગ નીચે નાખે (તો શું થયું) ?

નિન્દાખોરે મારાં કામની અદેખાઈ કરી-અને પાદશાહ આગળ મારી આબરૂનો નાશ કર્યો.

જો કે પાદશાહ આગળ મારી દવલતની બરબાદી થઈ છે-પણ પેલી દુન્યામાં મારી મેહનતની દવલત એકઠી થઈ છે.

તેથીજ તે જાનને પેદાના કરનાર સાહેબની આગળ-આ જેહાનમાં રહી મેં ઘણાક શુકાના કર્યા છે.

હવે જો ફર્યાદ કરૂં તો તે ખોટીજ કહેવાશે-મારા ઈન્સાફનું કામ મેં તો ખોદાતાલા ઉપર છોડયું છે.

જે વેળા આ સિયાહ ભૂમિ હું છોડી જઇશ-તે વેળા હું મહમૂદની વાતો (વર્તણુક) યાદ કરીશ.

કયામતને દિવસે માથા ઉપર ધૂળ નાખતો--પર્વર્દેગાર ખોદાતાલા આગળ પોકાર કરીશ,

કે " ઓ ખોદા ! તે (નિન્દાખોર) નાં રવાનને દોઝખના આતશમા બાળી નાખજે-અને આ દાદ ચાહનાર બંદાનું દિલ રોશન કરજે.

એટલાજ માટે આ ઉમદા બયતો મેં લખ્યાં છે-કે જેથી કરી પાદશાહને ધડો મળે.

હવે પછી સમજશે કે (કવિઓના) સખુન કેવા હોય છે-અને ઘરડા માણસોની નસીહત ધ્યાનમાં લેશે.

તે બીજા શાએરોને દુ:ખ નહીં દેશે-અને તે પોતાની આબરૂ પણ તપાસશે.

કારણકે જો શાએરને દુ:ખ દેશે તો તે સખ્ત ટીકા કરશે-અને તે ટીકા કયામત સૂધી કાયમ રહેશે.

ઓ ખોદા ! તું આ ઘરડા માણસનો કસૂર-માફ કરજે અને મુજ બંદાનો મદદગાર થજે !

મને તું બીજી દુન્યામાં આબાદ રાખજે-આ લાગણી દુખાવનાર દુન્યા સાથ મને કશું કામ નથી.

હઝરત મોહમ્મદ મુસ્તફાના પાક પવિત્ર મુકામે મારાં રવાનને ઉતારો આપજે.

નિઝામી ઉરૂઝી લખે છે કે 'તૂસથી એ શાહનામુ લઇને તબરેસ્તાન આવ્યો. અત્રે બાવંદનેં ખાન્દાનનો 'શીરઝાદ' નામનો હાકેમ હતો. એ ખાન્દાન ઘણુંજ ઊંચું છે અને છેક યઝદજર્દ શેહ-

ચ્યારને પુગે છે. અત્રે આવી ફિર્દોસીએ મહમૂદની હજવ (Satire) લખી અને દીબાચામાં આસરે સો (૧૦૦) બયત એ બાબતના લખી શીરઝાદને સંભળાવ્યાં અને કહ્યું કે 'આ શાહનામું મહમૂદનાં નામ ઉપરથી કાઢી તારે નામે અર્પણ કરૂં-કારણ એમાં બધી વાતો તારાંજ ખાન્દાનીઓની આવેલી છે.' શીરઝાદે ફિર્દોસીનો ઉપકાર માની એની વખાણ કીધી અને કહ્યું કે 'લોકોએ સુલ્તાનને ભંમાવ્યો અને જેમ જોઇયે તેમ તારી ચોપડી એની સન્મુખ ધરી નહીં. અને તને શીઅહ્ પંથનો ઠેરવ્યો. હવે જે કોઈ પયઘમ્બરનાં ખાન્દાન સાથેજ મોહબત કરે છે તેનું આ દુન્યામાં કશું વળતું નથી. કારણ તેઓનું પોતાનુંજ કશું વળ્યું નહતું. મહમૂદ મારો માલેક છે અને તું શાહનામું એનાં નામ ઉપરજ રહેવા દે. તેં કીધેલી એની હજવ તું મને આપ કે હું તેની ઉપર પાણી ફેરવું અને તને કાંઈ આપું. મહમૂદ તો પોતે તને તેડે છે અને તને ખુશી કરવા માટે આતુર છે. આવી સુંદર ચોપડી પાછળ કીધેલી મેહનત તું ફોકટ ના ખોઈ દે.' એમ કહી બીજે દહાડે ફિર્દોસી ઉપર એક લાખ દિરમ મોકલ્યા અને કહેવાડયું કે પેલી સો બયત તું મને મોકલ, અને ખુશી થા. ફિર્દોસીએ તે સો બયત મોકલી અને કહેવાડયું કે 'તું એની ઉપર પાણી ફેરવજે' અને પોતા પાસે જે મુસ્વદો (અસલ લખાણ) હતો તે પણ ધોઈ નાખ્યો; અને એ પ્રમાણે પેલી હજવ ધોવાઇ ગઈ અને તેમાંના થોડાક બયત બાકી રહી ગયાં.'

(જુઓ ઉપલી હજવ.).

ફિર્દોસીનું ઘઝની છોડી જવું.

ઉપર કહેલું કાગઝ અયાઝને આપી ફિર્દોસીએ હવે ઘઝનીને છેલ્લી સલામ કીધી. પાસે ભાત્યાં પોત્યાંનું પણ કંઈજ નહીં હતું. ફક્ત હાથમાં એક લાકડી, ખભાં ઉપર ઓઢવાની ચાદર અને પગ પેયાદો આ ૭૦ વર્ષનો ડોસો પોતાની ૩૦ થી ૩૫ વર્ષની મેહનત પછી રંજીદા અને તુટેલાં દિલ સાથે સઘળી આશાઓ પોતાની આંખ આગળ ભંગ થયલી જોતો જોતો રસ્તે પડયો. એના વખાણનારાઓએ તેમજ બીજા દોસ્ત આશનાવોએ ઘણો વિચાર કીધો કે 'રસ્તા માટે તો એનો કાંઈ પણ બંદોબસ્ત કર્યે.' પણ શું કરે? બધા સુલ્તાનની ધાકથી અને વઝીરના ખવ્વાસથી ડરતા હતા. લેકીન અયાઝે પોતાનો ફર્ઝંદ તરીકેનો હક શેવટ સૂધી પુરો કીધો. કોઇને પણ ખબર ન પડે તેમ એણે ફિર્દોસી માટે સવારી અને રસ્તાનો ખર્ચ એની પાછળ રવાના કીધો. હવે ફિર્દોસી સાથે સુલ્તાને અને એના વઝીરે ચલાવેલી વર્તણુક ચારો તરફ ફેલાવા લાગી અને દરેક સમજુ માણસ એ બેઉ ઉપર લઅનત નાખવા લાગ્યા. જ્યારે એ ખબર કોહેસ્તાનના મુલકમાં પુગી ત્યારે કોઇએ તે મુલકના હાકેમ 'નાસેર લક'ને પણ એ વાત કહી. હાકેમે પોતાના ઉમરાવોને મોકલી ઘણાજ માન મરતબા સાથે ફિર્દોસીને પોતા પાસે બોલાવ્યો અને પોતે એસ્તેકબાલ ગયો. અને ફિર્દોસીને લાવીને એની ઘણીજ ખાતેરદારી કીધી. હવે ફિર્દોસીએ વિચાર કીધો કે સુલ્તાન અને તેના વઝીરે ચલાવેલી ચાલના બદલામાં એક એવી ચોપડી લખી જાઉં કે જે હમેશે સૂધી દુન્યામાં યાદગાર રહી જાય અને જેમા ઠપકા સિવાય કશું હોયજ નહીં.' એ વાત જ્યારે નાસેર લકને માલૂમ પડી ત્યારે ફિર્દોસીને તેડાવી કહ્યું કે 'સારાં માણસોનું એ કામ નથી કે કોઈની નિન્દા કરવી અને તેબી વળી સુલ્તાનની. માટે તું એ વાતથી હાથ ઉઠાવ.' એમ કહી ફિર્દોસીને એક લાખ દિરમ આપી કહ્યું કે 'તારે એવી ચોપડી ન

લખવી ન તેનો વિચાર કરવો.' ફિર્દોસીનો પણ ઘોસ્સો હવે નર્મ પડી ગયો હતો તેથી એ વિચારજ માંડી વાળ્યો. આ થોડાંક બયત તેજ વિચાર વખતે લખ્યાં હતા.

બઘઝની મરા ગરચે ખૂન શુદ જેગર
કે બીદાદે આન શાહે બીદાદગર
કઝાન હીચ, શુદ રન્જહુ સી સાલહુ અમ
શન્વીદ આસ્માન અઝ ઝમીન નાલહુ અમ
હમીખાસ્તમ તા ફેઘાનહા કુનમ
બગીતી અઝ દાસ્તાનહા કુનમ
ચુ અઝ નીકોઈહા દોરૂઘમ બખાસ્ત
અઝાન પસ દરૂઆયમ બબદહાયે રાસ્ત
બિગૂયમ કે માદરૂશ નીઝ અઝ પેદરૂશ
નતરૂસમ બઘયરૂ અઝ ખુદાવન્દે અરૂશ
કુનમ આન ચુનાન દ સેયહુ અઝ નુખોસ્ત
કે નત્વાનદ આનરા બહીચ આબ શોસ્ત
ચુ દુશમન નમીદાનદ અઝ દુસ્ત બાઝ
બતીઘે ઝબાનરા કનમ પૂસ્ત બાઝ
વલીકેન કે ફરૂમૂદએ મોહતશમ
નદાનમ કઝીન પીશ સરૂ ચૂન કશમ
ફેરેસ્તાદમ અરૂ ગોફતઈ દાશતમ
બનઝદીકે ખુદ હીચ નુગઝાશતમ
અગરૂ બાશદ ઈન ગોફતહા ના સવાબ
બેસૂઝાન દરૂ આતેશ બેશવ આન દરૂ આબ
ગુઝશતમ અયા સરૂવરે નીકુરાય
અઝીન દાવરી તા બદીગરૂ સરાય
રસદ. લુત્ફે યઝદાન બફરૂયાદે મન
સેતાનદ બમહશરૂ અઝ દાદે મન

અર્થ—"પેલા ઝુલ્મી પાદશાહના સેતમથી—અગરચે ઘઝનીમાં મારૂં કલેજું વિંધાઈ ગયું. તેનાથી મારી ત્રીસ વર્ષની મેહનત બરબાદ થઈ—મારી ફર્યાદ ઝમીનથી આસ્માન સૂધી સંભળાઈ. હું ચાહ[illegible] કે પોકાર કરૂં—અને દુન્યામાં તે વિષેની વાતો છોડી જાઉં. જ્યારે મારી નેકીઓ તેને ખોટી લાગવા માંડી—ત્યારે હવે હુ[illegible] ખરીઓને ખુલ્લી પાડું. હું તેની મા અને તેના બાપનું પણ બેયબ્બ કરીશ—બુલંદ આસ્માનના માલેક સિવાય હું કોઈથી [illegible]રીશ નહીં. પહેલેથી તેને એવો તો કાળો મોઢનો કરૂં કે—તે કાળાસ કોઇપણ પાણીથી ધોવાઈજ શકાય નહીં. જ્યારે તે દોસ્ત અને દુશમનનેજ પિછાની નથી શકતો—ત્યારે તો હું તેને મારી ઝબાનરૂપી તલવારે બિલકુલજ ઉઘાડો પાડીશ. પણ મારા મેહરબાનનાં ફર્માવ્યાને સબબે—હવે હું માથું કેમ ઉંચું કરી શકું? તે ઉપરથીજ જે કાંઈ મારી પાસે લખેલું હતું તે મોકલ્યું છે—અને પોતા પાસે કાંઇ પણ રાખ્યું નથી. જો આ મારા કલામો વાજબી નહીં હોય તો—ભલે તું તેને બાળી નાખજે અથવા પાણીમાં ડૂબાડી દેજે. આ મારી ફર્યાદનો તો હવે ઓ નેક અકલના સરદાર! હું પેલી દુન્યામાં ઈન્સાફ માગીશ. અને ખોદાની મેહરબાનીજ મારી ફર્યાદે પુગશે—અને કેયામતમાં મારો ઈન્સાફ તેની પાસે લેશે."

કોહેસ્તાનથી ફિર્દોસીનું આગળ જવું.

હવે નાસેર લકે ફિર્દોસીને ઘણુંજ માન મરતબા સાથે પોતાને મુલકથી રવાના કીધો. એને સુલ્તાન સાથે ઘાડી દોસ્તી હોવે જે કાંઈ ફિર્દોસી તરફથી સાંભળ્યું અને જોયું હતું તે સઘળું સુલ્તાનને લખ્યું અને વધુ ઉમેર્યું કે 'અજાયબ જેવી વાત છે કે નીચ વિચારવાળા માણસોના કહેવાથી ફિર્દોસી જેવા દુન્યામાં કાબેલમાં કાબેલ શાએરને એની ત્રીસ વર્ષની સખ્ત મેહનત પછી સુલ્તાન જેવાની દર-

બારથી નામુરાદ અને તુટેલાં દિલ સાથે પાછું ફરવું પડે.' કાગઝની શેવટે ઉપર લખેલાં બયતો-માંનાં બે બયત પણ લખ્યાં. એતેફ્રાકથી સરદારનો કાગઝ શુક્ર વારને દહાડે ઘઝની પુગ્યો. અને જે દહાડેથી કે ફ્રિર્દોસીએ જામેઅ મસ્જેદની દીવાર ઉપર પેલા બે બયતો લખ્યાં હતાં તે દહાડા પછી સુલ્તાન પણ મસ્જેદમાં આવ્યોજ નહુતો. જ્યારે આ શુક્રવારે આવ્યો ત્યારે પેલાં બે બયત વાંચી ઘણોજ વિચારમાં પડયો અને વિચારમાંનો વિચારમાંજ મસ્જેદમાંથી બાહેર આવ્યો. જ્યારે દરબારમાં પુગ્યો ત્યારે પેલા સરદારનું કાગઝ મળ્યું. એ વાંચીને તો ઓરબી વધારે ફિક્રમંદ થયો અને કાગઝમાં લખેલાં પેલાં બે બયત વાચીને તો એનાં લોહીનું પાણી થઈ ગયું. ફિર્દોસીના જે વખાણનારા અને દોસ્તો એ વખતે હાઝેર હતા તે લોકે તાલ જોઇને સુલ્તાનને કહ્યું કે 'અદેખાઓનાં કહેવાથી બિચારા ફ્રિર્દોસી ઉપર ઘણોજ સખ્ત ઝુલ્મ થઈ ગયો છે અને એમાં કશો પણ શક નથી કે એ વાત હમેશે સૂધી દુન્યામાં રહી જશે અને લોકો એનું કારણ અદેખાઈ, બખીલી અને બૂરી નીયત કરીનેજ દેખાડશે. સાઠ હઝાર દીનાર આવા મોટા ખઝાનામાં કે જ્યાં હઝારો મન સોનું રૂપું પડયું છે ત્યાં શું બિસાતમાં હતા?' હવે ફ્રિર્દોસીએ અયાઝને આપેલાં પેલાં કાગઝની પણ ખબર ખુલ્લી થવા માંડી તેમ તેમ સુલ્તાન વધારેને વધારે ફિક્રમંદ થતો ગયો. અને જે લોકોએ કે ફ્રિર્દોસીની અદેખાઈ કીધી હતી તે લોકો ઉપર ઘણોજ ઘુસ્સે થયો અને હસન મયમન્દીને ઘણોજ ઠપકો દેવા લાગ્યો બલ્કે એવા ના-લાયકનું નામ એણે મુર્વેલાંઓમાં દાખલ કર્યું.

ફ્રિર્દોસીનું માઝન્દરાન જવું.

કોહિસ્તાનથી નીકળી સુલ્તાન અને વઝીરની બીહુકે હવે ફ્રિર્દોસી માઝન્દરાન પુગ્યો. અત્રે આવી એણે શાહનામામાં સૂધારો વધારો કરવા માંડયો. અને કેટલાક બયત માઝન્દરાનના હાકેમની તારીફમાં લખી એ ચોપડીમાં ઉમેર્યાં. એ વખતમાં માઝન્દરાનનો હાકેમ શમ્સુલ મઆલીના છોકરા મિનોચેહરના છોકરા દેશુગ્ગીરના છોકરા શમ્સુલ મઆલી કાબૂસના છોકરાઓમાંથી હતો. એનો છોકરો સુલ્તાનનો જમાઈ થતો હતો. એ છોકરો મા તરફથી મર્ઝબાન નામાના લખનાર શર્વીનના છોકરા રૂસ્તમના છો-કરા મર્ઝબાનની છોકરીનો છોકરો હતો.

કે ઘઝની ચુ ફેરૂદઉસી આમદ બેરૂન
અઝાન્ જા બમાઝન્દરાન્ શુદ દેરૂન
બેગુસ્તરૂદ આનજા બેસાતે સુખન
વઝ શુદ હેકાયત બહર અન્જુમન
બએસ્લાહે શાહનામહ કરૂદ ઊ પસીચ
ઝે હશ્વ અનદરાન્ નામહ નુગઝાશ્ત હીચ
દરાન્ બૂમો બર્ ચૂન તવકુકોફ નમૂદ
બશાહનામહ દર્ વાલીઅશરા સેતૂદ
બનઝ્મી કે બર્ નસર્ મસ્તાદ નેહાદ
બશેઅરી કે શેઅરા બપાયશ ફેતાદ
સેતાયેશ ચુનાન્ કરૂદ આન શાહરા
કે દર્ તીરહ્ શબ્ ગુમરહાન્ માહરા

અર્થ—જ્યારે ફ્રિર્દોસી ઘઝનીથી નીકળ્યો—ત્યારે હવે માઝન્દરાનમાં આવ્યો. અત્રે એણે પોતાના સખુનો ફેલાવવા માંડયા-જેની ચો તરફ વાતો ચાલી. પછી એણે શાહનામામાં સુધારો વધારો કરવા માંડયો—અને એ ચોપડીને દરેક અલફાતુ લખાણથી

સાફ કીધી. જ્યારે એ મુલકમાં એણે વસવાટ કીધો–ત્યારે તે મુલકના માલેકની તારીફ શાહનામામાં દાખલ કીધી. તે એવી સુંદર કવિતામાં રચી કે તે બયતો પોતાની સુંદરતાને સબબે જાણે આસ્માન ઉપરના સેતારાની ઉપર પોતાનું તખ્ત માંડતી હતી–અને “શેઅરી” સેતારો (લુબ્ધક Dogstar) તેના પગ ઉપર પડતો હતો. તે પાદશાહની એવી તારીફ કીધી–કે જેમ કોઇ ભૂલો પડેલો અંધારી રાતમાં માહતાબની તારીફ કરે.

અચાનકજ એક માણુસ હાકેમ પાસે આવી કહેવા લાગ્યો કે ‘તૂસનો એક કવિ અત્રે આવેલો જે શીઅહ પંથવાળો છે અને સાથે એક ચોપડી લાવેલો છે જે એણે ઘઝનીમાં લખી હતી. ચોપડીનું નામ શાંહનામુ છે. એ કવિ એ ચોપડી પાદશાહની સન્મુખ રજૂ કરવાનો વિચાર રાખે છે.’ હાકેમને એની અને સુલ્તાનની બધી વાત માલૂમ હતી અને વળી એ પણ શીઅહ પંથનોજ હતો તેથી કહ્યું કે ‘જ્યારે એ અલીના ખેશીઓનો દોસ્ત છે ત્યારે તો જો એ ચોપડી મોકલે તો હું એને લાયકનું ઈનામ આપું.’ એ વાતચિત્ત થયા પછી શેવટે જ્યારે ફિર્દોસીએ શાહનામુ હાકેમ પાસે મોકલ્યું ત્યારે કવિઓના ધારા પ્રમાણે તેમાં હાકેમની તેમજ તેના વડીલોની ઘણી લામ્બી લામ્બી તારીફનાં બયતો ઉમેર્યાં. પેલો હાકેમ એ વાંચી ઘણોજ ખુશ થયો અને ફિર્દોસીને પોતાને ત્યાંજ રાખવાનો નિશ્ચય વિચાર કીધો. વળી સુલ્તાનના ઠપકાથી પણ બીધો અને ઘણો કીમતી સરોપાવ ફિર્દોસીને માટે મોકળી કહેવાડયું કે ‘જ્યારે સુલ્તાન તારાથી નારાજ છે ત્યારે તો તારા અત્રે રહેવાથી કદાચ કાંઈ નવી આફત તારી ઉપર ન આવી પડે માટે મેહરબાની કરી તું અત્રેથી કેથે બીજી જગાએ ચાલી જા.’

ફિર્દોસીનું બધદાદ જવું.

ગેરેફ્તૂ આન્ અતારા ઓ બસ શાદ શુદ
અઝાન જાયગાહ સૂએ બધદાદ શુદ

અર્થ—તે આપેલી બખ્શેશ લઇને ખુશ થયો–અને ત્યાંથી બધદાદ તરફ ચાલ્યો.

એ ઉપરથી ફિર્દોસી માઝન્દરાનથી રવાના થયો અને બધદાદ પુગ્યો. અત્રે એને કોઈ પણ સાથે કશી મુલાકાત ન હતી. તેથી કેટલાક દહાડા તો બીચારો એખલોજ રહયો. એક દહાડે એક વેપારી જેની સાથે એને કાંઈ એક આગળી ઓળખ હતી, તે ફિર્દોસી પાસે આવ્યો અને ઘણાજ માન મરતબા સાથે એને પોતાને ઘર લઈ ગયો. જ્યારે ફિર્દોસીએ રસ્તાની થાકથી અને ઝમાનાની મેહનતથી થોડોક વીસામો લીધો ત્યારે પેલા સૌદાગરને પોતાની બધી વાત અવ્વલથી આખેર સૂધી કહી. વાત સાંભળી સૌદાગર બોલ્યો કે “ખોદાના શુકરાના કર કે હવે તું ‘અમીર ઉલ મોમીનીન’ના સાયા હેઠલ પુગો છે અને યમનની જગાએ આવ્યો છે. હવે તું બિલકુલ નચિન્ત થઇને રહે. કારણકે અમીર ઉલ મોમીનીન સાથે મને ઘણો સારો લાગવગ છે. હું ઝરૂર તારી હકીકત વઝીરને કહીશ જે અમીર ઉલ મોમીનીન સૂધી પગાડશે.’ એમ કહી તુરતજ પેલો વેપારી વઝીર પાસે ગયો અને ફિર્દોસીની સઘળી હકીકત બેયાન કીધી. વઝીરે એ વાત સાંભળી પેલા બુદ્ધિ અને દાનાઈના ભંડારને પોતા પાસે તેડાવ્યો. ફિર્દોસી કે જે અરબી ભાષાનો પણ ઘણોજ કાબેલ ઉસ્તાદ હતો, તેણે અરબી ભાષામાં એક ઘણોજ વિદ્વતા ભર્યો કસીદો લખી વઝીર આગળ ધર્યો. જે કોઈ વિદ્વાનો કે તેની દરબારમાં ત્યાં હાઝેર હતા તે બધા આ કસીદાનું લખાણ સાંભળી ઘણાજ અજબ થયા અને ફિર્દોસીની ઘણીજ તારીફ કીધી. વઝીરે હવે ફિર્દોસીને પોતાના ઘરમાં ઉતારો આપ્યો અને દિલાસો દીધો કે ‘અમીર ઉલ મોમીનીન આગળ તારો મરતબો ઘણોજ ઊંચો થશે કારણ તારી અદભુત કવિતા શક્તિ માટે ખલી-

ફાએ પણ સાંભળ્યું છે.' પછી વઝીરે ખલીફા આગળ ફિર્દોસીની બધી વાત કહી. એની ત્રીસ વર્ષની મેહનત, સુલ્તાનનું એના ઉપર ઘુસ્સે થવું, કમીના હુસન મયમન્દીની એની સાથની અદેખાઈ એ બધું વિસ્તાર પૂર્વક બેયાન કીધું. એ સાંભળી ખલીફાએ હાઝેર થવાનો હોકમ કીધો. ફિર્દોસીએ ખલીફાની તારીફમાં એક હઝાર બયત લખી એની સન્મુખ ધરી. એ સાંભળી ખલીફાએ આગળ કીધેલી બખ્શેશોમાં ઓરબી વધારો કીધો અને ફિર્દોસીનો મરતબો ઘણોજ વધાર્યો, અને પોતા પાસેજ રાખ્યો."

ફિર્દોસીનું યૂસુફ ઝુલીખાના કિસ્સાનું લખવું.

હવે જ્યારે ફિર્દોસીએ બધદાદમાંજ પોતાનું રેહેઠાણ કીધું, અને શાહનામાને ખલીફા તેમજ તેના બીજા માણસો પસંદ કરવા લાગ્યાં–કારણ તેમાં ઈરાનના પાદશાહોની કારકીર્દીની તારીફ હતી કે જેઓ ઇસ્લામી ધર્મવાળા નહીં હતા–ત્યારે ફિર્દોસીએ કુરાનમાં આવેલો યૂસુફ ઝુલીખાનો કિસ્સો કવિતામાં રચવા માંડયો.

હેકાયાતે આન્ દાસ્તાન્ બસ્ ખશસ્ત
સખુનહાયે જાન્પરૂવરો દેલ્કશસ્ત
બેયા કેસ્સહ્ અઝ્ કઉલે દાદાર્ ખાન્
કે બેસ્તાયદત મર્દે બેસ્યાર્દાન્
અલેફ્ લામ રા તેલ્કે આયાતરા
બેખાન્ તા બેદાની હેકાયાતરા

અર્થ—"આ દાસ્તાનની હેકાયત ઘણીજ સુંદર છે–એના શબ્દો જીવ બક્ષનારા અને મનોહર છે. તું આવ અને દાદારનો કહેલો કિસ્સો સાંભળ–કે જેથી ઘણું જાણનારો મર્દ તારી સ્તુતી કરશે. 'અલેફ્, લામ, રા,'વાલી નિશાનીની આયાતને–તું વાંચ ત્યારે તને એ હેકાયત માલૂમ પડશે."

જ્યારે એ કિસ્સો ખલીફાને સંભળાવ્યો ત્યારે ખલીફાએ તેમજ બધદાદવાળાઓએ ઘણોજ પસંદ કીધો અને ફિર્દોસીનો માન મરતબો વધાર્યો. આ તરફ સુલ્તાનનાં માણસોને ફિર્દોસીને શોધતાં શોધતાં એમ પત્તો લાગ્યો કે એતો બધદાદના ખલીફાના માયા ભર્યા છાયા હેઠલ આરામથી વસે છે. એ ઉપરથી સુલ્તાન મહમૂદે એક ઘણુજ તાકીદનું કાગઝ ખલીફા ઉપર લખ્યું કે 'જો તું પેલા કેરમતીને તુરતજ મારી દરબારમાં નહીં મોકળશે તો બધદાદને હાથીઓના પગ તળે રગડી નખાવીશ.' જ્યારે કાગઝ ખલીફાને પુગ્યું, ત્યારે ખલીફાએ હોકમ કીધો કે "એના જવાબમાં 'અલમ વ સલામ' એ ત્રણ શબ્દો લખી મોકલો." કાસેદ જ્યારે નામાનો જવાબ લઈ પાછો ફર્યો અને સુલ્તાનને આપ્યો ત્યારે સુલ્તાન તેમજ એની દરબારના સઘળા લોકો પેલા ત્રણ શબ્દો જોઈ ઘણાજ અજબ થયા. સુલ્તાને પોતાની દરબારના વિદ્વાનોને પૂછયું કે 'આ ત્રણ શબ્દોથી શું મતલબ છે?' દાનાવોએ ઘણોજ વિચાર કરી કહ્યું કે 'સુલ્તાને કાગઝમાં ખલીફાને લખ્યું હતું કે બધદાદને હું હાથીઓના પગ તળે કચડાવી નાખીશ તેના જવાબમાં ખલીફાએ એમ લખ્યું છે કે 'અલમ તરકીફ ફઅલે રબ્બુક બ અસ્હાબે ઉલ ફીલ' (હાથીઓના સાહેબ સાથે તારા રબે શું કીધું તે તેં શું નથી જોયું?)' સુલ્તાન એ સાંભળી ઘણોજ ખુશ થયો અને કાસેદોને સરોપાવ બક્ષ્યો.

સુલ્તાનની ફિર્દોસી તરફ ફેરવાયલી લાગણી.

થોડાક વખત પછી સુલ્તાનને એના એક દુશ્મન સાથે લડાઈ કરવાનો વખત આવી લાગ્યો. લડાઈ અગાઉ એક કાગઝ પેલા દુશ્મન ઉપર લખવાનો વિચાર કીધો અને વઝીરોમાંથી એકને પૂછયું કે 'એ કાગઝમાં દુશ્મનને ધમકી આપવા માટે તું શું લખશે?' વઝીરે જવાબ દીધો કે 'અબૂલ કાસેમ ફિર્દોસીએ લખ્યું છે તે:—

અગર્ જોઝ્ બકામે મન્ આયદ્ જવાબ્
મનો ગોર્ઝો મયદાનો અફ્રાસેયાબ્

અર્થ—"જો મારી ધારણાથી કશો ઉલટો જવાબ આવ્યો-તો પછી હું છું, મારો ગુર્ઝ છે, મયદાન છે અને અફ્રાસેયાબ."

એ સાંભળી સુલ્તાન બોલ્યો કે 'એ બીચારાને આપણા તરફથી કશો પણ લાભ થયો નહીં. એણે ત્રીસ વર્ષ સુધી મેહનત કીધી ને શાહનામાને કવિતામાં રચ્યું, અને એમ કરતાં કરતાં બીચારો જવાનનો બુઢઢો થયો અને આપણી દરબારથી નાઉમેદ થઇને પાછો ફર્યો.' એ વિચાર પછી તરતજ સુલ્તાને હોકમ કીધો કે 'સાઠ હઝાર સોનાના દીનાર અને બીજો ઘણોક સરપાવ ફિર્દોસી માટે મોકલો અને આગળ જે એની સાથે વર્તણુંક ચલાવી છે તે માટે માફી ચાહો.' નિઝામી ઉરૂઝી લખે છે કે 'હિજરી સને ૫૧૨ માં મેં નિશાપૂરમાં અમીર મોઅઝઝીને બોલતાં સાંભળ્યો કે 'તૂસ ખાતે મેં અમીર અબદુલ રઝઝાકથી સાંભળ્યું કે એક વખત મહમૂદ હિંદુસ્તાનથી ઘઝની ખાતે પાછો ફરતો હતો તે વખતે રસ્તામાં એક દુશ્મનનો ઘણોજ મઝબૂત કિલ્લો હતો. બીજે દહાડે સુલ્તાને તે કિલ્લા સામેજ ઉતારો લીધો અને એક કાસેદને મોકલી પેલાને કહેવડાવ્યું કે કાલે હમારી ખેદમતમાં હાઝેર થઈ સરોપાવ લઈ જજે. બીજે દાહડે મહમૂદ તૈયાર થયો અને પોતાના જમણા હાથ ઉપર ખાજા બુઝોર્ગને લીધો કે એની ગમથી પેલો કાસેદ પાછો ફરતો હતો. સુલ્તાને ખાઝાને પૂછયું કે 'જો મન માનતો જવાબ નહીં આવ્યો હશે તો?'

ખાજા બોલ્યો કે:—

અગર્ જોઝ્ બકામે મન્ આયદ્ જવાબ્
મનો ગોર્ઝો મયદાનો અફ્રાસેયાબ્

અર્થ—"જો મારી ધારણાથી કશો ઉલટો જવાબ આવ્યો-તો પછી હું છું, મારો ગોર્ઝ છે, મયદાન છે અને અફ્રાસેયાબ."

એ સાંભળી મહમૂદે પૂછયું કે 'એ બયત કોણનો છે કે જેમાંથી બહાદુરી નીકળે છે?' ખાજાએ જવાબ દીધો કે 'એ પેલા બીચારા અબૂલ કાસેમ ફિર્દોસીનો બયત છે કે જેણે પચીસ વર્ષ મેહનત કરી એવી સરસ ચોપડી તૈયાર કીધી પણ જેનું કશુંએ ફળ ચાખી શકયો નહીં.' મહમૂદે કહ્યું 'તું ખરૂં કહે છે, હું એ કીધાથી પશેમાન થયો છું કે તે અમીરી ખવાસનો માણસ મારેથી નાસેપાસ પાછો ફર્યો. ઘઝની પુગ્યા પછી તું મને યાદ દેવાડજે, હું એને માટે કાંઈ મોકલીશ.' ઘઝની પુગ્યા પછી ખાજાએ સુલ્તાનને યાદ દેવાડી જે ઉપરથી સાઠ હઝાર દીનાર તથા બાર ઊંટ ભરીને 'નયલ' (Gift) ફિર્દોસી માટે મોકલ્યા અને જે કાંઈ થયું હતું તેની માફી ચાહી. જ્યારે આ ખઝાનો તિબ્રાન પુગ્યો અને 'રોદબાર' નામના દરવાઝામાંથી ઊંટો અંદર જતાં હતાં ત્યારે 'રઝાન'

નામના દરવાઝામાંથી ફિર્દોસીનું તાબૂત બાહેર આવતું હતું.

શાહનામુ લખવાનો સને.

શાહનામાની શેવટે ફિર્દોસી લખે છે કેઃ—

બરૂઆમદ્ કુનૂન્ કેસ્સએ યઝ્દગેર્દ્
બ:ાહે સેફન્દારૂમોદ્ રૂઝે એરૂદ્
ઝે હેજરત શુદહ્ પન્જ્ હશ્તાદ્ બાર
કે ગોફ્તમ્ મર્ન્ ઈન્ નામએ શાહ્વાર

અર્થ—હવે આ યઝદજર્દનું બેયાન અસફંદારમદ મહિનો ને અશીશવંગ રે.ઝ પુરૂં થયું. હિજરી સનેમાંથી પાંચ વખત હેંસી (૪૦૦) મું વર્ષ થયું છે-કે મેં આ પાદશાહોને લાયકનું નામુ લખ્યું.

એના કહેવા પ્રમાણે સાઠ હઝાર બયતમાં હીજરી ૪૦૦ ચારસોમાં એ મુબારક નામુ એને પુરૂં કીધું. અને એનાજ કહેવા પ્રમાણે એ લખવા પાછળ એને ત્રીસ વર્ષ લગાડયાં ત્યારે એ ઉપરથી માલૂમ પડે છે કે શાહનામાની શુરૂઆત એણે હિજરી સને ૩૭૦ ત્રણસો સીતેરમાં કીધી હશે. હવે સુલ્તાન મહમૂદ હિજરી સને ૩૮૮ ત્રણસો અઠ્યાસીમાં ગાદીએ આવ્યો ત્યારે એના ગાદીએ આવ્યાની અઢાર વર્ષ આગમજ એ કામ શુરૂ કીધું હોવું જોઇયે. ફિર્દોસી પણ એમજ કહે છે.

સખુનરા નેગહ્ : દાશ્તમ્ સાલે બીસ્ત
બદાનતા સઝાવારે ઈન્ ગન્જ્ કીસ્ત
હમી ગોફ્તમ્ ઈન્ નામહ્રા ચન્દ્ ગાહ્
નેહાન્ બુદ્ ઝે કયવાનો ખુરૂશીદો માહ્

અર્થ—"મેં મારા સખુનોને વીશ વર્ષ સૂધી છુપાવી રાખ્યા-કે જોઉં એ ખઝાનો લેવા લાયક કોણ છે? આ નામુ મેં જુદી જુદી વખતે તૈયાર કીધું-અને શનિશ્ચર સેતારો, સૂર્ય અને ચંદ્રથી પણ એને છુપું રાખ્યું."

વળી એજ બેયાનમાં ફિર્દોસી પોતાની ઉમરનો કાંઈક ઈશારો કરે છે.

ચુ સાલ્ અન્દર્ આમદ્ બહફ્તાદો યક્
હમી ઝીરે શેઅર્ અન્દર્ આયદ્ ફલક્
સેયો પન્જ્ સાલ્ અઝ્ સરાએ સેપન્જ્
બસી રન્જ્ બોર્દમ્ બઉમ્મીદે ગન્જ્
ચુ બરૂબાદ્ દાદન્દ્ રન્જે મરા
નબુદ્ હાસેલ્ આન્ સીઓ પન્જે મરા
કુનૂન્ ઉમર્ નઝ્દીકે હશતાદ્ શુદ્
ઉમીદમ્ બયક્ બારહ્ બરૂબાદ્ શુદ્

અર્થ—"જ્યારે મારી ઉમર એકોતેર વર્ષની થઇ-ત્યારે આ ફરતું આસ્માન પણ મારી કવિતાની તાબેદારીમાં આવ્યું. ખઝાનો મેળવવાની આશામા મેં આ ત્રણ પાંચ દહાડાની દુન્યામાં પાંત્રીસ વર્ષ સૂધી ઘણીજ ઝેહમત ખેંચી. પણ જ્યારે તેઓએ મારી બધી મેહનત અકારત કીધી-ત્યારે મને મારાં પાંત્રીસ વર્ષની મેહનતનો કશો પણ ફાયદો પુગ્યો નહીં. હવે મારી ઉમર એંસીની નઝદીક થઈ છે-ત્યારે મારી બધી મેહનત બરબાદ થયલી જોઉં છું."

ફિર્દોસીનું મરણ.

બગદાદથી નીકળી હવે ફિર્દોસી પાછો તૂસમાં આવી રહયો. એક દહાડો તૂસની બાઝારમાં ફરતો હતો તેટલાં એક છોકરાને સાંભળ્યો કે તે આ બયત બોલતો બોલતો જાય છે.

અગર શાહરા શાહ બુદી પેદર
બસર બર નેહાદી મરા તાજે જર

અર્થ—અગર પાદશાહનો બાપ પાદશાહજ હતે તો મારા માથા ઉપર સોનેરી તાજ મૂકતે.

એ સાંભળી ફિર્દોસીને બધી આગળી વાતો યાદ આવી ગઈ, એથી એક હાય મારી બેહોશ થઈ ગયો. એવીજ હાલતમાં એને ઊંચકીને ઘર લઈ ગયા; પણ ઘર પુગવા અગાઉ તો એ બીચારો પેલી જહાન પુગી ચૂકયો હતો. જ્યારે એને કબ્રમાં મૂકવા લઈ જતા હતા ત્યારે એણીગમથી સુલ્તાને મોકલેલો ખઝાનો આવી પુગ્યો. કહે છે કે ફિર્દોસીની એક છોકરી હયાત હતી તેની પાસે પેલો ખઝાનો લઈ ગયા પણ તેણીએ તે લેવા સાફ ના પાડી ને ખઝાનો પાછો ફેરવ્યો. વળી કોઇનું કહેવું એમ પણ છે કે ફિર્દોસીની એક બેહેન પણ એ વખતે હયાત હતી. ખઝાનો જોઈ તેણીએ કહ્યું કે 'મારા મર્હુમ ભાઇનો હમેશે એજ વિચાર હતો કે તૂસની નદી ઉપર એક પાકકો પુલ બનાવવો કે એની યાદગારી રહી જાય. માટે એ પૈસા બધા એ કામમાંજ ખરચવા.' એ ઉપરથી લોકોએ એજ કામમાં એ પૈસા લગાડ્યા અને તે પુલનું નામ 'આયેશએ ફરરોખ' રાખયું. વળી 'નાસેર ખુસ્રવ' પોતાના 'સફર નામા'માં લખે છે કે 'હિજરી સને ૪૩૮ માં જ્યારે સફર કરતો કરતો હું તૂસ પુગ્યો ત્યારે મેં નવુંજ બનેલું એક મોટું મુસાફરખાનુ જોયું અને પૂછતાં માલૂમ પડયું કે સુલ્તાન મહમૂદે ફિર્દોસીને માટે મોકલેલા પૈસામાંથી એ તૈયાર કીધું છે. ફિર્દોસીને વિષે પૂછતાં લોકોએ મને કહ્યું કે તે તો ગુઝરી ગયો; અને એના વારસોએ મોકલેલો ખઝાનો લેવા ના પાડી. એ ઉપરથી સુલ્તાનને ખબર કીધી ત્યારે સુલ્તાને હોકમ કીધો કે તેજ જગ્યા ઉપર કોઈ ઈમારત ઉભી કરો. એ ઉપરથી આ મુસાફરખાનુ બનાવ્યું છે.'

એ પ્રમાણે હિજરી સને ૪૧૧ ચારસો અગ્યારમાં આ દુન્યાનો વખણાયલો કવિ આ ફાની જહાન છોડી પેલી જાવેદાની દુન્યામાં ગયો.

ફિર્દોસીની કબ્ર અને મરણ પછીનો બનાવ.

કહે છે કે ફિર્દોસીને એજ ધર્મશાળાના બાગમાં દફન કીધો. એ વખતે ધાર્મીક માણસોમાં વડીલ તરીકે 'શયખ અબૂલ કાસેમ ગુરગાની' હતો. તે ફિર્દોસીનાં મરણ વખતની નમાઝ પઢવા નહીં આવ્યો અને બોલ્યો કે 'ફિર્દોસી પહરેઝગાર અને વિદ્વાન હતો ખરો પણ એણે પોતાની તમામ ઉમર બીજી દીનના યાને પારસી પાદશાહોની તવારીખ લખવામાંજ પુરી કીધી જેથી એવા માટે મરણની નમાઝ પઢવી સઝાવાર નથી અને નહીં કરવી જોઇયે. હું પણ એ નમાઝ નહીં ભણીશ.' રાત્રે જ્યારે શયખ સાહેબ સૂતા ત્યારે સ્વપ્નમાં જુવે છે કે પોતે બેહેસ્તમાં પુગ્યા છે. અહીં એક ઘણોજ મોટો મેહલ બનેલો છે. પોતે એ મેહલમાં દાખલ થયા. અહીં એક યાકૂતનું તખ્ત જોયું. પૂછયું કે 'આ તખ્ત કોણનું છે?' બેહેસ્તના રખેવાળે જવાબ આપ્યો કે 'એ તખ્ત ફિર્દોસીનું છે.' એટલામાં ફિર્દોસી દેખાયો કે લીલા રંગના કપડાં પેહેરેલાં હતાં અને જમશેદના જેવું તાજ માથે મૂકેલું હતું. શયખ સાહેબે પૂછયું કે 'ઓ ફિર્દોસી! તેં આ ઊંચો મરતબો કેમ હાસેલ કર્યો?' ફિર્દોસીએ જ-

વાબ દીધો કે 'એક બે બયત જે મેં ખોદાની મોટાઈ માટે લખયાં હતાં તેનો આ બદલો છે.' એ બયતો આ છે.

સેતાયેશ કુનમ્ ઈઝદે પાકરા
કે ગૂયાઓ બીના કુનદ્ ખાકરા
બમૂરી દેહદ્ માલેશે નરૂરહ્‌શીર્
કુનદ્ પશ્શહ્ બર્ પીલે જન્ગી દેલીર્
જહાન્‌રા બલન્દી ઓ પસ્તી તોઈ
નદાનમ્ ચેઈ હરૂચે હસ્તી તોઈ

અર્થ—" પાક યઝદાનની સેતાયેશ કરૂં છું–કે જે ધૂળને બોલતી અને જોતી કરે છે.* (જે) જનૂની વાઘને કીડી પાસે મસલાવી નાખે છે–(જે) મચ્છરને હાથી ઉપર મોટાઈ આપે છે તુંથીજ આ દુન્યાને મોટાઇ મળે છે અને હીનપસ્તી પુણ્ છે–હું સમજી નથી શકતો કે તું શું છે? જે કાંઇ છે તે તુંજ છે."

• • •

હવે જ્યારે શયખ સાહેબ ખાબથી પરવાર્યા ત્યારે ફિર્દોસીની કબર ઉપર જઈ જે નહીં ભણી હતી તે નમાઝ ભણી, અને પોતે જે સ્વપ્ન જોયું હતું તે બધાને કહી સંભળાવ્યું. એ સાંભળી બધાના દિલમાં ફિર્દોસી માટે ઘણોજ એતેકાદ વધયો. નિઝામી ઉરૂઝી લખે છે કે 'ફિર્દોસીનાં મરણ વખતે 'તિબરાન'માં એક દાનેશમંદ હતો તેણે વાંધો લીધો કે હું ફિર્દોસીને મુસલ્માનોના કબ્રેસ્તાનમાં ડાટવા નહીં દઈશ કારણ તે રાફેઝી હતો. માણસોએ પેલા દાનેશમંદને ઘણો સમજાવ્યો પણ તેવણ ઉપર કશી અસર થઈ નહીં. આખેરે પેલાજ દરવાઝા (રઝાન)ની બાહેર ફિર્દોસીની પોતાની મિલ્કતનો એક બાઘ હતો અને એજ બાઘમાં ફિર્દોસીને ભૂમિદા કર્યો અને હાલમાં પણ ત્યાંજ એની ઘોર છે. નિઝામી ઉરૂઝી આગળ લખે છે કે 'હિજરી સને પાનસો દશમાં મેં એ મુબારક ભૂમિના દર્શન કર્યા. મેં સાંભળ્યું કે ફિર્દોસી પોતા પાછળ એક છોકરી છોડી ગયો હતો જે ઘણીજ નેક ચાલ ચલણની હતી. જ્યારે સુલ્તાને મોકલેલો ખઝાનો તેણીની પાસે લઈ ગયા ત્યારે તેણીએ તે લેવા ના પાડી અને કહ્યું કે મને એની દરકાર નથી એનો લેનાર તો સ્વર્ગે પુગ્યો. લોકોએ જઇને સુલ્તાનને એમજ કહ્યું. સુલ્તાને હોકમ કર્યો કે 'પેલા દાનેશમંદને તિબ્રાનથી બાહેર કાઢો. જે બે વુકૂફીભરી ચાલ કે એણે ફિર્દોસીના રવાન સાથે ચલાવી છે તે માટે એને કહો કે ઘરબાર છોડી ચાલી જાય. અને પેલો બધો ખઝાનો ખાજા ઈમામ અબૂબેક્ર એસ્હાકને આપો કે તૂસની હદમાં મર્વ અને નિશાપૂરની વચ્ચે મુસાફરખાનું બનાવે. એ હુકમ ઉપરથી પેલું મુસાફરખાનું તૈયાર થયું.'

ચુ ફેરૂદુઉસી અન્દર્ ઝમાનહ્ નબૂદ્
બદ્ આન્ બુદ્ કે બખ્તશ જવાનહ્ નબૂદ્
બસી ગર્ ચે પર્વરદ્ દાનેશવરાન્
નદીદસ્ત ગીતી સખુનવર્ ચુનાન્
તનશ ઝીરે ખાકસ્તો નામશ હયાત
બદ્ આન્ નામવર્ હ્ નેયાબદ્ વફાત
સખુનહાશ દર્ બઝ્મે મર્દીઓ પન્દ્
બગીતી રસાન્દશ બજાઈ બલન્દ્
ચે દર્ નઝ્મે રઝ્મો ચે બઝ્મો શેકાર્
બુવદ્ યગાનહ્ અન્દર્ જહાન્ યાદગાર્

"ફિર્દોસીના જેવો (કવિ) આ ઝમાનામાં (કોઈ) થયો નથી–ખામી એટલીજ હતી કે તે કમનસીબ હતો."

જો કે (દુન્યાએ) ઘણાક વિદ્વાનોને ઉછેર્યા છે–તો પણ દુન્યાએ આવો (છટાદાર) શાએર જોયો નથી.

તેનું શરીર તો ઝમીનમાં દટાયું છે, પણ તેનું નામ હજી હયાત છે–તે એવો નામચીન શખ્સ છે કે જે અમર રહયો છે.

તેના શૂરાતન અને ઉપદેશના લખાણોથી–આ દુન્યામાં તે બુલન્દ દરજ્જે પહોંચ્યો છે.

આ દુન્યામાં શું લડાઇ કે શું શાદી રામેશ્ની કે શું શેકારની બાબદની કવિતા લખવામાં તે એકલોજ યાદગાર જણાયલો છે.

---

* યાને માણસ જાતને પેદા કરે છે

શહે નઝ્મો હમ માહેરે માહેરાન્
ને શાએરૂ કે પયઘમ્બરે શાએરાન્

ને તારીખે શાહાને ઈરાન્ નેવેશ્ત
બગૂઈ કે તારીખે ગયહાન્ નેવેશ્ત
દરાને દાસ્તાન્હા બસી દેલપઝીર
કે ખાન્દનશ બર્નાં શવદ્ જાને પીર
ને ઈન્ રન્જ અઝ્ બહ્રે ગન્જી કશીદ્
ને મહ્રન્દરા ઈન્ હમહ્ બર્ગઝીદ
કે તા કારે શાહાને પીશીન્ નેહોફૂત
નમાનદ્—બગૂઈ કે ઈન્ નામહ્ ગોફૂત
ચુનીન્ બુદ મોરાદશ હમઝ એબ્તેદા
કે અઝ્ નઝ્મે ઈન્ કાખ કર્દહ્ બપા
હમીન્ નામહ્ બુગ્ઝાશ્ત ગર્ યાદગાર
હમીન્ યક્ બુવદ્ બેહ્તર અઝ્ સદ્હઝાર
બમીનૂ અગર્ ચેહ્ ગુઝીદહ્ મકામ
રવાનસ્ત નામહ્ બગીતીઓ નામ
હમી જેન્દહ્ ગીતી ચુ ફેર્દઉસ સાખ્ત
પસઝ મર્ગ ખુદ હમ બફેર્દઉસ તાખ્ત

ફુનન્દ આફ્રીન્ ચૂન્ બનઝ્મી ચુનીન્
હમી આસ્માનો ઝમાનો ઝમીન્
ફસાની કે મદ્હશ બેગોફૂતન્દ પસ
બફેર્માન્ હમી ઝીરહ્ બોર્દન્દ બસ
ચે વસ્ફશ બગૂચીમ મા કમતરીન્
મગર્ ઈન દોઆ દી બરુહે ગુઝીન્
અઝીન્ માહ્યારો ફરામર્ઝ બોદ
દોઆએ બહક્કે હમાન્ પાકઝાદ
કે યા રબ્ તો ફેર્દઉસીએ નામવર્
બફેર્દઉસ દારશ અબા એઝ્ઝો ફર
હમાશહ્ બકોર્બત વરા જાએ બખ્શ
બખાનન્દગાનશ નેકૂરાએ બખ્શ

તે કાવ્યનો શાહ હતો તેમજ કાબેલોનો કાબેલ હતો—માત્ર કવિજ ન હતો પણ કવિઓને (કવિતા લખવામાં રેહબરી કરવા ખોદા તરફથી નેમાયલો) પયઘમ્બર હતો.

તેણે ઈરાન સરઝમીનના પાદશાહોની તવારીખ લખી છે—(નહીં) તું કહે ગોયા આખી (પુરાણી) દુન્યાની તવારીખ લખી છે.

જેમાં ઘણુંક મનોરંજક દાસ્તાનો આવેલાં છે—જે વાંચ્યાથી ઘરડા માણસોનો જીવ (પણ ખુશીમાં આવી) જવાન બની જાય છે.

તેણે આવો મોટો શ્રમ દવલતની ઉમેદમાં નથી લીધો—તેમજ સુલ્તાન મહમૂદને માટે પણ સઘળી મેહનત નથી ઉઠાવી.

પણ કહો કે આ તવારીખ એટલાજ માટે તેણે લખી હતી—કે કદીમ રાજકર્તાઓની તવારીખ અંધારામાં ન રહે.

પ્રથમથી એવીજ તેની મતલબ હતી—તેથીજ કાવ્યની ઇમારત તેણે ઉભી કરી.

જો કે આ એકજ ગ્રંથ તે (પોતા પાછળ) મેળી ગયો છે—તો પણ તે એક ગ્રંથ એક લાખ ગ્રંથો કરતાં વધારે સારો છે.

જો કે તેણે મીનોઈ દુન્યામાં મકામ કર્યો છે—તોપણ તેનું નામ અને શાહનામુ બન્ને આ દુન્યામાં ચાલુ રહયાં છે.

જ્યારે તે જીવતો હતો ત્યારે દુન્યાને (પોતાની કવિતાથી) બેહેશ્ત મિસાલ (ખુશી ભરેલી) કરી હતી—અને મોત પછી પણ પોતે બેહેસ્ત તરફજ દોડી ગયો છે.

જ્યારે ફરતો આસ્માન, ઝમીન અને ઝમાનો તેની કવિતા વિષે આફ્રીનના શબ્દો બોલે,

તો પછી જેઓ ફિર્દોસીની તારીફ ગાવા નીકળે—તો લુહાર વાડે સોય વેચવા જવા કહેતું કહેવાય.

તેના ઉત્તમ આત્માના હકમાં દોઆ કરવા સિવાય—અમો કમતરીનો તેની શું તારીફ ગાઈ શકિયે ?

માહીયાર અને ફરામર્ઝ તે નેક બુન્યાદના હકમાં એટલીજ દોઆ ગુઝારે છે,

કે એ ખોદા ! નામવર ફિર્દોસીને બેહેસ્તમાં ઇઝ્ઝત અને દબદબા સાથ રાખજે !

હમેશ તારી નઝદીકમાંજ તેને જગ્યા બખ્શજે—અને તેનાં શાહનામા વાંચનારાઓને નેક બુદ્ધી એનાયત કરજે !

આ પુસ્તકનો તરજુમો કરતાં નીચલાં પુસ્તકોની અમોને મદદ લેવી પડી છે, તે માટે તેના કર્તાઓના આભારી છિયે.

શાહનામુ—શમ્સુલ ઓલ્મા ડા. જીવનજી જમશેદજી મોદી.
શાહનામુ—મરૂ ્મ શેઠ મનચેરજી કાવસજી મનસુખ.
તારીખ શાહ.ને ઈરાન—શેઠ પાલનજી બરજોજી દેશાઈ.
અવસ્તા બા માએની—મરૂહુમ એર્વદ કાવસજી એદલજી કાંગા.

શાહનામંએ ફિર્દોસી.

ગુજરાતી હુરૂફે, તમામ બયતો તથા તેનો તરજુમો.

વૉલ્યુમ ૧લું.

દર્ સેતાયેશે પાક્ યઝદાન્.

બનામે ખોદાવન્દે જાનો ખરદ્
કઝીન્ બરતર્ અન્દીશહ્ બર્ નુગ્ઝરદ્

ખોદાવન્દે નામો ખોદાવન્દે જાય
ખોદાવન્દે નીકીદેહો રહ્નેમાય

ખોદાવન્દે ગયહાનો ગર્દાન્ સેપેહર્
ફ્રોરૂઝન્દએ માહો નાહીદો મેહર્
ખોદાવન્દે હસ્તો ખોદાવન્દે નીસ્ત
હમહ્ બન્દગાનન્દો ઈઝદ્ યકીસ્ત

સેપાસ અઝ્ જહાનદારે પીરૂઝગર્
કઝ્ હસ્ત નીરૂ વઝ્ હમ હોનર્

હમહ્ નીકોઈ ઝીરે ફર્માને ઊસ્ત
હમહ્ દર્દહા ઝીરે દર્માને ઊસ્ત
અઝ્ શાદ્માની વઝ્ હમ ઘમીસ્ત
અઝૂયત ફ્રોઝૂની વઝૂયત કમીસ્ત
બનીકો બબદ દાદ માન્ દસ્તગાહ્
રવાન્રા બનીકી નોમાયન્દહ્ રાહ્
કે નામો નેશાનો મકાન્ બરતરસ્ત
નેગારન્દએ બરશુદહ્ ગૌહરસ્ત
બબીનન્દગાન્ આફ્રીનન્દહ્ રા
નબીની મરંજાન્ દો બીનન્દહ્ રા

પાક ખોદાતાલાની સ્તુતિમાં.

તે સાહેબનું નામ ઝબાન ઉપર લઈને આ કેતાબ લખવાનું શરૂ કરૂં છું, જે જીવ (આત્મા) અને ચતુરાઈ (એટલે વિચાર શક્તિ) નો પેદા કરનાર ધણી છે—તથા જે ધણીનાં નામ આગળ આપણી વિચાર શક્તિની હદ આવી રહે છે.

જે ધણી દુન્યામાં ઉત્પન્ન થયલી સર્વ ચીઝોનો નામ પાડનાર કહેવાય છે, જે વળી બુલંદ આસ્માનનો પેદા કરનાર કહેવાય છે—જે નેકીનો પહોંચાડનાર અને તમામ આલમનો રેહનુમા છે.

જે પૃથ્વી તેમજ ફરતા આકાશ મંડળનો સૃજનાર છે.—તથા સૂર્ય ચંદ્ર અને શુક્રના ગ્રહને નૂર બક્ષનારો છે.

જે દરેક ચીઝને હસ્તીમાં લાવે છે તેમજ તે ચીઝના અંત પણ આણે છે—પદાર્થ તેમજ પ્રાણી જેઓ તેના આજ્ઞાધીન છે તેઓ તો અનેક છે, પણ ખોદા પોતે તો એખલો એકજ છે.

તે પાક અને પીરોઝગર પૃથ્વીનાં સાહેબના સેપાસ ગુઝારૂં છું—કે હોનર ઉદ્યોગનો પેદા કરનાર તેજ છે. અને હોનર ઉદ્યોગ કરવાની શક્તિ બક્ષનાર પણ તેજ છે.

તમામ ભલાઈ કરવાનું કામ તેને હસ્તક છે અને દરેક દુઃખ દર્દના ઉપાય તેના હાથમાં છે.

(ઓ મર્દ!) તને સુખ અને સંતાપ બંને તેનાથીજ મળે છે—તારી આબાદી અને વયરાની તારે તેનાથીજ જાણવી.

જોકે ભલાં અને ભૂંડાં કામો કરવાની શક્તિ આપણને તેજ આપે છે—છતાં પ્રાણને સીધા રસ્તો દેખાડનાર પણ તેજ છે.

તેનું અમુક નામ કાંઈ નથી. તે નિરાકાર છે. તેનું ચોકસ ઠામ પણ નથી—આટલું છતાં આકાશમાં દેખાતાં સર્વ ગોહરોનો બનાવનાર પણ તેજ છે.

(ઓ માનવી!) તારી જોતી આંખોથી પેદા કરનારને—તું જોઈ શકનાર નથી. માટે આંખોને તું વધારે રંજ અને તકલીફ ના આપ. 1

નોટ—શાહનામાની શુરૂઆતનાં બયતોને કાંઈક ખોલાસાથી સમજાવાની ઝરૂર પડી છે, કારણ કે આ બયતો ઉપરથી માલુમ પડી આવે છે કે ફિર્દોસી કુદરતની રચના વગેરેનાં જ્ઞાનથી કેટલો માહિતગાર હતો.

નેયાબદ્ બદ્ નીઝ્ અન્દીશહ્ રાહ્
કે ઊ બરૂતર્ અઝ્ નામો અઝ્ જાયગાહ્
સખુન્ ગરૂચે ઝીન્ ગઉહરાન્ બુગ્ઝરદ્
નેયાબદ્ બદ્ રાહ્ જાનો ખરદ્

ખેરદ્ ગર્ સખુન્ બરૂગુઝીનદ્ હમી
હમાન્રા સેતાયદ્ કે બીનદ્ હમી
ખેરદ્રાઓ જાન્રા હમીસંજદ્ ઊ
દર્ અન્દીશએ સખ્તહ્ કય ગુંજદ્ ઊ

અઝીન્ પર્દહ્ બરૂતર્ તોરા રાહ્ નીસ્ત
ઝે હસ્તીશ અન્દીશહ્ કૂતાહ્ નીસ્ત

ચુ મઅલૂમ શુદ્ હસ્તીઓ કેર્દેગાર્
દેગર્ ખાતેરે ખીશ રન્જહ્ મદાર્

સેતૂદન્ નદાનદ્ કસ ઊરા ચુ હસ્ત
મેયાન્ બન્દગીરા બેબાયદ્શ બસ્ત

બદીન્ આલતે રાયો જાનો ઝબાન્
સેતૂદ આફ્રીનન્દહ્રા કય તવાન્
બહસ્તીશ બાયદ્ કે ખસ્તૂ શવી
ઝે ગોફ્તારે બીકાર્ યક્સૂ શવી
૨ પરસ્તન્દહ્ બાશીઓ જૂયન્દહ્ રાહ્
બઝર્ફી બફર્માનશ કર્દન્ નેગાહ્
તવાના બુવદ્ હર્ કે દાના બુવદ્
ઝે દાનેશ દેલે પીર્ બર્ના બુવદ્

વળી તારી વિચાર શકિત ખોદાને પહોંચી શકવાની નથી—કારણ કે તેનું ચોકસ નામ ઠામ જણાયું નથી.

ખોદાની તારીફના સખુનો, (જો ખોદાતાલાનું નામ અને ઠામ જણાયતો), ઘડીભાર તેથી પણ આગળ વધી શકે-પણ માણસની અકલ કે તેનો આત્મા ખોદાની હઝુરમાં પહોંચવાનો રસ્તો કદી મેળવી શકશે નહીં.

*કારણ કે અકલમંદ માણસ જો કોઈનીસ્તુતિ ગાવા બેસશે-તો તેનીજ સ્તુતિ ગાશે કે જેને તે નઝરે જોશે.

¶માણસને અકલ અને આત્મા ચોકસ પ્રમાણમાં વહેંચી આપનાર તો ખોદાજ છે-ત્યારે અકલનો એક ચોકસ નાનો પ્રમાણ ધરાવનાર માણસના વિચારમાં ખોદા, આવી તે કેમ શકે?

(માણસ અને ખોદા વચ્ચે) આ રીતે ત્યારે એક પરદો પડેલો છે. તે પરદાની પાછળ કોણ છે તે જોવાને ઓ માનવી!, તને રસ્તો મળશે નહીં-હા, ખોદાની હૈયાતી (એટલે ખોદા હૈયાત છે તે) વિષે તું વિચાર કરી શકશે. ખોદા હૈયાત છે એમ વિચારવામાં તને નડતર નડવાની નથી.

ઓ ઈન્સાન! જો તને ખોદાની હૈયાતી વિષેની ખાતરી થઈ-તો પછી ખોદાને જોવાની, કે તેની હઝુરમાં પહોંચવા વગેરેની બીજી ચિંતામાં મનને ના રાખતો.

ખોદા જેવો (સર્વશકિતમાન, સર્વજ્ઞાની અને સર્વવ્યાપક) છે, તેવી રીતે તેની સંપૂર્ણ વખાણ કોઈ પણ કરી શકે નહીં--માટે ઈન્સાનને ખોદાની બંદગી અને આરાધનામાંજ સદા તૈયાર રહેવું જોઇયે.

માણસ પોતાની અકલ, આત્મા કે વાચાશકિતની મારફતે--પોતાના પેદા કરનારને સંપૂર્ણ વખાણી શકે નહીં.

[આવા સંજોગ વચ્ચે] ઓ મ ! તારે માત્ર ખોદાની હૈયાતીનોજ એકરાર કરવો જોઇયે—અને વાહીયાત બોલવાનું તારે છોડી દેવું જોઇયે.

'તારે ખોદાનો પૂજારી બનવું જોઇયે. ખોદાઈ માગ શોધવો જોઇયે -અને ખોદાઈ ફર્માન ઉપર ખરાં મનથી આસ્તાપૂર્વક ધ્યાન આપવું જોઇયે.

+જે બુદ્ધિમાન તેજ બળવાન-બુદ્ધિબળથી ઘરડો માણસ પણ જવાન માણસ મિસાલ ઝબરો જીવ ધરાવે છે.

દર્ સેતાયેશે ખેરદ.

કુનૂન્ અય ખેરદ્મન્દ્ અર્ઝે ખરદ્
બદીન્ જાએગહ્ ગોફ્તન્ અન્દર્ખરદ્
બેયા આન્ચે દાની બેગૂ અઝ્ ખરદ્
કે ગૂશે નેયૂશન્દહ્ ઝાન્ બર્ ખરદ્

ડહાપણની સ્તુતિ.

ઓ ડાહ્યા માણસ! હવે આ જગ્યાએ ડહાપણના ગુણની કીમત ખરેખરી બુજવી તને સઝાવાર છે.

ચાલ હવે આવ, ડહાપણ વિષે જે તું જાણતો હોયતે કહે—કે જેથી તારા શ્રોતાજનો તે કાને ધરી તેમાંથી કાંઈ ફાયદો હાસેલ કરે.

* શાએર કહે છે કે માણસ ગમે તેટલો અકલમંદ હોય, છતાં ખોદાની હઝુરે પહોંચવાનો રસ્તો તેને મળશે નહીં કારણ કે અકલમંદ માણસ જેને નઝરે જોય તેનીજ તારીફ ગાઈ શકે. પણ જેને જોઈ નહીં શકે તેની તારીફ તે કયાંથી ગાઈ શકે? અને તે વિષે લખી પણ શું શકે?

¶ ખોદાતાલાને પુરેપુરો પિછાનવાની બાબદ ઉપર બોલતાં શાએર એમ કહેવા માંગે છે કે એક ચીઝને વહેંચી આપનારો, તોળાએલી ચીઝમાં કેમ કરી સમાએ? માણસની અકલ કાંઈ સંપૂર્ણ [Perfect] નથી. ત્યારે માણસની અકલ, જો સંપૂર્ણ નહીં હોય તો માણસ તેવી અપૂર્ણ અકલવડે જે કોઈ સંપૂર્ણ હોય તેનો વિચાર પુરી રીતે કેમ કરી શકે; અધુરો પુરી ચીઝની વાત કેમ જાણે?

+ શાએર ખોદાતાલાની, જાત અને સિફાત સંબંધી શુરૂઆતમાં આટલું વ્યાખ્યાન કર્યા પછી કદીમ ઈરાનીઓ અકલ અને તમામ સૃષ્ટિની પેદાયેશ વિષે કેવો વિચાર ધરાવતા હતા, તેનો અભ્યાસ કરીને પોતાના બોલોમાં તે વિષે હવે લખ્યો જાય છે.

ખેરદ બેહૂતરૂ અઝ હરૂચત ઈઝદ બેદાદ્
સેતાયેશ ખેરદરા કુન અઝ રાહે દાદ્
ખેરદ અફૂસરે શાહૂરૂયારાન ખુવદ્
ખેરદ ઝીવરે નામદારાન ખુવદ્
ખેરદ માયએ ઝેન્દગાની શેનાસ
ખેરદ ઝેન્દએ જાવેદાની શેનાસ
ખેરદ રહનુમાયો ખેરદ દેલ ગોશાય
ખેરદ દસ્ત ગીરદ બહરૂદુ સરાય
ખેરદ તીરહો મરૂદે રઉશનરવાન
નબાશદ હમી શાદમાન યક ઝમાન
ચે ગોફૂત આન હુનરૂમન્દે મરૂદે ખરદ
કે દાનાં ઝે ગોફૂતારે ખુદ બરૂ ખુરદ
કસીકુ ખેરદરા નદારદ ઝે પીશ
દેલશ ગરૂદદ અઝ કરૂદએ ખીશ રીશ
હુશીવારૂ દીવાનહ ખાનદ વરા
હમાન ખીશ બીગાનહ દાનદ વરા
અઝાની બહરૂદુ સરા અરૂજમન્દ
ગોસસ્તહ ખેરદ પાએ દારદ બબન્દ
ખેરદ ચશમે જાનસ્ત ચૂન બેનગરી
તો બીચશમ શાદાન જહાન નસ્પરી
નુખોસ્ત આફરીનેશ ખેરદરા શેનાસ
નેગહબાને જાનસ્તો આનરા સે પાસ

સે પાસે તો ગૂશસ્તો ચશમો ઝબાન
કઝીન સેહ રસદ નીકો બદ બીગુમાન
ખેરદરાઓ જાનરા કે યારદ સેતૂદ
વગરૂ મન સેતાયમ કે યારદ શેનૂદ

હકીમા ચુ કસ નીસ્ત ગોફૂતન ચે સૂદ
અઝીન પસ બેગૂ આફરીનેશ ચે બૂદ

તો ગરૂ કરૂદએ કેરૂદેગારે જેહાન
શેનાસી હમી આશકારો નેહાન
હમીશહ ખેરદરા તો દસ્તૂરૂ દારૂ
બદાન જાનત અઝ નાસઝા દૂરૂં દારૂ
બગોફૂતારે દાનન્દગાન રાહ જૂય
બગીતી બપૂયો બહરૂ કસ બગૂય

ખોદાતાલાએ તને જે બક્ષેશો આપેલી છે-તેમાં ડહાપણ સર્વથી ઉત્તમ બક્ષેશ છે *

ડહાપણ પાદશાહોનાં સર (માથાંનાં) તાજ સમાન છે-અને નામદાર પુરૂષોનાં બદનનો સણગાર છે.

ડહાપણને તારી ઝિંદગીભરની દોલત ગણજે-ડહાપણને અમર વસ્તુ ગણજે.

ડહાપણ તારો રેહનુમા છે. ડહાપણ તને ખુશમિજાઝી આપનાર છે-ડહાપણ બંને દુન્યામાં તને મદદ કરે છે.

એક માણસ ચાલાક અને મેહનતુ હોવા છતાં-જો મંદબુદ્ધિવાળો હશે તો તે એક પણ પળ ખુશીમાં ગુઝારશે નહીં.

પેલો કુશળ ડાહયો માણસ કહી ગયો છે-કે હમેશે શ્યાણા માણસને તેના ડહાપણભરેલા શબ્દોથી લાભ થાય છે.

જે કોઈ ડહાપણના નિયમને અનુસરીને ચાલતો નથી તે પોતાનાં ૩
કરેલાં કામોથી પસ્તાય છે.

શ્યાણપણવાળો માણસ તેવા માણસને ઘેલો દીવાનો કહે છે-અને તેના કુટુંબીઓ તેને સગપણમાંથી કાઢી નાખી બીગાનો ગણે છે.

તું ડહાપણથીજ બંને ભવમાં પ્રિય બની રહે છે-ડહાપણ વગરનો માણસ હમેશે મુસીબત વેઠે છે.

ખરૂં જોતાં ડહાપણ આપણા જીવની આંખ છે-આંખ વિના અંધાપામાં (ઓ મર્દ! તું) સુખી ઝિંદગી ગુઝારી શકે નહીં.

એમજ જાણજે કે ખોદાતાલાએ સૃષ્ટિની તમામ પેદાયશોમાં અકલને સર્વથી પહેલી પેદા કીધી છે-અકલ જીવઆત્માની તેમજ તેના ત્રણ પેહરેગીર (રખેવાળ) ની રક્ષણ કરનાર છે.

કાન, આંખ અને જીભ તારા ત્રણ રખેવાળ || કહેવાય છે-એ ત્રણ રખેવાળથીજ તને ભલાઈ અથવા બુરાઈ મળે છે.

ત્યારે આવા સદગુણ ધરાવનારી અકલની તેમજ જીવઆત્માની પુરેપુરી સ્તુતિ કોણ ગાઈ શકે?-(શાએર કહે છે કે) જો હું સ્તુતિ ગાવા માંડું તો તેને સાંભળી અને સમજી કોણ શકશે?

વાસ્તે ઓ ડાહયા માણસ! જો તેની સ્તુતિ સાંભળનાર અને સમજનાર કોઈ નહીં હોય તો પછી મને અકલની તારીફ કરવામાં ફાયદો શું?-માટે બેહતર એજ છે કે હવે સૃષ્ટિની પેદાયેશ કેમ થઈ તેજ બાબદનો સવાલ કર.

જેહાન (એટલે વખત)ના કેરદેગારનાં જણાયલાં તેમજ નહીં જણાયલાં કામો જો, તું પિછાનવા માગતો હોય તો,

હમેશે અકલના નિયમને અનુસરીને ચાલજે-અને તેમ કરીને નાલાયક કામો કરવાથી દૂર રહેજે.

અનુભવી માણસોના કહ્યાસર ચાલ્યા કરજે-દેશોદેશ ફરતો રહેજે, અને દરેકનો વિચાર પૂછતો રહેજે.

---

* આપણા ઝરથોસ્તી ધર્મ પ્રમાણે પણ. બહમન ફરેસ્તાને પહેલે પેદા કીધેલો ધારવામાં આવે છે. કારણ બહમન ફરેસ્તો અકલનુંજ સ્વરૂપ છે.

|| ફારસી શબ્દો "સે" અને "પાસ" છૂટા લખવાને બદલે ભૂલથી સાથે જોડીને શાહનામાની ઘણીએક આવૃતીમાં છપાયેલો હોવાથી "સેપાસ"ને એક બોલ સમજી ગુજરાતી તરજુમો કરનારાઓએ તેનો અર્થ શુક્રાના કરીને ભૂલ કીધી છે, જે ઉપર ફારસી અભ્યાસીઓનું ધ્યાન ખેંચવામાં આવે છે. "સે" એટલે ત્રણ અને "પાસ" [અથવા પાસ દ.શ્તન] નો અર્થ ક્રિયાપદ રૂપે "ચોકી કરવી" થાય છે. નામ શબ્દ તરીકે નો અર્થ "ચોકી" થાએ છે. તેમજ વળી "પાસ" બોલ પાસબાનને બદલે વપરાઈ પેહરેગીરનો અર્થ પણ ધરાવે છે. ૩૪ મી અને ૩૫ મી બયતોમાં "પાસ" શબ્દ "પાસબાન" શબ્દોના અર્થે વપરાએલો છે એમ જાણવું. "સે" અને "પાસ" સાથે લખાઈ, એક થએલો શબ્દ "સેપાસ" શુક્રગુઝારીના અર્થે વપરાએ છે. "સેપાસ"નો મૂળ અર્થ 'સે' ત્રણ અને "પાસ" [પાસદાશતન] ધ્યાનમાં લેવું એમ થાય છે. એટલે કે આપણા હકમાં ખોદાતાલાએ કીધેલી નવાઝેશો અને બક્ષીશોને નિમકહલાલીથી ધ્યાનમાં રાખી, ભૂલવી નહીં. તે પણ એકવાર નહીં બલ્કે ત્રણવાર, એટલે અનેકવાર ખોદાની બક્ષેશોનો વિચાર મનમાં લાવવો, એટલે કે તેની શુક્રગુઝારી કરવી.

કે હર્ દાનેશી ચૂન્ સખુન્ બેશનવી
કે આમૂખતન્ ચકુ ઝમાન્ નઘનવી
ચુ દીદન્ નેયાબી બશાખે સખુન્
બેદાની કે દાનેશ નેયાયદ્ બબુન્

જ્યારે પણ વિદ્યાજ્ઞાનની વાત સાંભળે–ત્યારે તે સમજી અને શીખી લેવામાં એક પણ પળ બેદરકાર ના રહેતો.

*જો કાવ્યમાં વૃક્ષની ડાળી ઉપર ચઢવા છતાં તું દાનાઈના દીદાર નહીં કરી શકે તો–જાણજે કે દાનાઈ અનંત અને અપાર છે.

દર્ આફ્રીનેશે આસ્માનુ-વ ઝમીન્

અઝ્ આઘાઝ્ બાયદ્ કે દાની દુરોસ્ત
સરે માયએ ગઉહરાન્ અઝ્ નુખોસ્ત
કે યઝ્દાન્ ઝે નાચીઝ્ ચીઝ્ આફ્રરીદ્
બદાન્ તા તવાનાઈ આમદ્ પદીદ્
અઝૂ માયએ ગઉહર્ આમદ્ ચહાર્
બર્ આવર્દહ્ બી રન્જો બી રૂઝ્ગાર્
નુખોસ્તીન્ ગહ્ આતેશ ઝે જુમ્બેશ દમીદ્
ઝે ગર્મીશ બસ્ ખુશ્કી આમદ્ પદીદ્

વઝાન્ પસ ઝે આરામ સર્દી નમૂદ્
ઝે સર્દી હમાન્ બાઝ્ તરૂરી ફ્ઝૂદ્

ગોહરહા ચકુ અન્દર્ દેગર્ સાખ્તહ્
ઝે હર્ ગૂનહ્ ગર્દન્ બર્ અફ્રાખ્તહ્
પદીદ્ આમદ્ ઈન્ ગુમ્બદે તીઝ્રવ
શેગેફ્તી નુમાયન્દએ નવ બનવ
ચુ બર્ દૂયો દહ્ હફ્ત શુદ્ કદ્ખોદાય
ગેરેફ્ત દ્ હર્ ચકુ સઝાવારે જાય
દરાન્ બખ્શેશો દાદન્ આમદ્ પદીદ્
બેબખ્શીદ્ દાના ચુનાન્ ચૂન્ સઝીદ્
ફલકહા ચકુ અન્દર્ દેગર્ બસ્તહ્ શુદ્
બેજુમ્બીદ્ ચૂન્ કાર્ પયવસ્તહ્ શુદ્
ચુ ઈન્ ચાર્ ગઉહર્ બજાય આમદન્દ્
ઝે બહ્રે સેપન્જી સરાય આમદન્દ્
યકી આતેશી બર્ શુદહ્ તાબ્નાક્
મેયાન્ બાદો આબ્ અઝ્ બરે તીરહ્ ખાક્
ઝમીન્રા બુલન્દી નબુદ્ જાએગાહ્
યકી મર્કઝી તીરહ્ બૂદો સેયાહ્

આસ્માન અને ઝમીનની ઉત્પત્તિ.

એ મર્દ! તને ખરીવાતથી વાકેફ થવું જોઈયે કે શુરૂઆતમાં–દુન્યાના મૂળતત્વોનો સરચશ્મો યાને કે મૂળતત્વોનું મૂળ કોણ હતું.

*દુન્યાનાં મૂળતત્વોનું મૂળ ખોદા હતો, જેણે શૂન્યતામાંથી વસ્તુ પેદા કરીને–પોતાની સર્વ અનંત અપાર શકિત ઝાહેર કીધી.

તે ખોદાથીજ ચાર મૂળતત્વ પેદા થયાં–પણ સૃષ્ટિનાં મૂળતત્વો પેદા કરતાં તેને કાંઈ વિલંબ લાગો નથી‡ કે કોઈ પ્રકારની મેહનત પડી નથી.

પ્રથમ સ્વગતિ (Motive power or force) થી આતશ નીકળી આવ્યો–અને તેની ગરમીથી શુષ્કતા (Aridity) થઈ (એટલે કે ધૂળ અથવા માટી ઉત્પન્ન થઈ જેમાંથી પછી વસ્તુ થઈ.)

બીજીવાર શિથિલતા એટલે વીસામા (Inertness or Rest) થી ભીનાશવાળી હવા (Vapour or Humidity) નીકળી–અને તે ભીનાશવાળી હવામાંથી પાણી નીકળ્યું.

(માણસને હજુ નહીં જણાયલી) અનેક ભેદી ગતિ અને રીતિથી આ મૂળતત્વો એક બીજા સાથે મળી જઇને–ગગનમંડળને હસ્તીમાં લાવ્યાં.

જ્યારે આ ઝડપથી ફરતું નભોમંડળ નજરે આવ્યું–ત્યારે તેમાં નવા નવા ચમતકાર દેખાવા લાગ્યા.

ત્યાર પછી સાત ગ્રહો બાર રાશી કુંડલીમાં–પોત પોતાને ઘટતી જગા લઈ વરયા (એટલે કે સાત ગ્રહો બાર રાશીના માલેક થયા.)

આ સાત ગ્રહ અને બાર રાશીની મારફતે સર્વજ્ઞ સાહેબે દરેક ઈન્સાનને તેને લાયકની દાન બક્ષેશ આપતી કીધી.

જ્યારે આ સર્વ આકાશમંડળોને એક બીજા સાથે જોડી–ઉભા કરવાનું કામ પુરૂં થયું ત્યારે તેઓને ચક્રગતિ મલી (એટલે તેઓ ફરવાલાગ્યા).

વળી જ્યારે આ ચાર મૂળતત્વો આ ક્ષણભંગુર દુન્યાં ઉભી કરવા આવ્યાં,

ત્યારે આકાશમાં નૂરી આતશ, હવા વચમાં અને પ્રકાશ રહિત ધરતીની આસપાસ પાણી દેખાયાં.

§(ગગનમંડળમાં) આ ધરતીનો કોઈ મરતબો હતોજ નહીં (એટલે કે ધરતી કોઈ પ્રમાણમાં હતીજ નહીં)–તે તો માત્ર પ્રકાશ રહિત કાળા રંગના એક બિંદાં જેવી હતી.

* શાએર કહે છે કે જો એક માણસ કવિતા લખતો હોય તે છતાં જો, તે દાનાઈ શું છે તે પુરી રીતે નહીં સમજે, તો પછી જાણવું કે દાનાઈના છેડોજ નથી.

* શાએર કહેવા માગે છે કે માણસે જાણવું જોઈયે કે તમામ દુન્યા જે હસ્તીમાં આવી તે ખોદાથી આવી. જગતની હસ્તીનું મૂળ ખોદાજ છે. સૃષ્ટિ પેદા થઈ તે આગળ કાંઈ હતુંજ નહીં. ખોદાએ કોઈબી ચીઝ નહીં હતી તેમાંથી સર્વ ચીઝ પેદા કરીને પોતાની અપાર શકિત ઝાહેર કીધી.

‡ શાએર કહેવા માંગે છે કે ખોદાતાલાને કોઈબી ચીઝ પેદા કરવામાં મેહનત કે વખત લાગતો નથી. તેની ઈચ્છા થઈ કે ફલાની ચીઝ પેદા થાએ કે તુરતજ તે ચીઝ હસ્તીમાં આવે છે. ખ્રીસ્તીઓના ધર્મ પુસ્તક "બાઈબલ" [Bible] માં પણ એનેજ મળતું શિક્ષણ આવેલું છે કે "God said let there be light, and there was light."

§ ૫૩ થી ૫૫ સુધીના બેયતોમાં જો કે શાએરે લંબાણ ખુલાસો નથી આપ્યો, પણ તેમાં સમાયલો સાર Laplasની Nebular

સેતારહ્ બસરૂ બરૂ શેગેફતી નમૂદ
બખાક્ અન્દરૂન્ રઉશનાઈ ફઝૂદ
ઝે દર્યાઓ અઝ કૂહો અઝ દશ્તો રાઘ
ઝમીન્ શુદ બકેર્દારે રઉશન્ ચરાઘ

પણ ગ્રહોએ અને તારાઓએ તેની (એટલે કે ધરતીની) નિસ્બતમાં ચમત્કાર કીધો—અને કાળી ધરતીમાં પ્રકાશ ઉમેર્યો.

ત્યાર પછી આ ધરતી તે માહેલા દર્યા અને નદીઓથી, પહાડોથી, લીલોત્રીવાળાં મેદાનો અને જંગલોથી રોશન ચેરાઘ મિસાલ દેખાવા લાગી.

દર્ આફ્રીનેશે રોસ્તની વ જાનૂવરાન્

હમ[illegible]ર્ શુદ આતેશ ફેરૂદ આમદ આબ્
હમીગશ્ત ગેર્દે ઝમીન્ આફ્તાબ્
બેબાલીદ કૂહ્ આબ્હા બરૂ દમીદ
સરે રોસ્તની સૂએ બાલા કશીદ
ગેયા રોસ્ત બા ચન્દ ગૂનહ્ દેરખત
બઝીરૂ અન્દર્ આમદ સરાન્ શાન્ ઝે બખ્ત
બેબાલદ નદારદ જોઝ ઈન્ નીરોઈ
નપૂયદ ચુ પૂયન્દગાન્ હરૂ સોઈ
અઝાન્ પસ ચુ પૂયન્દહ્ આમદ પદીદ
હમહ્ રોસ્તની ઝીરે ખીશ આવરીદ
સરશ ઝીરૂ નામદ બસાને દરખ્ત
નેગહ્ કર્દ બાયદ બદીન કારૂ સખ્ત
ખુરે ખાબો આરામ જૂયદ હમી
વઝાન્ ઝેન્દગી કામ જૂયદ હમી
ને ગૂયા ઝબાનો ને જૂયા ખરદ
ઝે ખારો ઝે ખાશાક્ તન્ પૂર્વરદ
નદાનદ બદો નીક્ ફર્જામે કારૂ
નખાહદ અઝ્ બન્દગી કેર્દેગારૂ

ચુ દાનાએ તવાના બુદો દાદગરૂ
અઝીરા નકરૂદ ઈચ પયદા હોનરૂ
ચુનીનસ્ત ફર્જામો કારે જેહાન્
નદાનદ કસી આશ્કારો નેહાન્.

વનસ્પતિ તથા પ્રાણીની ઉત્પત્તિ.

જ્યારે ગરમીનો ઉકળાટ, ઉપર એટલે કે આકાશે ચઢયો ત્યારે પાણીની વૃષ્ટિ થઈ-પણ સૂર્યતો* પૃથ્વીની આસપાસ ફરતોજ રહયો.

પાણીની વૃષ્ટિથી પહાડો ફૂલાઈ આવ્યા—અને પહાડોમાંથી પાણીના ઝરા ફૂટવા લાગ્યા—પાણીની મદદે વનસ્પતિના પીળા ફૂટવા લાગ્યા.

ઘાસ તેમજ અનેક જાતના ઝાડપાનો ઉગ્યાં—પણ કુદરતે તેઓના માથાં એટલે કે જડ (ઉપરને બદલે)નીચે ઝમીનમાં રહે તેમ સરજાવેલાં છે.

ઉગીને વધવા સિવાય બીજી કોઈ જીવન શકિત તેઓ રાખતાં નથી-તેઓ ચોપગાં જાનવરો મિસાલ ચોતરફ હિલચાલ કરતાં નથી.

પછી જ્યારે ચોપગાં જાનવરો પેદા થયાં-કે તેઓએ તમામ વનસ્પતિ પોતાને સ્વાધીન કીધી (એટલે કે તેના ધણી થઈ બેઠાં.)

ચોપગાં જાનવરોનાં માથાં ઝાડપાનોની માફક નીચે સરજાએલાં નથી-ત્યારે ખરેજ આ એક વિચારવા જોગ બીના કહેવાય.

તેઓને ખાવાનું, ઊંઘવાનું અને આસાયેશ જોઈયે છે—અને એજ રીતની ઝિંદગી ગુઝારવામાં તેઓ સંતોષ લે છે.

તેઓને વાચા કે વિચાર શકિત નથી હોતી—ઘાસ, કાંટા અને કચરો ખાઈને પોતાનાં શરીરનું પોષણ કરે છે.

તેઓ ભલું કે ભૂડું કાંઈ સમજતાં નથી તેમજ વળી અમુક કામનાં પરિણામ શું આવશે તેની પણ દરકાર રાખતાં નથી—તેમજ વળી ખોદાતાલા તેઓ પાસથી ભકિત કે ભજનની આશા રાખતો નથી.

સર્વજ્ઞાની સાહેબ જેટલો સર્વશકિતમાન છે તેટલોજ ન્યાયી છે-તેથી તેણે પોતાની કરામતનો ભેદ આપણી નઝરે ખુલ્લો મૂકયો નથી.

આ દુન્યાનાં બંધારણ અને તેના અંતનો ભરમ આ કિસમનો છે.—જે ઝાહેરમાં કે બાતેનમાં કોઈ પણ સખ્શ સમજી શકતો નથી.

Theoryને ચોકસ દરજ્જે મળતો આવે છે. જે દેખાડી આપે છે કે કદીમ ઈરાનીઓ ખગોળવિદ્યા [Astronomy] માં મોટે ભાગે પ્રવીણ હતા.

* હકીમ ફિર્દોસી દુન્યાની પેદાયેશ વિષેનાં કદીમ ઈરાનીઓના વિચાર લખતાં અરબ ઇસ્લામીઓના તે બાબદનાં વિચાર પણ કોઈ કોઈવાર તે સાથ આમેઝ કરતો જાય છે. ઈસ્લામી ધર્મ પ્રમાણે પૃથ્વી સ્થીર છે, અને સૂર્ય ચંદ્ર તથા આકાશ તેની સઆપાસ ફરે છે. આ ઠેકાણે ફિર્દોસીએ ઈસ્લામી વિચાર દાખલ કર્યા છે. પણ પૃથ્વી ફરે છે એવો વિચાર કદીમ ઈરાનીઓ ધરાવતા હતા જે વિષેનો એશારો અવસ્તામાં પણ આવેલો છે. અહુનવત ગાથાના ૧૪ માં ફકરામાં "ગેઉશ અઝયાઓ" એટલે "ફરતી દુન્યા"નો બોલ ખુલ્લી રીતે આવેલો છે. વળી વંદીદાદની ૨૨ મી પર્ગર્દના ૧ તથા ૮ માં ફકરામાં પણ ઝમીન બોલતી માલૂમ પડે છે કે "ઉઝયેનિ પારયેની" યાને "હું આગળ ચાલીશ [તથા] હું પાર કરીશ" [યાને હું હમેશે હમેંશ સૂધી ફર્યા કરીશ.]

યૂરોપમાં છેક ૧૫ મી સદી સૂધી એવો વિચાર ફેલાયલો હતો કે દુન્યા સ્થીર છે અને સૂર્ય ફરે છે. જ્યારે લગભગ ચારસો વર્ષ ઉપર ગેલીલ્યોએ પહેલ વહેલું ઝાહેર કર્યું કે દુન્યા ફરે છે અને સૂર્ય સ્થીર છે, ત્યારે તેને તે વખતની સરકારે કયદેમાં નાખ્યો હતો. આ ઉપરથી માલૂમ પડે છે કે જે વિદ્યા યૂરોપ જેવા સુધરેલા દેશમાં છેક ૧૫ મી સદીમાં જણાઈ તે વિદ્યા આપણા બાપ દાદાઓ હઝારો વર્ષ આગમચ જાણતા હતા. એ ઉપરથીજ આપણા બુલંદ ધર્મનો અચ્છી રીતે ખેયાલ આવી શકે છે. આ ઉપરથીજ એક વિદ્વાન કહી ગયો છે કે જોઇયે તો હાલની સદીમાં એક ન્યુટન, કે એક ગેલીલ્યો પેદા થાય પણ ઝરથોસ્તી ધર્મ-બીગડવાનું કાંઈ નથી.

દર્ આફ્રીનેશે મર્દુમ્.

ચુ ઝીન્ બુગ્ઝરી મરૂદુમ આમદ્ પદીદ્
શુદ્ ઈન્ બન્દ્હારા સરાસર્ કલીદ્

૭ સરશ રાસ્ત બર્ શુદ્ ચુ સર્વે બલન્દ્
બદીદારે ખૂબો ખેરદ્ કારબન્દ્

પઝીરન્દએ હુશો રાયો ખરદ્
મર્ ઊરા દદો દામ ફર્માન્ બરદ્

ઝે રાહે ખેરદ્ બેન્ગરી, અન્દકી
કે મઅનીએ મરૂદુમ ચે બાશદ્ યકી
તોરા અઝ્ દો ગીતી બરૂઆવરૂદહ્ અન્દ્
બચન્દીન્ મેયાનજી, બેપર્વરૂદહ્ અન્દ્

નુખોસ્તીને ફ્રેકત પસીને શુમાર્
તોઈ ખીશતનરા બબાઝી મદાર્

શનીદમ ઝે દાના દેગર્ ગૂનહ્ ઝીન્
ચે દાનીમ રાઝે જહાન્આફરીન્

મગર્ મરૂદુમી ખીરહ્ ખાનદ્ હમી
પસીને શુમારશ નદાનદ્ હમી
નેગહ્ કુન્ સરન્જામે ખુદરા બેબીન્
ચુ કારી બેયાબી ખેરદ્ બરગુઝીન્

બરન્જ અન્દર્ આરી તનતરા રવાસ્ત
કે ખુદ્ રન્જ બોરૂદન્ બદાનેશ સઝાસ્ત
બ રન્જ અન્દરસ્ત અય ખેરદ્મન્દ્ ગન્જ
નેયાબદ્ કસી ગન્જ નાબોરૂદહ્ રન્જ

મનુષ્ય ઉત્પત્તિ.

જો હવે તું આ (પ્રાણીની ઉત્પત્તિની બાબદ) છોડી આગળ ચાલશે તો જાણશે કે ત્યાર બાદ માણસ જાતની પેદાયેશ (આ દુન્યામાં થઈ)—અને તેથી કુદરતના ઘણાએક ભેદોની કળની કૂંચી મળી આવી.*

માણસનું માથું સરોવરના ઝાડ મિસાલ સીધું ઊંચે તેના શરીર ઉપર ગોઠવાયું—માણસ દેખાવે રૂપાળો સરજાયેલો છે, અને અકલને અનુસરીને કામ કરતો નીવડયો છે.

તેનામાં ઈંદ્રી બુદ્ધિ, વિચારશકિત અને શ્યાણપણ ધરાવવાનો ગુણ હોય છે—અને તેટલા માટે માંસ ખાનારાં તેમજ ઘાસ ખાનારાં પ્રાણીઓ માણસ જાતના હાથ નીચેનાં (એટલે તેનાથી ઉતરતા દરજ્જાનાં) પ્રાણીઓ કહેવાય છે.

જરા ડહાપણથી વિચાર કરશે—કે માણસ (ને પેદા કરવા) માં શું હેતુ સમાયલો છે,

‡ તો તુરત માલૂમ પડશે કે તને (એટલે કે માણસને) મીનોઈ હાલત તેમજ ખાકી તત્વો એ બંનેમાંથી ઉપજાવી કાઢેલો છે—અને અનેક સાંધાગોથી પોષેલો છે.

જો કે ઉત્પત્તિનાં ક્રમમાં તું (ઓ માણસ!) છેલ્લો છે, તો પણ ખોદાએ પ્રથમ તારોજ વિચાર કીધેલો હતો—વાસ્તે તારાં મહત્વ સંબંધી હલકો વિચાર બાંધવો નહીં.

વળી માણસ સંબંધી ફિલસુફોના વિચાર મેં કેવળ જુદાજ સાંભળ્યા છે, (તેથી આપણે કાંઈ વધારે કહી કે બોલી શકતા નથી)—કે દુન્યામાં પેદા કરનારનો ભેદ એમાં શું છે.

ફિલસુફો ઈન્સાનની પેદાયેશને અર્થ વિનાની સમજે છે—તેમજ વળી તેઓ ઈન્સાનને ઉત્પત્તિનાં ક્રમમાં સર્વથી છેલ્લું નથી ધારતા.

પણ હવે ધ્યાન ધર અને તારી પોતાની ઝિંદગી કેમ ગુઝારવી તે વિષેના બંદોબસ્તનો વિચાર કર—જો કોઈ હુનર ઉદ્યોગનું કામ મળી આવે તો અકલ કામે લગાડી,

તારા શરીરને મેહનત આપશે તો તે વાજબીજ કહેવાશે—કારણકે ડહાપણ એમજ કહે છે કે માણસને શ્રમ ઉઠાવવો ઘટે છે.

શ્રમથીજ ઓ ડાહ્યા માણસ! તને ગંજ મળશે, (એટલે કે તું સુખી અને આબાદ થશે)—કોઈ પણ માણસ દુઃખ વિના સુખ નહીં પામે અથવા કષ્ટ વિનાનાં તેને ફળ નહીં મળે.

---

* શાએર કહેવા માંગે છે કે મનુષ્યની ઉત્પત્તિ થઈ ત્યારે સમજ પડી કે પૃથ્વીને પેદા કરવાની તથા ત્યાં વનસ્પતિ, પ્રાણી વગેરે ઉત્પન્ન કરવામાં ખોદાની મતલબ શું હતી? માણસ પેદા થયું તે આગળ ફરેશતા પણ નહીં જાણતા હતા કે ખોદાતાલાએ આ દુન્યાને શું કામ પેદા કીધી. મીનોઈ જેહાનને રૂહ અને આત્મા અર્થે પેદા કીધી તે ફરેશતાઓ સમજતા હતા, પણ આ ખાકી દુન્યા પેદા કરવાનો ભરમ નહીં સમજી શકયા હતા. જ્યારે માણસ પેદા થયું કે તે ભરમ ફૂટો. આત્માને ખાકી જભ્ભો પહેરાવી ખાકી તત્વોની બનેલી દુન્યામાં મોકલવાની ખોદાતાલાની ધારણા હતી એવું નઝરે પડે છે. મનુષ્ય આત્માને પરમાત્માનોજ એક અંશ ધારી લેવામાં આવ્યો છે એમ ઈસ્લામી ધર્મ પણ ઈશારો કરે છે:—

"નફૂખતો ફીહે મેન્ રૂહી." એટલે કે ખોદા કહે છે કે "માણસની માટીની કાયામાં મારા પોતાના રૂહની એક ફુંક મેં ફુંકી છે." આ ફકરા ઉપરથી શેહરે શીરાઝીનો મહાન કવિ હાફેઝ પોતાના કાવ્યમાં લખે છે કે:—

તા નફૂખતો ફીહે મેન્ રૂહી, શનીદમ શોદ્ યકીન્
બર્ મન્ ઈન્ મઅની કે મા ઝાને, વઈમ ઉ ઝાને માસ્ત

અર્થ—જ્યારથી મેં સાભળ્યું કે [ખોદા કહે છે કે] "મારા પોતાના રૂહમાંથી મેં એક ફુંક [માણસની માટીની કાયામાં] ફુંકી છે ત્યારથી મારી ખાતરી થઈ છે કે આપણે [માણસ] તેનાજ છિયે, અને તે [ખોદા] આપણોજ છે.

‡ શાએર કહેવા માગે છે કે માણસ ખાકી તેમજ મીનોઈ પણ છે. માણસનો પ્રાણ મીનોઈ છે, અને તેનુ શરીર ખાકી છે. તેના પ્રાણને તેમજ તેનાં શરીરને અનેક સાધનોથી પોષણ મળે છે.

નેગહ્ કુન બરીન્ ગુમ્બદે તીઝ્ગરૂદ
કે દર્માન્ અઝૂયસ્તો ઝૂયસ્ત દરૂદ

અઝ્ દાન્ કુઝૂનીઓ હમ ઝૂ શુમારૂ
બદો નીક્ નઝ્દીકે ઊ આશ્કારૂ

ને યાકૂતે સોર્ખુસ્ત ચર્ખે કબૂદ
ને અઝ્ બાદો આબો ને અઝ્ ગર્દો દૂદ

ને ગશ્તહ્ જમાનહ્ બેફર્સાયદશ
ને ઈન્-રન્જો તીમારૂ બુગ્ઝાયદશ
ને અઝ્ ગરદેશ આરામ ગીરદ હમી
ને ચૂન મા તબાહી પઝીરહ હમી

ફ્ફઆ ઝડપથી ચક્રગતિ કરતાં મેહરાબદાર નભોમંડળ તરફ જરા ૮
નઝર કર [કે તે પણ સખ્ત મેહનત કરે છે]--માણસ ઉપર વેદના પણ આ નભોમંડળથીજ ઉતરે છે અને વળી તે વેદના દૂર કરવાના ઈલાજ પણ તેજ ધરાવે છે.

સંખ્યા તેમજ જથ્થો [Number and quantity] નભોમંડળની ચક્રગતિથીજ આ દુન્યામાં હસ્તીમાં આવ્યાં-[આ દુન્યામાં] બનતી ભલાં ભૂંડાંની વાત પણ તેની આગળ ઉઘાડી છે.

આ નીલવર્ણું દેખાતું નભોમંડળ કાંઈ લાલ સુર્ખ માણેકનું [એટલે કે અમૂલ્ય જવાહેરનું] બનેલું નથી--તેમજ વળી પવન, પાણી ધૂળ કે ધુમાડાનું નથી બનેલું.

તે મંડળ વખતના વહેવા સાથ ઘસાતુ નથી--તેમજ ચક્રગતિના શ્રમ કે પરિશ્રમથી તેને કાંઈ ડંખ કે દુઃખ લાગતું નથી.

ચક્રગતિ છોડી તે શિથીલતામાં આવતું નથી [એટલે હમેશે ફરતુંજ રહે છે] તેમજ વળી આપણ માણસ મિસાલ તેનો નાશ થતો નથી.

દર્ આફ્રીનેશે આફતાબ્ વ માહ્.

બચન્દાન્ ફેરૂઘો બચન્દાન્ ચરાઘ
બેયારાસ્તહ્ ચૂન બનવરૂઝ્ બાઘ
રવાન્ અન્દરૂ ગઉહરે દેલફેરૂઝ્
કઝૂ રઉશનાઈ ગેરેફ્તસ્ત રૂઝ્
કે હરૂ બામદાદી ચુ ઝરૂરીન્ સેપરૂ
ઝે મશરેક્ બરૂઆરદ ફેરૂઝન્દહ્ સરૂ
ઝમીન્ પૂશદ અઝ્ નૂરૂ પીરાહના
શવદ તીરહ્ ગીતી બદુ રઉશના
ચુ અઝ્ મશરેક્ ઊ સૂએ ખાવરૂ કશદ
ઝે મશરેક્ શબે તીરહ્ સરૂ બરૂકશદ
નગીરન્દ બરૂ યક્ દેગરૂરા ગુઝરૂ
નબાશદ અઝીન્ યક્ રવેશ રાસ્તતરૂ

અયા આન્ કે તૂ માંહ્તાબી હમી
ચે બૂદત કે બરૂ મન્ નતાબી હમી
ચરાઘીસ્ત મરૂ તીરહ્શબ્રા પસીચ
બબદ તા તવાની તુ હરૂગેઝ્ મપીચ
ચુ સી રૂઝ્ ગરૂદેશ બેપયમાયદા
દો રૂઝો દો શબ્ રૂય નન્માયદા
હમાના કે ગરૂદેશ બેફર્સાયદશ
કે આસૂદગી બાઝ્ બેફઝાયદશ

સૂર્ય અને ચંદ્રની ઉત્પત્તિ.

સંખ્યાબંધ કિરણોથી ખને ઘણાએક ગગનદીવાઓથી--આકાશ વસંત રૂતુના બાઘ મિસાલ શોભીતું બની રહેલું છે.

તે મધે એક મનોહર રત્ન [સૂર્ય] ફરતું છે--જેમાંથી દિવસ પોતાનો પ્રકાશ મેળવે છે.

દર બામદાદને વખતે તે રત્ન સોનેરી ઢાલ સમાન-પૂર્વ તરફથી બાહેર આવતું દેખાય છે.

તેના કિરણોથી પૃથ્વીની સપાટી ગોયા ભભુકદાર ખમીસ પહેરે છે અને પ્રકાશ રહિત પૃથ્વી પ્રકાશિત બને છે.

જ્યારે તે રત્ન [સૂર્ય] પૂર્વથી પશ્ચિમ તરફ જાય છે--ત્યારે પૂર્વ દિશાથી કાળી રાત બાહેર નીકળે છે.

તેઓ [એટલે કે રાત અને દિવસ] એક બીજાની આગળ પડી રસ્તો ૯
લેતાં નથી, ત્યારે [કહી શકાય કે] આ કરતાં વધારે નિયમિત ગતિ બીજી કોઈ નહીં હશે.

અરે! તું કે જે માહતાબ [ચંદ્રમાં] છે--તો કહે કે શું બીના છે, કે તું તારાં [મેહરવંતાં] કિરણો મારી ઉપર પુરેપુરાં ફેંકતો નથી ?

‡ચંદ્રમા તો કાળી રાતનો એક તૈયાર દીવો છે--માટે ઓ મર્દ ! બને ત્યાં સૂધી હરગેઝ ભૂંડા કામો તરફ ઢળતો ના.

*જ્યારે તે ત્રીસ દિવસ સૂધી ચક્રગતિ કરી રહે છે--કે પછી બે રાત અને બે દિવસ દેખાતો નથી.

જાણેકે ચક્રગતિ તેને થાકવાને ઘસી નાખતી હોય--અને વિસામો તેને પાછો તાઝગી બક્ષીને જાડો બનાવતો હોય તેમ તે દેખાય છે.

ફ્ફ આ બૈત તથા એની પછીની બીજી ચાર બૈતો લખી શાએર, માણસને ધડો આપે છે કે આળસમાં દહાડા ગુઝારવા નહીં. કારણ કે નભોમંડળ જેવું મહાન મંડળ પણ મેહનત અને શ્રમ લે છે.

‡ શાએર કહે છે કે માહતાબને ખોદાએ અંધારી રાતનો એક તૈયાર દીવો બનાવી આપયો છે. વાસ્તે રાતને કાળી જાણીને કાળાં કામો તારે કરવાં નહીં. ભૂડાં કામો રાતે કરશે કે દિવસે કરશે પણ તે જણાયા વગર રહેશે નહીં.

* શાએર ૯૩ મી બયતથી તે ૯૬ મી બયત સૂધી ચંદ્રનું અલંકારીક વર્ણન આપતો જણાય છે. આ વર્ણન કાંઈ ખગોળ વિદ્યાને બંધબેસ્તુ નહીં કહેવાએ.

પદીદ્ આયદ્ આન્ગાહ્ બારીકો ઝરૂદ્
ચુ પોશ્તે કસી ક્ ઘમે એશ્ક્ ખરૂદ્

ચુ બીનન્દહ્ દીદારશ અઝ્ દૂર્ દીદ્
હમ્અન્દર્ ઝમાન્ ઝૂ શવદ્ નાપદીદ્
દેગર્ શબ્ નુમાયેશ કુનદ્ પીશ્તર્
તોરા રઉશનાઈ દેહદ્ બીશ્તર્
બદ્ હફ્તહ્ ગર્દદ્ તમામો દુરોસ્ત
બદાન્ બાઝ ગર્દદ્ કે બૂદ્ અઝ્ નુખોસ્ત
બુવદ્ હર્ શબાન્ ગાહ્ બારીક્તર્
બખુર્શીદે તાબન્દહ્ નઝ્દીક્તર્
૧૦ બદીન્સાન્ નેહાદશ ખોદાવન્દ્ દાદ્
બુવદ્ તા બુવદ્ હમ બદીન્ યક્ નેહાદ્

મોહબતનાં દુઃખમાં પીડાતા માણસનાં લેવાઇ ગયલાં પાતળાં શરીર સમાન– તેના ફિક્કા ચેહરા મિસાલ, તથા તેની વાંકી વળેલી પીઠ માફક તે ચંદ્ર ત્યાર પછી [એટલે બે રાત અને બે દિવસ નહીં દેખાયા પછી] પાતળો, લેવાઈ ગયલો, ફિક્કો અને વાંકો વળેલો પાછો નઝરે આવે છે.

તે ચંદ્ર તેનાં દર્શણ કરનારાની નઝરે પડતાને વારજ–તેની નઝરમાંથી પાછો ગુમ થઈ જાય છે.

બીજી રાતે તે વધારે વહેલો દેખાવ દે છે–અને [ઓ દર્શણ કરનાર!] તને તે વધારે રોશનાઈ આપે છે.

બે અઠવાડિયાંમાં તે પુરો આખો બની જાય છે-પછી જેવો [મહિનાની શુરૂઆતમાં] હતો તેવોજ પાછો ઘટતો જાય છે.

*દર રાત્રે તે વધારે અને વધારે પાતળો બનતો જાય છે–અને તેજસ્વી સૂર્યની વધારે અને વધારે નઝદીક જતો જાય છે.

ચંદ્રને [ચક્રગતિ કરવાનો] આવો નિયમ ખોદાતાલાએ આપ્યો છે–અને જ્યાંસૂધી તે હસ્તી ભોગવતો રહેશે ત્યાંસૂધી એજ નિયમે તે ચક્રગતિ કરતોરહેશે.

દર્ સેતાયેશે પયગમ્બર્ વ યારાનશ્.

હેલત ગર્ નખાહીકે બાશદ્ નેઝન્દ્
નખાહી કે દાયમ બોવી મુસ્તમન્દ્
બેખાહી કે યાબી ઝે હર્ બદ્ રહા
સર્ અન્દર્ નેયારી બદામે બલા
બોવી દર્ દો ગીતી ઝે બદ્ રસ્તગાર્
નેક્ નામ બાશી બરે કેર્દેગાર્

બગોફ્તારે પયઘમ્બરત રાહ્ જૂય
દેલઝ્ તીરગીહા બદીન્ આબ્ શૂય

તોરા દીનો દાનેશ રેહાનદ્ દુરોસ્ત
દરે રસ્તગારી બેબાયદત જોસ્ત
ચે ગોફ્ત આન્-ખોદાવન્દે તન્ઝીલો વહી
ખોદાવન્દે અમરો ખોદાવન્દે નહી

કે ખુર્શીદ્ બઅદ્ અઝ્ રસૂલાને મેહ્
નતાબીદ્ બર્ કસ ઝે બૂબક્ર્ બેહ્

ઓમર્ કર્દ એસ્લામરા આશ્કાર્
બેયારાસ્ત ગીતી ચુ બાઘે બહાર્
પસ અઝ્ હર્દુવાન્ બૂદ્ ઉસ્માન્ ગુઝીન્
ખોદાવન્દે શર્મો ખોદાવન્દે દીન્

૧૧ ચહારૂમ અલી બૂદ્ જોફ્તે બતૂલ્
કે ઊરાં બખૂબી સેતાયદ્ રસૂલ

પયગમ્બર તથા તેના ગોઠિયાઓની તારીફ.

ઓ મર્દ! જો તું તારો જીવ કાયર નહીં થાય એવું ઈચ્છતો હોય–જો સદાકાળ ઘમગીનીમાં વખત ગુઝારવા નહીં માગતો હોય;

જો દરેક આફતથી અળગો રહેવા ચાહતો હોય–અને જો તારૂં માથું બલામાં નહીં સપડાય એવી ખાહેશ રાખતો હોય;

'જો' બેહુ દુન્યામાં પાપ અને તેની સઝામાંથી મુક્ત થવાનો વિચાર રાખતો હોય–તથા વળી કિરતારની હઝુર નેકનામી મેળવવાની આશા રાખતો હોય;

તો તારી ઝિંદગી દરમેયાંન તારા પયઘમ્બરનાં ફર્માવ્યા મુજબ તારો માર્ગ લેતો રહેજે–અને તારા અંતઃકરણની ઉદાસી દીનધર્મનાં પાણી વડે ધોઇ નાખતો રહેજે.

તારૂં ડહાપણ અને તારો ધર્મજ તારૂં તારણ કરશે-માટે તને જે દ્વારે મુકિત મળે તે દ્વાર શોધવો જોઇયે.

પેલા મોટા સાહેબે જેની ઉપર "તન્ઝીલ" [એટલે "કુરાન"] તથા "વહી" [એટલે ઇશ્વરી પ્રેરણા] ઉતરી હતી, તથા જેણે ભલાં કામો કરવાના ઉપદેશ આપી ભૂંડાં કામોની બંધી કીધી હતી તેણે શું કહ્યું છે?

[તે તો તું જાણે છે કે] મહાન ઈશ્વરીદૂતો [એટલે ખોદાનાં મોકલાવેલા પયઘમ્બરો] પછી હઝરત અબુબક્ર કરતાં વધારે કોઈ પણ શખ્સ ઉપર સૂર્યનો પ્રકાશ પડયો નથી.

ઈસ્લામી ધર્મને જગ ઝાહેર હઝરત ઓમરે કર્યો–અને તેમ કરીને દુન્યાને ગોયા વસંત રૂતુના બાઘ સમાન શોભિતી કીધી.

તે બંને (એટલે અરબોના રસૂલના જાએનશીન અબૂબક્ર અને ઓમર) પછી દીનના અધિકારને માટે (હઝરત) ઓસ્માન નિમાયો, જે ખરેખરો શર્માળ અને ધર્મી પુરૂષ હતો.

ચોથો જાયનશીન (હઝરત) અલી હતો જે (દુન્યાઈ લોભ લાલચથી હાથ ઉઠાવનારાં) હઝરત બીબી ફાતેમાનો ખાવંદ થતો હતો,–તથા જેને રસૂલે અરબી યોગ્ય રીતે વખાણે છે;

* કદીમ ઈરાનીઓની ખગોળવિદ્યા વાંચીને ફિર્દોસી, આ બયતમાં અલંકારિક વર્ણન પાછું છોડી દઈ આજના ઝમાનાની યૂરોપ દેશની ખગોળવિદ્યાના પુસ્તકોમાં વંચાતા Perihelion અને Aphelion શબ્દોના અર્થને મળતો આવતો અર્થ ચંદ્રની બાબદમાં આ બયતમાં લખતો જણાય છે.

કે મન્ શહ્રે એલ્મમ્ અલીઅમ્ દરસ્ત
દુરોસ્ત ઈન્ સખુન્ ગોફ્તહ્ પયઘમ્બરસ્ત
ગવાહી દેહમ્ કીન્ સખુન્ રાઝે ઊસ્ત
તો ગૂઈ કુ ગુશમ્ બરૂ અવાઝે ઊસ્ત

બદાન્ બાશ કૂ ગૌફ્ત જૂ બરૂમગરૂદ
ચુ ગોફતારો રાયત નયારદ ,બદરૂદ

અલીરા ચુનીન દાનો આનાન્ હમન્
કઝીશાન્ કવી શુદ બહરૂગૂનહ્ દીન્

નબી આફ્તાબો સેહાબાને ચુ માહ્
બહમ્ નેસ્બતી યક્ દેગરૂ રાસ્ત રાહ્

હકીમી જહાન્રા ચુ દર્યા નેહાદ
બરૂઅન્ગીખતહ્ મઉજ અઝૂ તુન્દ..બાદ
ચુ હફ્તાદ કેશ્તી બરૂ સાખ્તહ્
હમહ્ બાદબાન્હા બરૂઅફ્રાખ્તહ્
યકી પહ્ન્ કેશ્તી બસાને અરૂસ
બેયારાસ્તહ્ હમચુ ચશ્મે ખરૂસ
મોહમ્મદ બદૂ અન્દરૂન્ બા અલી
હમાન્ અહ્લે બયતે નબીઓ વસી

ખેરદમન્દ કઝ્ દૂરૂ દર્યા બેદીદ
કરાનહ્ ને પયદાઓ બુન્ નાપદીદ
બેદાનેસ્ત કૂ મઉજ ખાહદ ઝદન્
કસ અઝ્ ધરૂક બીરૂન નખાહદ શદન્

બદેલ્ ગોફ્ત અગરૂ બા નબીઓ વસી
શવમ્ ઘર્કહ્ દારમ્ દો યારે વફી

હમાના કે બાશદ મરા દસ્તગીરૂ
ખોદાવન્દે તાજો લવાઓ સરીરૂ
ખોદાવન્દે જૂએ મયો અન્ગબીન્
હમાન્ ચશ્મએ શીરો માએ મઈન્
નેગરૂ તા નદારી બબાઝી જહાન્
ને બરૂગર્દી અઝ્ નીકૂપય હમરહાન્
હમહ્ નીકીઅત્ બાયદ આઘાઝ કરૂદ
ચુ બા નીકૂનામાન્ બુવી હમનબરૂદ
નેકૂઈ બહરૂજા ચુ આયદ બકારૂ
નેકૂઈ ગુઝીન્ વઝ્ બદી શરૂમ દારૂ
અઝીન્ દરૂ સખુન્ ચન્દ રાનમ્ હમી
હમાના કરાનશ નદાનમ્ હમી

કે "હું (રસૂલ) એલ્મીયતનું શેહર કહેવાઉં છું અને અલી તે શેહરનો દરવાઝો છે"—પયઘમ્બરનું આ કહેવું વાજબીજ છે.

હું (ફિર્દોસી) આ બાબદ મુખ ઝબાની આપું છું કે પયઘમ્બરનાં આ કહેણમાં એક ભેદ સમાયલો છે—ગોયા હઝૂર રસૂલના બોલવાના પડઘા મારા કાને પડતા હોય તેમ જણાય છે. (યાને ફિર્દોસી કહેવા માગે છે કે રસૂલે અરબી ભરમમાં બોલી ગયા છે કે "દીન ધર્મની બાબદમાં સાચો માર્ગ દેખાડનાર અલી છે. મારી પછી એલ્મીયતની બાબદમાં અલીનેજ મોટો ગણજો.")

જો તારા નાદાની ભરેલા બોલ તથા વિચારથી તું દુઃખી થવા નહીં માગતો હોય તો—તેનાં (એટલે રસૂલનાં) કહેણને માન આપતો રહેજે અને તેના ફર્માનથી ઉલતો ચાલતો ના.

અલીને આવા ગુણ ધરાવનાર જાણજે અને તેઓને (એટલે કે પહેલા ત્રણ જાએનશીનો અબૂબક્ર, ઓમર અને ઓસ્માનને) પણ આવા સદગુણી ગણજે—કારણકે તે બધાઓથી કોઇને કોઇ રીતે ઇસ્લામી દીનને કૌવત મળ્યું છે.

નબી (પયઘમ્બર) દીનધર્મના આફતાબ મિસાલ હતા. અને તેવણના (મઝકુર) સોબતીઓ દીનધર્મના ચંદ્રમા જેવા હતા—તેઓ સર્વ એક બીજા વચ્ચે નિકટ સંબંધ ધરાવતા હતા.

એક દાનેશમંદ માણસે આ જેહાનને એક સમુદ્ર મિસાલ ગણી છે—કે જેનાં પાણીમાં તોફાની પવનથી મોજા ઉછળતા રહે છે.

તે સમુદ્રની સપાટી ઉપર લગભગ સિત્તેર વહાણો ફરતાં છે—અને તે બધાં વહાણોએ સઢ ચઢાવેલા છે

તે મધ્યે એક પોહોળું વહાણ તે દાનેશમંદે જોયું, જે પરણતી કન્યા સમાન ચણોતીના જેવા લાલ રંગે આરાસ્તે થયલું દેખાયું.

તે વહાણમાં હઝરત પયઘમ્બર મોહમ્મદ સાહેબને હઝરત અલી સાહેબ જે પયઘમ્બરનાં કુંટુંબી તથા તેમનાં વસીયત નામાના વકીલ થાય તેમની સાથે બેઠેલા જોયા.

તે દાનેશમંદને દૂરથી તે સમુદ્ર એવો દેખાયો—કે જાણે તેનો કિનારો ૧૨
કે તળિયું હોયજ નહીં.

તે ઉપરથી તેણે વિચાર કર્યો કે તે સમુદ્રમાં ખચ્ચિતજ આફતના મોજા ઉછળ્યા વગર રહેજ નહીં—અને કોઇ પણ માણસ તેમાં ડૂબી જવા વિના રહે નહીં.

ત્યારે તે દાનેશમંદે પોતાના મન સાથ કહ્યું કે જો હું પયઘમ્બર સાહેબ તથા તેમના વકીલની સાથેજ—ડૂબી મરૂં તો ફિકર નહીં કારણ કે તે બંને મારા વફાદાર મદદગાર છે.

પયઘમ્બર સાહેબના વકીલ હઝરત અલી સાહેબ જેવણ તાજ, તખ્ત અને ધજાના ધણી હતા તથા જેવણ બાગે બેહેસ્તમાં વહેતી મએ, મધ, દૂધ અને નિર્મળ પાણીની નેહેરોના રખેવાળ છે. તેવણ મને તોફાની દર્યાની આફતમાંથી મુક્ત થવાના સાંધણ પુરાં પાડશે.

જો, ધ્યાન ધરજે, કે આ દુન્યા સાથ તું ચેડાં કાઢતો ના—અને નેકકદમ સાથીઓથી જુદો ના પડતો.

જો તું નેકનામવાળાઓનો સાથી થવા માગતો હોય તો—તને સઘળી નેકીજ કરવી પડશે.

જ્યારે તું જાણે છે કે નેકીજ દરેક જગ્યે કામ આવે છે—તો પછી નેકીનેજ પસંદ કરજે અને બદ કામથી શરમાજે.

(ફિર્દોસી કહે છે કે) આ બાબદ હું કેટલું કહું અને લખું ?—એ બાબદનો તો છેડોજ હું જાણતો નથી.

દર્ ફરાહમ્ આવર્દને શાહ્નામહ્.

સખુન્ હરૂચે ગૂયમ્ હમહ્ ગફ્તહ્ અન્દ
બરૂ અઝ્ બાધે દાનેશ હમહ્ રફ્તહ્ અન્દ
13 અગરૂ બરૂ દરખ્તે બલ્રુમન્દ જાય
નેયાબમ્ કે અઝ્ બરૂશુદન્ નીસ્ત પાય
કસીહ્ શવદ્ ઝીરે નખ્લે બલન્દ
હમાન્ સાયહ્ ઝૂ બાઝ્ દારદ્ ગઝન્દ
તવાનમ્ મગરૂ પાએગહ્ સાખ્તન્
બરે શાખે આન્ સર્વે સાયહ્ફકન્
કઝીન્ નામવરૂ નામએ શહ્રૂયારૂ
બગીતી બેમાનમ્ યકી યાદ્ગારૂ
તો ઈન્રા દોરૂધો ફસાનહ્ મદાન્
બયકસાન્ રવેશ દરૂ ઝમાનહ્ મદાન્

અઝીન્ બીશતરૂ દરૂખુરદ્ બા ખરદ્
દેગરૂ બરૂ રહે રમ્ઝ્ મઅની બરદ્

યકી નામહ્ બૂદ્ અઝ્ ગહે બાસ્તાન્
ફરાવાન્ બદ્ અન્દરૂન દાસ્તાન્
પરાગન્દહ્ દરૂ દસ્તે હરૂ મૂબદી
અઝૂ બહ્રઈ બોરૂદહ્ હરૂ બેખ્રદી

શાહનામાનો યાને કે ઈરાનના પાદશાહોની તવારીખનો સંગ્રહ.

જે તવારીખ હું લખું છું તે તો મારી આગળના લોકોએ લખેલી છે!–ગોયા તેઓ દાનાઇના બાગમાંથી તમામ ફળ ઘસડી લઈ ગયા છે.

હું તે દાનાઇના ફળવંત ઝાડની ટોંચ ઉપર જગ્યા–નહીં મેળવી શકું, કારણ કે મારામાં તે ઝાડ ઉપર ચઢવાની શક્તિ નથી.

હા, ખરી વાત છે કે જો કોઇ માણસ બુલંદ ઝાડની નીચે આસરો લે છે–તો ‘તેના સર ઉપરથી ઝાડનો સાયો તડકાંનું દુઃખ દૂર કરે છે.

ત્યારે હું પણ કદાચ તે સાયાવાળા ઝાડની આગળ મારી જગ્યા કરી શકું,

સબૂબ કે પાદશાહોની આ ઉમદા તવારીખ (શાહનામુ)–દુન્યામાં મારી એક યાદગારી તરીકે રાખી જઇશ.

* (ઓ વાંચનાર !) આ તવારીખને જૂઠી અને કલ્પનામાંથી જોડી કાઢેલી સમજતો ના–વખત હમેશો એકસરખો રહેતો નથી તે જાણજે. (એટલે કે આગળા ઝમાનામાં જે બનાવો બની ગયા તે તારા ઝમાનામાં નહીં બને તેથી તે બનાવો બનવા મુશ્કેલ છે એમ માનવું નહીં.)

આ તવારીખમાંની બાબદો ઘણે મોટે ભાગે દેખઇતી રીતે અકલને અનુસરતી છે–બાકી બીજી ભેદ ભરમ ભરેલી બાબદો ઉપર મતલબ (તને) દોરવશે.

અસલવારેથી એક કેતાબ લખાયલી હતી–જેમાં સંખ્યાબંધ તવારીખની બીના સમાયલી હતી.

પણ તે તવારીખનો છૂટો છૂટો થોડો થોડો ભાગ વિદ્વાન માણસોને‡ હાથ વીખરાઇ પડેલો હતો–તેમાંથી તેઓ થોડો કે ઘણો ફાયદો હાસેલ કરતા હતા.

---

* ૧૨૯ મી બયતથી તે ૧૩૫ મી બયત સૂધીમાં શાએર ફિર્દોસી જે કહેવા માગે છે તે આ પ્રમાણે છે:કે, જો કે હું શાહનામુ લખું છું ખરો, પણ તેમાં સમાવેલી તવારીખી બાબદ મારી પોતાની શોધી કાઢેલી કે કલ્પનામાંથી જોડી કાઢેલી નથી. આગળા તવારીખનવેસો મારી ઘણી આગળ ઈરાનની તવારીખ લખી ગયલા છે. તેમાંથી સર્વ વિગત લઈને સાદી એબારતને બદલે કવિતામાં તે તવારીખ પાછી લખું છું. મજકુર બયતોમાં શાએર જૂની તવારીખને એક ફળવંત ઝાડ સાથે સરખાવીને કહે છે કે જો તે જૂની તવારીખ કરતાં વધારે સારી તવારીખ મારા હાથે નહીં લખાય તો તેમાં નવાઈ નથી. કારણ કે મારામાં તેમ કરવાની શક્તિ નથી. વાસ્તે જૂની તવારીખના આધારેજ આ કવિતા રૂપી તવારીખ લખવાની કોશેશ કરૂં છું. અને જેમ ઝાડનો સાયો તડકાનાં દુઃખમાંથી માનવીને બચાવે છે તેમ મારા બદઅંદેશોના મારી કેતાબ ઉપરના ખોટા ટીકાના સંતાપમાંથી તે જૂની તવારીખની હકીકત મને બચાવી લેશે. વાસ્તે જૂની તવારીખના આધારેજ શાહનામુ લખીને દુન્યામાં મારી પાછલ મૂકી જઈશ. ત્યાર બાદ વળી હકીમ ફિર્દોસી વાંચનારાઓનું ખાસ ધ્યાન ખેંચે છે કે શાહનામા મધ્યે સમાયલી બાબદ માત્ર કલ્પના છે એમ તેઓએ માનવું નહીં. તવારીખનો ઘણો મોટો ભાગ વગર અચકાવે અકલ કબૂલ રાખશે. કેટલીએક બીના જો મનાએ નહીં તેવી લાગે તો તેને ઘલત નહીં ગણવી. કારણ કે શાહનામા મધ્યેની તવારીખ ઉપર એટલા બધા ઝમાના ગુઝરી ગયા છે, તથા આગળા અને આજના ઝમાનામાં એટલાતો ફેરફાર થયેલા છે કે તે બીના આપણી સમજમાં આવી શક્તી નથી. માટે તે બીનાઓ ઉપર ધીરજથી વિચાર કરી તેનો ખરો મર્મ અને અસલ મતલબ શું હશે તે સમજી લેવાનું આપણું કામ છે. તથા તેમાં શું ભેદ ભરમ સમાયલા છે તે શોધી કાઢવાની આપણી ફર્ઝ છે.

‡ અસલ બોલ મૂબેદ છે. મૂબેદ એટલે દાના, કાબેલ, મુશ્કેલ બાબદનો ફડચો કરનાર, પરહેઝગાર વગેરે. આગળા ઈરાની પાદશાહોની આગળ વઝીર તરીકે વડો મોબેદજ રહેતો હતો, એટલો તે વખતના દસ્તૂર મોબેદોનો દરજ્જો હતો. અફસોસ ! કે આજે તેજ મોબેદ વર્ગનો દરજ્જો એટલો તો નીચો પડયો છે કે એક મોબેદનો છોકરો હોશ્યાર હોય કે બોથડ હોય તોપણ તે પોતાના બાપનો ધંધો કરતાં શરમાય છે; અને તે વાજબી છે, કારણ કે આજનો મોબેદ વર્ગ એટલો તો હસી મશ્ખેરીમાં આવ્યો છે અને એટલો તો ઉતરતા દરજ્જા ઉપર ગબડી પડયો છે કે જો તે માટે આપણા બેહદીન સાહેબો સુસ્તી પખોડી પાછો ચઢતા દરજ્જા ઉપર લાવવાનાં પગલાં નહીંજ ભરશે તો અમારી પુરેપુરી ખાતરી છે કે યોઝદાથ્રગરીનું ક્રિયા કામ કરનાર વર્ગ થોડીજ મુદતમાં સદંતર નાશ પામશે.

યકી પહૂલવાન્ બૂદ દેહૂકાનનેઝાદ
દેલીરો બુઝોર્ગો ખેરદૂમન્દો શદ

પેજૂહન્દએ રૂઝગારે નુખોસ્ત
ગુઝશ્તાહૂ સખુનહા હમહૂ બાઝ જોસ્ત
ઝે હર્ કેશ્વરી મૂબેદી . સાલખરૂદ
બેયાવર્દો ઈન્ નામહૂરા ગરૂદ કર્દ
બેપુર્સીદ શાન્ અઝ નેઝાદે કયાન્
વઝાન્ નામદારાને ફર્રૂખ ગવાન્

કે ગીતી બઆઘાઝ ચૂન્ દાશ્તન્દ
કે અયદૂન્ બમા ખાર્ બુગ્ઝાશ્તન્દ
ચેગૂનહૂ સરામદ બનીકૂઅખ્તરી
બર્ ઈશાન્ હમહૂ રૂઝે ગુન્દાવરી
બેગોફૂતન્દ પીશશ યકાયકૂ મેહાન્
સખુન્હાએ શાહાનો ગશ્તાહૂ જેહાન્
ચુ બેશ્નીદ અઝીશાન્ સેપહૂબુદ સખુન્
યકી નામવર્ નામહૂ અફૂગન્દ બુન્
ચુનીન્ યાદ્ગારી શુદ અન્દર્ જેહાન્
બર્ આફૂરીન્ અઝ કેહાનો મેહાન્

તે વિદ્વાનોમાં એક શખ્સ હતો જે (પ્રખ્યાત તવારીખનવેસ) દેહકાનના* ખાન્દાનથી ઉતરી આવેલો હતો–તે જાતે દેલાવર અને માતબર હતો. દાનેશમંદ અને સખીવજૂદ હતો.

ઇરાની પાદશાહતની તવારીખના પ્રથમ પાયથીજ ખોળ કરનાર આ વિદ્વાને–તમામ આગળી તવારીખને લગતી બીના શોધી કાઢી.

દેશના દરેક ભાગમાંથી તેણે બુઝોર્ગ તવારીખદાનોને–બોલાવી એકઠા ૧૪
કીધા, અને આ તવારીખનો સંગ્રહ કીધો.

ઇરાનમાં રાજ કરી ગયેલા પાદશાહોનાં તથા ખોરેહમંદ ચેહરાવાલા બહાદુર નામચીન પેહલવાનોનાં વંશોની તવારીખી બાબદો તેઓ પાસેથી લઇને પૂછયું;

કે "તેઓ પોતીના વખતમાં આ ઇરાન દેશને કેવી હાલતમાં રાખતા હતા–કે હાલે કેવી ખરાબ અને ખુવાર અવસ્થામાં આપણને સોંપી ચાલી ગયા છે?

તેઓનો રૂડો સેતારો કેમ કરીને અસ્ત પામ્યો અને તેઓના શરાતન જમાનાનો અંત કેમ આવ્યો ?"

તે વિદ્વાનોએ ઇરાનના પાદશાહોની તવારીખ અને ઝમાનાની ગર્દેશની એકેએક હકીકત તેને કહી સંભળાવી.

જ્યારે તે બહાદુર શખ્સે ઇરાનની તવારીખ તેઓ પાસેથી મેળવી ત્યારે તેણે એક ઉમદા તવારીખ લખવાનો પ્રારંભ કર્યો.

એક આવી ઉમદા યાદગારી (કાયમ રાખવા)નું કામ તે બહાદુરને હાથે દુન્યામાં થયલું છે,–અને તેટલા માટે નાના તેમજ મોટા લોકોએ તેની નિસ્બતમાં આફ્રીનના શબ્દો કહ્યા છે.

દર્ સરગુઝશ્તે દકીકી શાએર્.

ચુ અઝ દફૂતર્ ઈન્ દાસ્તાનહા બસી
હમીખાન્દ ગૂયન્દહૂ બર્ હર્ કસી

જહાન્ દેલ નેહાદહૂ બદીન્ દાસ્તાન્
હમાન્ બેખ્રદાનો હમાન્ રાસ્તાન્

શાએર દકીકી, તેના કામો, તેની ઉપર વીટેલો બનાવ.

તે પ્રખ્યાત તવારીખનવેશ દેહકાનના ખાનદાનવાળો બહાદુર શખ્સ પોતાની લખેલી તવારીખમાંથી ઘણાંએક રસીલાં દાસ્તાનો જ્યારે લોકો આગળ વાંચતો હતો,

ત્યારે દેશના (એટલે ઇરાનના) શ્યાણા એને સમજુ માણસો તેમજ ધર્માત્માઓ તે દાસ્તાનો ઉપર પુરેપુરો ભરોસો મૂકી સાંભળતા હતા.

---

* શાહનામાની નામચીન તવારીખમાં શાએર એક જૂના તવારીખનવેસનું નામ જ્યારે ત્યારે આપતો આવ્યો છે, અને તે "દેહકાન" છે. સામાન્ય નામ તરીકે દેહકાનનો અર્થ ગામડેની ઝિંદગી ગુઝારનાર ગામડિયો થાય છે; પણ અત્રે તો દેહકાનનો બોલ વિશેષ નામ તરીકે વપરાયો છે. જૂની ઈરાનની સલ્તનતની તવારીખ છેક કયૂમર્સથી તે યઝદજર્દ શેહરયારના વખત સૂધી લખાયલી હતી, એવી બીના ઝાહેર આવી છે. કહે છે કે પાદશાહ નોશીરવાને આદેલે જૂની તવારીખની વિગત પાદશાહ કયૂમર્સથી તે શેહન્શાહ અર્દશીર બાબકાનના વખત સૂધી એકઠી કરાવી હતી. અર્દશીર બાબકાનથી તે પોતાના વખત સૂધીની તવારીખ તેમાં ઉમેરવામાં આવી અને તેને સરકારી દફ્તરખાનામાં રાખવામાં આવી હતી. નોશીરવાન પછી ઇરાનની રાજગાદીએ આવનાર પાદશાહોની તવારીખ પણ લખી ત્યાંજ સંગ્રહ કરવામાં આવતો હતો. યઝદગર્દ શેહરયારનાં વખતમાં મદાયનના માતબર રહીશોમાના એકને જેનું નામ "દાનેશવર દેહકાન" હતું તથા જે વિદ્યા એલમમાં પ્રવીણ હતો તેને ફર્માવવામાં આવ્યું કે કયૂમર્સથી તે શેવટ સૂધીની તવારીખ જે સરકારી દફ્તરખાનામાં જલવાયલી હતી તે સર્વેને નવેસરથી ગોઠવીને તેનો એક ગ્રંથ રચે. કદીમ ઈરાની સલ્તનતનાં આ નવા રચેલા ગ્રંથનુ નામ "બાસ્તાન નામુ" આપવામાં આવ્યું આ બાસ્તાન નામાના રચનાર દાનેશ્વર દેહકાન છે જેનું નામ વારમ્વાર ફિર્દોસી પોતાના શાહનામામાં લે છે. એવું જણાય છે કે દાનેશ્વર દેહકાનની રચેલી તવારીખ બાસ્તાન નામુ છપાઈ તેની નકલો બાહેર પડી હતી નહીં; કારણ કે તેમ કરેવામાં આવે તેટલાં તો યઝદગર્દ શેહરયારની પાદશાહીનો ઝવાલ આવ્યો, અને ઈરાની દફ્તરખાનું અરબોના હાથમાં જઇ પડયું. એમ પણ કહેવામાં આવ્યું છે કે મઝકુર દાનેશ્વર દેહકાને બાસ્તાન નામુ પુરૂં પણ કર્યું હતું નહીં, શેહન્શાહ ખુસ્રવ પર્વીઝનાં રાજ્ય સૂધીજ લખાયું હતું કે તુરત ઈરાનનું રાજ્ય પડી ભાગ્યું.

જવાની બેયામદ ગોશાદહુઝબાન્
સખુન્ ગોફ્તને ખૂબો તબ્એ રવાન્
૧૫ બનઝ્મ આરમ ઈન્ નામહુરા ગોફ્ત મન્
અઝ્ શાહમાન્ શુદ દેલે અંજમન્
કે ગોશ્તાસ્પો અર્જાસ્પ બયતી હઝાર્
બેગોફ્તો સર્આમદ બરૂ 'રૂઝ્ગાર્

જવાનીશરા ખૂએ બદ યાર્ બૂદ
અબા બદ હમીશહ્ બપ્યગાર બૂદ
બદાન્ ખૂયે બદ જાને શીરીન્ બેદાદ
નબૂદ અઝ જહાન્ દેલશ યક્ રૂઝ્ શાદ
યકાયક્ અઝ્ બખ્ત બર્ગશ્તહ્ શુદ
બદસ્તે યકી બન્દહ્ બર્કશ્તહ્ શુદ
બરૂ તાખ્તન્ કર્દ નાગાહ્ મર્ગ્
નેહાદશ બસર્ બર્ .યકી તીરહ્ તર્ગ્
બેરફ્ત ઊઓ ઈન્ નામહ્ નાગોફ્તહ્ માન્દ
ચુનાન્ બખ્તે બીદારે ઊ ખોફ્તહ્ માન્દ
બેકુન અફ્વ યા રબ્ ગુનાહે વરા
બેયફ્ઝાએ દર્ હશર્ જાહે વરા

(એટલામાં એમ બન્યું કે) એક છટાબંધ બોલનાર, સારી બયતો જોડનાર બુદ્ધિસાગર જેવા જવાન કવિરાજે લોકોમાં આવી,

કહ્યું કે "આ તવારીખને હું કવિતામાં લખું છું"–તેના આ શબ્દો સાંભળી ઇરાની પ્રજા ખુશીમાં આવી ગઇ.

તેણે કયાની પાદશાહ ગુશ્તાસ્પની (તુરાની સરદાર) અર્જાસ્પ સાથની તવારીખનાં એક હઝાર બયત–કવિતામાં જોડયાં તેટલામાં તેની ઝિંદગીનો છેડો આવી ગયો.

તેની જવાન ઝિંદગીને એક બુરી ખોટ વળગેલી હતી,–અને તે બુરી આદતને તજવાથકી હમેશે અતિશય પ્રયત્ન કરતો હતો.

પણ આખેર તેનો કીમતી જાન તે બુરી ખોટનો ભોગી થઇ પડયો. આ દુન્યામાં તેનો જીવ એકબી દિવસ સુખી નહીં રહેતો હતો.

અચિંતુ તેનું નસીબ ઊંધું વળ્યું–અને પોતાના એક નોકરને હાથ માર્યો ગયો.

તેની ઉપૂર મોતે અનધાર્યો ધલબો કીધો. અને તેને માથે કાળી લોખંડી ટોપી પહેરાવી.

તે દુન્યામાંથી ચાલી ગયો અને તેની બયતબાઝીની કેતાબ, વગર લખાવે રહી ગઇ–આ રીતે તેનું આશાજનક ઝળકતું ભવિષ્ય અંધકારમાં આવી ગયું.

ઓ ખોદા! તેને તેના ગુનાહની માફી બક્ષીને રસ્તાખેઝના વખતે તેની પ્રતિષ્ઠા વધારજે.

દર્ બુન્યાદ નેહાદને કેતાબ્ વ અન્દર્ઝે દૂસ્ત્ દરીન્ બાબ્.

શાહનામાની કેતાબનો પ્રારંભ અને તે બાબે એક મિત્રની સલાહ.

દેલે રઉશને મન્ ચુ બુગ્ઝશ્ત અઝ્ય
સુવી તખ્તે શાહે જહાન્ કર્દ રૂય
કે ઈન્ નામહુરા દસ્ત પીશ આવરમ
ઝે દફ્તર્ બગોફ્તારે ખીશ આવરમ
૧૬ બેપુર્સીદમ અઝ હર્ કસી બીશુમાર્
બેતર્સીદમ અઝ ગર્દેશે રૂઝ્ગાર્
મગર્ ખુદ દેરંગમ નબાશદ બસી
બેબાયદ સેપોર્દન્ બદીગર્ કસી
વ દીગર્ કે ગંજમ વફાદાર્ નીસ્ત
હમાન્ રંજરા કસ ખરીદાર્ નીસ્ત

ઝમાનહ્ સરાસર્ પુરઝ્ જંગ્ બૂદ
બજૂયન્દગાન્ બર્ જહાન્ તંગ્ બૂદ
બરીનગૂનહ્ યક્ ચન્દ બુગ્ઝાશતમ
સખુનરા નેહોફ્તહ્ હમીદાશતમ
નદીદમ કસી કૂ સઝાવાર્ બૂદ
બગોફ્તારે ઈમ્ મર્ મરા યાર્ બૂદ

બશહ્રમ્ યકી મેહર્બાન્ દૂસ્ત બૂદ
તો ગોફ્તી કે બા મન્ યકી પૂસ્ત બૂદ
મરા ગોફ્ત ખૂબ્ આમદ ઈન્ રાએ તૂ
બનીકી ; ખરામદ મગર્ પાએ તૂ

જ્યારે શાએર દકીકીનો અહવાલ મારા મનમાંથી વીસરાયો–ત્યારે મેં મારૂં ધ્યાન દેશના પાદશાહ (સુલ્તાન મહમૂદ) નાં પાયતખ્ત ભણી દોડાવ્યું.

કે જેથી ઇરાનની તવારીખી દફતરમાંથી તેને મારી પોતાની બયતોમાંથી લખું.

પણ મેં લોકેલોકથી ઘણી પરપૃછ કીધી મને ઝમાનાની ગર્દેશનો પણ વિચાર આવ્યો.

વળી (એવો પણ વિચાર આવ્યો કે) રખે મારી ઝિંદગી લાંબી નહીં હોય,–અને (આ તવારીખ લખવાનું કામ મારા મોત પછી) બીજાને સોંપવું પડે.

વળી મારા મનમાં આવા પણ વિચાર આવ્યા કે પૈસા સાથે મને લેહેણું નથી–તેમજ વળી આ મહા મેહનત ભરેલાં કામનો બદલો આપનારો પણ કોઇ નથી.

વળી ઝમાનો શત્રુવટથી ભરપુર છે–અને તવારીખને લગતી શોધખોળ કરનારાઓની કોશેશ માટે જગા કે જોગવાઇ નથી.

આ કારણોને લીધે થોડાએક વખત મેં ગાળી કાઢયો અને બયતોમાં તવારીખ લખવાની મારી વાતને છૂપાવી રાખી.

કારણ કે મેં કોઇ તેવો લાયક માણસ જોયો નહીં–કે જેની આગળ તવારીખ લખવાની વાત કરી શકું. અથવા તો એવો લાયક માણસ મને નહીં મલ્યો કે જે મારી વાતને ટેકો આપી શકે.

આખેર મારા શેહરમાંથી એક જીવજાન વિશ્વાસુ મેહરબાન દોસ્ત મને મળી આવ્યો.

તેણે મને કહ્યું કે કવિતા રૂપે ઇરાનની તવારીખ લખવાનો તારો વિચાર નેક છે;–અને તે તને નેક રસ્તે ઉતારશે.

નેવેશ્તહ્ મન્ ઈન્ નામએ પહ્લવી
બપીરે તો આરમ્ મગર્ નઘ્નવી
ફુશાદહ્ જબાનો જવાનીત્ હસ્ત
સુખન્ ગોફ્તને પહ્લવાનીત્ હસ્ત
શવ ઈન્ નામએ ખુસ્રવી બાઝ્ ગુય
બદીન્ જૂએ નઝ્દે મેહાન્, આબ્રૂય
બનઝ્દે સખુન્ સન્જ અન્દર્ જેહાન્
બરતે આફ્રીન્ અઝ્ કેહાનો મેહાન્
અગર્ બેહ્ નબૂદી સખુન્ અઝ્ ખોદાય
નબી કય બુદી નઝ્દે મા • રેહ્નુમાય
ચુ આવર્દ ઈન્ નામેહ્ નઝ્દીક મન્
બરૂઅફ્રૂખ્ત ઈન્ જાને તારીક મન્

તેણે કહ્યું કે જો તારી ઉલટ નરમ પડી જાય તો તે ફાર્સીનામુ લખી ઉતારીને તારી આગળ લાઉં.

તું હજુ જવાન છે, છટાદાર બોલનાર છે,—અને ફાર્સી કવિતા લખવાની શક્તિ ધરાવે છે.

ચાલ, ત્યારે આ બાદશાહી તવારીખને ફરીને બયતોમાં લખ—અને તેમ કરીને મોટા લોકો આગળ આબરૂ મેળવ. ૧૭

આ દેશમાં કવિતાની કદર બુજનારા-સર્વે નાના મોટા તને શાબાશી આપશે.

જો કેતાબ લખવાનું કામ ખોદાતાલાને પસંદ નહીં આવતું હતે તો આપણા પયગમ્બર સાહેબ આપણા રાહબર થવા નહીં પામતે.

છેવટ મારા દોસ્તે તે નામુ મને લાવી આપ્યું જેથી મારા નિરાશ અને ઉદાસ બનેલા જીવને પાછો ઉમંગ આવ્યો.

દર્ સેતાયેશે મન્સૂર્ બેન્ મોહમ્મદ્.

મોહમ્મદ બિન મન્સૂરની તારીફ.

બદીન્ નામહ્ ચૂન્ દસ્ત કર્દમ દરાઝ્
યકી મેહ્તરી બૂદ્ બા નામો નાઝ્
જવાન્ બૂદ્ અઝ્ ગઉહરે પહ્લવાન્
ખેરદ્મન્દો બીદારો રઉશન્રવાન્
ખોદાવન્દે રાયો ખોદાવન્દે શર્મ
સખુન્ ગોફ્તને ખૂબો આવાએ નર્મ
મરા ગોફ્ત કઝ્ મન ચે આયદ્ હમી
કે જાનત સખુન્ બર્ગેરાયદ્ હમી
બચીઝી કે બાશદ્ મરા દસ્તરસ
બકૂશમ્ નેયાઝત નેયારમ્ બકસ
હમીદાશ્તમ્ ચૂન્ યકી તાઝહ્ સીબ્
કે અઝ્ બાદ્ નાયદ્ બમન્ બર્ નેહીબ્

બકયવાન્ રસીદમ્ ઝે ખાકે નેઝન્દ્
અઝાન્ નીકુદેલ્ નામદાર્ અર્જમન્દ્
બચશ્મશ્ ચે ખાકો ચે સીમો ચે ઝર્
કરીમી બદ્ યાફ્તહ્ ઝીબો ફર્

સરાસર્ જહાન્ પીશે ઊ ખાર્ બૂદ્
જવાન્ મર્દ્ બૂદો વફાદાર્ બૂદ્
ચુનાન્ નામવર્ ગુમ્ શુદ્ અઝ્ અન્જમન્
ચુ અઝ્ બાદ્ સર્વેસહી અઝ્ ચમન્

ને ઝૂ ઝેન્દહ્ બીનમ્ ને મોર્દહ્ નશાન્
બદસ્તે નેહન્ગાને મર્દુમકશાન્
દેરીઘ્ આન્ કમર્ બન્દો આન્ ગેર્દગાહ્
દેરીઘ્ આન્ કયી બોર્ઝો બાલાએ શાહ્

જે વેળા હું તવારીખ લખવાને તૈયાર થયો—તે વેળા (મારા શેહરમાં) એક નેકનામ તથા સદભિમાનવાળો ગ્રહસ્થ જીવતો હતો.

તે જવાન વયનો હતો અને કદીમ પહેલવાનની બુન્યાદથી ઉતરી આવેલો હતો—જાતે ડહાપણવાળો, હુશ્યાર અને ખુશ મિજાઝવાળો હતો.

તે જેટલો વિચારવંત હતો તેટલોજ શરમાળ હતો,—અને ધીમેથી પણ સભ્યતાથી વાત કરનારો હતો.

આવા એક ગ્રહસ્થે મને કહ્યું કે "તારા જીવને ભાવે તેવું મારાથી શું બનવાનું હતું ?"

છતાં જે ચીઝ ઉપર મારો હાથ પહોંચતો હશે તે સર્વ તને પુરી પાડવાનો યત્ન કરીશ અને તને કોઇનો ઓસિયાળો રાખીશ નહીં.

(ફિર્દોસી પછી ટુંકમાં કહે છે કે) તે ગ્રહસ્થ મને તાઝાં શેબફળ મિસાલ રાખતો હતો—અને (જેમ બાઘબાન શેબના ઝાડને) તોફાની પવન લાગ્યાથી શેબફળને નુકસાન નહીં થાય (તેની સંભાળ રાખે છે, તેમ મારાં તવારીખ લખવાના) કામને કાંઇ હરકત નહીં થાય તેની સંભાળ તે લેતો હતો.

તે નેક ખવાસના નામદાર ઉમરાવની મદદથી—હું (આ દુન્યાની) સીઆહ શોકાતુર સપાટી ઉપરથી ગોયા શનિશ્ચર સેતારાની ઊંચાઇએ પુગી ગયો હતો. ૧૮

(તે એટલો તો ઉદાર દિલનો હતો કે) તેનાં મનથી સોનું રૂપું તો માટીની કીંમત જેટલું હતું.—તે સખીવજૂદ હતો અને તેણે સંસારમાં મોટી શોભા અને પ્રતિષ્ઠા મેળવેલી હતી.

દુન્યાની તમામ દૌલતને તે કોડીની ગણતો હતો—તે મોટા મનનો અને પુરો ભરોસો મેળવા લાયક ગ્રહસ્થ હતો.

પણ જેમ બાઘમાંથી સીધું સરોવરનું ઝાડ તોફાની પવનથી ઉખડી જાય છે તેમ (તૂસ શેહરની) અન્જુમનમાંથી એક આવો નામદાર શખ્સ એકાએક ગુમ થઇ ગયો.

માણસ ખાઉ સોસવાટ જેવાઓની બુરાઇથી—જીવતાં કે મુવા પછી હવે હું તેના પત્તો મેળવી શકવાનો નથી.

અફસોસ ! અફસોસ ! શું તેની કમર અને કેવો તેનો કમરબંદ. અફસોસ ! અફસોસ ! કે આવો કદાવર ઉમરાવી મુરબ્બી દુન્યામાંથી ચાલી ગયો !

ગેરેફ્તારે ધમ ચૂં શુદહ નાઊમીદ
રવાન્ લર્ઝહ લર્ઝાન્ બકેર્દારે બીદ
સેતમ બાદ બર્ જાને આન્ માહો સાલ
કુજા બર્ તને શાહ શુદ બદસેગાલ
ચસી પન્દે આન્ શાહ યાદ આવરમ
કે કઝ્ઝી રવાન્ સૂએ દાદ આવરમ
મરા ગોફ્ત કીન્ નામએ શહરૂયારુ
અગર્ ગોફ્તહ આયદ બશાહાનં સેપારુ
૧૫ દેલે મન બગોફ્તારે ઊ રામ શુદ
રવાનમ બદીન્ શાદો પદરામ શુદ
ચુ જાને રહી પન્દે ઊ કરદ યાદ
દેલમ ગશ્ત અઝ્ પન્દે ઊ શાદો શાદ

ધમના પંજામાં સપડાઇ જઇ મારો જીવ નિરાશ બની ગયો,–અને દિલ બેદનાં* ઝાડ સમાન ધ્રુજ્યા કીધું.

જે મૂજી આવા એક મુરબ્બી શેઠનો જીવ લેનાર દુશ્મન બન્યો તેના જીવ ઉપર મહિનાઓ અને વર્ષો સૂધી ખોદાનો ગઝબ ઉતરજો !

તે મુરબ્બી શેઠની કીધેલી એક સૂચના યાદ કરૂં છું–અને આડો રસ્તો છોડીને મારાં મનને ખરા માર્ગ ઉપર લાઉં છું.

તેણે મને કહ્યું હતું કે “ ઇરાની પાદશાહોની આ તવારીખને,–જ્યારે લખઇ પુરી થાય ત્યારે કોઇ પાદશાહનેજ સોંપજે.

તેના કહેવા મુજબ ચાલવાની મારી મરજી થઇ છે,–અને તેથી કરીને મારા જીવને મોટો આંનદ અને સંતોષ મળ્યો છે.

જ્યારે મુજ બંદાનાં મનમાં તેની સૂચનાં યાદ આવી ત્યારે મારો જીવ હરખાયો અને મને હિમ્મત આવી.

દર્ સેતાયેશે સુલ્તાન્ મહ્મૂદ્ વ બેરાદરશ્ અમીરૂં નસ્ર્.

બદીન્ નામહ મર્ન દસ્ત કરદમ દરાઝ
બનામે શહન્શાહે ગરદનફેરાઝ
જહાન્આફ્રીન્ તા જહાન્ આફ્રીદ
ચુનૂ મરઝ્બાની નેયામદ પદીદ
ખોદાવન્દે તાજો ખોદાવન્દે તખ્ત
જહાન્દારો પીરૂઝો બીદારૂબખ્ત
ચુ ખુરૂશીદ બર્ ગાહ બેનમૂદ તાજ
ઝમીન્ શુદ બકેર્દારે તાબન્દહ આજ
ચે ગૂઈ કે ખુરૂશીદે તાબાન્ કે બૂદ
કઝૂ દર્ જહાન્ રઉશનાઈ ફેઝૂદ
અબૂલ્કાસેમ આન્ શાહે પીરૂઝબખ્ત
નેહાદ અઝ્ બરે તાજે ખુરૂશીદ તખ્ત

કે ખાવર્ બેયારાસ્ત તા બાખ્તર્
પદીદ આમદ અઝ્ ફરૂરે ઊ કાને ઝર્
૨૦ મરા અખ્તરે ખોફ્તહ બીદાર્ ગશ્ત
બમગ્ઝ અન્દર્ અન્દીશહ બેસ્યાર્ ગશ્ત
બેદાનેસ્તમ આમદ ઝમાને સોખન્
કુનૂન નવ શવદ રૂઝગારે કોહન
બરૂઅન્દીશએ શહરૂયારે ઝમીન્
બેખોફ્તમ શબી દેલ પુરઝ્ આફ્રીન્
દેલે મન ચુ નૂર્ અન્દરાન્ તીરહ શબ્
બેખોફ્તહ કુશાદહ દેલો બસ્તહ લબ્

ચુનાન્ દીદ રઉશન્ રવાનમ બખાબ્
કે રખ્શાન્દહ શમઈ બર્ આમદ ઝે આબ્

સુલ્તાન મહમૂદ અને તેના ભાઈ અમીર નસ્રની વખાણ.

બહાદુર શેહનશાહ સુલ્તાન મહમૂદનાં (મુબારક) નામને અર્પણ કરીને–આ તવારીખ લખવાનું મેં ચાલુ કર્યું.

જેહાનના પેદા કરનાર ખોદાએ જ્યારથી જેહાન પેદા કીધી છે ત્યારથી તે આજ સૂધી ગોયા દેશનો આવો નેગેહબાન પેદા થયો નથી.

તે તાજ અને તખ્તનો ધણી છે–દેશ ઉપર સત્તા ધરાવનારો છે. ફતેહમંદ અને ભાગ્યશાળી છે.

જ્યારે તખ્ત ઉપર બેસીને તે ખોરશીદે પોતાનું તાજ દેખાડયું ત્યારે ઝમીનની સપાટી સફેદ હાથીદાંત સમાન ચળકવા લાગી.

(ફિર્દોસી પોતાના મન સાથે બોલે છે કે) અરે જીવ ! જોઉં, તું કહેની કે આ તેજસ્વી સૂર્ય કોણ છે ? કે જેનાથી દેશમાં સુધારાનો પ્રકાશ વધ્યો છે.

અરે અબૂલ કાસેમ (ફિર્દોસી) ! તે ભાગ્યશાળી શાહ તો તે ધણી છે–કે જેણે પ્રભાતમુગટ (એટલે કે ખોરશીદનાં તાજ અથવા માથાં) ઉપર પોતાનું તખ્ત માડયું છે.

પૂર્વથી પશ્ચિમ સૂધી તેણે દેશને આરાસ્તે કર્યો છે,–જે દેશ હવે પાદશાહના પ્રતાપથી સોનાની ખાણ મિસાલ દેખાઈ રહયો છે.

હું સમજું છું કે હવે કવિતા વિદ્યાનો ઝમાનો આવી પુગ્યો છે–અને હવે જૂનો ઝમાનો નવો બની જશે.

મારૂં ઊંઘણસી નસીબ હવે બીદાર થયું છે,–મારા ભેજામાં એવા ઘણા વિચારો આવવા લાગ્યા છે.

મનમાં દુઆ, અને આફ્રીન કરતો દેશના પાદશાહનાજ વિચારમાં એક રાતે હું સૂતો હતો.

રાત જોકે કાળી અંધારી હતી પણ મારૂં મન સૂર્યનાં કિરણ પેરે ગૂચવાડા વગરનું રોશન અને ચપલ હતું–કાંઈપણ બોલ્યા વગર હરખમાં અને હરખમાં આરામ લીધો.

મારા ખાલેસ જીવે સ્વપ્નામાં એવું જોયું કે દર્યામાંથી એક બળતી મીણબત્તિ નીકળી આવી.

* આ “ બેદનાં ” ઝાડ માટે કહે છે કે તે હમેશ ધ્રુજ્યા કરે છે અને એ ઝાડ ઘણાંખરાં ઈરાન દેશમાંજ થાય છે.

હમહુ રૂએ ગીતી શબે લાજવરૂદ
અઝાન્ શમ્અ ગશ્તહુ ચુ યાકૂતે ઝરૂદ
દશ્ત દશ્ત બરૂસાને દીબા શુદહુ
યકી તખ્તે પીરૂઝહુ પયદા શુદહુ
નેસસ્તહુ : બરૂ શહુરૂયારી ચુ માહુ
યકી તાજ બરૂ સરૂ બજાએ કોલાહુ
રદહુ બરૂકશીદહુ સેપાહુ અઝ દો મીલ
બદસ્તે ચપશ હફતસદ ઝેન્દહુ પીલ
યકી પાકૂ દસ્તૂરૂ પીશશ્ બપાય
બદાદો દેહેશ્ શાહુરા રહુનુમાય
મરા ખીરહુ ગશ્તી સરૂ અઝ ફરૂરે શાહુ
વઝાન્ ઝેન્દહુ પીલાનો ચન્દાન્ સેપાહુ
ચુ આન્ ચેહુરએ ખુસ્રવી દીદમી
અઝાન્ નામદારાન્ બેપુર્સીદમી
કે ઈન્ ચર્ખેઈ માહસ્તો યા તાજો ગાહુ
સેતારહુસ્ત પીશ અન્દરશ યા સેપાહુ
યકી ગોફ્ત ઈન્ શાહે રૂમસ્તો હેન્દ
ઝે કન્નૂજ તા પીશે દર્યાએ સેન્દ
ચે ઈરાન ચે તૂરાન્ વરા બન્દહુ અન્દ
બરાયો બફર્માને ઊ ઝેન્દહુ અન્દ
ને પીચદ કસી સરૂ ઝે ફર્માને ઊય
નેયારદ ગુઝસ્તન્ ઝે પયમાને ઊય
બેયારાસ્ત રૂએ ઝમીનરા બદાદ
બેપરૂદોખ્ત અઝાન્ તાજ બરૂ સરૂ નેહાદ
જહાનદારૂ મહુમૂદ શાહે બુઝોરૂગ્
બઆબેશ્ખુરૂ આરદ અબા મીશ ગોરૂગ્

ઝે કશ્મીરૂ તા પીશે દર્યાએ ચીન્
બરૂ શહુરૂયારાન્ કુનન્દ આફ્રીન્
ચુ કૂદક્ લબઅઝ શીરે માદરૂ બેશોસ્ત
બગહુવારે મહુમૂદ ગૂયદ નુખોસ્ત
તો નીઝ આફ્રીન્ કુન્ કે ગૂયન્દઈ
બદૂ નામે જાવીદ જૂયન્દઈ
ચુ બીદારૂ ગશ્તમ બેજસ્તમ ઝે જાય
ચે માયહુ શબે તીરહુ બૂદમ બપાંય
બરાન્ શહુરૂયારૂ આફ્રીન્ ખાન્દહુ અમ
નબૂદમ દેરમ જાન્ બેયફ્શાન્દહુ અમ
બદેલ ગોફ્તમ ઈન્ ખાબ્રા પાસોખસ્ત
કે આવાઝહુઅશ દરૂ જહાન્ ફરૂરોખસ્ત
બરૂ આફ્રીન્ કૂ કુનદ આફ્રીન્
બરાન્ બખ્તે બીદારો તાજો નેગીન્

તે કાળી રાતે તે બત્તીના પ્રકાશથી ઝમીનની તમામ સપાટી લાલ માણેક જેવી બની રહી.

મયદાન, પહાડ, અને ખીણ કસબી કિમ્ખાબ જેવાં દીસવા લાગ્યાં - તેવામાં એક પીરોઝાનું બનાવેલું તખ્ત નીકળી આવ્યું.

તે તખ્ત ઉપર ચંદ્રમા મિસાલનો એક પાદશાહ બેઠેલો હતો–અને તેનાં માથાં ઉપર કોલાહ (ટોપી) ને બદલે તાજ હતું.

બે માઈલની લંબાઈ સુધી લશ્કર સફ મારીને ઉભેલું હતું–અને તેના ડાબા હાથ ઉપર સાતસો વિક્રાળ હાથીઓ ઉભા હતા.

એક ભલો વઝીર તેની આગળ ઉભેલો હતો, જે ન્યાય અને દાન-ધર્મનાં કામમાં પાદશાહને સલાહ આપતો હતો.

પાદશાહનાં પ્રતાપે વિક્રાળ હાથીઓએ અને આટલાં મોટાં લશ્કરે મારાં મનને છક કરી નાખ્યું.

જ્યારે મારી નજર તે પાદશાહી ચેહરા ઉપર પડી ત્યારે ત્યાં હાઝેર ૨૧
રહેલા મોટા માણસોથી મેં પૂછયું.

કે શું આ આસ્માન અને તે માહેલો ચંદ્રમા નઝરે આવે છે કે તાજ અને તખ્ત છે ?–શું આ બધા સેતારા છે કે લશ્કરીઓ ઉભા છે?

તેઓમાંના એકે મને કહ્યું કે "આતો રૂમ* દેશનો તથા કનોજથી તે સિંધુ નદી સુધીનાં હિંદુસ્તાનનો પાદશાહ છે.

ઇરાન|| તેમજ તૂરાનનાં લોકો એને તાબે થયલાં છે–તેઓ એનીજ સલાહ અને સત્તા હેઠળ રહે છે.

કોઈપણ માણસ એના હુકમનો અનાદર કરતો નથી–અને એની રાજ ભક્તિના કોલ કોઈ તોડી શકતું નથી.

તમામ દેશને ઈન્સાફથી સણગાર્યો–પછી ફારેઘ થઈને પોતેજ તાજ પેહેર્યું છે.

દેશનો નિગહબાન મહાન મહમૂદશાહ–બકરાં અને વરૂને એકજ હોવારે પાણી પાવા લાવે છે. (એટલે કે એનો એવો અદલ ઇન્સાફ છે કે વરૂ બકરાંને મારી શકતું નથી.)

ચીનાઈ સમુદ્રથી તે કાશ્મીરના મુલક સુધીના–પાદશાહો એની સ્તુતિ ગાય છે

માતાનાં દૂધથી છૂટયા પછી બાળક–પારણામાં સતું સૂતું પ્રથમ મહમૂદનું નામ બોલતાં શીખે છે.

તું પણ એ પાદશાહની સ્તુતિ ગા, કારણ કે તું શાએર છે અને એ પાદશાહનાજ પ્રતાપથી તને હમેશાની નેકનામી મળશે."

આ સ્વપ્ન જોઈ હું જાગીને ઉઠી ઉભો થયો–અને બાકીની રાત ઉભો ૨૨
રહી (વિચારમાંજ) ગુઝારી.

આવા પાદશાહ ઉપર આફ્રીન કરવા લાગ્યો–મારી પાસે સોનું રૂપું નહીં હતું કે તેને વધાવી લેઉં. એટલે હું પોતેજ તેની ઉપરથી જવા તૈયાર થયો

મેં મનમાં વિચાર્યું કે આ ખાબ ખરો પડશે–કારણ કે પાદશાહ સુલ્તાન મહમૂદનું કીર્તિમાન નામ તો આ દુન્યામાં ગોયા સુખનું સ્વપ્નજ છે.

દોઆ હોજો ! તે શખ્સ ઉપર કે જે આ નેકબખ્ત પાદશાહ અને તેના રાજ અમલના વખાણ કરતો હોય.

---

* "રૂમ" જેને કેટલાકો હાલનાં "રોમ" સાથ સરખાવે છે પણ એ તદ્દન અશકય છે.

||અવસ્તામાં ઈરાન દેશને ઘડી ઘડી યાદ કરવામાં આવ્યો છે ઈરાન દેશ "અઇર્યનામ દખ્યુનામ" ના અશો નર નારીઓની આરાધના કરવામાં આવી છે. વંદીદાદની પહેલી પર્ગદ પ્રમાણે દાદાર હોરમઝદે સર્વથી પહેલાં ઈરાન વેજ "અઈર્યનો વએજો" પેદા કીધું હતું. ઈરાન વેજમાં દશ મહિના શિયાળા અને બે મહિના ઉનાળાના હતા એ ઈરાનીઓનું પવિત્ર મથક હતું. બુન્દહિશ્ન પ્રમાણે અહીં ઝરતોશ્તનો જન્મ અને દીનનું ફેલાવવું થયું હતું. કેટલાક લખનારાઓ એને "આઝર બાઈજાન" નઝદીક આવેલું જણાવે છે, જેને બુન્દહિશ્નથી ટેકો મળે છે. વળી તૂરાન દેશ તે અવસ્તાનો "તુઇર્ય દખ્યું."

કે ફરૂરશ જહાન્ શુદ ચુ બાઘે બહારૂ
હવા પુરૂ કે અબ્રો ઝમીન્ પુરૂનેગારૂ

કે અબ્રૂ અન્દરૂ આમદ બહન્ગામે નમ
જહાન્ શુદ બકેરૂદારે બાઘે એરમ
બઈરાન્ હમહ્ ખૂબી અઝ દાદે ઊસ્ત
કુજા હસ્ત મરૂદુમ હમહ્ યાદે ઊસ્ત
બબઝમ અન્દરૂન હમચુ કાને વફાસ્ત
બરઝમ અન્દરૂન તીઝદમ અઝ્દહાસ્ત

બતન્ ઝેન્દહ્ પીલો બજાન્ જબ્રઈલ
બકફ્ અબ્રે બહ્મન બદેલ રૂદે નીલ

સરે બખ્તે બદ્ખાહ્ બા ખશ્મે ઊય
ચુ દીનારૂ ખારસ્ત બરૂ ચશ્મે ઊય
૨૩ ને કુન્દાવરી ગીરદ અઝ તાજો ગન્જ
ને દેલ તીરહ્ દારદ્ કે રઝ્મો કે રન્જ
હરાન્ કસ કે દારદ કે પરૂવરૂદગાન્
અઝ આઝાદો અઝ નીકૂદેલ બરૂદગાન્
શહન્શાહ્રા સરૂ બસરૂ દૂસ્તદારૂ
બફર્માનશ બસ્તહ્ કમરૂ ઓસ્તુવારૂ
શુદહ્ હરૂ યકી શાહે હરૂ કેશ્વરી
રવાન્ નામ શાન્ બરૂ હમહ્ મેમ્બરી

નુખોસ્તીન્ બેરાદરૂશ કેહ્તરૂ બસાલ
કે દરૂ મરૂદુમી કસ નદારદ હમાલ
બગીતી પરસ્તન્દએ ફરૂરે નસરૂ
ઝેયદ શાહ દરૂ સાયએ શાહે અસરૂ
ખોદાવન્દે મર્દીએ રાયો હોનરૂ
બદૂ શાદમાન્ મેહ્તરાન્ સરૂબસરૂ
બવીઝહ્ દેલાવરૂ સેપહ્દારે તૂસ
કે દરૂ જન્ગ્ બરૂ શીરૂ દારદ ફેસ્રૂસ

કસી કશ પેદરૂ નાસેરૂદ્દીન બુવદ
પયે તખ્તે ઊ તાજે પર્વીન્ બુવદ

ભેબખ્શદ દેરમ હરૂચે દારદ ઝે દહ્રૂ
હમહ્ આફરીન્ જૂયદ અઝ દહ્રૂ બહ્રૂ
૨૪ બયઝદાન્ બુવદ ખહ્રૂશ રહ્નુમાએ
સરે શાહ્ ખાહદ કે માનદ બજાએ

આ પાદશાહના પ્રતાપથી દેશ વસંત રૂતુના બાધ સમાન આબાદ થયેલો દેખાય છે-હવા પાણીનાં વાદળાંથી ભરપુર રહે છે અને ઝમીન ઉપર રંગબેરંગી ફૂલોનો સણગાર,રહે છે.

વાદળાંમાંથી સવેળાની વૃષ્ટિ એ પાદશાહના અમલમાં થાય છે-અને તેથી [શદ્દાદ નામના પાદશાહે બાંધેલા] એરમ નામના બાધ સમાન દેશ ખીલી રહ્યો છે.

ઇરાન દેશ એ પાદશાહના ઇન્સાફથીજ આબાદ થયલો છે-જ્યાં જ્યાં માણુસની વસ્તી છે ત્યાં એ પાદશાહનેજ ભલાઇ સાથે યાદ કરે છે.

તે પાદશાહ જેમ ખુશહાલીની મજલેસમાં વફાદારીથી ભરપુર દેખાય છે (એટલે કે ખુશીની મજલેસમાં પોતાના નેક ખાહોને ખરાં અંતઃકરણથી ચાહતો જણાય છે) તેમ લડાઇનાં મયદાનમાં (દુશ્મનોને મારવા) વિક્રાળ આઝદહા મિસાલ (જાય) છે.

શરીરે વિક્રાળ હાથી જેવો, અને જીવે (પવિત્ર આત્માવાળો) જબ્રઇલ (સરોશ) ફરેસ્તા જેવો,-સખાવતે તેનો હાથ બહમન મહિનાનાં વાદળાં પેરે (સોના રૂપાના સિક્કાઓની ધાર ચલાવતો) અને દિલે નાઇલ* નદી જેવો ઉદાર બનતો.

જ્યારે તેને ક્રોધ ચઢે છે ત્યારે તેનો દુશ્મન ગમે તેવો ભાગ્યવંત કાં ન હોય-તોપણુ તેની દમડીભાર પરવા તે રાખતો નથી.

નથી તે દ્રવ્ય કે સત્તામાં વડાઇ લેતો-કે નથી તે લડાઇ અને રંજનો દિલમાં કચવાટ લાવતો.

સ્વતંત્ર શેહરીઓ તેમજ પરતંત્ર પણુ નિષ્કપટ કેદીઓ જેઓ એ પાદશાહના આસરા અને રક્ષણુમાં મોટા થયલા છે,

તે સર્વે લોકો શેહન્શાહના દોસ્ત અને ખેરખાહ છે-અને તેનાં ફર્માનો બજા લાવવા માટે કમર બાંધી તૈયાર ઉભા છે.

તેઓમાંનો દરેક એક એક પ્રાંત કે પ્રગણુામાં હકુમત ચલાવે છે,-અને તેનાં નામ ઉપર ત્યાંના ધર્મસ્થળમાં ખુત્બો ભણાય છે. (એટલે કે પાદશાહના વફાદાર નોકરો આજે પાદશાહી હકુમતે ચઢયા છે અને પાદશાહી માન મરતબો ભોગવે છે.)

તેઓમાં સર્વથી પહેલો તો શેહન્શાહનો પોતાનો નાનો ભાઇ છે,-કે જે માણુસાઇ સદ્ગુણોની બાબદમાં પોતાનો હરીફ ધરાવતો નથી.

આપણા ઝમાનાના પાદશાહનાં રક્ષણુ હેઠળ અમીર નસ્રની કીર્તિનો દરેક પૂજારી સુખી ઝિંદગી ગુઝારે છે.

અમીર નસ્ર હિમ્મતવાન, વિચારવંત અને હુનરમંદ છે,-અને સર્વે મોટા ઓહ્દેદારો તેનાથી રાઝી થયલા છે.

ખસૂસ કરીને બહાદુર સેનાધિપતિ તૂસ જે લડાઇનાં મયદાનમાં સિંહ જેવા શૂરવીરોને કાંઇપણુ બિસાતમાં ગણુતો નથી, તે પણુ અમીર નસ્રથી રાઝી થઇને તેને માન આપે છે.

(હા, ખરી વાત છે કે) જેનો પિતા નાસેરૂદ્દીન (સબુકતેગીન) હોય-તેનું તખ્ત " પર્વીન " સેતારાનાં (કૃતિકા નક્ષત્રનાં) માથાં ઉપર મંડાયલું છે. (એટલે કે નાસેરૂદ્દીન સબુકતેગીનની અઉલાદનો મરતબો " પર્વીન " સેતારા કરતાં પણુ વધારે બુલંદ હોય છે.)

અમીર નસ્ર આ દુન્યાની જે દઉલત ધરાવે છે તે ગરીબોને બક્ષેશ કરે છે-અને દુન્યાનાં લોકોથી તો તે માત્ર દોઆના શબ્દોની આશા રાખે છે.

લોકોને ખોદાની રાહ ઉપર ચલાવે છે-અને હમેશ દોઆ કરે છે કે " શેહન્શાહ સુલ્તાન મહમૂદને ખોદા સલામત રાખે. "

(ખોલાસો-૨૩૪ થી તે ૨૪૦ સૂધીની બયતો લખી, શાએર ફિર્દોસી પાદશાહ સુલ્તાન મહમૂદના નાના ભાઈ અમીર નસ્રના સદ્ગુણોની તારીફ ગાઇ શેવટે સુલ્તાન મહમૂદના હકમાં દોઆ કરીને તેની વખાણુનું લખાણુ સમાપ્ત કરે છે.)

---

* હાલની આફ્રિકાની આખી દુન્યાની મોટી નદી.

જહાન્ બીસરૌ તાજે ખુસરૂવ મબાદ
હમીશહ્ બેમાનાદો જાવીદો શાદ

હમીશહ્ તન્ આબાદ્ બા તાજો તખ્ત
જે દર્દો ઘમઆઝાદો પીરૂઝબખ્ત

"ખોદા, દેશને માથેથી ખુસ્રવ (સુલ્તાન મહમૂદ) ની હેયાતી અને તેનો રાજઅમલ લઈ નહીં લે-ખોદા, એને લાંબી ઝિંદગી બક્ષે અને હમેશે સુખી રાખે.

હમેશે તે પોતાની પાદશાહી દરમેયાન તનદુરોસ્ત રહેજો,-સદા દુ:ખ દર્દથી ફારેઘ રહેજો અને સર્વકાળ ભાગ્યશાળી થજો !

કયૂમર્સ.*

પાદશાહીએ કયૂમરસ્ મુલ્કે અજમ્ સી સાલ્ બૂદ્, બર્ તખ્ત્ નેશસ્તને કયૂમરસ્ વ રશ્ક્ બોર્દને દીવે અહ્રમન્ બર્ ઊ.

ઈરાન દેશના પાદશાહોના પહેલા (પાદશાહ) કયુમર્સની પાદશાહી ત્રીસ વર્ષ હતી. કયુમર્સનું તખ્ત ઉપર બેસવું અને એહરેમન દેવે તેની અદેખાઈ કરવી.

કુનૂન્ બાઝ ગરદમ બઆઘાઝે કાર્
સુવી નામએ નામવર્ શહ્રયાર્
સુખનગૂએ દેહ્કાન્ ચે ગૂયદ્ નુખોસ્ત
કે નામે બુઝોર્ગી બગીતી કે જોસ્ત
કે બૂદ્ આન્ કે દીહીમ બર્ સર્ નેહાદ્
નદારદ્ કસ અઝ રૂઝગારાન્ બયાદ્
મગર્ કઝ પેદર્ યાદ દારદ્ પેસર્
બગૂયદ્ તોરા યક્બયક્ અઝ પેદર્
કે નામે બુઝોર્ગી કે આવર્દ્ પીશ
કેરા બૂદ્ ઝાન્ બર્તરાન્ પાયહ્ બીશ
પેઝૂહન્દએ નામએ બાસ્તાન્
કે અઝ શહ્રયારાન ઝનદ્ દાસ્તાન્
*ચુનીન્ ગોફ્ત કાયીને તખ્તો કોલાહ્
કયૂમરસ આવર્દ્ વ બૂદ્ શાહ્

હવે હું નામવર પાદશાહનું નામુ શરૂ કરવાનાં કાંમ તરફ પાછો ફરૂં છું.

સખુન બોલનાર દેહકાન (યાને તવારીખ લખનાર) શું કહે છે કે પ્રથમ બુઝોર્ગીનું નામ દુન્યામાં કોણે શોધ્યું ?

(આગળા) ઝમાનાઓથીજ કોઈ યાદ રાખતું નથી-કે (પહેલાં જેણે) સર ઉપર તાજ મૂક્યું તે કોણ હતો ?

પણ છોકરો બાપથી (સાંભળેલું) યાદ રાખે છે-તે બાપનું (સાંભળેલું) સઘળું તને કહેશે.

કે પહેલાં બુઝોર્ગીનું નામ કોણ લાવ્યું ?-મરતબાવાળાં લોકોમાંથી વધારે મરતબાવાળું કોણ હતું ?

બાસ્તાન નામાનો લખનાર—

કે જેણે પાદશાહોના દાસ્તાન લખ્યાં છે

તેણે એવી રીતે કહ્યું છે કે તખ્ત અને તાજની રસમ—કયૂમર્સ કે જે પાદશાહ હતો તેણે ચાલુ કરી.

---

* અવસ્તાનો "ગયમરેથન", પેહલવીનો "ગયોમર્ત" મુસલ્માન લખનારાઓ પ્રમાણે એ ઈરાનનો સર્વથી પહેલો પાદશાહ હતો. અવસ્તા પ્રમાણે એણે પહેલ વહેલી અહુરમઝદની શીખામણ સાંભળી. (ફ્રવર્દીન યશ્ત ફકરો ૮૭) એની ફ્રવશીને અવસ્તામાં આરાધવામાં આવી છે. કેટલાક ગ્રંથકારો એને દુન્યાના સઉથી પહેલા "આદમી" તરીકે ઓળખાવે છે. પેહલવી "બુન્દહિશ્ન" માં પણ એવોજ એશારો મળે છે, જોકે ફિર્દોસી તો એને ઇરાનના પેહલા "પાદશાહ" તરીકેજ ઓળખાવે છે. એને "ગિલશાહ" પણ કહે છે. એ કયા ઝમાનામાં થઈ ગયો તે અચોકસ છે. કોઈ તેને ઈ. સ. પૂર્વે ૫૦૦ વર્ષ ઉપર તો કોઇ અંગ્રેજ લખનારા એને ઈ. સ. પૂર્વે ૯૦૦ ઉપર થઈ ગયલો માને છે તો કોઇ એને હજારો વર્ષ આગમજ થઈ ગયેલો જણાવે છે. એક અંગ્રેજ લખનાર એને પીશદાદીયન વંશનો સ્થાપક તરીકે ઓળખે છે. કયૂમર્સ વિષે લખતાં ફાર્સી લખનારાઓ કહે છે કે એ પાદશાહે દમાવંદ, એસ્તખ્ર અને બલ્ખ નામનાં શેહરો બાંધ્યાં હતાં.

* કોઇક કેતાબોમાં નીચલાં બયતો આવે છે:-

ચુ યઝદાન્ બઆદમ યકી પૂર્ દાદ્
વરા નામ શીસહ્ પયગમ્બર્ નેહાદ્
અઝાન્પસ કયૂમરસ આમદ્ પદીદ્
હમાન્ ફર્રે યઝદાન્ બદૂ બર્દમીદ્

જ્યારે ખોદાતાલાએ આદમને એક છોકરો આપ્યો-ત્યારે તેનું નામ શીસેહ પયગમ્બર રાખ્યું.

ત્યાર પછી કયૂમર્સ પેદા થયો-તેના ઉપર પણ ખોદાઈ નુર પ્રકાશતું હતું.

૨૫ ચુ આમદ બબોર્જે હમલ્ આફ્તાબ્
જહાન્ ગશ્ત બા ફરૂરો આચીનો આબ્
બેતાબીદ ઝાન્ સાન્ બબોર્જે બરહ્
કે ગીતી જવાન્ ગશ્ત અઝ્ યક્સરહ્
કયૂમરૂસ શુદ બરૂ જહાન્ કદ ખોદાય
નુખોસ્તીન્ બકૂહ્ અન્દરૂન્ સાખ્તં જાય
સરે તખ્તો બખ્તશ બરૂઆમદ ઝે કૂહ્
પલન્ગીને પૂશીદ ખુદ બા ગોરૂહ્
અઝ્ અન્દરૂ આમદ હમી પર્વરેશ
કે પૂશીદની ઝૂ ખુદો ઝૂ ખુરેશ
બગીતી દરૂન સાલે સી શાહ્ બૂદ
બખૂબી ચુ ખુરૂશીદ બરૂ ગાહ્ બૂદ
હમીતાફ્ત અઝ્ તખ્તે શાહન્શાહી
ચુ માહે દો હફ્તહ્ ઝે સર્વે સહી
દદો દામ હર્ જાનવર્ કશ બેદીદ
ઝે ગીતી બનઝદીકે ઊ આરમીદ
દોતા મીશુદન્દી બરે તખ્તે ઊય
અઝાન્ ફર્રહો બરૂશુદહ્ બખ્તે ઊય
બરસ્મે નમાઝ્ આમદન્દીશ પીશ
અઝાન્ જાયગહ્ બરૂગેરેફ્તન્દ કીશ
૨૬ પેસર્ બુદ મર્ ઊરા યકી ખૂબરૂય
હોનર્મન્દ હમચૂન્ પેદર્ નામજૂય
સેયામક્ બુદશ નામો ફર્ખોન્દહ્ બૂદ
કયૂમરૂસરા દિલ્ બદૂ ઝેન્દહ્ બૂદ
ઝે ગીતી બદીદારે ઊ શાદ બૂદ
કે બસ બારૂવર્ શાખે બુન્યાદ બૂદ
બજાનશ પુરઝ્ મેહર્ ગેર્યાન્ શુદી
ઝે બીમે જુદાઈશ બેર્યાન્ શુદી
ચુનીનસ્ત આચીના રસ્મે જહાન્
પેદરૂરા બફર્ઝન્દ બાશદ તવાન્
બરૂઆમદ બરીન્ કાર્ યક્ રૂઝ્ગાર્
ફુરૂઝન્દહ્ શુદ દઉલતે શાહરૂયાર્
બગીતી નબૂદશ કસી દુશ્મના
જોઝ્ અન્દર્ નેહાન્ રીમન્ અહુરીમના

જ્યારે આફતાબ મેષ રાશીમાં આવ્યો-(અને) દુન્યા દબદબા ભરેલી, રીતભાતવાળી અને ઝળકાટ ભરેલી થઈ.

તે (આફતાબ) મેષ રાશીમાં એ રવેશે પ્રકાશવા માંડયો-કે જેથી સઘળી દુન્યા જવાન થઇ,

ત્યારે કયૂમર્સ દુન્યા ઉપર સરદાર થયો—પહેલ વહેલાં પહાડની અંદર તેણે (પોતાની) જગ્યા કરી.

તેનાં તખ્ત અને બખ્તની શુરૂઆત પહાડમાંથીજ થઈ-(અને) પોતે (અને પોતાનાં) ટોળાંએ વાઘનાં ચામડાંનો પોશાક પેહેર્યો.

પર્વરશી તેનાથીજ શુરૂ થઈ,-કારણ કે કપડાં અને ખોરાક તેનાથીજ શુરૂ થયાં.

દુન્યામાં તેણે ત્રીસ વર્ષ રાજ્ય કર્યું-(અને) ખુરશેદની મિસાલ ખૂબી સાથ તખ્ત ઉપર બિરાજ્યો.

જેમ સીધા સરોવર (ઉપર) થી પુનમનો ચંદ્ર (ઝલકે),—તેમ પાદશાહી તખ્ત ઉપરથી તે ઝળકાટ આપતો હતો.

*દુન્યાનાં દરેક ફાડીખાનાર તથા પાળેલાં જાનવર જે તેને જોતાં તે તેની નઝદીક (આવી) આરામ લેતાં હતાં.

તેના દબદબા અને બુલંદ નસીબને લીધે—તે જાનવરો તેનાં તખ્ત નઝદીક સર ઝોકાવતાં હતાં.

§તેઓ સર નમાવતાં તેની નઝદીક આવતાં હતાં-(અને) તે જગ્યાથીજ (માણસો પાદશાહને નમન કરવાનો) ધર્મ શીખ્યાં હતાં.

તેને એક ખૂબસૂરત છોકરો હતો,—(જે) હોનરમંદ અને બાપની માફક નામ શોધનારો (હતો).

તેનું નામ સીઆમક॥ હતું અને તે મુબારક (હતો)-તેનાથી કયૂમર્સનું દિલ જીવતું હતું.

• તેનાં દીદારથી દુન્યામાં તે ખુશહાલ હતો-કારણ કે તે (પોતાની) બુન્યાદની ઘણી ફળવંત ડાળ હતી.

પ્યારને સબબે તે તેના જીવને માટે રડતો હતો-(તેમજ) તેની જુદાઈની ધાસ્તીથી બળતો હતો.

દુન્યાની રાહ અને રસમ એ પ્રમાણેજ છે-(કે) ફર્ઝંદથીજ બાપને કૌવત હોય છે.

એ કામ ઉપર કેટલોક વખત નીકળી ગયો-(અને) પાદશાહની દઉલત ઝળકાટ ભરેલી થઇ.

છૂપી રીતે રીમન એહરેમન¶ સેવાય-દુન્યામાં કાઈ તેનો દુશ્મન નહીં હતો.

વશ કરદ અન્દર્ જહાન્ પાદ્શાહ્
બદાન્ તા નપીચદ કસી સર્ ઝે રાહ્
ચુ આદમ ઝે દુન્યા બઓકબા રસીદ
કયૂમરૂસ આનગહ્ અલમ બરૂકશીદ

તેને દુન્યામાં પાદશાહ બનાવ્યો-કે જેથી કોઇ રાહોરસમ (ધર્મ)થી માથું ફેરવે નહીં.

જ્યારે આદમ મરણ પામ્યા

ત્યારે કયૂમર્સ ઝાહેરમાં આવ્યો.

* કયૂમર્સનો ચેહરો એટલો તો નૂરમંદ હતો તેમજ તેનું શરીર એવું કદાવર હતું કે જંગલી જાનવરો પણ તેને જોઈને બીહતાં હતાં. બીજા બોલોમાં બોલ્યે તો ગોયા કયૂમર્સ તમામ પ્રાણી ઉપર (માણસ તેમજ જંગલી જાનવર ઉપર) સર્વોપરી સત્તા ધરાવતો હતો.

§ ફિર્દોસી આપણને જણાવે છે કે પાદશાહોને તેમજ તેઓનાં તખ્તને નમન કરવાનો. જે ચાલ માણસોમાં આજે જોઈયે છિયે તે પ્રથમ જાનવરોને જોઈને માણસોએ એખ્તયાર કર્યો છે.

॥ "સીઆમક" શાહનામા પ્રમાણે એ કયૂમર્સનો છોકરો હતો. પણ આપણાં પેહલવી પુસ્તકોમાં એને કયૂમર્સના "નબીરા" તરીકે ઓળખાવ્યા છે. એ કયૂમર્સના છોકરા "મશ્ય" નો છોકરો હતો. સીઆમક વિષે અવસ્તામાં કાંઈ લખાણ મળતું નથી. સીઆમકને કેટલાકો શીસ (Sheth) પયગમ્બરને નામે ઓળખે છે.

¶ અવસ્તામાં એને "અંઘ્ર મઇન્યુ" કહ્યો છે તથા તેના હાથ નીચેનાઓને "દએવ" તરીકે ઓળખાવ્યા છે. હવે દેવો અને દરવંદો કોણને કહેવા તે વિષે વંદીદાદની ૧૮મી પર્ગર્દના ૬૬માં ફકરામાં જણાવ્યું છે, કે "જેઓ ઝરથોસ્તી મઝહબને આદર-

*બરશ્કુ આન્હરૂ અહુરીમને બદ્દસેગાલ
હમી રાએ ઝદ તા બેયાગન્દ યાલ
યકી બચ્ચહ બૂદશ ચુ ગોરૂગે સુતોરૂગ
દેલાવરૂ શુદહ બા૰ સેપાહે બુઝોરૂગ
સેપહ કરૂદો નઝદીકે ઊ શાહ જોસ્ત
હમી તખ્તો ન્હીહીમે કેય શાહ જોસ્ત
જહાન્ શુદ્ બરૂ આન્ દીવ્.બચ્ચહ સેયાહ
ઝે બખ્તે સેયામકુ હમઝ્ બખ્તે શાહ
હમીગોફ્ત બા હરૂ કસી રાઝે ખીશ
જહાન્ કરૂદ યકસરૂ પુરૂ આવાઝે ખીશ
કયૂમરૂસ અઝીન્ ખુદ ને આગાહ બૂદ
કે તખ્તે મેહીરા જોઝ ઊ શાહ બૂદ
*યકાયકુ બેયામદ ખુજસ્તહ સોરૂશ
બસાને પરી બા પલન્ગીને પૂશ
બેગોફ્તશ બરાઝ ઈન્ સખુન્ સરૂબસરૂ
કે દુશ્મન્ ચે સાઝદ હમી બા પેસરૂ

તે બદકાર એહરેમને અદેખાઈથી–જ્યાં સૂધી લડવા લાયક થાય ત્યાં સૂધી થોભવાનો વિચાર કર્યો.

ગોસ્સા ભરેલાં વરૂની મિસાલનો તેનો એક છોકરો હતો–તે (એક) મોટાં લશ્કર ઉપર દિલાવર થયલો (હતો).

તેણે લશ્કર (એકઠું) કર્યું અને કયાની પાદશાહનું તખ્ત અને તાજ (લેવાનો) રસ્તો શોધ્યો.

પાદશાહનાં તેમજ સીઆમકનાં નસીબે–તે દેવ બચ્ચા આગળ જ- ૨૭
હાન સીઆહ થઈ.

તે પોતાનો ભેદ દરેક જણને કહેતો હતો–(જેથી) પોતાના આવાઝ ભરેલી સઘળી દુન્યાને બનાવી (એટલે બધે પોતાની વાત ફેલાવી.)

પોતા સેવાય તેના બુઝોર્ગ તખ્તનો (બીજો કોઈ હરીફ) હતો–(એમ) કયૂમર્સને ખબર નહીં હતી. (એ વિષે ફિર્દોસી કહે છે કે):-

એકાએક મુબારક સરોશ ફરેસ્તો, પરીની શિકલે, તે વાઘનું ચામડું પહેરનાર (કયૂમર્સ)ની નઝદીક આવ્યો.

તેણે ભરમમાં સઘળી વાત માંડીને તેને કહી–કે " દુશ્મન (તારા) છોકરા સાથે શું કરશે " ?

રફ્તને સેયામકુ બજન્ગે દીવ્ વ કોશતે શુદને ઊ.

સીઆમકનું દેવની લડાઈમાં જવું અને તેનું માર્યું જવું.

સખુન્ ચૂન બગૂશે સેયામકુ રસીદ
ઝે કેરૂદારે બદ્દખાહ દીવે પલીદ
દેલે શાહઝાદહ દરૂઆમદ બજૂશ
સેપાહ અન્જુમન કરૂદો બુકુશાદ ગૂશ
બેપૂશીદ તનરા બચર્મે પલન્ગ્
કે જઉશન્ નબૂદ આન્ગહ આયીને જન્ગ્
પઝીરહ શુદહ દીવરા જન્ગ્જૂય
સેપહરા ચુ રૂય અન્દરૂ આમદ બરૂય
સેયામકુ બેયામદ બરેહનહ તના
બેયાવીખત બા પૂરે અહુરીમના
બેઝદ ચન્ગ્ વાજૂનહ દીવે સેયાહ
દોતા અન્દરૂ આવરૂદ બાલાએ શાહ
ફેકન્દ આન્ તને શાહઝાદહ બખાક
બચન્ગાલ કરૂદશ જેગરૂ ચાક ચાક

જ્યારે તે બદખાહ પલીદ દેવનાં કામની વાત સીઆમકના કાનમાં પહોંચી,

ત્યારે તે શાહઝાદાનું દિલ જોશમાં આવ્યું–(અને) લશ્કર એકઠું કીધું તથા હોશ્યાર થયો.

તેણે વાઘનાં ચામડાંથી (પોતાનાં) તનને ઢાંકયું,–કારણ કે તે વખતે લડાઈમાં બખ્તર (Cuirass) પેહેરવાની રસમ નહીં હતી.

લડાયક (સીઆમક) દેવની મુકાબેલ ગયો.–જ્યારે લશ્કર એક એક સામે આવ્યું,

ત્યારે સીઆમક ખુલ્લાં તને (મયદાનમાં) આવ્યો–(અને) એહરેમનના છોકરા સાથ વળગ્યો.

તે બદબખ્ત સીઆહ દેવે ચુંગાલ મારી–પાદશાહનું સીધું કદ વાંકુ ૨૮
વાળ્યું.

(પછી) તે શાહઝાદાનું તન ખાકમાં નાખ્યું--(અને) ચુંગાલે કરી તેનું જીગર ચીરી નાખ્યું.

માન નહીં આપનારા તથા પોતાનાં તનને દરૂજ (નજીસાત)નાં તાબામાં રાખનારા હોય તેઓ દરવંદ છે," વંદીદાદની ૭ મી પર્ગર્દના ૫૫ માં ફકરામાં સવાલ પૂછયો છે કે " દેવ કયાં છે, દેવને ઇજનારા કયાં છે, દેવોનું સાથે દોડવું કયાં છે તથા દેવોનું સાથે મળવું કયાં છે ?" તો જવાબમાં જણાવે છે કે," કબરોમાં કે જે આ ઝમીનની ઉપર બુલંદ બાંધેલી છે, તેની અંદર મુવેલાં માણસોને લોકો મૂકે છે, ત્યાં દેવો રહે છે." વંદીદાદની ૨૨ મી પર્ગર્દના ૨ જા ફકરા પ્રમાણે અંગ્રમઈન્યુશે આ દુન્યામાં ૯૯૯૯૯ દર્દો ઉત્પન્ન કર્યાં. વંદીદાદની ૧૯ મી પર્ગર્દના ૪૩ માં ફકરામાં દેવોના દેવ અંગ્રમઇન્યુશના હાથ નીચેના તમામ દેવોનાં નામ આપ્યાં છે.

* એક ઠેકાણે નીચલું બયત મળે છે:-

યકીન્ દાન્ કે પયઘમ્બરી બુદહ ઊય
કઝીનગૂનહ વહી આમદી શરૂગૂય

નિશ્ચય જાણ કે તે પયઘમ્બર હતો–કે એ પ્રમાણે ભેદ કહેનારા પયગામ તેની પાસે ખોદા તરફથી આવતા હતા.

સેયામક્ કે રાએ ખુદા દસ્તે દીવ
તબહ્ ગશ્તો માન્દ અન્જુમન બીખેદીવ
ચુ આગહ્ શુદ અઝ મર્ગે ફરૂઝન્દ શાહ્
કે તીમાર્ ગીતી બદ્ શુદ સેયાહ્
ફેરૂદ આમદ અઝ તખત વયલહ્ 'કનાન્
ઝનાન બર્ સરો ગોશ્તે બાઝૂ કનાન્
દો રોખસારહ્ પુર્ ખૂનો. દેલ્ સૂગ્વાર્
દેઝમ કરૂદ બર્ ખીશતને રૂઝગાર્
ખુરૂશી બર્આમદ કે લશ્કર્ બઝાર્
કશીદન્દ સફ્ બર્ દરે શહ્રયાર્
સેપહ્ સરબસર્ ઝારો ગેર્યાન શુદન્દ
બરાન આતેશે સૂગ બેર્યાન શુદન્દ
હમહ્ જામહા કરૂદ પીરૂઝહ્ રંગ્
દો ચશમ અબ્રે ખૂનબારો રોખ બાદહ્ રંગ્
દદો મોર્ગો નખચીર્ ગશ્તહ્ ગોરૂહ્
બેરફ્તન્દ વયલહ્ કુનાન સૂએ કુહ્
૨૯ બેરફ્તન્દ બા સૂગ્વારીઓ દરૂદ
કે દરગાહે કય શાહ્ બરખાસ્ત ગરૂદ
નેશસ્તન્દ સાલી ચુનીન સૂગ્વાર્
પયામ આમદ અઝ દાવરે કેર્દેગાર્
દુરૂદ આવરીદશ્ ખુજસ્તહ્ સોરૂશ
કઝીન બીશ મખરૂશો બાઝ આર્ હુશ
સેપહ્ સાઝો બર્કશ બફર્માને મન
બર્આવર્ યકી ગરૂદ ઝાન અનજુમન
અઝાન બદકુનેશ દીવ રૂએ ઝમીન
બેપર્દાઝો પર્દુખતહ્ કુન દેલ્ ઝે કીન
કયે નામવર્ સર્ સુવી આસ્માન
બર્આવર્દો બદ ખાસ્ત બર્ બદગમાન
બદાન બર્તરી નામે યઝદાનશરા
બેખાન્દો બેપાલૂદ મેઝ્ગાનશરા
વઝાન પસ બકીને સેયામક્ શેતાફ્ત
શબો રૂઝ આરામો ખુર્દન નેયાફ્ત

સીઆમક પોતાની અકલે (ભુલ્લડાઇએ) દેવને હાથે-માર્યો ગયો અને લોકો સરદાર વગરનાં થયાં.

જ્યારે છોકરાનાં મોતથી પાદશાહ વાકેફ થયો,-ત્યારે ઘમથી દુન્યા તેના ઉપર સીઆહ થઈ.

તે વાયવેલા કરતો, માથું ફૂટતો અને બાઝૂ ઉપરથી ગોસ્ત પિંખતો તખ્ત ઉપરથી નીચે આવ્યો.

(તેના) બેહુ ગાલ લોહી (આંસુથી) ભરેલા અને દિલ સોગ ભરેલુ (થયું)-(અને) તેણે રોઝગાર (સંસાર) ને પોતા ઉપર શોકાતુર બનાવ્યો.

તે લશ્કરમાંથી ઝારીનો પોકાર ઉઠયો-(અને) પાદશાહના દરવાઝા ઉપર સફ ખેંચી.

તમામ લશ્કર રડતું થયું-(અને) સોગના આતશ ઉપર ભુંજાતું થયું.

સઘળાઓએ (પોતાનાં) કપડાં પીરોઝા (બહુ) રંગનાં બનાવ્યાં-(અને) તેઓએ બેહુ આંખ લોહીનાં વાદળાં વરસાવતી અને મોઢું લાલ રંગનું કર્યું.

ફાડી ખાનારાં તથા પક્ષીઓ અને શિકારી જાનવરો એકઠાં થઇને-રડતાં પહાડ તરફ ગયાં.

તે સઘળાંઓએ દુઃખ અને ઘમગીની સાથ-કયાની પાદશાહની દરગાહ આગળ ધૂળ ઉડાવી.

એ રવેશે એક વર્ષ સોગમાં તેઓ બેઠાં.-(પછી) ખોદાતાલા તરફથી પયઘામ આવ્યો.

મુબારક સરોશ* તેના ઉપર દોઆ લાવ્યો-(અને કહ્યું) કે "એથી વધુ પોકાર ના કર અને હોશ્યારી પકડ.

લશ્કર એકઠું કર અને મારા હોકમ પ્રમાણે ચલાવ-(અને) તે લોકોને ફચડી નાખ.

તે બદકેર્દાર દેવથી ઝમીનની સપાટી-ખાલી કર અને દિલ કીનાથી સાફ કર."

(એ સાંભળી) નામવર પાદશાહે સર આસ્માન તરફ ઊંચું કર્યું અને દુશ્મનને શ્રાપ દીધા.

તેણે પોતાના પાદશાહી મરતબા સાથ ખોદાતાલાનું નામ-યાદ કર્યું અને આંખમાંથી આંસુ સૂકવી નાખ્યાં.

ત્યાર પછી તેણે સીઆમકનો કીનો લેવા માટે એટલી તો શિતાબી કરી-(કે) તેણે રાતે આરામ અને દિવસે ખોરાક નહીં લીધો.

રફ્તને હૂશન્ગ્ વ કયૂમરસ્ બ જન્ગે દીવ્ વ કોશ્તે શુદને દીવ્ વ મોર્દને કયૂમરસ્.

સેયામક્ ખુજસ્તહ્ યકી પૂર્ દાશ્ત
કે નઝ્દે નેયા જાએ દસ્તૂર્ દાશ્ત
ગેરાનમાયહરા નામ હૂશંગ બૂદ
તો ગોફ્તી હમહ્. હૂશો ફર્હન્ગ બૂદ

હોશંગ અને કયુમર્સનું દેવની લડાઇમાં જવું અને દેવનું માર્યું જવું અને કયુમર્સનું મરણ પામવું.

સીઆમકને એક મુબારક છોકરો હતો,-કે જેણે બપાવાની નઝદીક વઝીરની જગ્યા રાખી હતી.

તે બુલંદ બુન્યાદના (છોકરા) નું નામ હોશંગ હતું.-ગોયા તે સઘળી અકલ અને દાનાઈ હતી.

---

* હાલના ઝમાનામાં પણ પરહેઝગાર અને મહાવ પુરૂષોને સ્વપ્નમાં બશારત થાય છે અને તે પ્રમાણે જે બનાવ બનવાનો હોય તે બને છે, સરોશ ઈઝદ આ દુન્યાનો પારબાન છે, તે ઉપરથીજ ખાબમાં આવીને ચેતવણી આપનાર તરીકે આપણે સરોશ ઈઝદને ઓળખ્યે છિયે.

બનઝ્‌દે નેયા યાદગારે પેદરૂ
નેયા પર્વરીદશ્‌ મરૂ ઊરા બબરૂ
નેયાયશ બજાએ પેસરૂ દાશ્તી
જોઝ ઊ બરૂ કસી ચશ્મ ગુમાશ્તી
ચુ બેન્હાદ દેલ કીનહો જન્ગરા
બેખાન્દ આન્ ગેરાન્માયહ્‌ હૂશન્ગરા
હમહ્‌ ગોફ્તનીહા બફ્ત બાઝ ગોફ્ત
હમહ્‌ રાઝહા બરૂગુશાદ અઝ નેહોફ્ત
કે મન્ લશ્કરી કરૂદ ખાહમ હમી
ખુરૂશી બરૂઆવરૂદ ખાહમ હમી
તોરા બૂદ બાયદ હમી પીશરવ
કે મન્ રફ્તની અમ તો સાલારે નવ
પરીઓ પલન્ગ્ અન્જુમન્ કર્દો શીરૂ
ઝે દરૂન્દગાન્ ગોર્ગો બબ્‌રે દેલીરૂ
બફ્‌ર્માને શાહે જહાન્ બુદ હમહ્‌
સેપાહીઓ વહ્‌શીઓ મોર્ઘો રમહ્‌
સેપાહી દદો દામો મોર્ઘો પરી
સેપહ્‌દારૂ પુરૂ કીનો કુન્દાવરી
પસે પોશ્તે લશ્કરૂ કયૂમરૂસ શાહ્‌
નબીરહ્‌ બપીશ અન્દરૂન્ બા સેપાહ્‌
બેયામદ સેયહ્‌દીવ બા તર્સો બાક્
હમી બાસમાન્ બરૂ પરાગન્દહ્‌ ખાક્
ઝે હરૂરાએ: દરૂન્દગાન્ ચન્ગો [દીવ
શુદહ્‌ સુસ્ત અઝ ખેશ્મે ગીહાન્ખેદીવ
બહમ દરૂફેતાદન્દ હરૂદ્દ ગોરૂહ્‌
શુદન્દ અઝ દદો દામ દીવાન્ સોતૂહ્‌
બેયાઝીદ હૂશન્ગ્ ચૂન્ શીરૂ ચન્ગ્
જહાન્ કરૂદ બરૂ દીવે નરેતૂહ્‌. તન્ગ્
ગેરેફ્તો બેબસ્તશ બબન્દ ઉસ્તુવારૂ
નેગૂન્ અન્દરૂ આવર્દો અફ્ગન્દ ખારૂ
કશીદશ સરો પાએ યક્સરૂ દુવાલ
સેપહ્‌બુદ બુરીદ આન્ સરે બીહમાલ
બપાએ અન્દરૂ અફ્ગન્દો બેસપોરૂદ ખારૂ
દરીદહ્‌ બરૂ ચરૂમ બરૂગશ્તહ્‌ કારૂ
ચુ આમદ મરાન્ કીનહ્‌રા બાસ્તારૂ
સરૂ આમદ કયૂમરૂસરા રૂઝગારૂ
બેરફ્તો જહાન્ મુરૂદુરી માન્દ અઝૂય
નેગરૂ તા કેરા નઝ્‌દે ઊ આબ્‌રૂય
જહાન્ સરૂબસરૂ ચૂન્ ફસાનસ્તો બસ
નમાનદ બદો નીક્‌ બરૂ હીચ: કસ
જહાને ફરીબન્દહ્‌રા ગેરૂદ કરૂદ
રહે સૂદ પયમૂદો માયહ્‌ નખરૂદ

બપાવાની નઝદીક તે બાપની યાદગારી (હતી)–(અને) બપાવાએજ ૩૦
તેને લાડથી પાળ્યો હતો.

બપાવો તેને છોકરાની જગ્યા ઉપર રાખતો–(અને) તેના સેવાય કોઈ ઉપર નઝર નહીં નાખતો હતો.

જ્યારે તેણે (કયુમર્સે) કીના અને લડાઇનો વિચાર કર્યો,–ત્યારે તેણે તે મુબારક હોશંગને બોલાવ્યો.

(અને) તેને જે સઘળુ કહેવું હતું તે તેણે કહ્યું–(અને) સઘળો છૂપો ભેદ તેણે ઝાહેર કર્યો.

કે "હું એક લશ્કર એકઠું કરવા–(અને) (કીનાનો) પોકાર ઉંડાવવા ચાહું છું.

તને (આપણાં લશ્કરનો) સરદાર થવું જોઇયે–કારણ કે હું જવા લાયક (યાને બુઢ્ઢો) છું અને તું નવજવાન સરદાર છે"

(પછી) તેણે પરી, વાઘ, સિંહ, ફાડી ખાનારાં વરૂ અને બહાદુર ચિત્તાનું લશ્કર તૈયાર કર્યું.

સઘળું લશ્કર, ફાડીખાનાર જાનવર પક્ષી અને ગાય ઢોર વગેરે જહાનના પાદશાહના હોકમમાં હતું.

તે ફાડીખાનાર અને પાળેલાં જાનવર, પક્ષી અને પરીઓનાં એક લશ્કર ઉપર કીના ભરેલો અને બહાદુર (હોશંગ) સરદાર (થયો).

લશ્કરની પીઠ પાછળ કયૂમર્સ પાદશાહ–(અને) હરોલમાં નબીરો (હોશંગ) લશ્કર સાથે (ચાલ્યો).

ફિકર અને ધાસ્તી સાથ સીઆહ દેવ આવ્યો–(અને) આસ્માન ઉપર ૩૧
ધૂળ ફેંકવા માંડી.

ફાડીખાનાર જાનવરોના પોકારથી, તેમજ જહાનના પાદશાહના ઘોસ્સાથી તે દેવની ચુંગાલ સુસ્ત થઈ ગઈ.

બેહુ તરફનું લશ્કર એકએકમાં ભેલાઈ ગયું.–વિકાળ અને ચોપગાં જાનવરોથી દેવો આજેઝ થયા.

હોશંગે સિંહની માફક ચુંગાલ લંબાવી–(અને) તે બૂરા દેવ ઉપર જહાન તંગ કરી.

તેને પકડીને બંદમાં મઝબૂત બાંધ્યો–(પછી) તેને ઊંધો નાખી ખુવાર કર્યો.

તેનું માથાંથી પગ સુધી તમામ ચામડું ખેંચી કાઢ્યું–(અને) સરદાર (હોશંગે) તેનું ઘણુજ મોટું માથું કાપી નાખ્યું.

(તેને) પગ નીચે કચડી નાખી ખુવાર કર્યો–(અને) તેનાં (તન) ઉપરનું ચામડું ચીરી નાખ્યું અને કામ બરગશ્તે (થયું) (યાને તે નાબુદ થયો)

જ્યારે તેની કીનો લેવાની ખાહેશ બર આવી–ત્યારે કયૂમર્સનો વખત (પણ) પુરો થયો.

તે ગયો અને દુન્યાનો વારસો તેને આપી ગયો–તું જો કે "તે (દુન્યા) ની નઝદીક કોણને આબરૂ (છે)?

(આ) દુન્યા તમામ કિસ્સા કહાણી જેવી છે અને બસ–કોઈ ઉપર નેક અને બદ રહેવું નથી."

તેણે (યાને કયૂમર્સે) (આ) ઠગારી દુન્યા હાથ કરી–(અને) ફાયદા ૩૨
ભરેલા માર્ગે ચાલ્યો પણ કાંઈ ફાયદો મેળવ્યો નહીં.

હૂશન્ગ્.*

પાદ્શાહીએ હૂશન્ગ્ ચેહલ્ સાલ્ બૂદ્ વ બર્ તખ્ત્ નેશસ્તને ઊ વ બર્આવર્દને હૂશન્ગ્ આહન્ અઝ્ સન્ગ્ વ બુન્યાદ્ નેહાદને જશ્ને સદહ્.

હોશંગની પાદશાહી ચાળીસ વર્ષ હતી અને તેનું તખ્ત ઉપર બેસવું, અને તેનું ખાણમાંથી લોખંડ શોધી કાઢવું તથા "જશ્ને સદહ"નું બરપા કરવું.

જહાન્દારૂ હૂશન્ગ્ બા રાયો દાદ્
બજાએ નેયા તાજ્ બરૂ સરૂ નેહાદ્
બેગશ્ત અઝ્ બરશ ચરૂખ સાલી ચેહેલ
પુરૂ અઝ્ હૂશ મગ્ઝો પુરૂ અઝ્ દાદ્ દેલ
ચુ બેનશસ્ત બરૂ જાએગાહે મેહી
ચુનીન્ ગોફ્ત બરૂ તખ્તે શાહન્શેહી
કે બરૂ હફ્ત કેશ્વરૂ મનમ્ પાદ્શા
બહરૂ જાએ પીરૂઝો ફર્માનરવા
બફર્માને યઝ્દાને પીરૂઝ્ગરૂ
બદાદો દેહેશ તન્ગ્ બસ્તહુ કમરૂ
વઝાન્ પસ જહાન્ યકુસરૂ આબાદ્ કરૂદ્
હમહુ રૂએ ગીતી પુરૂ અઝ્ દાદ્ કરૂદ્
નુખોસ્તીન્ યકી ગઉહરૂ આમદ્ બચ્ન્ગ્
બદાનેશ જુદા કરૂદ્ આહન્ ઝે સન્ગ્
સરેમાયહુ કરૂદ્ આહને આબ્ગૂન્
કઝાન્ સન્ગે ખારા કશીદશ બેરૂન્
ચુ બરૂસાખ્ત આહનગરી પીશહુ કરૂદ્
કુજા ઝૂ તબરૂ અરૂરહો તીશહુ કરૂદ્
૬ ચુ ઈન્ કરૂદહુ શુદ્ ચારએ આબ્ સાખ્ત
ઝે દર્યા બહામૂનશ અન્દરૂ ફ્રાખ્ત

પાદશાહ હોશંગે, અકલ અને ઇન્સાફ સાથ,-બપાવાની જગ્યા ઉપર (પોતે) તાજ સર ઉપર મૂક્યું.

તેના ઉપર ચાળીસ વર્ષ સુધી આસ્માન ફર્યો-હોશ ભરેલાં મગઝે અને ઈન્સાફ ભરેલાં અંતઃકરણે (તેણે ચાળીસ વર્ષ પાદશાહી કરી).

જ્યારે તે બુલંદ જગ્યા (યાને તખ્ત) ઉપર બેઠો,-ત્યારે તે શેહન્શાહી તખ્ત ઉપરથી એ પ્રમાણે બોલ્યોઃ-

†કે "હું હફ્ત કેશ્વર (યાને તમામ દુન્યા) ઉપર પાદશાહ છું.-(તેમજ) દરેક ઠેકાણે ફતેહમંદ અને હોકમ ચલાવનાર (છું)

‡(અને) ફતેહ બક્ષનાર ખોદાતાલાના હોકમથી,-મેં ઈન્સાફ અને બક્ષેશ ઉપર કમર તંગ બાંધેલી છે."

અને ત્યાર પછી તેણે દુન્યાને તમામ આબાદ કીધી.-(તેમજ) દુન્યાની સઘળી સપાટી ઈન્સાફથી ભરેલી કીધી.

પહેલ વહેલાં એક ઊંચો પદાર્થ તેના હાથમાં આવ્યો.-(પોતાની) અકલે કરી ખાણમાંથી લોઢું જુદું પાડ્યું.

તેણે પહેલાં લોખંડને પાણી જેવું (પાતળું) કર્યું-અને એમ કરી સખ્ત પત્થરમાંથી તેને બાહેર કાઢ્યું.

જ્યારે તે તૈયાર થયું ત્યારે લુહારનો ધંધો ચાલુ કર્યો-અને તેમાંથી કુહાડી, કરવત અને વાંસલા બનાવ્યા.

જ્યારે એ કરી રહ્યો ત્યારે પાણી માટે યોજના કરી-(અને) નદીમાંથી બાહેર લાવી જંગલમાં રેડ્યું.

---

*અવસ્તા "હઓષ્યંઘહ" પેહલવી "હોશ્યંગ" ફિર્દોસી પ્રમાણે એ સીઆમકનો છોકરો હતો, પણ બુન્દહિશ્ન પ્રમાણે એ સીઆમકના છોકરા ફ્રવાકનો છોકરો હતો યાને કયૂમર્સ એનો બપાવાનો બપાવો હતો. બુન્દહિશ્ન પ્રમાણે પણ એણે ૪૦ વર્ષ રાજ્ય કર્યું. પાદશાહ હોશંગને માટે કહે છે કે તે પીશદાદીઆન વંશના તમામ પાદશાહોમાં સર્વથી વધારે દાનેશમંદ અને સર્વથી મોટો વિદ્વાન હતો. કહે છે કે ડહાપણની બાબંદમાં તેણે ઘણાક પુસ્તકો રચ્યાં હતાં, જેમાનાં એકનું નામ "જાવીદાન ખેરદ" છે. હસને સહન નામના શખ્સે અસલ જાવીદાન્ ખેરદના એક ભાગનો અરબી ભાષામાં તરજુમો કરેલો છે. ડહાપણ અને અનુભવનું ભંડોલ તે કેટલું રાખતો હતો, તે જાવીદાન ખેરદ વાચ્યાથી માલૂમ પડી આવે છે. ફાર્સી લખનારાઓએ એને પયઘમ્બરીનો મરતબો આપ્યો છે. કેટલાકો એને એદ્રીસ પયઘમ્બરૂને નામે ઓળખે છે. શુશ અને બાબોલ નામનાં બે શેહર એણે બાંધેલાં કહેવાય છે.

†અવસ્તામાં એને ઈઝદોની બંદગી કરી મુરાદ માગતો જેવામાં આવે છે. અબાનયશ્ત ફ૦ ૨૪-૨૫ માં જણાવે છે કે હોશંગે અબાનયશ્તની અલ્બોર્ઝ પહાડનાં તળિયાં આગળ આરાધના કરી મુરાદ માગી કે તે માઝંદરાનના તમામ દેવોને ઝેર કરનારો થાય. અને ૨૬ માં ફ૦ પ્રમાણે તેની મુરાદ હાસેલ થઈ. જમ્યાદ યશ્તનાં ૨૬ માં ફ૦ માં એને કયાની ખોરેહવાળો જણાવ્યો છે.

‡એને અવસ્તામાં "પરધાત" કહે છે, જે ઉપરથી "પીશદાદ" બોલ નીકળ્યો છે.

બજાૂયો બઝુઇ : આબ્રશ રાહ્ કરૂઇ
બફ્રૂરે કયી રન્જ કુતાહ્ કરૂઇ
ચરાગાહે મરૂદુમ અઝાનૂ બરૂફુઝૂઇ
પરાગન્દને તોખ્મો કેશ્તો દુરૂઇ
બેરન્જીદનશ હરૂ કસીનાને ખીશ
બેવરૂઝીદો બેશનાખત્ સામાને ખીશ
અઝાન્ પીશ કીન્ કારૂહા શુદ બસીચ્
નબુદ ખુર્દનીહા બજોઝં મીવહ્ હીચ્
હમહ્ કારે મરૂદુમ નબૂદી બબરૂગ્
કે પૂશીદની શાન્ હમહ્ બૂદ બરૂગ્
પરસ્તીદને ઈઝદી બૂદ પીશ
નેયારા હમીન્ બૂદ આયીનો કીશ
બસન્ગ્ અન્દરૂ આતેશ અઝૂ શુદ પદીદ
કઝૂ રઉશની દરૂ જહાન્ ગુસ્તરીદ
*મગૂઈ કે આતેશપરસ્તાન્ બુદન્દ
પરસ્તન્દએ પાક્ યઝદાન્ બુદન્દ
ચુ મરૂ તાઝેયાન્રાસ્ત મેહ્રાબે સન્ગ્
બદાન્ ગહ્ બુદી આતેશે ખૂબ્રન્ગ્

યકી રૂઝ શાહે જહાન્ સૂએ કુહ્
ગુઝરૂ કરૂઇ બા ચન્દ કસ હમગોરૂહ્
પદીદ આમદ અઝ દૂરૂ ચીઝી દરાઝ
સેયહ્ રન્ગો તીરહ્તનો તીઝ તાઝ
દો ચશમઝ બરે સરૂ ચુ દૂ ચશ્મે ખૂન્
ઝે દૂદે દહાનશ જહાન્ તીરહ્ગૂન્
નેગહ્ કરૂઇ હુશન્ગ્ બા હુશો હન્ગ્
ગેરેફ્તશ યકી સન્ગો શુદ તીઝ જન્ગ્
બઝૂરે કયાની બેયાઝીદ દસ્ત
જહાન્સૂઝ મારૂ અઝ જહાન્જૂય જસ્ત
બરૂઆમદ બસન્ગે ગેરાન્ સન્ગે ખુરૂદ
શેકસ્તહ્ હમીન્ બરૂ હમાન્ સન્ગે ખુરૂદ
ફેરૂઘી પદીદ આમદ અઝ હરૂ દો સન્ગ્
દલે સન્ગ્ ગશ્ત અઝ ફેરૂઘ આઝરન્ગ્
નશુદ મારૂ કોશ્તહ્ વલીકેન્ ઝે રાઝ
અઝાન્ તબ્એ સન્ગ્ આતેશ આમદ ફરાઝ
હરાન્ કસ કે બરૂ સન્ગ્ આહન્ ઝદી
અઝાન્ રઉશનાઈ પદીદ આમદી
જહાન્દારૂ પીશે જહાન્આફ્રીન્
નેયાયેશ હમીકર્દો ખાન્દ આફ્રીન્
કે ઊરા ફુરૂઘી ચુનીન્ હદયહ્ દાદ
હમીન્ આતશ આનગાહ્ કેબ્લહ્ નેહાદ

તેણે નેહેર મારફતે નદીમાંથી (ખેતરોમાં) પાણીને રસ્તો કરી આપ્યો-(એવી રીતે) શાહી દબદબાથી (ખેડુતોની) મેહનત ઓછી કીધી.

(નેહેર ખોદવાથી) લોકોનાં ઢોરને ચરવાની જગ્યા, તથા વાવણી, ખેતી, અને કાપણીમાં મોટો વધારો થયો.

પછી દરેક જણે પોતાની રોટલી તૈયાર કરવા માંડી-(અને) મેહનત કરવા માંડી (અને) પોતાનો સામાન પીછાણવા માંડયો.

આ કામો તૈયાર થયાં તેની આગમચ-મેવા સિવાય કાંઈ બીજો ખોરાક હતો નહીં.

માણસોના સઘળાં કામ સગવડ ભર્યા નહીં હતાં-કારણ કે તેઓનો પોશાક સઘળો પાંદડાનો હતો.

પહેલાં ખોદાતાલાની પરસ્તેશ હતી-(તે હોશંગના) બપાવાનો ધર્મ અને રીત એજ રવેશે હતી.

તે (હોશંગ)થી પત્થરમાંથી આતશ ઝાહેર થયો-કે જેથી દુન્યામાં રોશની પથરાઈ.

‡ તું એમ ના કહેતો કે તેઓ આતશપરસ્ત હતા-પણ તેઓ તો પાક યઝદાનની પરસ્તેશ કરનારા હતા.

જે મિસાલ અરબો [મુસલ્માનો] પત્થરનો મેહરાબ [સેજદો કરવાની જગ્યા] રાખે છે-તેમ તેઓ [ઈરાનીઓ] ઝગઝગતા આતશ તરફ મોઢું કરી બંદગી કરતા હતા.

એક દહાડો જહાનનો પાદશાહ, કેટલાંક માણસો સાથ,-પહાડ તરફ જતો હતો, [એવામાં]

દૂરથી લાંબી, કાળા રંગની, સીઆહ બદનની અને ઝડપથી-દોડતી એક ચીઝ નઝર આવી.

તેનાં માંથાં ઉપર બેહુ આંખ, લોહીના ચશ્માની મિસાલે [હતી]-તેના મોઢાંમાંથી [નીકળતી] બાફે દુન્યા અંધારી [બની].

(તે તરફ) હોશંગે અકલ અને હોશ્યારી સાથ નેગાહ કરી,-તેણે એક પત્થર ઉઠાવ્યો અને લડાઈ માટે આગળ વધ્યો.

(અને) પાદશાહી ઝોરથી હાથ લાંબો કીધો (યાને ફેંકયો)-[જેથી]તે જહાનને બાળી નાખનાર સાંપ, જહાન જોય [હોશંગના હાથ]થી છટકી ગયો.

એક મોટા પત્થર સાથ તે નાનો પત્થર અથડયો-[જેથી] તે નાનો પત્થર ભાંગી ટૂકડા થયો.

તે બેહુ પત્થર [અથડવા]થી એક રોશની ઝાહેર થઈ-[અને] તે રોશનીથી તમામ પત્થર ઝળકાટ ભરેલો થયો.

તે સાંપ તો માર્યો ગયો નહીં પણ તે પત્થરની છૂપી ખાસીયત-[Latent property] માંથી આતશ નીકળી આવ્યો.

[ત્યાર પછી] જે કોઈ પત્થર ઉપર લોઢું અફાડતો,-[કે તેજ વખત] તેમાંથી રોશની ઝાહેર થતી હતી.

પાદશાહે ખોદાતાલાની નઝદીક નીઆયેશ કરીને દોઆ કીધી,

કે તેણે, તે [હોશંગ]ને આવી રીતનો રોશનીનો હદયો બક્ષેશ કીધો. તેજ વખતે તેણે તે આતશનો કેબ્લો† કીધો.

---

* આ બયત છાપેલાં તેમજ મોહલનાં અને બીજાં લખેલાં શાહનામામાં નથી પણ એકુ જણની નકલમાંજ માલૂમ પડે છે.

‡ આ અને એની પછીનાં બયત ઉપરથી માલૂમ પડે છે કે ફિર્દોસીના વખતમાં તેમજ તેની આગમચ, ઇસ્લામી લખનારાઓમાં એવોજ ખેયાલ બેસી ગયો છે કે પાર્સીઓ "આતશ પરસ્ત" છે. એ ઉપરથી ફિર્દોસીએ ઉપલાં બયતો લખવાની ફરજ પડી હોય.

† જેની સામે આપણે મોઢું કરી ખોદાતાલાની બંદગી કર્યે તેને કેબ્લો કહે છે. આપણ ખોદાતાલાને જોઇ શકતા નથી, પણ તેની પેદા કરેલી નૂરીમાં નૂરી ચીઝો જેમકે આતશ, આફતાબ, માહતાબ, પાણી વગેરે, તરફ આપણી લાગણી ધરાવી તે તરફ કેબ્લો કરી ખોદાતાલાની બંદગી કર્યે છિયે.

બેબૂતા કુહૂશીસ્ત ઈન્ ઈઝદી
પરસ્તીદ્ બાયદ્ આમરૂ બેખરૂદી
શબ્ આમદ્ બરૂઅફરૂખ્ત આતેશ ચુ કૂહ
હમાન્ શાહ્ દરૂગેરૂદે ઊ બા ગોરૂહ્
યકી જશ્ન્ કરૂદ્ આન્ શબો બાદહ્ ખરૂદ્
સદહ્ નામે આન્ જશ્ને ફરૂખેન્દહ્ કરૂદ્
ઝે હુશન્ગ્ માન્દ્ ઈન્ સદહ્ યાદ્ગારૂ
બસી બાદ્ ચૂન્ ઊ હેગરૂ શહ્‌રૂયારૂ
કઝ્ આબાદ્ કરૂદન્ જહાન્ શાદ્ કરૂદ્
જહાની બનીકી અઝૂ યાદ્ કરૂદ્
બદાન્ ઈઝદી ફરૂરો જાહે કેયાન્
ઝે નખ્ચીરે ગૂરો ગવઝ્ને જેયાન્
જુદા કરૂદ્ ગાવો ખરો ગૂસ્પન્દ
બવરૂઝ આવરીદ્ આન્ ચે બુદ્ સૂદમન્દ
જહાન્દારૂ હુશન્ગ્ બા હુશ ગોફ્ત
બેદારીદ્ શાન્‌રા જુદા જોફ્ત જોફ્ત
બદીશાન્ બેવર્ઝીદો ઝીશાન્ ખરીદ્
હમી બાજ્‌રા ખીશ્તન પર્વરીદ્
૩૬ ઝે પૂયન્દગાન્ હરૂ કે મૂયશ નેકૂસ્ત
બેકોશ્તો અઝીશાન્ બરૂઆહીખ્ત પૂસ્ત
ચુ સન્જાબો કાકુમ ચુ રૂબાહે નરૂમ
ચહારૂમ સમૂરસ્ત કંશ મૂએ ગરૂમ

બદીન્‌ગુનહ્ અઝ્ ચર્મે પૂયન્દગાન્
બેપૂશીદ્ બાલાએ ગૂયન્દગાન્
બેબખશીદો ગુસ્તર્દો ખુર્દો સેપોરૂદ્
બેશૂદો જોઝ્ અઝ્ નામે નીકી નબોરૂદ્
બેહદ સાલ્ બા શાદ્કામીઓ નાઝ્
બદાદો દેહેશ બૂદ્ આન્ સરૂફરાઝ્
બસી રન્જ બોરૂદ્ અન્દરાન્ રૂઝ્ગારૂ
બઅફ્સૂનો અન્દીશએ બીશુમારૂ
ચુ પીશ આમદશ રૂઝ્ગારે બેહી
અઝૂ ગુઝીદ માન્દ્ તખ્તે મેહી
ઝમાનશ્ નદાદશ ઝમાની દેરન્ગ્
શુદ્ આન્ શાહે હુશન્ગ્ બા રાયો હન્ગ્
નપયવસ્ત ખાહદ્ જહાન્ બા તો મેહરૂ
ન નીઝ્ આશ્કારા નુમાયદ્ત ચેહરૂ

[અને] તેણે [મનમાં] કહ્યું [કે] " આ ખોદાતાલાનું નૂર છે–[અને] જો તું અકલમંદ હોય તો [તને એની] પરસ્તેશ કરવી જોઈએ. "

રાત પડી [અને] એક પહાડની મિસાલે આતશ સળગાવ્યો–[અને] તેની આસપાસ [બંદગી કરવા માટે] પાદશાહ પોતાની રૈયત સાથ [ઉભો]

તે રાતે એક જશન કર્યું અને શરાબ પીધો–[અને] તે મુબારક જશનનું નામ "સદેહ*" રાખ્યું.

હોશંગથી આ "સદેહ" યાદગાર રહેલું છે–તેના જેવાં [આ દુન્યામાં] બીજા ઘણા પાદશાહ થજો!

કારણ કે તેણે આબાદીનો ફેલાવો કરી દુન્યાં ખુશહાલ કીધી–[અને] તમામ જહાન નેકી સાથ તેને યાદ કરે છે.

તેણે [હોશંગે] ઈઝદી દમામ અને શાહી દબદબાએ કરી—શિકારી જાનવર [જેવાં કે] ગોરખર અને વિક્રાળ સાબરમાંથી,

ગાય ઢોર, ગધેડાં અને મેંઢાં બકરાને જુદાં પાડયા,–[અને] જે કાંઈ ફાયદાકારક હતા તે ઉપયોગમાં લાવ્યો.

પાદશાહ હોશંગે દાનાઈથી કહ્યું કે–" તેઓના જોડા જુદા જુદા રાખો.

§તેઓને [ગાય–ગોસ્પંદને] ઉપયોગમા લેઓ અને એઓને [યાને હરણ–સાબરને] આપ લેમાં રાખો [અને] તેઓથી પોતાનો કર ભરો."

દોડનારા જાનવરોમાથી કે જેઓના રૂવાં સારા શોભિતાં હતા–તેઓને કાપીને ચામડું ઉખેડી કાઢયું.

[તે જાનવરોના નામ] જેવા કે સન્જાબ [Beaver] કાકુમ [સફેદ નોળિયો Ermine] અને નરમ બાળવાળું કોહલું–ચોથું સમૂર જેના બાલ ઘણા ગરમ હોય છે

એવી રીતે જાનવરોના ચામડાએ કરી–ઈન્સાનોના બદન ઢંકાયા.

[પાદશાહ હોશંગે] [આ પ્રમાણે] બક્ષેશ કીધી, ખવાડ્યું, ખાધું બીજાને આપ્યું અને ચાલી ગયો તથા નેકનામ સિવાય [કાંઈ બીજું] નહીં લઈ ગયો.

ચાળીસ વર્ષ સુધી ખુશી, રંગ રાગ,–ઈન્સાફ અને સખાવત સાથ તે સરફરાઝ રહ્યો, [યાને રાજ કર્યું]

એટલા વખતમાં પુષ્કળ વિચાર અને યુક્તિ વાપરી તેણે ઘણી રંજ ખેંચી

[અને] જ્યારે તેનો સારો [આશાયેશનો] વખત નઝદીક આવ્યો–ત્યારે બુઝોર્ગી ભરેલું તખ્ત તેનાથી ખાલી પડયું [યાને ગુઝરી ગયો]

ઝમાનાએ તેને એક પળ પણ ઢીલ આપી નહી–[અને] તે વિચાર અને દાનાઈ ભરેલો પાદશાહ હોશંગ ચાલી ગયો

[ઓ મર્દ!] " દુન્યા તારી સાથ માયાથી નહીં જોડાશે–[અને] ઝાહેરમા તને [પોતાનો] ચેહરો પણ નહીં દેખાડશે "

---

* આ જશનનુ નામ "સદહ" શા ઉપરથી આપ્યુ તે ફિરદોસી કહેતો નથી, પણ બીજા લખનારાઓ "સદહ"ના નામને જુદી જુદી રીતે મનજાવે છે જેમા એક આ છે કે પાદશાહ હોશંગના વખતમા કયૂમર્સની અઉલાદ અને કુટુંબીઓની સંખ્યા વધીને એક સોની થઈ હતી, અને તેની ખુશહાલીના મહોત્સવ પળાવાનો હતો, તેવામા સારે ચોઘડિયે પતથર સાથ પતથર અથડાવાથી આતશ નીકળી આવ્યો હોશંગના ઝમાનામા ઘસારા (Friction)થી આતશ નીકળે એમ જણાયલું નહતું; માટે આ ઉમદા તક હાથ ધરીને પોતાના કુટુંબીઓની સોની સંખ્યાનો મહોત્સવ (Jubilee) હોશંગે ઉજવ્યો, અને તેને "જશને સદહ"નુ નામ આપ્યુ, જેના અર્થ સોવાળુ જશન અથવા કુટુંબીઓની સંખ્યા વધીને સોની થઈ તેની ખુશહાલીનું જશન કરીને થાય છે આજે પણ યૂરોપ દેશના લોકો જુદા જુદા કારણે Centenary Jubilee પાળે છે આ જશનના દહાડા વાર માટે "બુન્દહિશ કાતેબ" વાળો બહમન મહિના અને આવા રોઝ લખે છે, જે "નવરોઝ"થી ૫૦ દિવસ અને ૫૦ રાત મળી સોના આકડો કરી એને "સદહ" (સો)ના નામથી ઓળખાવે છે ઈરાનમાં ઉપલા રોઝે ઝરતોશ્તીઓ બાઘ યા ખેતરોમા જઈ આતશની ચેહ સળગાવી બાજુ ગાજુ અને માઈ પી હસી ખુશીથી પાછા ઘર જાય છે

§ આ ગાય ઢોર વગેરેના ચળાખ બાબદના ફિરદોસીના લખાણને મળતુંજ લખાણ અવસ્તામા આવા ગોશ, વગેરે પરનોમાંથી પણ મળે છે

તહ્મૂરસ્.

પાદ્શાહીએ તહ્મૂરસે દીવ્બન્દ્ સી સાલ્ બૂદ્ ઐર્ તખ્ત્ નેશસ્તને તહ્મૂરસ્ વ પયદા કર્દને આચીને રેશતન્ વ રામ્ કર્દને જાન્વરાન્

પેસર્ બુદ્ મર્ ઊરા ચકી હુશમન્દ્
ગેરાન્માયહ્ તહ્મૂરસે દીવ્બન્દ્
બેચામહ્ બતખ્તે પેદર્ બર્નેશસ્ત
બશાહી કમર્ બર્ મેયાન્ બર્બેબસ્ત
હમહ્ મૂબેદાન્રા જે લશ્કર્ બેખાન્દ્
બચર્બી ચે માયહ્ સખુનહા બેરાન્દ્
ચુનીન્ ગોફ્ત કેમ્રૂઝ્ ઈન્ તખ્તગાહ્
મરા ઝીબદો તાજો ગોર્ઝો કોલાહ્
જહાન્ અઝ્ બદીહા બેશૂયમ બરાય
પસ આન્ગહ્ કુનમ દર્ગહી ગેર્દે પાય
જે હર્ જાએ કૂતહ્ કુનમ દસ્તે દીવ્
કે મન્ બૂદ્ ખાહમ જહાન્રા ખેદીવ્
હારાન્ ચીઝ્ ક દર્ જહાન્ સૂદ્મન્દ્
કુનમ આશ્કારા કુશાયમ જે બન્દ્
પસઝ્ પોશ્તે મીશો બરહ્ પશ્મો મૂય
બુરીદો બેરેશ્તન્ *નેહાદન્દ્ રૂય.
બકુશેશ અઝાન્ પૂશેશ આમદ્ બજાય
બેગુસ્તર્દની બુદ્ હમ ઊ રહ્નુમાય

દેવબંદ તેહમૂરસની ત્રીસ વર્ષ પાદશાહી હતી. તેહમૂરસનું તખ્ત ઉપર બેસવું અને કાંતવાની અને જાનવર તાબે કરવાની રીત તેણે ઝાહેર કરવી.

*તેને એક દાના, બુરંદ બુન્યાદનો અને દેવને બાંધનાર તેહમૂરસ [નામનો] છોકરો હતો.

તે આવી બાપનાં તખ્ત ઉપર બેઠો-[અને] કમર ઉપર પાદશાહી કમરબંદ બાંધ્યો

તેણે લશ્કરમાંથી સઘળા દાનાઓને બોલાવ્યા-[અને] નર્મીથી ઘણાક કીમતી સખુન કહ્યા

તેણે એ રસ્તે કહ્યું કે "આજ આ તખ્ત, તાજ, ગેર્ઝ અને કોલાહ મને ઝેબ આપે છે.

હું મારી સમજે કરી દુન્યા [સઘળી] બદીઓથી ધોઈ નાખીશ— ત્યાર પછી હું તખ્તની આસપાસ દરબાર ભરીશ.

[અને] દરેક જગોથી દેવના હાથ કોતાહ કરીશ,-કારણ કે હું દુન્યાનો સાહેબ થવા માગું છું.

જે ચીઝ કે દુન્યામાં ફાયદા ભરેલી [છે]-તેનો ભેદ ખોલી ઝાહેર કરીશ"

પછી બકરા અને મેંઢાંની પીઠ ઉપરથી ઊન અને બાલ-કાપી કાંતવાનું શુરૂ કર્યું

તે કોશેશથી પેહેરવાનાં કપડાં તૈયાર થયાં-[અને] બિછાવવાની ચીઝો બનાવવાનુ શીખવનાર તેજ હતો.

---

* અવસ્તાનો "તખ્મ ઉરૂપ," પેહલવીનો "તખ્મોરૂપ." ફાર્સી લખન । એને હોશંગનો છોકરો કહે છે. પણ બુન્દહિશ્ન પ્રમાણે હોશંગના છોકરાના છોકરા "વીવંઘન"નો છોકરો હતો અને જમશેદનો વડો ભાઈ હતો પેહલવી પ્રમાણે પણ એણે ત્રીસ વર્ષ રાજ્ય કર્યું એ પાદશાહ "દીવબન્દ" અવસ્તા "દએવતબિશ" ને નામે જાણીતો હતો કારણ કે એણે દેવોને ઝેર કર્યાં હતા રામ યશ્ત ફ૦ ૧૧ ૧૨ મા જણાવે છે કે તેહમૂરસે રામ ઈઝદની બંદગી કરી માગ્યું કે "ઓ ઝોરમંદ વાય ઈઝદ આ મુરાદ તું મને બક્ષ, તે એ કે તમામ દેવોને, તમામ જાદૂગરોને તથા પરીઓને હું ઝેર કરનાર થાઉં" અવસ્તામાં એને "અઝીનવાઓ" એટલે હથિયારબંદ કહેલો છે એને માટે કહે છે કે તેણે સેપાહાન (એસ્ફહાન) નામનું શેહર બાંધ્યું હતું. એ પાદશાહની સલ્તનત દરમેયાન મોટો દૂકાળ પડયો હતો અને તવંગરોને એ પાદશાહે ફર્માવ્યું હતું કે દિવસમાં બેને બદલે એકજ વખત ખાઈ બીજી વેળનું ખાણું મુફલેસોને આપવું રોઝો રાખવનો ચાલ કહે છે કે એના વખતથી ચાલુ થયો હતો. વળી એના વખતમાં મરકી ફાટી નીકળી હતી અને લોકો પોતાનાં ગુઝરેલાં વહાલાંએની પથર, લાંકડાં કે સોના રૂપાની મૂર્તિ બનાવીને સધિયારો લેતાં હતાં. બુતપરસ્તીનો રેવાજ આ ઉપરથી નીકળેલો કહેવાય છે. મર્વ અને બલ્ખબામી શેહરો પણ એણેજ વસાવ્યાં હતાં.

ચે પૂયન્દગાન્ હરૂકે બુદ નીકુરવ
ખુરેશ કરૂદશાન્ સબ્ઝહો ગાહો જવ
રમન્દહ દદાન્રા હમહ બેનગરીદ
સેયહ ગૂશો ચૂન્ અઝ મેયાન્ બરૂગુઝીદ
૩૮ બાચારહ બેયાવરૂદશ અઝ દશ્તો કૂહ
બબન્દ આમદન્દ આનકે બુદ ઝાન ગોરૂહ
ઝે મોર્ઘાન્ હમાન્ આન્ કે બુદ નીકુસાઝ
ચુ બાઝો ચુ શાહીને ગરૂદનફરાઝ
બેયાવર્દ આમૂખતન શાન્ ગેરેફૂત
જહાની બદ્ર માન્દહ અન્દરૂ શેગેફૂત
બેફરૂમૂદ શાન્ તા નવાઝદ ગરૂમ
નખાનન્દ શાન્ જોઝ બઆવાઝે નરૂમ
ચુ ઈન્ કરૂદહ શુદ માંકેયાનો ખુરૂસ
કુજા બરૂખુરૂશદ ગહે ઝખમે કૂસ
બેયાવરૂદ યકુસરૂ બમરૂદુમ્ કશીદ
નેહોફૂતહ હમી સૂદમન્દી ગુઝીદ

ચુનીન્ ગોફૂત કીન્રા સેતાયેશ કુનીદ
જહાન્આફ્રીન્રા નેયાયેશ કુનીદ
કે ઊ દાદ માન્ બરૂ દદાન્ દસ્તગાહ
સેતાયેશ મરૂ ઊરા કે બેનમૂદ રાહ
મરૂ ઊરા યકી પાકૂ દસ્તૂરૂ બૂદ
કે રાયશ ઝે કેર્દારે બદ દૂરૂ બૂદ
ખનીદહ બહરૂ જાયો શીદસ્પ નામ
નઝદ જોઝ બનીકી બહરૂ જાએ ગામ
૩૯ ઝે ખુરૂદન હમહ રૂઝ બરૂબસ્તહ લબ્
બપીશે જહાન્દારૂ બરૂપાએ શબ્
હમાન્ બરૂ દેલે હરૂ કસી બૂદ દૂસ્ત
નમાઝે શબો રૂઝ આયીને ઊસ્ત
સરેમાયહ બુદ અખતરે શાહરા
દરૂ બન્દ બુદ જાને બદખાહરા
હમહ રાહે નીકી નમૂદી બશાહ
હમઝ રાસ્તી ખાસ્તી પાએગાહ
ચુનાન્ શાહ પાલૂદહ ગશ્ત અઝ બદી
‡ તાબીદ અઝૂ ફરૂરએ ઈઝદી
ચુ દસ્તૂરૂ બાશદ ચુનીન્ કારૂદાન્
તો શાહરા હોનરૂ નીઝ બેસ્યારૂ દાન્
બેરફૂત અહુરમનરા બઅફૂસૂન બેબસ્ત
ચુ બરૂ તીઝરવ બારગી બરૂનેશસ્ત

દોડનારાં જાનવરોમાંથી જે કાંઈ સારી ચાલનાં હતાં,-તેઓનો ખોરાક લીલોતરી, ઘાસ, અનાજ વગેરે કર્યો.

સઘળાં શિતાબ ચાલનાં ફાડીખાનાર જાનવરો તપાસ્યાં-અને તેમાંથી લોંકડી અને ચિત્તાને ચુંટી કાઢયા.

[અને] તદબીરથી તેઓને જંગલ અને પહાડમાંથી લઈ આવ્યો-તે ટોળામાંનાં જે હતાં તેઓને બંદમાં લાવ્યો.

[અને] પક્ષીઓમાંથી પણ જે કાંઈ સારી બનાવટનાં હતાં-જેવાંકે બાઝ અને ગર્દનફરાઝ શકરો.

તેઓને લાવી [શિકાર] પકડતાં શીખવ્યું,-જેથી દુન્યાનાં લોક અજબ રહ્યાં.

તેણે હોકમ કર્યો કે "એઓ સાથ [લોકો] માયાથી વર્તે-તેઓને નરમ અવાઝેજ બોલાવે."

જ્યારે એટલું કરી પરવારયો ત્યારે મરઘી અને મરઘો*-કે જે બામદાદને વખતે પોકાર કરે છે,

તે બધાંને લાવી માણસોને [રૈયતને] સોપ્યાં-જે જાનવરો અત્યારસુધી માણસની જાણમાં નહીં આવેલાં હતાં અને તેથી નિરૂપયોગી જણાતાં હતાં તે હવે ઉપયોગી નીવડયાં.

(પછી) એ રવેશે [સર્વને] કહયું કે "આ માટે [ખોદાની] સ્તુતી કરો-દુન્યાને પેદા કરનારની નીઆયેશ કરો.

કારણ કે તેણે આપણને ફાડીખાનાર જાનવરો ઉપર સરસાઈ આપી-(અને) ખાસ તે સાહેબનીજ સેતાયેશ કરો કે જેણે (આપણને) (સારો) માર્ગ દેખાડયો.

ખાસ તેનો એક પાક વઝીર હતો-કે તેની અકલ બૂરાં કામથી દૂર હતી.

તે દરેક જગોએ પ્રખ્યાત થયલો હતો અને (તેનું) નામ શીદસ્પ (હતું).-તે હરેક જગો નેકી સિવાય કદમ મૂકતો હતો નહીં.

સઘળો દિવસ ખાવાથી હોઠ બાંધેલા રાખતો હતો-(અને) રાત્રે ખોદાની નઝદીક ઉભો રહેતો હતો.

તેમજ તે દરેકનાં દિલનો દોસ્ત હતો-(અને) રાત દિવસની બંદગીનો તેનો કાયદો હતો.

તે પાદશાહના સેતારાની દઉલત હતી-અને તેનાથી દુશ્મનનો જાન બંદમાં હતો.

તે પાદશાહને સઘળો નેક માર્ગ દેખાડતો હતો-(અને) રાસ્તીથીજ (પોતાનો) મરતબો ચાહતો હતો.

એ રવેશે પાદશાહ બદીથી એવો પાક થયો-કે તેનાથી ખોદાઈ દબદબોઉ ચલકતો થયો.‡

જ્યારે એવી રીતે વઝીર હોશ્યાર હોય-ત્યારે તો પાદશાહને પણ તું હોનર ભરેલો જાણ.

તે (પાદશાહે) જઇને એહરેમન (દેવને) નીરંગ¶ (Incantation) થી બાંધ્યો. (અને) તેઝ ચાલના ઘોડાની માફક તે ઉપર સવારી કરી.

---

* વંદીદાદમાં પણ "પરોદરશ" નામના મરઘા વિષેનું બેયાન આવેલું છે. તે મરઘો ઉશહિન ગેહમાં નીચે પ્રમાણે પોકાર મારે છે. "એ માણસો! તમો ઉઠો, સઉથી સરસ અશોઇની વખાણ કરો, દેવોને દફે કરી નાખો, નહીં તો કે લાંબા હાથવાળો બૂષ્યાંસ્પ દેવ તમારી તરફ દોડી આવિશે. વં૦ ૫૦ ૧૮ ફ૦ ૨૪ આ મરઘો ભેટ આપવાનું કેટલું સવાબ છે તે માટે એજ ૫૦ નાં ફ૦ ૨૮ માં કહે છે કે "જે કોઇ આ પક્ષીઓનાં જોડાંને ભલી અશોઇથી અશો માણસને ભેટ આપે તો તે શખ્સ ગોયા સો થામલાવાળું, હઝાર પેહેડિયાંવાળું, દશ હઝાર બારીવાળું તથા દશ હઝાર જોવાના બુરૂજવાળું એક ઘર આપનાર તરીકે ગણાય.

‡ એનાં ખોદાઇ નૂર વિષેના ઇશારાને જમ્યાદ યશ્ત ફ૦ ૨૮ માંથી ટેકો મળે છે.

¶ આગળા વખતમાં અને હાલના ઝમાનામાં પણ એવી માન્યતા છે કે ચેોકસ જાતની "નીરંગ" પઢવાથી યા લખીને શરીરે બાંધવાથી દુઃખ, દર્દ, દેવ, દરૂજ વગેરે દૂર થાય છે. એ વિચાર હિંદુ તેમજ મુસલ્માનોમાં પણ છે કે મંત્ર અને તાવીઝથી ચોક્કસ દુઃખ દર્દ દફે થાય છે. આપણામાં પણ "બાઝ રૂપેન" થી દુઃખ દર્દ સારાં કરવામાં આવતાં હતાં. એ વિષે

ઝમાન્ તા ઝમાન્ ઝીનશ બરૂસાખ્તી
હમી ગેરૂદ ગીતીશ બરૂતાખ્તી
ચુ દીવાન્ બેદીદન્દ કેદારે ઊય
કશીદન્દ ગરૂદન્ ઝે ગોફુતારે ઊય
શુદન્દ અન્જુમન્ દીવે બેસ્યારૂ મરૂ
કે પરૂદોખતહ્ માનદ્ અઝૂ તાજે ઝરૂ

*(તેમજ) વખતે વખત તેના (ઉપર) ઝીન બાંધી-તેને દુન્યાની આસપાસ ફેરવતો હતો.

જ્યારે દેવોએ તેની (એવી) ચાલ જોઈ-ત્યારે તેના હોકમથી માથું ફેરવ્યું.

(અને) સઘળા દેવો એકઠા થયા-કે તેનાથી સોનેરી તાજ ખાલી રહે (યાને પાદશાહને મારી નાખે).

બન્દ કર્દને તહ્મૂરસ્ દીવાન્‌રા વ મોર્દને ઊ.

તેહમૂરસનું દેવોને બંધ કરવું અને તેનું મરણ પામવું.

ચુ તહ્મૂરસ આગહ્ શુદ અઝ કારૂ શાન્
બરૂઆશોફતહ્ બેશકસ્ત બાઝારૂ શાન્
બફરૂરે જહાનદારૂ બસ્તહ્ મેયાન્
બગરૂદન્ બરૂઆવરૂદહ્ ગોર્ઝે ગેરાન્
હમહ્ નરૂરે દીવાનો અફસૂનગરાન્
બેરફતન્દ જાદૂ સેપાહી ગરાન્
દમન્દહ્ સેયહ્દીવ શાન્ પીશરવ
હમી બાસમાન્ બરૂકશીદન્દ ઘવ
હવા તીરહ્ફામો ઝમી્ તીરહ્ ગશ્ત
દો દીદહ્ બગરૂદ અન્દરૂન્ ખીરહ્ ગશ્ત
જહાનદારે તહ્મૂરસે બાફરીન્
બેયામદ્ કમરૂ બસ્તએ રઝ્મો કીન્
ઝે યકસૂ ઘવે આતેશો દૂદે દીવ
ઝે યકસૂ દેલીરાને ગીહાનખેદીવ
યકાયક બેયારાસ્ત બા દીવ જન્ગ્
નબુદ જન્ગ્ શાનરા ફરાવાન્ દેરન્ગ્
અઝીશાન્ દો બહ્રહ્ બઅફસૂન્ બેબસ્ત
દેગરૂ શાન્ બગોર્ઝે ગેરાન્ કરૂદ પસ્ત
કશીદન્દ શાન્ ખસ્તહો બસ્તહ્ ખારૂ
બજાન્ ખાસ્તન્દ આનગહી ઝીહારૂ
કે મારા મકોશ તા યકી નવ હોનરૂ
બેયામૂઝી અઝ મા કત આયદ બબરૂ
કયી નામવરૂ દાદ શાન્ ઝીહારૂ
બદાન્ તા નેહાની કુનન્દ આશકારૂ
ચુ આઝાદ શાન્ શુદ સરઝ બન્દે ઊય
બેજોસ્તન્દ નાચારૂ પયવન્દે ઊય
નેવેશતન્ બખુસ્રવ બેયામૂખ્તન્દ
દેલશરા બદાનેશ બરૂઅફરૂખ્તન્દ

જ્યારે તેહમૂરસ તેઓનાં કામથી જાણીતો થયો-ત્યારે ઘોસ્સે થઈ ૪૦
તેઓનું બાઝાર (યાને બંદોબસ્ત) તોડયો.

તેણે ખોદાતાલાના દબદબા સાથ કમર બાંધી-અને ગર્દન ઉપર ભારી ગોર્ઝ મેલ્યો.

સઘળા નર દેવો અને જાદૂગરો-(અને) મંત્રવાળાઓ ભારી લશ્કર (સાથ) ગયા.

તેઓનો સરદાર લાફ મારનાર સીઆહ દેવ (હતો)-તેઓ આસ્માન સૂધી પોકાર ઉઠાવતા હતા.

(તેઓથી) હવા અને ઝમીન સીઆહ રંગની બની-(અને) તે ધૂળમાં (જોનારની) બેહુ આંખ હયરાન રહી.

દુઆ સાથનો તેહમૂરસ પાદશાહ-લડાઈ અને કીનાની કમર બાંધીને આવ્યો.

એક તરફથી દેવના આતશ અને ધૂંવાનો પોકાર-(અને) બીજી તરફથી પાદશાહના દિલાવરો (હતા).

તેઓએ દેવની સાથ એકદમ લડાઇ શુરૂ કરી-(અને) તેઓની લડાઈને ઘણો વખત નહીં થયો (એટલે)

તેઓ (યાને દેવો) માંથી બે ભાગને તદબીરથી બાંધ્યા-(અને) બીજાઓને ભારી ગોર્ઝે કૂટી નાખ્યા.

તે ઝખ્મી થયલા અને બાંધેલાઓને ખુવારીથી ખેંચ્યા તે વખતે તેઓએ જીવતદાન માગ્યું.

કે "અમોને ના માર કારણ કે અમારાથી તું એક નવો હોનર ૪૧
શીખશે કે જે તને કામ આવશે."

(જેથી) પાદશાહ નામવરે તેઓને જીવતદાન આપ્યું-એટલા માટે કે તેઓ છૂપો (હોનર) ઝાહેર કરે.

જ્યારે તેઓ બંદમાથી છૂટા થયા-ત્યારે નાચારીએ તે (પાદશાહ) ને મળી ગયા.

(અને) પાદશાહને લખવા શીખવ્યું-[અને] તેના દિલને અકલથી રોશન કર્યું.

અર્દીબેહેશ્ત યશ્તમાં જણાવવામાં આવ્યું છે કે સઉથી સરસ તે દુઃખ દફે કરનારો હોય છે કે જે માથ્રસ્પેન્તથી દુઃખ દૂર કરે છે. આપણે ૧૯ મી પર્ગર્દમાં વાંચ્યે છિયે કે અશો ઝરતોશ્તે એક અહુનવર પઢી દેવોને નસારી મૂક્યા હતા.

* એને મળતુંજ લખાણ જમ્યાદ યશ્તના ૨૯ માં ફ૦માં મળે છે કે "તેહમૂરસે અંગ્રમીનોને વશ કરી ૩૦ વર્ષ સૂધી પૃથ્વીના બે છેડાની આસપાસ ઘોડાનાં રૂપમાં સવારી કરી હતી." એવોજ એશારો પેહલવી બુનદહિશ્ન તેમજ મીનોખેરદમાં પણ મળે છે.

નેવેશ્તન્ યકી નહ્ કે નઝ્દીક્ સી
ચે રૂમી ચે તાઝીઓ ચે પાર્સી
ચે હેન્દીઓ ચીનીઓ ચે પહ્લવી
નેગારીદને આન્ કુજા બેશ્નવી
જહાનદાર્ સી સાલ્ અઝીન્ બીશતર્
ચેગૂનહ્ પદીદ્ આવરીદહ્ હોનર્
બેરફ્તો સર્આમદ્ બર્ રૂઝગાર્
હમહ્ રન્જે ઊ માન્દ્ અઝ્. યાદ્ગાર્
જહાના મપર્વર્ ચુખાહી દુરૂદ્
ચુ મીબેદ્રવી પર્વરીદન્ ચેસૂદ્

બર્આરી યકીરા બચર્ખે બલન્દ્
સેપારીશ નાગહ્ બખાકે નેઝન્દ્
૪૨ ચુ રફ્ત અઝ્ મેયાન્ નામવર્ શહ્રૂયાર્
પેસર્ શુદ્ બજાએ પેદર્ નામદાર્

એક નહીં પણ, નઝદીક ત્રીસ [લિપિ] લખતાં [શીખવી]-શું રૂમી, અરબી, ફાર્સી,

હિન્દી, ચીની અને પેહલવી [ભાષા વગેરે]-કે જેમ તું સાંભળે છે તેમ [પાદસાહને] [શીખવી].

પાદશાહે ત્રીસ વર્ષમાં કેવી [સરસ] રીતે એથી પણ વધારે હોનર ઝાહેર કર્યા.

[પછી] તેનો વખત પુરો થયો અને તે ગુઝરી ગયો-તેની સઘળી મેહનત તેથી યાદગાર રહી ગઈ.

" ઓ દુન્યા ! જ્યારે તું [કોઇને] મારી નાખવાજ ચાહતી હોય તો તું [તેનું] પાલણ ના કર ! જો તું મારીજ નાખે છે તો [તેને] પાલતામાં શું ફાયદો ?

તું એકને બુલંદ આસ્માન ઉપર લઇ જાય છે-(અને પછી) તેને એકદમ ઊંડી ખાકમાં નાખે છે. "

જ્યારે (તેઓ) વચ્ચેથી નામવર પાદશાહ મરણ પામ્યો-ત્યારે બાપની જગો ઉપર છોકરો નામદાર થયો.

જમ્શીદ્.*

પાદ્શાહીએ જમ્શીદ્ હફ્ત્ સદ્ શાલ્ બૂદ્ વ બર્ તખ્ત્ નેશસ્તને જમ્શીદ્ વ પયદા કર્દને આલાતે જન્ગ્ વ આમૂખ્તને દીગર્ હોનર્હા બમર્દુમ્.

જમશેદે સાતસો વર્ષ પાદશાહી કરવી અને તેનું તખ્ત ઉપર બેસવું અને લડાઈનાં હથિયાર ઝાહેર કરવાં અને બીજા કેટલાક હોનરોનું માણસોને શીખવવું.

ગેરાનમાયહ્ જમશીદ્ ફરૂઝન્દે ઊય
કમર્ બસ્તહો દેલ્ પુરઝ્ પન્દે ઊય
બર્આમદ્ બરાન્ તખ્તે ફરૂરોખ્ પેદર્
બરસ્મે કયાન્ બર્ સરશ તાજે ઝર્
કમર્ બસ્ત બા ફરૂરે શાહન્શાહી
જહાન્ સર્બસર્ ગશ્તહ્ ઊરા રહી
ઝમાનહ્ બર્આસૂદ્ અઝ્ દાવરી
બફર્માને ઊ દીવો મોર્ગો . પરી

તેના છોકરા બુલંદ બુન્યાદના જમશેદે-કમર બાંધી અને દિલ તેની (યાને તેહમૂરસની) શીખામણથી ભરેલું (રાખ્યું.)

તે બાપનાં મુબારક તખ્ત ઉપર આવ્યો-પાદશાહોની રસમ પ્રમાણે સોનેરી તાજ તેનાં સર ઉપર (હતું)

તેણે શેહનશાહી દબદબાથી કમર બાંધી-(જેથી) તમામ જેહાન તેની તાબેદાર બની.

તેના ઇન્સાફથી ઝમાનાએ આસાયેશ લીધી-(અને) દેવ, પરી અને પક્ષીઓ તેના હોકમમાં (આવ્યાં).

* અવસ્તાનો "યિમ" પેહલવી અને પાઝંદનો "જમ" ફિર્દોસી પ્રમાણે એણે ૭૦૦ વર્ષ, અવસ્તા પ્રમાણે ૧૦૦૦ અને બુન્દહિશ્ન પ્રમાણે ૬૧૬ વર્ષ રાજ્ય કર્યું. અસલ ફાર્સી "જમ"ને "શીદ" (અવસ્તા "ક્ષએત") એલ્કાબ લાગુ પડી "જમશીદ" થયો. ફિર્દોસી પ્રમાણે એ તેહમૂરસનો છોકરો હતો, પણ અવસ્તામાં સઘળે ઠેકાણે વીવંઘહામનો છોકરો જણાવ્યો છે. કેટલાક લખનારાઓ એને તેહમૂરસનો ભત્રીજો જણાવે છે. બુન્દહિશ્ન પ્રમાણે એ તેહમૂરસનો નાનો ભાઈ હતો. અવસ્તામાં એને "હ્વાથ્વ" ટોળાવાળો પણ કહ્યો છે. ઈજશ્નેનાં ૯માં હામાં જણાવવામાં આવ્યું છે કે જ્યારે વીવંઘહામે હોમની ક્રિયા કરી ત્યારે તેને ત્યાં જમશેદ પેદા થયો, જે જન્મ પામેલાઓમાં ઘણોજ ખોરેહવાળો, માણસોમાં સૂરજની તરફ જોનારો અને દૈવતની

જહાનરા ફેરૂદહુ બહૂ આબ્રૂય
ફેરૂઝાન્ શુદહુ તખ્તે શાહી બદૂય
મનમ્ ગોફ્ત બા ફરૂરએ ઇઝદી
હમમ્ શાહરૂયારીઓ હમ્ મૂબદી
હમાન્ગહુ બેયામદ્ ખુજસ્તહુ સોરૂશ
બજમ્ ગોફ્ત તા કય નેશસ્તી ખમૂશ
બેયારાય ઈન્ દીને યઝ્દાને પાક
બેયફ્ગન્ તો આયીને દીવાન્ બખાક
તો કુશ્તી હમી બર્ મેંયાનત્ બેબન્દ
તારા હીચ નાયદ્ ઝે દીવાન્ ગઝન્દ
હરાન્ કસ કે કુશ્તી મેયાન્ બસ્તહુ શુદ
બેહેશ્તી શુદો અઝ્ ગુનહુ રસ્તહુ શુદ
નેશાનીશ્ • કુશ્તી બપયઘમ્બરી
કે મીનૂ ખુજસ્તહુ સોરૂશ આવરી
મર્ આનરા કે કુશ્તી નેકુહન્દ નામ
બેબસ્તન્દ જમ બા હમહુ ખાસો આમ
બદાન્ગહુ ચુનીન્ ગોફ્ત જમ નીકૂખુય
કે આમદ્ મરા જુ હમહુ આરૂઝૂય
બદાન્રા કે બદ્ દસ્ત કૂતહુ કુનમ
રવાન્રા સુવી રઉશની રહુ કુનમ
નુખોસ્ત આલતે જન્ગ્રા દસ્ત બોરૂદ
વઝાન્ નામ જોસ્તન્ બગોર્દાન્ સેપોરૂદ
બદ્ફરે કયી નરૂમ કરૂદ આહના
ચુ ખૂદો ઝેરેહુ કર્દી ચૂન જઉશના
ચુ ખફ્તાનો ચૂન્ હેરૂઓ બરૂગુસ્તવાન્
હમહુ કરૂદ પયદા બરઉશનરવાન્
બદીન્ અન્દરૂન્ સાલે પન્જાહુ રન્જ
કેબોર્દો અઝીન્ સાઝ્ બેનહાદ ગન્જ
દેગર પન્જહુ અન્દીશએ જામહુ કરૂદ
કે પૂશન્દ હન્ગામે બઝ્મો નબરૂદ

તેનાથી દુન્યાની આબરૂ વધી–(અને) તેનાથીજ પાદશાહી તખ્ત ઝળકાટ ભરેલું થયું.

તેણે કહયું કે " હું ખોદાઇ નૂરવાળો છું–તેમજ એક પાદશાહ અને એક મૂબેદ પણ છું."

* તેજ વખતે મુબારક સરોશ (ફરેશ્તો) આવ્યો (અને) જમશેદે કહયું કે " તું મૂગો કેમ બેઠો છે ?

આ પાક ખોદાતાલાની દીનને તું સણગાર–(અને) દેવોની રસમને તું ખાકમાં નાખ.

તું તારી કમર ઉપર કુસ્તી બાંધ–જેથી તને દેવોથી કાંઈ પણ ઇઝા નહીં પુહોંચશે.

જેઓએ કમરે કુસ્તી બાંધી–તેઓ ગુનાહથી છુટી બેહેસ્તી થયા 43
(એમ જાણ).

(કારણ) કે તે કુસ્તી પેઘમ્બરીની નીશાની છે–(જે હું) મુબારક સરોશ બેહેસ્તમાંથી લાવ્યો છું."

• (પછી) જમશેદે અને સઘળા ખાસ અને આમ લોકોએ તે બાંધી–(અને) તેઓએ તેનું નામ " કુસ્તી " રાખ્યું.

તેજ વખતે નેક ખસ્લતનો જમશેદ આ પ્રમાણે બોલ્યો–કે " આથી મારી સઘળી મુરાદ બર આવી.

(હવે) બદ લોકોના હાથ બદીથી હું ટુંકા કરીશ–આત્માને રોશનીના રસ્તા તરફ કરીશ."

પહેલાં લડાઈનાં હથિયારને માટે હાથ લંબાવ્યો–અને તેનાંથી નામ કાઢવા માટે તે પેહલવાનોને આપ્યાં.

પાદશાહી દબદબાથી તેણે લોઢું નરમ કીધું–(અને હથિયારો) જેવાં કે (લડાઇની) ટોપી અને [લડાઇનાં] બખ્તરો બનાવ્યાં.

જેવાં કે લોઢાનાં પોશાક અને ઘોડાની પાખર–એ સઘળું તેણે રોશન જીવથી ઝાહેર કર્યું.

એ કામમાં તેણે પચાસ વર્ષ મેહનત–કરી અને આ હથિયારનો ખઝાનો તૈયાર કર્યો.

બીજાં પચાસ (વર્ષ) મજલેશ અને લડાઇને વખતે પેહેરવાનાં કપડાં (બનાવવા) ના વિચારમાં કાઢયાં.

સારી રીતે પાસબાની કરનાર હતો; જેણે આ દુન્યામાં પોતાની પાદશાહીથી પશુ તથા માણસોને અમર કીધાં, પાણી તથા ઓર્વરને તાઝાં કીધાં. એની નામીચી પાદશાહીમાં નહીં થંડી હતી કે નહીં ગર્મી, નહીં બુઢાપો હતો કે નહીં મોત હતું, તેમજ દેવની રસમના અદેખાઈ પણ નહીં હતા.

જમશેદ વિષે કહે છે કે તેણે એસ્તખ્ર શેહરમાં ઘણો વધારો કર્યો અને " એઝરક "થી તે " રામગેર્દ " સુધીનો તમામ લત્તો વસાવ્યો હતો. ઈરાની સલ્તનતની તવારીખ જાળવવા માટે પહાડ ઉપર ઇતિહાસરૂપી ગંજાવર ઈમારતનો પાયો જમશેદે નાખ્યો હતો, જેને આપણે " તખ્તે જમશીદ "ના નામે ઓળખ્યે છિયે. મય, શરાબ, ગાયન વિદ્યા અને વાજીંત્ર એના વખતમાં ઝાહેર થયાં હતાં એમ કહેવાય છે. પાણીમાં તરવાનો, તેમાં ડૂબકી મારવાનો અને મોતીની સીપ દર્યામાંથી બાહેર કાઢવાનો હોનર એ પાદશાહના વખતમાં ઝાહેર થયો હતો. ચાર ચમને શારેસ્તાન નામની કેતાબનો લખનાર લખે છે કે " જમશેદ તે પયઘમ્બર છે કે જેને અરબો સુલઈમાન કહે છે."

* અહીંથી ૭ બયત છાપેલાં કોઈપણ શાહનામામાં મળતાં નથી પણ જૂની લખેલી કોપીઓમાં મળે છે.

|| વંદીદાદની બીજી પર્ગર્દ પ્રમાણે અહુરમઝદે ઝરતોશ્તની આગમચ પોતાની દીન જમશેદને શીખવી હતી અને તેની સાથ પહેલ વહેલી વાતચિત કરી હતી. વળી એજ પર્ગર્દમાં આવ્યું છે કે અહુરમઝદે જમશેદને અહુરમઝદી દીન ફેલાવા કહીં,પણ જમશેદે પોતાની અશક્તિ બતાવી તે ના પાડી; ત્યારે અહુરમઝદે કહ્યું કે " તું દુન્યાની તમામ પેદાયશને સંભાળી રાખજે અને આબાદ કરજે " તેજ પ્રમાણે જમશેદે દુન્યા આબાદ કરી. મોતને દૂર કર્યું અને દુઃખને દફે કર્યાં. અહુરમઝદે એક નાશકારક શિયાળો આવવાની આગાહી જમશેદને આપી હતી અને એક " વર " કીલ્લો બાંધવા જણાવ્યું, જ્યાં માણસો તથા પશુઓ સારી રાતે રહે તે પ્રમાણે જમશેદે કર્યું. જ્યાં મશ્કરી, આલસાઈ, દુઃખ, કંગાલિયત, નીચપણું અને અપ્રમાણિકપણું કાંઈ હતું નહીં અને તમામ લોકો આબાદ હતાં.

૪૪ ઝે કત્તાનો અબ્રીશમો મૂયો કઝ
કસબ્ કરૂદ પુરૂમાયહ્ દીબાઓ ખઝ
બેયામૂખ્તશાન્ રેશતનો તાફૂતન્
બતારૂ અન્દરૂન્ પૂદરા બાફૂતન્
ચુ શુદ બાફૂતહ્ શુસ્તનો દૂખ્તન્
ગેરેફૂતન્દ અઝ્ યકુસર્ આમૂખ્તન્
ચુ ઈન્ કરૂદહ્ શુદ સાઝે દીગરૂ નેહાદ
ઝમાનહ્ બદ્ શાદો ઊ. નીઝ્ શાદ
ઝે હરૂ પીશહ્વરૂ અન્જુમન્ ગેરૂદ કરૂદ
બદીન્ અન્દરૂન્ સાલે પન્જાહ્ બરૂદ
ગોરૂહી કે આસૂરનાન્ ખાનીઅશ
બરસ્મે પરસ્તન્દગાન્ દાનીઅશ
જુદા કરૂદશાન્ અઝ્ મેયાને ગોરૂહ્
પરસ્તન્દહ્રા જાયગહ્ કરૂદ કૂહ્
બદાન્ તા પરસ્તેશ બુવદ કારૂ શાન્
નવાન્ પીશે રઉશન્ જહાંનદારૂ શાન્
સફી બરૂ દેગરૂ દસ્ત બેનશાન્દન્દ
કે નામશ રતેશ્તારેયાન્ ખાન્દન્દ
કુજા શીરૂમર્દાને જન્ગાવરન્દ
ફોરૂઝન્દએ લશ્કરો કેશ્વરન્દ
૪૫ કઝીશાન્ બુવદ તખ્તે શાહી બપાય
વઝીશાન્ બુવદ નામે મર્દી બજાય
સે દીગરૂ ગોરૂહ્ વાસ્તર્વસ્ શેનાસ
કુજા નીસ્ત અઝ્ કસ બદીશાંન્ સેપાસ
બેકારન્દો વર્ઝન્દો ખુદ બેદરવન્દ
બગાહે ખુરેશ સરૂઝનેશ નશનવન્દ
ઝે ફર્માન્ સરૂ આઝાદો ખુદ ઝે દહ્પૂશ
ઝે આવાઝે બીધારહ્ આસૂદહ્ ગૂશ
બરૂઆસૂદહ્ અઝ્ દાવરો ગોફૂતગય
તન્ આબાદો આબાદ ગીતી બદૂય
ચે ગોફૂતાન્ સખુનગૂએ આઝાદહ્ મરૂદ
કે આઝાદહ્રા કાહેલી બન્દહ્ કરૂદ
ચહારોમ કે ખાનન્દ અહૂતૂખશી
હમાન્ દસ્તવર્ઝાને બા સરૂકશી
કોરૂશાન્ હમગેનાન્ પીશહ્ બૂદ
રવાન્ શાન્ હમીશહ્ પુરૂઅન્દીશહ્ બૂદ
બદીન્ અન્દરૂન્ સાલે પન્જાહ્ નીઝ્
બખુર્દો બેબખ્શીદ બેસ્યારૂ ચીઝ

સણ, રેશમ, બાલ, કાચ્ચું રેશમ, સોનેરી કસબ, કીમતી કિમ્ખાબ અને જાનવરના બાલ વગેરેથી તેણે બનાવ્યું.

તે (સર્વ)ને કાંતવા, વળ દેવા અને તાણામાં વાણો ભેળી વણવા શીખવ્યું.

જ્યારે વણાઇ રહયું ત્યારે તેને ધોવા અને સીવવા (વગેરે) સઘળું તેઓ તેનાથી શીખવા લાગ્યાં.

જ્યારે એ કરી રહ્યો ત્યારે બીજું કાંઈ કરવા માંડ્યું–તેનાથી ઝમાનો અને તે (પાંદશાહ) પોતે પણ ખુશી થઓ.

* તેણે દરેક ધંધાદારીનું ટાળું એકઠું કર્યું–(અને) તે કામમાં પચાસ વર્ષ કાઢયાં.

એક ટાળો કે જેને અથોરનાન (પરહેઝગાર લોકોનો) કરી કહે છે–જેઓની રસમ પરસ્તેશ કરનારાઓની કરી ઓળખાય છે,

તેઓને સઘળાં ટાળાંમાંથી જુદા પાડયા–(અને) તેં પરસ્તેશ કરનારાઓની જગ્યા પહાડ [ઉપર] બનાવી.

એટલા માટે કે તેઓનું કામ [ખોદાની] પરસ્તેશ કરવાનું છે–અને આ જેહાન ઉપર રાજ કરનારા નૂરી પાદશાહને [ખોરશીદને] નમન કરવાનું છે.

બીજા હાથ ઉપર એક ફોજ બેસાડી–[જેઓનું] નામ રથેશ્તાર [લશ્કરી લોકો] કરી પાડ્યું,

કે જેઓ લડાયક શેરમર્દો છે–[અને] લશ્કર તથા દેશને ઝળકાટ આપનાર છે.

કારણ કે તેઓથી પાદશાહી તખ્ત કાયમ રહે છે–અને તેઓથીજ મર્દીનું નામ [પણ] કાયમ રહે છે.

ત્રીજો ટાળો ખેડુતોનો જાણ–કારણ કે તેઓ ઉપર કોઈની તરફથી ઉપકાર થતો નથી.

તેઓ પોતેજ વાવે છે, ખેડે છે અને કાપણી કરે છે–[અને] ખાવાની વખતે [કોઇનો] ઠપકો સમજતા નથી.

તેઓ કોઈના તાબેદાર નથી જોકે પોતે ફાટાંતૂટાં કપડાં પેહેરનાર [છે]–[અને કોઈનું] અપમાન સાંભળવાથી કાન આસૂદા રાખે છે. [સાંભળતા નથી].

તેઓ પાદશાહથી અને તેની હાજીનાજીથી આસૂદા રહે છે–[તેઓ] તનથી સુખી અને તેઓથી દુન્યા [પણ] આબાદ [રહે છે].

તે સુખન કહેનાર આઝાદ મર્દે શું કહેલું છે?–કે "સુસ્તીએ આઝાદ મર્દને તાબેદાર બનાવ્યો."

ચોથો [ટાળો] જે હૂતોખ્શી (કારીગર લોકોનો) કહેવાય છે¶–તેઓ મગરૂરી સાથ [પોતાનો] ધંધો કરનારા [છે]

કારણ કે તેઓનું કામ સઘળો ધંધો [કરવાનું] હતું–[અને] તેઓનું મન હમેશે વિચારથી ભરેલું હતું.

એ કામમાં પણ પચાસ વર્ષ કાઢયાં અને ઘણીક ચીઝ [તેઓને] બક્ષી.

---

* શાહનામા પ્રમાણે જમશેદે પોતાની રૈયતના ચાર ભાગ કર્યા, એક અથોરનાન યાને ધર્મગુરૂ, બીજો રથેશ્તાર યાને પાદશાહ પેહલવાન, ત્રીજો વાસ્ત્ર્યાશ યાને ખેડુત વર્ગ અને ચોથો હુતોખ્શ યાને ધંધાદારી કારીગર વર્ગ. હવે અવસ્તામાં ફકટ ત્રણજ ટાળાનાં નામ મળે છે. ફર્વર્દીન યશ્તમાં અશો ઝરતોશ્ત કર્દે ૮૯ માં ફકરામાં કહે છે કે "યો પઓઇર્યો અથ્રવ યો પઓઇર્યો રથએસ્તાઓ યો પઓઇર્યો વાસ્ત્ર્યો ફ્શુયાંસ" એટલે "જે પહેલો અથોરનાન, જે પહેલો રથેશ્તાર તથા જે પહેલો આબાદી કરનાર ખેડુત હતો" વંદીદાદની ૫ મી ફર્ગર્દમાં જ્યાં નસાની બાબદ આવેલી છે, ત્યાં ત્યાં પણ આપણને ૨૮ મા ફકરામાં ત્રણજ વર્ગ મળે છે. વળી યઝશ્નેનાં ૧૩ માં હામાં તેમજ વીસ્પરદમાં અને જમ્યાદ યશ્તમાં પણ ત્રણજ વર્ગ મળે છે. ગાથામાં એ ટાળા વિષે બિલકુલ એશારો નથી હવે જો આપણુ પાછલાં પાઝંદ લખાણો ઉપર આવીશું તો ત્યાં એ ચારે ટાળા મળે છે, જેવાં કે દીબાચએ આફ્રીંગાન, આફ્રીને અર્દાફ્રવશ અને રપિથ્વિન વગેરે.

¶ ઉપલા ચાર ટાળાનાં નામ વિષે છાપેલાં શાહનામામાં અને બીજાં લખેલાંઓમાં કાતુઝેયાન, નીસારેયાન, નુસૂદી અને અહનૂખશી છે, પણ અમોએ જે નામો મૂકયાં છે તે બીજાં જૂનાં કલમી શાહનામાઓમાં છે અને તે અમોને વાજબી લાગ્યાં છે.

અઝીન્ હરૂ યકીશ યકી પાયગાહુ
સઝાવારૂ બુગ્ઝીદો બે-મૂદ રાહુ
કે તા હરૂ કસ અન્દાઝએ ખીશરા
બબીનદ બેદાનદ કમો, બીશરા
અઝાન્ પસ કે ઈનકા શુદ આરાસ્તહુ
શહ-શાહે બા દાનેશો ખાસ્તહુ
બેફરૂમૂદ દીવાને નાપાકરા
બઆબ્ અન્દરૂ આમીખ્તન્ ખાકરા
હરાન્ અઝ ગેલ્ આમદ શુ બેશનાખ્તદ
સબુક ખેશતરા કાલ્બુદ સાખ્તન્દ
બસન્ગો બગચ્ દીવ દીવારૂ કરૂદ
નુખોસ્ત અઝ બરશ હન્દસી કારૂ કરૂદ
ચુ ગર્માબહો કાખહાએ બલન્દ
શુ અયવાન્ કે બાશદ પનાહુ અઝ ગઝન્દ
ઝે ખારા ગોહરૂ જોસ્ત યક્ ફરૂગારૂ
હમીકરૂદ જૂ રઉશની ખાસ્તારૂ
બચન્ગ્ આમદશ ચન્દ ગૂનહુ ગોહરૂ
ચુ યાકૂતો બીજાદહો સીમો ઝરૂ
ઝે ખારા બઅફ્સૂન્ બેરૂન્ આવરીદ
શુદ આરાસ્તહુ બન્દહારા કલીદ
દેગરૂ બૂયહાએ ખુશ આવર્દ બાઝ
કે દારન્દ મર્દુમ બબૂયશ નેયાઝ
ચુ બાનો ચુ કાફૂરો ચૂન્ મુશ્કનાબ્
ચુ ઊદો ચુ અમ્બરૂ ચુ રઉશન ગોલાબ્
પેઝેશ્કીઓ દર્માને હરૂ દરૂદમન્દ
દરે તનદુરોસ્તીઓ રાહે ગઝન્દ
હમહુ રાઝહા નીઝ કરૂદ આશ્કારૂ
જહાન્રા નેયામદ ચુનૂ ખાસ્તારૂ
ગુઝરૂ કરૂદ અઝાન્પસ બકેશ્તી બઆબ્
ઝે કેશ્વરૂ બકેશ્વરૂ બરૂઆમદ શેતાબ્
ચુનીન્ સાલે પન્જહુ બેવર્ઝીદ નીઝ
નદીદ અઝ હોનરૂ બરૂ બેરદ બસ્તહુ ચીઝ
હમાન્ કરૂદનીહા શુ આમદ પદીદ
બગીતી જોઝઝ ખીશતન્ કસ નદીદ
ચુ ઈન કારૂહાએ વય આમદ બજાય
ઝે જાએ મેહી બરૂતરૂ આવર્દ પાય
બફરૂરે કયા ની યકી તખ્ત સાખ્ત
ચે માયહ્ બદૂ ગઉહરૂ અન્દરૂ નેશાખ્ત
કે ચૂન્ ખાસ્તી દીવ બરૂદાશ્તી
ઝે હામુન્ બગરૂદૂન્ બરૂઅફ્રાશ્તી
ચુ ખુરૂશીદે તાબાન્ મેયાને હવા
નેશસ્તહુ બરૂ શાહે ફર્માન્રવા
જહાન્ અન્જુમન્ શુદ બરે તખ્તે ઊય
અઝાન્ બરૂ શુદહુ ફરૂરએ બખ્તે ઊય
બજમશીદ બરૂ ગઉહરૂ અફ્શાન્દન્દ
મરાન્ રૂઝરા રૂઝે નવ ખાન્દન્દ
સરે સાલે નવ હોરૂમુઝો ફર્વદીન
બરૂઆસૂદ અઝ રન્જો તન્ દેલ ઝે કીન

તેઓમાંથી દરેકને લાયકાત પ્રમાણે ચુંટી કાઢી એકેક-દરજ્જો [આપ્યો] અને [તેઓને] રસ્તો દેખાડયો.

કે જેથી દરેક શખ્સ પોતાનો દરજ્જો જાણે-(અને) કમ ઝેયાદા ૪૬
પિછાને.

એ સઘળું તૈયાર થયા પછી-દાનાઇ અને દઉલત સાથના શેહનશાહે,

નાપાક દેવોને, મટોડાંને પાણીમાં ભેળવા ફર્માવ્યું.

માટીમાંથી શું થાય છે તે જ્યારે તેઓએ જાણ્યું ત્યારે તેજ વખત ઇંટનો સાંચો બનાવ્યો.

પત્થર અને ચૂનાએ કરી તે દેવ (લોકોએ) દીવાર ઉભા કરી-(અને) પહેલાં તેને માટે નકશા તૈયાર કર્યા.

જેવાં કે હમામખાના અને બુલંદ મેહલ-(તેમજ સર્દી-ગર્મી જેવાં) દુઃખથી બચાવ થાય તેવાં અયવાનો (બાંધ્યાં).

ઘણો વખત સુધી તેણે સખ્ત પત્થરમાંથી ગોહર શોધ્યાં-(અને) તેને (સાફ કરી) ઝળકાટ ભરેલાં કર્યાં.

(એવી રીતે) તેના હાથમાં કેટલીક જાતનાં ગોહર આવ્યાં-જેવાં કે લાલ, પીળા રંગનો પોખરાજ, રૂપું અને સોનું.

(તે સઘળું) સખ્ત પત્થરમાંથી તેણે (પોતાના) હોનરે કરી બાહેર કાઢયું-(જેથી) સઘળા ભેદની ચાવી ખુલ્લી થઇ.

પછી જે ખુશબોઈની માણસો હાજત રાખે છે તે ખુશબોઇ તેણે તૈયાર કરી,

જેમકે લોબાન, કપૂર, નાદેર કસ્તુરી,-અગર, અંબર અને ખાલેસ ૪૭
ગોલાબ [વગેરે].

[તેમજ] ડાકટરી વિદ્યા અને દરેક દુઃખી માણસનો એલાજ-[અને] તનદુરોસ્તીના માર્ગો અને દુઃખનો ઉપાય,

એ સઘળો ભેદ પણ તેણે ઝાહેર કર્યો-દુન્યાને એના જેવો માગેલો બીજો મળ્યો ન હતો.

ત્યાર પછી મછવા મારફતે તેણે પાણી ઉપર ચાલવા માંડયું-એક દેશથી બીજે દેશ જલ્દીથી આવ્યો.

એમાં પણ તેણે પચાસ વર્ષ કાઢયાં-[અને પોતાની] અક્લ અને હોનરથી કોઈ પણ ચીઝ છુપી રહેલી તેણે જોઇ નહીં.

જ્યારે એવાં કામો ઝાહેર થયાં-ત્યારે પોતાના જેવો દુન્યામાં કોઈ [બીજો] જોયો નહીં.

જ્યારે તેનાં [સઘળાં] કામો તૈયાર થયાં,-ત્યારે તેણે ચહતા દરજ્જાથી વધારે બુલંદ જગ્યા ઉપર કદમ મેલ્યું.

પાદશાહી દબદબા સાથ તેણે એક તખ્ત બનાવ્યું-[અને] તેમાં ઘણાક ગોહર જડયાં.

તેને જ્યારે તે ચાહતો ત્યારે દેવ ઉઠાવતા હતા-(અને) જંગલમાંથી આસ્માન ઉપર લઇ જતા હતા.

તે (તખ્ત) ખોરશેદની મિસાલ હવામાં ચળકતું,-તે ઉપર હોકમ ચલાવનાર પાદશાહ બેસતો (હતો).

તેનાં નસીબના દબદબાના વધારાથી (તમામ) જેહાન તેના તખ્તની ૪૮
આસપાસ એકઠી થઇ.

(અને સર્વે એ) જમશેદ ઉપર ગોહર વેંધાવ્યાં-(અને) ખાસ તે દિવસને તેઓએ "નવરોઝ" (કરી) કહેવા માંડયો.

(તે દિવસને) નવાં વર્ષની શુરૂઆતનો ફર્વરદીન (મહિનો) અને હોરમઝદ (રોઝ) (ગણ્યો) (અને તે દિવસે) તનની મેહનતથી આસૂદા રહ્યા (અને) દિલ કીનાથી (ખાલી કર્યું).

બનવરૂઝે નવ શાહે ગીતીફોરૂઝ
બર્ આન્ તખ્ત બે શસ્ત ફીરૂઝ રૂઝ
બુઝોર્ગાન્ બશાદ્ધી બેયારાસ્તંદ
મયો રૂદો રામેશગારાન્ ખાસ્તંદ
ચુનીન્ જશને ફરૂરોખ્ અઝાન્ રૂઝગારૂ
બેમાદહ્ અઝાન્ ખુસ્ર્વાન્ યાદ્ગારૂ
ચુનીન્ સાલે સીસદ્ હમીરફ્ત કારૂ
નદીદન્દ મરગ્ અન્દરાન્ રૂઝગારૂ
નેયારસ્ત કસ કરદ્ બીકારઈ
નબુદ દરદૂમ દીઓ બીમારઈ
ઝે રન્જો ઝે બદ્ શાન્ નબૂદ આગહી
મેયાન્ બસ્તહુ દીવાન્ બસાને રહી
યકી તખ્તે પુરમાયહ્ કરદહ્ બપાય
બરૂ બરૂ નેશસ્તહ્ જહાન્ કદ્ખોદાય
નેશસ્તહ્ બરાન્ તખ્ત જમ્શીદ શા
બદસ્ત અન્દરૂન્ જામે અખ્તરનોમા
મરાન્ તખ્તરા દીવ બર્ દાસ્તહ્
ઝે હામૂન્ બઅબ્રૂ અન્દરૂ અફ્રાશ્તહ્
બરૂઅફ્રાઝે તખ્તે સેપહ્બુદ્ રદહ્
સરાસરૂ ઝે મોર્ગાન્ હમહ્ સફ્ ઝદહ્
બફર્માનશ મરદુમ નેહાદહ્ દો ગૂશ
ઝે રામેશ જહાન્ પુર ઝે આવાએ નૂશ
ચુનીન્ તા બરૂઆમદ્ બરીન્ સાલેયાન્
હમી તાફ્ત અઝ્ શાહ ફરૂરે કેયાન્
જહાન્ બુદ બઆરામ અઝાન શાહ્કામ
ઝે યઝદાન્ બદ્ નવબનવ બુદ પયામ

નવાં વર્ષને દહાડે જેહાનને રોશન કરનાર ફતેહમંદી ભરેલો પાદશાહ (જમશેદ) પેલાં તખ્ત ઉપર બેઠો.

(અને તેની) ખુશાહાલીમાં બુઝોર્ગ લોકોએ (એક મજલેસ) સણગારી (અને ત્યાં) શરાબ, વાજીંત્ર અને રામશગરો એકઠાં કીધાં.

આવું મુબારક જશન તે વખતથી અને તે પાદશાહથી યાદગાર રહેલું છે.

એવી રીતે ત્રણસો વર્ષ (સુધી) કામ ચાલ્યું-(કે) તે ઝમાનામાં (લોકોએ) મોત (પણ) જોયું નહીં.

* [તે વખતમાં] કોઇ આળસાઇ કરી શકતું હતું નહીં-[તેમજ] દુઃખ અને બીમારી (પણ) હતી નહીં.

તેઓ રંજ અને બદીથી અંજાણ હતા-[તે પાદશાહ આગળ] દેવોએ ચાકરની માફક કમર બાંધેલી હતી.§

એક કીમતી તખ્ત તૈયાર કર્યું-(અને) તે ઉપર જહાનનો સાહેબ [જમશેદ] બેઠો.

હાથમાં સેતારા તથા ગ્રહો જોવાની દુરબીન (પકડીને) પાદશાહ જમશેદ તે તખ્ત ઉપર બેઠો.

ખાસ તે તખ્તને દેવોએ ઉડાવ્યું-[અને] જંગલમાંથી વાદળ (આસમાન) ઉપર લઈ ગયા.

(જ્યાં) સરદાર [જમશેદ]નાં તખ્તની આસપાસ હારોદોર-તમામ પક્ષીઓએ સફ ખેંચી હતી.

માણસોએ (પોતાના) બેહુ કાન તેના હોકમ ઉપર લગાડેલા હતા-[અને] ખુશાહાલીથી શરાબ પીવાના આવાઝે કરી દુન્યા ભરપુર થયલી હતી.

એ પ્રમાણે એ ઉપર કેટલાંક વર્ષ પસાર થયાં-તે પાદશાહથી પાદશાહી નૂર ચલકતું હતું.

તે ખુશ મુરાદના (પાદશાહ)થી દુન્યા [પણ] આસાયેશમાં હતી-(અને) ખોદાતાલા તરફથી તેને નવા નવા પયઘામ મળતા હતા†

બરગશતને જમ્શીદ્ અઝ્ ફર્માને ખોદા વ બરગશતને રૂઝગાર્ અઝ્.

ચુ ચન્દી બરૂઆમદ્ બરીન્ રૂઝગારૂ
નદીદન્દ જોઝ્ ખૂબી અઝ્ શહ્રૂયારૂ
જહાન્ સરૂબસરૂ ગશ્તહ્ ઊરા રહી
નેશસ્તહ્ જહાન્દારૂ બા ફરૂરહી
યકાયક્ બતખ્તે મેહી બેન્ગરીદ
બગીતી જોઝ્ અઝ્ ખીશતનરા નદીદ

જમશેદનું ખોદાના હોકમથી ફરવું અને ઝમાનાનું તેનાથી ફરી જવું.

એ ઉપર કેટલોક વખત ગુઝર્યો-તે પાદશાહથી [લોકોએ] ખુબી સિવાય (કાંઇ બીજું) જોયું નહીં.

[અને] તમામ દુન્યા તેની તાબેદાર થઇ-તે પાદશાહ દબદબા સાથે [તખ્ત] ઉપર બેઠા.

પછી, તેણે એકાયક બુલંદ તખ્ત ઉપર નજર કીધી-[અને] દુન્યામાં પોતા સિવાય (કોઈ બીજાને) જોયો નહીં.

---

* અશીશવંઘ યશ્તના ૨૮-૨૯ માં ફકરામાં જણાવ્યું છે કે જમશેદે હુકઈરિ પહાડ ઉપરથી અશીશવંઘની આરાધના કરી મુરાદ માગી કે "હોરમઝદની પેદાયશ તરફ આબાદી તથા ગાય ગોસ્પંદની ઝેયાદતી હું લાઉં તથા હોરમઝદની પેદાયશ તરફ અમરપણું હું લાઉં." રામ ઈઝદની બંદગી કરી માગ્યું કે "હું જન્મ પામેલાઓમાં ઘણોજ ખોરેહવાળો તથા માણસોમાં સુરજની તરફ જોનારો થાઉં બીજું એ કે મારી પાદશાહીથી પશુ તથા માણસને અમર, પાણી તથા ઓર્વરને નહીં સુકાતાં તથા ખાવાનો ખોરાક વાસી નહીં થઈ જતો કરૂં."

§ આવાં યશ્ત ૨૬ માં ફકરા પ્રમાણે તે તમામ દેશોના દેવો બુરાં માણસો, જાદુગરો પરીઓ વગેરે ઉપર સરસાઇ ભોગવે એવી દોઆ માગી હતી.

† એ વિષે જુઓ સફે ૨૯એ ૪૨૮ માં બયતની નોટ.

મની કરૂદ આન્ શાહે યઝદાનશીનાસ
ઝે યઝદાન્ બેપીચીદો શુદ નાસેપાસ
ગેરાન્માયગાનરા ઝે લશ્કરૂ બેખાન્દ
ચે માયહુ સખુન પીશે ઈશાન્ બેરાન્દ
ચુનીન્ ગોફ્ત બા સાલખુરૂદહુ મેહાન્
કે જોઝ ખીશ્તનરા નદાનમ જેહાન્
હોનરૂ દરૂ જહાન અઝ મંન્ આમદ પદીદ
ચુ મન્ તાજવરૂ તખ્તે શાહી કે દીદ
જહાન્રા બખૂબી મન્ આરાસ્તમ
ઝે રૂએ ઝમીન્ રન્જ મન્ કાસ્તમ
ખુરો ખાબો આરામ તાન્ અઝ મંનસ્ત
હમાન્ પૂશેશો કામ તાન્ અઝ મનસ્ત
બુઝોર્ગીઓ દીહીમો શાહી મરાસ્ત
કે ગુયદ કે જોઝ મન્ કસી પાદશાસ્ત
બદારૂઓ દર્માન્ જહાન્ ગશ્ત રાસ્ત
કે બીમારીઓ મરૂગ્ અઝ મા બેકાસ્ત
જોઝ અઝ મન્ કે બર્દાશ્ત મરૂગ્ અઝ કસી
વગરૂ બરૂ ઝમીન્ શાહ્ બાશદ બસી
શુમારા ઝે મન્ હુશો જાન્ દરૂ તનસ્ત
બમન્ નગ્રવદ હરૂકે અહુરીમનસ્ત
ગરૂ અયદૂન્ કે દાનીદ મન્ કરૂદમ ઈન્
મરા ખાન્દ બાયદ જહાન્આફ્રીન્
હમહુ મૂબેદાન્ સરૂ ફેકન્દહુ નેગૂન્
ચેરા કસ નેયારસ્ત ગોફ્તન્ ને ચૂન્
ચુ ઈન્ ગોફ્તહુ શુદ ફરૂરે યઝદાન્ અઝૂય
ગુસેસ્તો જહાન્ શુદ પુરઝ ગોફ્તગૂય
હરાન્ કસ ઝે દરૂગાહુ બરૂગશ્ત રૂયે
નમાન્દહુ બપીશશ યકી નામજૂય
સેહોબીસ્ત સાલ અઝ દરે બારૂગાહુ
પરાગન્દહુ ગશ્તન્દ યકૂસરૂ સેપાહુ
મની ચૂન્ બેપયવસ્ત બા કેરૂદેગારૂ
શેકસ્ત અન્દરૂ આવર્દો બરૂગશ્ત કારૂ
ચે ગોફ્તાન્ સખુનગૂએ બા ફરૂરો હુશ
ચુ ખુસ્રવ શવી બન્દગીરા બેકૂશ
ઝે યઝદાન્ હરાન્ કસ કે શુદ નાસેપાસ
બદેલશ અન્દરૂ આયદ જે હરૂસૂ હેરાસ
બજમશીદ બરૂ તીરહુગૂન્ ગશ્ત રૂઝ
હમીકાસ્ત ઝૂ ફરૂરે ગીતીફેરૂઝ
અઝૂ પાકૂ યઝદાન્ ચુ શુદ ખેશમનાક
બેદાનેસ્તો શુદ શાહુ બા તર્સો બાક
ચુ આઝોરૂદહુ શુદ પાકૂ યઝદાન્ અઝૂ
બદાન્ દરૂદ દર્માન્ નદીદન્દ રૂય
હમીરાન્દ જમશીદ ખૂન્ દરૂ કેનારૂ
હમીકરૂદ પૂઝશ બરે કેરૂદેગારૂ
હમીકાસ્ત ઝૂ ફરૂરએ ઈઝદી
બરૂઆવરૂદ બરૂ વય શેકૂહે બદી

તે ખોદાને પિછાનનાર પાદશાહે મધરૂરી કીધી-[અને] ખોદાથી [સર] ફેરવીને નગુણો થયો.

તેણે લશ્કરમાંથી સરદારોને બોલાવ્યા-[અને] તેઓની નઝદીક ઘણા ૫૦
સખુન કહ્યા.

મોટા બુઝોર્ગ લોકોને એ રવેશે કહ્યું,-કે "હું જાણું છું કે દુન્યા મારા સિવાય કોઇ ને માટે નથી.

મારાથીજ દુન્યામાં હોનર ઝાહેર થયા.-પાદશાહી તખ્તે મારા જેવો તાજવર કોણ જોયો છે?

દુન્યાને મેં ખૂબીથી સણગારી,-મેં ઝમીનની સપાટી ઉપરથી (સઘળું) દુઃખ ઓછું કર્યું.

તમારૂં ખાવું, ઊંઘ અને આસાયેશ મારાથીજ છે,-તેમજ તમારૂં પેહેરવું અને મુરાદ પણ મારાથીજ છે.

મને બુઝોર્ગી, તાજ અને પાદશાહી લાયક છે.-કોણ કહે છે કે મારા સિવાય કોઈ [બીજો] પાદશાહ છે?

દવા અને એલાજથી દુન્યા સુખી થઇ છે.-આપણામાંથી બીમારી અને મોત કોણે ઘટાડયાં છે?

મોત મારા સિવાય કોણે દૂર કર્યું છે?-જો કે દુન્યા ઉપર ઘણા પાદશાહ થયા છે.

તમોને હોશ્યારી અને તનમાં જીવ મારાથીજ છે-જે કોઈ મને નહીં માનશે તે એહરેમન છે.

તમો જ્યારે એ પ્રમાણે જાણો છો કે આ (સઘળું) મેં બનાવ્યું-તો (તમોએ) મને ખોદા કહેવો જોઇયે."

સઘળા દાનાઓએ સર નીચાં કર્યાં-(અને) કોઈ ચું કે ચાં બોલી ૫૧
શકયું નહીં.

*તે જેવું એ પ્રમાણે બોલ્યો તેવુંજ ખોદાનું નૂર તેનાથી-જતું રહયું અને દુન્યા ચર્ચા ભરેલી થઈ.

તેની દરગાહમાંથી દરેક જણ પાછા ફર્યા-તેની નઝદીક એક પણ નામવર રહ્યો નહીં.

(ત્યાર પછી) તેવીસ વર્ષ સૂધીમાં (તેની) દરગાહમાંથી-સઘળું લશ્કર વીખરાઇ ગયું.

જ્યારે તેણે ખોદાતાલા સાથે મધરૂરી કીધી-ત્યારે તેની શિકસ્ત થઈ અને (સઘળું) કામ બરગશ્તે થયું.

તે દબદબા ભરેલા અને દાના સખુન કહેનારે શું કહેલું છે-કે "જ્યારે તું પાદશાહ થાય ત્યારે ફરમાંબરદારી માટે કોશેશ કરજે.

જે કોઇ કે ખોદાતાલાથી નાસેપાસ થાય છે-તેનાં દિલમાં દરેક તરફથી ધાસ્તી પેદા થાય છે."

(જ્યારે) જમશેદ ઉપર દહાડો સીઆહ થયો-(ત્યારે) દુન્યાને રોશન કરનારૂં નૂર તેનાથી ઘટી ગયું.

જ્યારે તેનાથી પાક યઝદાન ધોસ્સે થયો-ત્યારે તેણે જાણ્યું અને તે પાદશાહ ધાસ્તી ભરેલો થયો.

જ્યારે તેનાથી પાક યઝદાન આઝોર્દે થયો-ત્યારે તે દુઃખનો એલાજ (કોઇને) દેખાયો નહીં.

(હવે) જમશેદ રડીને ખોદાબાલાની નઝદીક પસ્તાવો કરતો ૫૨
હતો.

તેનાથી ખોદાઇ નૂર ઘટયું-(અને) તેના ઉપર બુરાઇનાં ઝોરે ધલબો કર્યો.

---

* તમામ ગ્રંથકારો જમશેદની પડતી વિષેનાં એશારાઓ કરી ગયા છે. તે પોતાનાં રાજ્યની આબાદી જોઇ શેવટે મધરૂર બન્યો અને પોતે ખોદાઈ દાવો કર્યો જેથી એનાં રાજ્યની પડતી આવી. એ વિષે અવસ્તામાં ઘણોજ થોડો એશારો આવે છે. જમ્યાદ યશ્તનાં ૩૩ માં ફકરામાં જણાવ્યું છે કે "જમશેદે મંધરૂરીના બહારમાં ઠગાઈ કરવા માંડી તથા જૂઠો અને નાઆસ્ત

દાસ્તાને મર્દાસ તાઝી પેદરે ઝહ્હાક.

ચકી મરૂદ બૂદ અન્દરાન્ ફરૂગારૂ
ઝે દશ્તે સવારાને નીઝહ્ ગુઝારૂ
ગેરાન્માયહ્ હમ શાહે હમ નીકૂમરૂદ
ઝે તર્સે જહાન્દારૂ બા બાદે સરૂદ
કે મર્દાસ નામે ગેરાન્માયહ્ બૂદ
બદાદો દેહેશ બરૂતરીન્ પાયહ્ બૂદ
મરૂ ઊરા ઝે દૂશીદની ચારૂપાય
ઝે હરૂ યકૂહઝારૂ આમદન્દી બજાય
ખુઝો ઉશ્તરો મીશરા હમચુનીન્
બદુશાન્દગાન્ દાદહ્ બુદ. પાકૂદીન્
હમાન્ ગાવે દૂશા બફર્માનબરી
હમાન્ તાઝી અસ્પે રમન્દહ્ ફરી
બશીરૂ આન્ કસીરા કે બૂદી નેયાઝ
બદાન્ ખાસ્તહ્ દસ્ત બોર્દી ફરાઝ
પેસરૂ બુદ મરાન્ પાકૂદીન્રા યકી
કશઝ મેહ્રૂ બહ્રહ્ નબૂદ અન્દકી
૫૩ જહાન્જૂયરા નામ ઝહ્હાક બૂદ
સેતમગારહો તુન્દો બીબાક બૂદ
હમાન્ બીવરસ્પશ હમીખાન્દન્દ
ચુનીન્ નામ બરૂ પહ્લવી રાન્દન્દ
કુજા બીવરૂ અઝ પહ્લવાની શુમારૂ
બુવદ બરૂ ઝબાને દરી દહ્હઝારૂ
ઝે અસ્પાને તાઝી બઝરૂરીન્ સેતામ
વરા બૂદ બીવરૂ ચુ બોરૂદન્દ નામ
શબો રૂઝ બૂદી દો બહ્રે બરીન્
જે રાહે બુઝોર્ગી ને અઝ રાહે કીન્
ચુનાન્ બુદ કે એબ્લીસ રૂઝી પગાહ્
બેયામદ બસાને યકી નીકૂખાહ્
દેલે મેહ્તરૂ અઝ રાહે નીકી બેબુરૂદ
જવાન્ ગૂશ ગોફ્તારે ઊરા સેપુરૂદ
હમાના ખુશ આમદશ ગોફ્તારે ઊય
નબૂદ આગહ્ અઝ ઝેશ્ત કેર્દારે ઊય

ઝોહાકના બાપ મર્દાસ તાઝીનું દાસ્તાન.

તે વખતમાં મયદાનમાં નેઝા ઉઠાવનાર સવારોમાં એક મર્દ હતો.

(તે) બુલંદ બુન્યાદનો (મર્દ) પાદશાહ અને વળી નેક માણસ પણ (હતો)-(અને) ખોદાના ડરથી ચોંકેલો રહેતો હતો.

(તે) નેક બુન્યાદનું નામ મર્દાસ હતું-(અને) ઇન્સાફ તથા સખાવતમાં ઊંચા દરજ્જાનો હતો.

તેની પાસે દરેક જાતનાં દૂધાળાં હઝાર જાનવર હતાં.

(તેઓમાંથી) એ રવેશે તે પાકદીનના મર્દે બકરાં, મેંઢાં અને ઊંટને દૂધવાળાઓને આપ્યાં હતાં.

તેમજ દૂધાળી ગાય-તથા નાદેર તેઝ ચાલનારા ઘોડા તેની સત્તા તળે હતા.

જે કોઇને કે દૂધની હાજત થતી હતી-તો તે ખઝાના ઉપર હાથ લાંબો કરતો હતો (યાને ત્યાંથી લઇ જતો હતો).

તે પાકદીનનાને એક છોકરો હતો-કે જેનામાં જરાપણ દયાનો અંશ હતો નહીં.

તે લડાયકનું નામ ઝોહાક* હતું-તે ઝુલ્મગાર, મિજાઝી અને હુલ્લડ હતો.

પેહલવી ભાષામા " બીવર અસ્પ " એ રવેશે તેનું નામ બોલતા હતા.

પેહલવીની ગણત્રીનો " બીવર " તે દરી ભાષાનો " દશ હઝાર " છે.

તે સોનેરી લગામના દશ હઝાર અરબી ઘોડાઓ (રાખતો હતો તે) થી-તેનું નામ " બીવર " પડ્યું હતું.

રાત અને દિવસ (મળી) બે ભાગ એ (ઘોડાઓ) ઉપર બુઝોર્ગીથી (સવાર) થતો હતો, નહીં કે કીનાથી.

એમ બન્યું કે એક દિવસે બામદાદને વખતે શયતાન-એક નેકખાહ (માણસ)ની માફક (તેની નઝદીક) આવ્યો.

સરદાર (ઝોહાક) નું દિલ તેણે નેકીની રાહથી ફેરવ્યું-(તેમજ) તે જવાને તેની વાત ઉપર કાન ધર્યા.

ખચીત તેની વાત તેને ખુશ લાગી-(પણ) તેનાં બૂરાં કામની તેને ખબર હતી નહીં.

સખુન બોચર્યો તેથી તેની આગળથી તેનું ખોરેહ પક્ષીના આકારમાં જતું રહ્યું, તેથી જમશેદ ધ્રુજવા લાગ્યો અને ગભરાટમાં પડી ઝમીન ઉપર પડી ગયો."

* અવસ્તા " અઝી દહાક " એને " બીવર અસ્પ " કહેતા હતા કારણ કે એની પાસે દશ હઝાર ઘોડા હતા. બુન્દહિશ્ન પ્રમાણે એ ખરતાસ્પનો છોકરો હતો. અવસ્તા પ્રમાણે એ પાદશાહ ઘણોજ બૂરો હતો જેથી એણે જે મુરાદો માગી તે એને મળી હતી નહીં. આવાં યશ્તના ૩૦ માં ફકરા પ્રમાણે એણે એવી દોઆ માગી કે " હું સાતે કેશ્વરને માણસ વગરના કરૂં " પણ અર્દ્વીસૂરે તેની મુરાદ હાસેલ કરી નહીં. જમ્યાદ યશ્ત પ્રમાણે તેણે ઈઝદી ખોરેહ મેળવવાની કોશેશ કરી, પણ તેમાં તે ફાવ્યો નહીં. એ ઝોહાક કેવો હતો તે વિષે ઈઝશ્નેના ૯ માં હાના ૮ માં ફકરામાં બહુજ થોડા બોલોમાં એને અચ્છી રીતે ચીતાર્યો છે, જ્યાં એને માટે કહેવામાં આવ્યું છે કે એ " થ્રિઝફનેમ, થ્રિકમેરેધેમ, ક્ષ્વશ-અષીમ, હઝંઘ્ર-અયોક્ષ્તીમ, અષ-અઓજંઘહેમ, દએવીમ દ્રુજેમ. એટલે ત્રણ મોઢાંનો, ત્રણ માથાંનો, છ આંખનો હઝાર મકરવાળો, પુષ્કળ ઝોરમંદ, દેવને લગતો દરૂજ " જે ઝોહાક હતો. એ ઘણોજ યુક્તિવાળો પાદશાહ હોવો જોઇએ, કારણ કે આફ્રીને પયગમ્બર ઝરતોશ્તમાં અશો ઝરતોશ્ત ગોસ્તાસ્પ પાદશાહને દોઆ દે છે કે " હજંઘ્ર અયોક્ષ્ત્યોં બવાહિ યથ અઝોઈશ દહાકાઈ અઘ્દએન " યાને ખરાબ તરીકાવાળા ઝોહાકની માફક તું હઝાર યુક્તિવાળો થજે !"

બદૂ દાદ હૂશો દેલો જાને પાકૂ
પરાગ દ બરૂ તારકે ખીશ ખાકૂ
ચુ એબ્લીસ દાનેસ્ત કૂ દેલ બેદાદ
બરૂ અફુસાનઅશ ગશ્ત નહુમારૂ શાદ
ફરાવાન્ સખુન્ ગોફૂત ઝીઆઓ નઘઝ
જવાનેશ ઝે દાનેશ તેહી બૂદ મઘઝ
હુમીગોફૂત દારમ સખુનહા બસી
કે આન્‌રા નોઅઝ મન નદાનદ કસી
જવાન્ ગોફૂત બરગૂયો ચદીન્ મપાય
બેયામૂઝ મારા તો અય નીકરાય
બદૂ ગોફૂત પયમાનત ખાહમ નુખોસ્તં
પસાન્‌ગહ સખુન બરૂકુશાયમ દુરોસ્ત
જવાન્ સાદહુદેલ બૂદ ફર્માનશ કરૂદ
ચુનાન્ કૂ બેફરૂમૂદ સઉગદ ખરૂદ
કે શઝે તો બા કસ નગૂયમ ઝે બુન્
ઝે તૂ બેશ્નવમ હરૂ ચે ગૂઈ સખુન્
બદૂ ગોફૂત જોઝ તૂ કસી દરૂ સરાય
ચેરા બાયદ અય નામવરૂ કદખોદાય
ચે બાયદ પેદરૂ ચૂન્ પેસરૂ ચૂન્ તો બૂદ
યકી પન્દત અઝ મન બેબાયદ શુનૂદ
ઝમાનહ બદીન્ ખાજએ સાલખરૂદ
હમી દીરૂ માનદ તો અન્દરૂ નર્વદ
બેગીરૂ ઈન્ સરેમાયહ દરૂગાહે ઊય
તોરા ઝીબદ અન્દરૂ જહાન્ જાહે ઊય
બરીન્ ગોફૂતએ મન ચુ દારી વફા
જહાન્‌રા તો બાશી હમહ કદખોદા
ચુ ઝહૂહાફૂ બેશ્નીદ અન્દીશહ કરૂદ
ઝે ખૂને પેદરૂ શુદ દેલશ પુરૂ ઝે દરૂદ
બએબ્લીસ ગોફૂત ઈન્ સઝાવારૂ નીસ્તં
દેગરૂ ગૂએ કીન્ અઝ દરે કારૂ નીસ્ત
બદૂ ગોફૂત અગરૂ બુગ્ઝરી ઝીન્ સુખન્
બતાબી ઝે સઉગન્દો પયમાને મન્
બેમાનદ બગરૂદનત સઉગદો બન્દ
શવી ખારો માનદ પેદરૂત અરૂજમન્દ
સરે મરૂદે તાઝી બદામ આવરીદ
ચુનાન્ શુદ કે ફર્માને ઊ બરૂગુઝીદ
બેપુર્સીદ કીન્ ચારહ બા મન બગૂ
ચે હૂયસ્ત ઈન્‌રા બહાનહ મજૂય
બદૂ ગોફૂત મન ચારહ સાઝમ તોરા
બખુરૂશીદ સરૂ બરૂફરાઝમ તોરા
તો દરૂ કારૂ ખામૂશ મીબાશો બસ
નબાયદ મરા યારી અઝ હીચકસ
ચુનાન્ ચૂન્ બેબાયદ બેસાઝમ તમામ
તો તીઘે સખુન્ બરૂ મકશ અઝ નેયામ
મરાન્ પાદશારા દરૂ અન્દરૂ સરાય
યકી બુસ્તાન્ બૂદ બસ દેલકુશાય
ગેરાન્‌માયહ શબ્‌ગીર બરૂખાસ્તી
ઝે બહૂરે પરસતેશ બેઆરાસ્તી
સરો તન્ બેશોસ્તી નેહોફૂતહ બબાઘ
પરસ્તન્દહ બા વય નબોર્દી ચેરાઘ

તેણે પોતાનો હોશ, દિલ અને પાક જાન તેને સોંપ્યો–[અને પોતેજ] પોતાનાં માથાં ઉપર ધૂળ છાંટી.

જ્યારે શયતાને જોયું કે તેણે દિલ [મને] આપ્યું–ત્યારે તેનાં [પોતાનાં] ફેલ ઉપર ઘણો ખુશી થયો.

[અને] તેણે ઘણાક નાદેર અને તોફા સખુન [તેને] કહ્યા–[કારણ ૫૪
કે] તે જવાનનું ભેજું અકલ વગરનું હતું.

તેણે કહ્યું [કે] " હું એવી ઘણીક વાત જાણું છુ,–કે જે મારા સિવાય [બીજુ] કોઈ જાણતું નથી. "

[ત્યારે] તે જવાને કહ્યું [કે] ઓ નેક અકલના !–તું ઉતાવળ કરી કહે અને મને શીખવ. "

[ત્યારે] તેને [તે શયતાને] કહ્યું [કે] " પહેલાં તારી [પાસ] હું વચન માગું છું–ત્યાર પછી ખચ્ચિત હું વાત કહીશ "

તે જવાન ભોળો હતો [જેથી] તેનું કહ્યું કર્યું–[અને] જેમકે તેણે ફરમાવ્યું તેમ સઉગંદ ખાધા.

કે " હું જે કાંઈ વાત તારાથી સાંભળું તેનો ભેદ કોઇને જરાપણ કહું નહીં. "

[ત્યારે શયતાને] તેને કહ્યું કે " ઓ નામવર ! આ મકાનમાં તારા સિવાય [બીજો] કોઇ પાદશાહ શા માટે જોઇયે ?

જ્યારે તારા જેવો છોકરો હોય ત્યારે બાપ શા માટે જોઇયે ? હું તને એક નસીહત [કહું] તે સાંભળવી જોઇયે.

આ ઝમાનો [તારા] બુઢ્ઢા શાહેબ ઉપર–લાંબો વખત રહેશે [માટે] તું તેને [ઝમાનાને] લપેટી નાખ [ટુંકો કરી નાંખ.]

આ તેની દરબારની [સઘળી] પુંજી તું હાથ કર–(કારણ કે) તેનો મરતબો (હવે) દુન્યામાં તનેજ ઝેબ આપે છે.

જ્યારે તું આ મારી વાત ઉપર વફાદાર રહેશે–ત્યારે તું સઘળી દુન્યાનો ૫૫
સાહેબ થશે. "

જ્યારે ઝોહાકે તે (વાત) સાંભળી ત્યારે તેણે વિચાર કર્યો–[અને] બાપનું ખૂન કરવાથી તેનું દિલ દર્દ ભરેલું થયું.

(જેથી) તેણે શયતાનને કહ્યું (કે) " એ (વાત) લાયક નથી–તું બીજું (કાંઈ) કહે, કારણ કે એ કામ કરવા લાયક નથી. "

(ત્યારે) (શયતાને) તેને કહ્યું કે " જો તું આ વાતથી તેમજ મારા સઉગંદ અને કોલથી ફરશે,

તો એ) સઉગંદ અને કોલ તારી ગર્દન ઉપર રહી જશે–(તેમજ) તું ખુવાર થશે અને તારો બાપ બુઝેર્ગ રહેશે. "

(છેવટે) (શયતાન, તે અરબ મર્દનું સર ફાંદામાં લાવ્યો–(અને) એમ થયું કે તે ઝોહાકે તેનું ફરમાન કબૂલ કર્યું.

તેણે [ઝોહાકે] પૂછ્યું કે " એનો ઈલાજ કેવી રીતનો છે તે (કાંઈ પણ) બહાનું શોધ્યા વિના તું મને કહે ? "

(ત્યારે) તેણે તેને કહ્યું (કે) હું તારે માટે ચારો કરૂં છુ–(જેથી) તારૂં સર આફતાબ સુધી બુલંદ કરીશ.

બસ એ કામમાં તું ચૂપ રહે.–મને કોઈની મદદ જોઈતી નથી.

તું મેયાનપાંથી સખુનની તલવાર નાં ખેંચતો (યાને કોઇને કહેતો ના)–હું જેમ (કરવા) ઘટશે તેમ [કામ] પુરૂ કરીશ. "

(હવે) ખાસ તે પાદશાહના મેહલમાં–એક ઘણોજ ખુશનુમા બાગ ૫૬
હતો.

તે પાદશાહ (રોઝ) બામદાદે ઉઠી–બંદગીને માટે તૈયાર થતો હતો.

બાગમાં છુપાઇને તે નહાતો હતો–[જે વખતે] ચાકર તેની સાથે ચેરાગ લઈ જતો હતો નહીં.

બશાન્ શાહ બાહૂનહુ દીવે નેઝન્દ
યકી ઝરૂફ ચાહી બરૂ બરૂબેકન્દ
પસ એબ્લીસે બીરહૂ સરે ઝરૂફ ચાહ
બખાશાફ પૂશીદો બેસ્પોરૂદ રાહ
સરે તાઝેયાન્ મેહૂતરે નામજૂય
શબ્ આમદ સોવી બાઘ બ'હાદ રૂય
ચુ આમદ બનઝ્દીકે આન્ ઝરૂફ ચાહ
યકાયક નેગૂન્ શુદ સરે બખ્તે શાહ
બચાહ અન્દરૂ ઓફ્તાદો બેશકસ્ત પસ્ત
શુદ આન્ નીકુદેલ મરૂદે યઝ્દાન્પરસ્ત
બહરૂ નીકો બદ શાહે આઝાદ મરૂદ
બફરૂઝન્દ બરના ઝદહ બાદે સરૂદ
હમીપર્વરીદશ બનાઝો બર જ
બદૂ બૂદ શાદો બદૂ દાદ ગન્જ
૫૭ ચુનાન્ બદકુનેશ શૂખ ફર્ઝંદે ઊય
નજોસ્ત અઝ્ રહે મેહરૂ પયવન્દે ઊય
બખૂને પેદરૂ ગશતહ હમદાસ્તાન્
ઝે દાના શનીદસ્તમ ઈન્ દાસ્તાન્
કે ફર્ઝંદે બદ ગરૂ બુવદ નરૂરે શીરૂ
બખૂને પેદર હમ નબાશદ દેલીરૂ
મગરૂ દરૂ નેહાની સખુન દીગરસ્ત
પેજૂહ દહૂરા રાઝ બા માદરસ્ત
પેસરૂ કૂ રહા કરૂદ રસ્મે પેદરૂ
તો બીગાનહ ખાનો મખાનશ પેસરૂ
સબુકમાયહ ઝહ્હાકે બીદાદગરૂ
બદીન્ ચારહ બેગરેફ્ત ગાહે પેદરૂ
બસરૂ બરૂનેહાદ અફસરે તાઝેયાન્
બરીશાન્ બેબખ્શૂદ સૂદો ઝેયાન્
ચુ એબ્લીસ પયવસ્તહ દીદ આન્ સખુન
યકી બન્દે નવ દીગરૂ અફકન્દ બુન
બદૂ ગોફ્ત ચૂન સૂએ મન્ તાફ્તી
ઝે ગીતી હમહ કામે દેલ યાફ્તી
અગરૂ હમચુનીન્ નીઝ ફર્માન્ કુની
નપીચી ઝે ફર્માનો પયમાન્ કુની
૫૮ જહાન્ સરૂબસરૂ પાદશાહી તોરાસ્ત
દદો મર્દુમો મોર્ઘો માહી તોરાસ્ત
ચુ ઈન્ ગોફ્તહ શુદ સાઝે દીગરૂ ગેરેફ્ત
દેગરૂ ગૂનહ ચારહ ગુઝીદ અય શેગેફ્ત
જવાની બેયારાસ્ત અઝ્ ખીશતન્
સખુનગૂયો બીનાદેલો પાકતન્
હમીદૂન બઝહ્હાક બેન્હાદ રૂય
નબૂદશ બજોઝ આફરીન્ ગોફ્તગૂય
બદૂ ગોફ્ત અગરૂ શાહરા દરૂખરમ
યકી નામવરૂ મરૂદે ખાલીગરમ
ચુ બેશનીદ ઝહ્હાક બેન્વાખ્તશ
જે બહરે ખુરેશ જાએગહ સાખ્તશ
કલીદે ખુરેશખાનએ પાદશા
બદૂ દાદ દસ્તૂરે ફર્માનરવા
ફરાવાન્ નબુદ આન્ઝમાન્ પરૂવરેશ
કે કમતરૂ બુદ અઝ્ ખુરૂદનીહા ખરેશ

તે રસ્તા ઉપર તે ઊંધા બખ્તના બૂરા દેવે-તેને માટે એક ઊંડુ ખાડો ખોદયો.

પછી તે ઊંધી રાહના શયતાને તે ઊંડા ખાડાનું માથું-કચરાથી ઢાંકી નાખીને રસ્તો લીધો.

(હવે પેલા) અરબોના નામદાર સરદારે-(જ્યારે) રાત પડી (ત્યારે) બાઘ તરફ મોઢું કર્યું.

(અને) જ્યારે તે ઊંડા ખાડા નઝદીક આવ્યો-ત્યારે પાદશાહનું બખ્ત યકાયક ઊંધું થયું.

તે નેક દિલનો યઝદાનપરસ્ત મર્દ ખાડામાં પડી ભૂકે ભૂકો થઈ મરણ પામ્યો.

તે નેક ખસલતનો ધણી કોઇ પણ દુઃખ કે સુખમાં પોતાના છોકરાને સખ્ત બોલ બોલતો નહતો.

તેણે (ઘણા) લાડ અને મેહનતથી તેને પાળ્યો હતો.-તેનાથીજ તે ખુશી હતો અને તેને ખઝાનો (પણ) આપ્યો હતો.

તોપણ તેના બદ ચાલના શોખ ફર્ઝંદે-દયાની રીતે (પણ) તેનું પયવંદ શોધ્યું નહીં. (યાને તેની સાથે રહ્યો નહીં).

(અને) બાપનાં ખૂનમાં મળતિયો થયો-આ વાત મેં દાના માણસથી સાંભળી છે,

કે "અગર (ગમે એવુ) નરે શેરની (મિસાલનું) બૂરૂં ફર્ઝંદ હોય-તો પણ તે બાપના ખૂનમાં દિલાવર નથી થતું."

પણ છૂપાણમાં વાત બીજીજ છે-(અને) શોધ કરનારને (મનસે) (આ) ભેદ તેની) માદર સાથ (સંબંધ રાખે) છે.

જે છોકરાએ કે બાપની રસમ મૂકી દીધી-તો તું તેને તેનો છોકરો નહીં પણ (કોઈ) બેગાનો ગણ.

હલકી બુન્યાદના બેદાદગર ઝોહાકે-એવા ચારાથી બાપનું તખ્ત મેળવ્યું.

(અને) સર ઉપર અરબોનું તાજ મેલ્યું-(તેમજ) તેઓ ઉપર સારી તેમજ માઠી બક્ષેશ કરી.

જ્યારે શયતાને તે (પોતાનો સખુન થયલો જોયો-ત્યારે એક બીજા નવા ફરેબનો પાયો નાખ્યો.

(અને) તેણે તે (ઝોહાક)ને કહયું (કે) "જ્યારે તું મારી તરફ ફર્યો, (યાને મારૂં કહયું કર્યું)-ત્યારે તું દુન્યામાં (તારા) દિલની સઘળી મુરાદ પામ્યો.

જો એજ પ્રમાણે તું (મારૂં) કહયું કરે-(અને) કહયાથી ફરે નહીં તેમજ વચન આપે,

તો તમામ દુન્યા(માં) તારી પાદશાહી થાય-(તેમજ) ફાડીખાનાર જાનવર, માણસ પક્ષી અને માહી (સર્વ) તારાંજ થાય."

જ્યારે આ વાત થઈ ત્યારે તેણે જુદાંજ પગલાં ભર્યાં-અરે ! બીજી રીતનો અજાયબ જેવો ચારો એખ્તેયાર કર્યો.

પોતે એક સખુન બોલનાર, ચાલાક અને પાક તનનો જવાન બન્યો,

(અને) તુરતજ ઝોહાકની નઝદીક આવ્યો-તે દોઆના (સખુન) સિવાય (કાંઈ બીજું) બોલતો હતો નહીં.

તેણે કહયું કે "જો હું પાદશાહની ખિદમત કરવા લાયક હોઉં તો-હું એક પ્રખ્યાત બાવરચી છું."

જ્યારે ઝોહાકે સાંભળ્યું ત્યારે તેને નવાઝયો-(અને) ખાણું (પકાવવા) માટે તેની જગ્યા સ્થાપી.

પાદશાહના વઝીરે પાદશાહી બાવરચીખાનાની કૂંચી તેને આપી.

તે વખતે ખાણાની ચીઝો ઘણી નહતી-કારણ કે ખાવાનો ખોરાક ઘણોજ કમી હતો.

ખોરશ્ રોસ્તનીહા નખુરદન્દ ચીઝ
કે હર્ ચઝ્ ઝમીન્ સર્ બરાવરદ નીઝ
પસ્ અહરીમને બદકુનેશ રાય કરદ
બદેલ્ કોશતને જાનવર્ જાય કરદ
ખુરેશ ઝરદએ ખાયહ્ દાદશ નુખોસ્ત
બદાન્ દાશ્તશ યકઝમાન તનદુરોસ્ત
કે હર્ ગૂશ્ત્ અઝ્ મોર્ગો અઝ્ ચાર્પાય
ખુરેશ કર્દો આવર્દ યકુયક બજાય
બખૂનશ બેપર્વરદ. બરૂસાને શીર્
બદાને તા કુનદ પાદશાહ્રા દલીર્
સખુન્ હરચે ગૂયદશ ફર્માન્ કુનદ
બફર્માને ઊ દેલ્ ગેરૂગાન્ કુનદ
બખુર્દો બદ્દ આફ્રીન્ કરદ સખ્ત
મઝહ્ યાફૂત ઝાન્ મેહતરે શૂરબખ્ત
ચુનીન્ ગોફૂત્ એબ્લીસે નયરન્ગસાઝ્
કે જાવીદ ઝી શાહે ગરદનફરાઝ્
કે ફરદાત ઝીન્ ગૂનહ્ સાઝમ ખુરેશ
કઝૂ આયદત સરબસર્ પર્વરેશ
બેરફૂતો હમહ્ શબ્ સેગાલેશ ગેરેફૂત
કે ફર્દા ચે સાઝદ કે ખુરદન્ શેગેફૂત
દેગર્ રૂઝ્ ચૂન્ ગુમ્બદે લાજવરદ
બરૂઆવર્દો બેન્મૂદ યાફૂતે ઝરદ
ખુરેશહા ઝે કબ્કો તઝર્વે સપીદ
બેસાઝીદો આમદ દેલે પુરઉમીદ
શહે તાઝેયાન્ ચૂન્ બખાન્ દસ્ત બોરદ
સરે કમખેરદ મેહરે ઊરા સેપોરદ
સેવુમ રૂઝ્ ખાન્રા બમોર્ગો બરહ્
બેયારાસ્તશ ગૂનહ્ગૂન્ યકસરહ્
બરૂઝે ચહારૂમ ચુ બેન્હાદ ખાન્
ખુરેશ સાખ્ત અઝ્ પોશ્તે ગાવે જવાન્
બદૂ અન્દરૂન્ ઝઅફૂરાનો ગોલાબ્
હમાન્ સાલ્ ખુરદહ્ મયો મુશ્કનાબ્
ચુ ઝહ્હાક્ દસ્ત અન્દર્ આવર્દો ખરદ
શેગેફૂત આમદશ ઝાન્ હુશીવાર્ મરદ
બદૂ ગોફૂત્ બેન્ગર્ કે તા આરઝૂય
ચે ખાહી બેખાહ્ અઝ્ મન્ અય નીકખૂય
ખુરેશગર્ બદૂ ગોફૂત્ કય પાદ્શા
હમીશહ્ બેઝી શાદો ફર્માનરવા
મરા દેલ્ સરાસર્ પુરઝ્ મેહરે તોસ્ત
હમહ્ તૂશએ જાનમ અઝ્ ચેહરે તોસ્ત
યકી હાજતસ્તમ બનઝદીકે શાહ્
વગર્ ચેહ્ મરા નીસ્ત ઈન્ પાએગાહ્
કે ફર્માન્ દેહદ તા સરે કેત્ફે ઊય
બેબૂ ામ બેમાલમ બરૂ ચશ્મો રૂય
ચુ ઝહ્હાક્ બેશ્નીદ ગોફૂતારે ઊય
નેહાની નદાનેસ્ત બાઝારે ઊય
બદૂ ગોફૂત દાદમ મન્ ઈન્ કામે તૂ
બુલન્દી બેગીરદ મગર્ નામે તૂ
બેફરમૂદ તા દીવ ચૂન્ જોફૂતે ઊય
હમી બૂ.ાઈ દાદ બર્ સૌફૂતે ઊય

(ફકટ) ઝમીનમાં થનારી વનસ્પતિ (તેમજ) ઝમીન ઉપર ઉગતી ચીઝો સિવાય બીજું કશું ખાતા હતા નહીં.

પછી તે બદકેર્દારના એહરેમને-જાનવર મારવાનો વિચાર દિલમાં નકકી કર્યો.

તેણે પહેલ વહેલાં ઈંડાંની દાળ તેને ખવાડી-(અને) તેથી થોડો ૫૯
વખત તેને તનદુરોસ્ત રાખ્યો.

(પછી) હરેક પક્ષી અને ચોપગા જાનવરનાં ગોશ્તનો-ખોરાક બનાવ્યો અને એકેક પછી કામમાં લાવ્યો.

એક સિંહની માફક તેને લોહી પાઇને પર્વરેશ કર્યો-એટલા માટેજ કે પાદશાહને દયાહીન બનાવે,

(અને) જે કાંઇ વાત તે કહે તે કબૂલ કરે,-(તેમજ) તેના હોકમમાં (પોતાનું) દિલ તાબેદાર કરે.

(ઝોહાકે) તે ખાધું અને તેના ઉપર ઘણી આફ્રીન કીધી-(કારણ કે) તે ઉંધા નસીબના સરદારે તેથી (ઘણી) મઝાહ મેળવી.

(પછી) ચારો કરનાર શયતાને એ રવેશે (પાદશાહને) કહયું-કે "એ ગર્દનફરાઝ પાદશાહ! તું હમેશે જીવતો રહેજે!

(કે) કાલે હું એવી રીતનું ખાણું બનાવીશ-કે જેથી તને પુરી તનદુરોસ્તી મળે."

(ત્યાંથી) તે ગયો અને આખી રાત વિચાર કર્યો-કે "કાલે અજાયબ જેવું ખાણું શું બનાઉં?"

બીજે દિવસે જ્યારે બલુ આસ્માને-સોનેરી યાકૂત (યાને આફતાબને) બાહેર કાઢયો અને દેખાયો,

ત્યારે તેણે તીતર અને સફેદ ટર્કી મરઘાંનું ખાણું તૈયાર કર્યું-અને તે ઉમેદ ભરેલાં દિલે આવ્યો.

જ્યારે અરબોના પાદશાહે તે ખાણાં ઉપર હાથ નાખ્યો-ત્યારે પોતાનું ૬૦
કમઅકલ સર તેની મેહરબાની ઉપર સોંપ્યું.

ત્રીજે દિવસે તેણે મરઘી અને હલવાનની તરેહ તરેહની સઘળી (વાનીઓથી) તેનું ખાણું ખૂબ સણગાર્યું.

ચોથે દિવસે જ્યારે ખાણું લાવ્યો-ત્યારે તેણે વાછરડાની પીઠનું ખાણું બનાવ્યું.

તેમાં કેસર, ગોલાબ,-
જૂનો શરાબ અને ખાલેસ કસ્તુરી (હતી).

જ્યારે ઝોહાકે હાથ લંબાવી (ખાણું) ખાધું-ત્યારે તે હોશ્યાર મર્દ માટે તેને અજાયબી ઉપજી.

(અને પાદશાહે) તેને કહયું કે "એ નેક ખસ્લતના! વિચાર કર, તારી મરજી શું માગવાની છે તે મારી પાસ માગ."

(ત્યારે) તે બાવરચીએ (શયતાને) તેને કહયું કે "એ પાદશાહ!-તું હમેશે ખુશાહાલ જીવતો રહે અને હોકમ ચલાવતો રહેજે.

મારૂં દિલ સઘળું તારી મેહરબાનીથી ભરેલું છે.-મારા જીવનો સઘળો ખોરાક તારા દીદારથી છે.

(તું) પાદશાહની નઝદીક મારી એક હાજત છે-જો કે મને એ મરતબો (લાયક) નથી.

કે જો હોકમ આપે તો હું તેનું (પાદશાહનું) ખભું ચૂમું-અને તેનાં (યાને પાદશાહનાં ખભાં) ઉપર (મારી) આંખ અને મોઢું મસલું."

જ્યાર ઝોહાકે તેની વાત સાંભળી-ત્યારે તેની છૂપી મતલબ તેણે ૬૧
જાણી નહીં.

(અને) તેને કહયું કે "આ તારી મુરાદ મેં બક્ષી,-કે જેથી તારૂં નામ કદાચ બુલંદ થાય."

(એવી રીતે) હોકમ આપ્યો જેથી (શયતાને) તેની ઓરતની માફક-તેનાં ખભાં ઉપર ચૂમી લીધી.

ચુ બૂસીદ શુદ હેઝપાન નાપદીદ
કસ અ દર જહાન ઈન્ શેગેફુતી નદીદ
દોમારે સેયહ અઝ દો કેત્ફશ બેરોસ્ત
ઘમી ગશ્તો અઝ હર સુ ચારહ જોસ્ત
સર જામ બુબ્રીદ અઝ હર દો કેફૂત
સઝદ ગર બેમાની અઝીન્ દર શેગેફુત
ચુ શાખે દરખ્ત આન દો માર સેયાહ
બર આમદ દેગર બારહ અઝ. કેતફે શાહ
પઝેશકાને ફર્ઝાનહ ગેર્દહ આમદન્દ
હમહ યકબયક દાસ્તાનહા ઝદન્દ
જે હર ગૂનહ નયરંગહા સાખ્તન્દ
મરાન્ દર્દરા ચારહ નેશનાખ્તન્દ
બસાને પેઝેશ્કી પસ એબ્લીસ રફૂત
બફર્ઝાનગી નઝદે ઝહહાક તફૂત
૬૨ બદુ ગોફૂત કીન્ બૂદની કાર બુદ
બેમાન્ તા બેમાનદ નબાયદ દુરૂદ
કે ઈન્ અઝ દુરૂદન્ નગર્દદ તબાહ
જુઝ ઈન્ નીસ્ત તદબીરે મારે સેયાહ
ખુરેશ સાઝો આરામશાન્ દેહ બેખરૂદ
નશાયદ જોઝીન્ ચારએ માર કર્દ
બજોઝ મગ્ઝે મર્દુમ મદેહ શાન્ ખુરેશ
મગર ખુદ બેમીરન્દ અઝીન્ પર્વરેશ
દવાએ તો જોઝ મગ્ઝે આદમ ચુ નીસ્ત
બદીન્ દર્દ દર્માન્ બેબાયદ ગેરીસ્ત
બરૂઝી દો કસ બાયદત્ કોશ્ત ઝૂદ
પસઝ મગ્ઝે સરશાન્ બેબાયદ દુરૂદ
નેગર નર દેવ અન્દરાન્ જોસ્ત જૂય
ચે જોસ્તો ચે દીદ અન્દરીન્ ગોફ્તગૂય
મગર તા યકી ચારહ સાઝદ નેહાન
કે પર્દોખ્તહ માનદ ઝે મર્દુમ જેહાન

જેવી ચૂમી લીધી તેવોજ ગુમ થઈ ગયો-કોઇએ દુન્યામાં આવી અજાયબી જોયલી નહીં હતી

(તેજ વખતે) તેનાં બેહુ ખભાં ઉપર બે કાળા સાંપ* ઉગી નીકળ્યા-(જેથી) તે ઘમગીન થયો અને હરેક તરફથી એલાજ શોધ્યો.

છેવટે (તેનાં) બેહુ ખભાં ઉપરથી (સાંપ) કાપી નાખ્યા-એથી તું અજાયબ થાય તો તે વાજબી (છે).

ઝાડની ડાળ માફક તે બેહુ કાળા સાંપ ફરી પાદશાહનાં ખભાં ઉપર ઉગી નીકળ્યા.

કાબેલ હકીમો એકઠા મળ્યા-[અને] સઘળાઓએ [એ વિષે] એકેક પછી વિચાર ચલાવ્યો

[અને] તેઓએ જાત જાતની યુક્તિઓ કરી-પણ તે દર્દનો એલાજ શોધી શક્યા નહીં.

પાછો તુરતજ તે શયતાન ડાકટરને વેષે દાનાઇથી ઝોહાકની નઝદીક ગયો,

[અને] તેને કહ્યું કે " જે બનવાનું હતું તે બન્યું-એ જ્યા સૂધી રહે ત્યાં સૂધી રહેવા દ [એને] કાપી નાખવા નહીં જોએ.

કેમકે એ કાપ્યાથી દૂર થવાના નથી-એ સિવાય કાળા સાંપનો બીજો કોઈ ઈલાજ નથી.

તું ખાણું બનાવ અને તે ખવાડી તેઓને આરામ આપ-એ એલાજ સિવાય સાંપનો બીજો કોઈ ઉપાય કરવો જોઇયે નહીં.

માણસનાં ભેજાં સિવાય તેઓને [કાંઈ] ખોરાક આપતો ના-કદાચ આ પોષણથી તેઓ પોતાની મેળેજ મરણ પામે

જ્યારે માણસનાં ભેજાં સિવાય બીજી દવા નથી-ત્યારે આવાં દુઃખ અને એલાજ માટે તને રડવું જોઇયે.

એક દિવસમાં બે માણસ તને જલ્દીથી મારી નાખવાં જોઇયે,-પછી તેઓનાં માથાંમાંથી ભેજાં કાપી કાઢવાં જોઇયે. "

તું જો કે તે નર દેવે આ યુક્તિથી શું મેળવ્યું અને એ વાતમાં શું જોયું ?

એટલુંજ કે એક છૂપો ચારો કરે-કે [જેથી] દુન્યા માણસોથી ખાલી થાય!

તબાહ્ શુદને રૂઝગારે જમ્શીદ્ અઝ્ દસ્તે ઝહ્હાક્.

અઝાન્ પસ બરામદ ઝે ઈરાન્ ખેરૂશ
પદીદ આમદ અઝ હર સુવી જંગો જૂશ
સેયહ ગશ્ત રખ્શન્દહ રૂઝે સપીદ
ગુસેસ્તન્દ પયવન્દ અઝ જમ્શીદ
૬૩ બરૂ તીરહ શુદ ફર્રએ ઈઝદી
બકઝ્ઝી ગેરાયીદ વાં બેખરદી
પદીદ આમદ અઝ હર સુવી ખુસ્રવી
યકી નામજૂઇ ઝે હર પહલવી

ઝોહાકના હાથથી જમશેદના વખતનું ખરાબ થવું.

તે પછી ઈરાનમાં શોર ઉઠયો-(અને) હરેક તરફથી લડાઇ અને જોશ ઝાહેર થયાં.

જમશેદનો ઝળકાટ ભરેલો સફેદ દિવસ સીઆહ થયો (અને) સઘળાઓએ તેના સાથનો સંબંધ તોડ્યો.

(જ્યારે) તેણે ઉલટો અને નાલાયક (માર્ગ) એખ્તેયાર કર્યો, (ત્યારે) તેના ઉપર ખોદાઇ નૂર સીઆહ થયું.

હરેક તરફથી એકેક પાદશાહ અને હરેક સરહદ ઉપરથી એકેક નામ શોધનાર ઝાહેર આવ્યો.

* એ માટે કદાચ એવો ખોલાસો થઈ શકે કે એ બે સાંપો તે એના ખભાં ઉપરનાં કાંઇક દર્દ હોવા જોઇયે, કે જેની શાન્તિ માટે માણસનાં ભેજાંનો ઉપયોગ કરવામાં આવતો હોય.

ફ્રેપહુ કરૂ:રા જન્અ્શ સાખ્તહુ દેલ અઝ મેહ્રે જમશીદ પદખ્તહુ યકાયકૂ અઝ ઈરાન બરૂઆમદ સપાહુ સુવી તાઝેયાન્ બરૂગેરેફ્તન્દ રાહુ શનીદન્દ કાનજા યકે મેહતરસ્ત પુરઝ હઉલ આન્ અ્ઝદહાપયકરસ્ત સવારાને ઈરાનં હમહુ શાહુ જૂય નેહાદન્દ યકસરૂ બઝ્હૂહાકૂ રૂય બશાહી બરૂ આફ્રીન્ ખાન્દન્દ વરા શાહે ઈરાન્ ઝમીન્ ખાદન્દ શાહે અઝ્દહાફશ બેયામદ ચુ બાદ બઈરાન્ ઝમીનુ તાજ બરૂ સરૂ નેહાદ અઝ ઈરાનો અઝ તાઝેયાન્ લશકરી ગુઝીન્ કરૂદ ગો.નિ હરૂ કેશ્વરી સુવી તખ્તે જમશીદ બેન્હાદ રૂય ચુ અંગુશતરી કરૂદ ગીતી બરૂ ઊય ચુ જમશીદરા બખ્ત શુદ કુન્દરવ બતન્ગ્ આવરીદશ જહાનદારે નવ બેરફ્તો બદૂ દાદ તખ્તો કોલાહુ બુઝોર્ગીઓ દીહેમો ગન્જો સેપાહુ નેહાન્ ગશ્તો ગીતી બરૂ શુદ સેયાહુ સેપોરૂદશ બઝહૂહાકૂ તખ્તો કોલાહુ ચુ સદ્ સાલશ અ દરૂ જહાન્ કસ નદીદ ઝે ચશ્મે હમહુ મરૂદુમાન નાપદીદ સદમ સાલ રૂઝી બદર્યાએ ચીન્ પદીદ આમદ આન શાહે બા પાકદીન્ ચુ ઝહૂહાકશ આવંર્દ નાગહુ બચંગ્ યકાયકૂ નદાદશ ઝમાની દેરંગ્ બઅરહશ મરૂ ઊરા બદૂ નીમ કરૂદ જહાનરા અઝૂ પાકો બીબીમ કરૂદ નેહાન્ બૂદ ચન્દ અઝ દમે અઝ્દહા બફર્જામ હમ ઝૂ નેઆમદ રહા શુદ આન્ તખ્તો શાહીઓ આન દસ્તગાહુ રેબૂદશ ઝમાનહુ ચુ બીજાદહુ કાહુ અઝીન્ બીશ. બરૂ તખ્તે શાહી કે બૂદ અઝાન્ રન્જ બોરૂદન્ ચે આમદશ સૂદ ગુઝશ્તહુ બરૂ સાલેયાન્ હફ્તસદ પદીદ આવરીદહુ બસી નીકો બદ

તેઓએ જમશેદની મેહરથી દિલ ખાલી કરીને લશ્કર (એકઠું) કર્યું અને લડાઇને માટે તૈયારી કીધી.

ઈરાનમાંથી એકાએક લશ્કર બાહેર પડ્યું-(અને) તેઓએ અરબોની તરફ ચાલવા માંડ્યું.

તેઓએ સાંભળ્યું કે તે જગો એક સરદાર છે-જે અઝદહાની સૂરતનો (ઘણો) ધાસ્તી ભરેલો છે.

પાદશાહની શોધ કરનારા સઘળા ઈરાની સવારો-ઝોહાકની તરફ ચાલ્યા.

તેઓએ એક પાદશાહ તરીકે તેની ઉપર દોઆ કીધી-(અને) તેને ઈરાન ઝમીનનો પાદશાહ કહ્યો.

અઝદહાની મિસાલના તે પાદશાહે પવનની મિસાલ ઈરાન ઝમીનમાં આવી માથાં ઉપર તાજ મૂક્યું.

ઈરાન અને અરબોનું એક લશ્કર-(તેમજ) હરેક મુલકના પેહલવાનો તેણે ચુંટી કાઢ્યા,

(અને જમશેદનાં તખ્ત તરફ ચાલ્યો-તેના ઉપર દુન્યા એક વીટીની મિસાલ કીધી યાને તેની આસપાસ ફરી વળ્યાં).

જ્યારે જમશેદનું નસીબ ઊંધું થયું-ત્યારે નવો પાદશાહ તેને તંગીમાં લાગ્યો. ૬૪

તે ચાલી ગયો અને તખ્ત, કોલાહ, બુઝોર્ગી, તાજ, ખઝાનો અને લશ્કર તેને (યાને ઝોહાકને) આપ્યું.

તે છૂપો થયો અને દુન્યા તેના ઉપર સીહા થઈ-તેણે તખ્ત અને કોલાહ ઝોહાકને સોંપી.

સો વર્ષ સુધી દુન્યામાં તેને કોઈએ જોયો નહીં-(અને) સઘળાં માણુસની નઝરથી ગુમ થયો.

સોમે વર્ષે ચીનનાં દર્યા આગળ તે ભલી દીનનો પાદશાહ એક દિવસે પાછો નઝર આવ્યો.

જ્યારે ઝોહાક તેને એકાયક હાથમાં લાવ્યો-ત્યારે તેને એક જરાપણ ઢીલ આપી નહીં.

પેલાં સીમોર્ઘે (પોતાનાં) બચ્ચાંઓ ઉપર નઝર કીધી—તો તેઓ પેલાં નાનાં (બાળક) ઉપર બેહુ આંખમાંથી આંસુ પડતાં હતાં.

અજબ જેવું તો એકે તેના ઉપર માયા ધરતાં હતાં—(અને) તે ૨૫૯
ખૂબસૂરત ચેહરાથી અજબ રહેતાં હતાં.

તે (મોર્ઘ) જે શિકાર કે વધારે નાઝુક (હોય) તે પસંદ કરતું—કારણકે પેલું વગર દૂધનું મેહમાન (બાળક) તેનું લોહી ચૂસતું હતું.

એવી રીતે લાંબો વખત નીકળી ગયો ત્યાં સૂધી તે બાળક તે જગ્યાએ છૂપું રહયું હતું.

જ્યારે તે નાનું બાળક મોટું થયું—ત્યારે તે પહાડ ઉપર કાફલાઓ પસાર થતા હતા.

તે એક સીધાં સર્વની મિસાલનો મર્દ બન્યો—તેનું બદન રૂપેરી પહાડની મિસાલ અને કમર સીધાં બરૂની મિસાલ (હતી.)

તે કદમાં સર્વની મિસાલનો અને ચેહરામાં બહારની મિસાલનો (હતો)—તે દરેક બાબતમાં સામે સવારની મિસાલ (હતો).

દુન્યામાં તેની ખબર ફેલાઈ ગઇ—નેક અને બદ કદી પણ છૂપું રહેતું નથી.

બખાબ્ દીદને સામે નરીમાન્ ઝાલરા.

બસામે નરીમાન્ રસીદ આગહી
અઝાન્ નીકૂપય પૂરે બા ફરૂહી
શબી અઝ શબાન્ દાલ્હેલ ખોફ્તહ્ બુદ
ઝે કારે ઝમાનહ્ બરૂઆસોફ્તહ્ બુદ.
ચુનાન્ દીદ દરૂ ખાબ્ કઝ હેન્દવાન્
યકી મરૂદ બરૂ તાઝી અસ્પી દવાન્
ફરાઝ આમદી તા બનઝદીકે સામ
સવારે સરૂઅફ્રાઝો ગોર્દી તમામ
વશ મોઝદહ્ દાદી ઝે ફર્ઝન્દે ઊય
બદાન્ બોર્ઝે શાખે બરૂમન્દે ઊય
ચુ બીદારૂ શુદ મૂબેદાનરા બખાન્દ
વઝીનદરૂ સુખન્ યન્દગૂનહ્ બેરાન્દ

સામ નરીમાનનું ઝાલને ખાબમાં જોવું.

સામ નરીમાનને તે દબદબાવાળા નેક કદમના બેટા માટે આગહી પુગી.

એક રાતે તે ઝમાનાના કામથી છેડાઇને ઝખ્મી દિલે સૂતેલો હતો.

તેણે ખાબમાં એ પ્રમાણે જોયું કે "હિંદીઓમાંથી—એક મર્દ દોડતા અરબી ઘોડા ઉપર,

સામે સવારની નઝદીક સૂધી ધસી આવતો—તે એક સરફરાઝ અને ૨૬૦
પુરેપુરો પેહલવાન હતો.

(અને) તેને તેનાં ફળવંત બુલંદ ડાળના ફર્ઝંદને માટે ખુશ ખબરી આપતો હતો."

જ્યારે તે બીદાર થયો ત્યારે મોબેદોને બોલાવ્યા—અને એ બાબદમાં કેટલીક વાતચિત્ત કીધી.

બદીશાન્ બેગોફ્તૂત આન્ચે દર્ ખાબ્ દીદ
બોઝ્ આન્ હરૂચે અઝ્ કાર્વાનહા શનીદ
બે ગૂચીદ ગોફ્તૂત અન્દરીન્ દાસ્તાન્
બેરદ તાન્ બરીનસ્ત હમદાસ્તાન્
કે એન્દહુસ્ત આન્ ખુર્દ ફૂદકૂ હનૂઝ્
વયા શુદ ઝે સર્માઓ મેહૂરે તમૂઝ્
હરાન્ કસ કે બૂદન્દ પીરો જવાન્
ઝબાન્ બર્ કુશાદન્દ બર્ પહ્લવાન્
કે હર્ ફૂ બયઝ્દાન્ શવદ નાસેપાસ
નબાશદ બહર્ કાર્ નીકીશેનાસ
કે બર્ ખાકો બર્ સન્ગ્ શીરો પલન્ગ્
ચે માહી બઆબ્ અન્દરૂન્ યા નેહન્ગ્
હમહ્ બચ્ચહુરા પર્વરાનન્દહ્ અન્દ
સેતાયેશ બયઝ્દાન્ રસાનન્દહ્ અન્દ
૨૬૧ તો પયમાને નીકીદેહેશ બેશ્કની
ચુનાન્ બીગુનહ્ બચ્ચહુરા બેફૂકની
ઝે મૂએ સપીદશ દેલ્ આરી બતન્ગ્
તને રઉશને પાકૂરા નીસ્ત નન્ગ્
નેગર્ તા નગૂઈ કે ઊ ઝેન્દહ્ નીસ્ત
બેયારાયો બર્ જોસ્તનશ બર્ બેઈસ્ત
કે યઝ્દાન્ કસીરા કે દારદ નેગાહ્
નગર્દદ ઝે ગર્માઓ સર્મા તબાહ્
કે યઝ્દાન્ કુનૂન્ સૂએ પૂઝેશ ગેરાય
કે ઊયસ્ત નીકીદેહો રહ્નુમાય
બરાન્ બુદ કે રૂઝે દેગર્ પહ્લવાન્
સુવી ફૂહે અલ્બોર્ઝ પૂયદ નવાન્
બેજૂયદ મગર્ બાઝ્ યાબદ વરા
બદેલ્ શાદ્કામી ફેઝાયદ વરા

તેણે જે કાંઇ ખાબમાં જોયું હતું તે (અને) તે સિવાય જે કાંઈ કાફલાઓથી સાંભળ્યું હતું તે તેઓને કહ્યું.

તેણે કહ્યું (કે) "તમો એ બાબદમાં શું કહો છો-તમારી અક્કલ એ ઉપર એક મળતી છે?

કે તે નાનું બાળક હજી જીવતું છે-યા સર્દી અને આફ્તાબની ગર્મીથી મરણ પામ્યું છે?"

જે કોઈ કે બુઢ્ઢા અને જવાન હતા-તેઓએ તે પેહલવાનને કહ્યું.

કે "જે કોઈ કે ખોદાતાલાથી નાસેપાસ થાય-તે હરેક કામમાં નેકી પિછાનનાર નહીં થાય.

કારણકે ઝમીન અને પહાડ ઉપર (શું) સિંહ અને ચિત્તા-(તે-મજ) પાણીમાં શું માંછલી અગર મગરમચ્છ,

સઘળાં બચ્ચાંને પાળનારાં છે-(અને) ખોદાતાલાના શુક્ર કરનારાં છે.

તું નેકી આપનાર સાહેબનો કૉલ તોડે છે-(અને) આવાં બેગુનાહ બચ્ચાંને નાખી દે છે.

તેના સપેદ બાલથી તું દિલગીર થાય છે-(પણ તેનાં) પાક રોશન તનની (તને) શર્મ નથી.

તું તૈયારી કર અને તેને શોધવા માટે ઉઠ-પણ તું એમ ના બોલ કે તે જીવતું નથી.

કારણકે ખોદાતાલા જે કોઇને કે સંભાળે છે. તે ગર્મી અને સર્દીથી ખરાબ થતું નથી.

તું હવે ખોદાતાલાની પાસે માફી માગ-કારણકે તેજ નેકી આપનાર અને રેહનુમા છે."

(પછી) એમ ઠર્યું કે બીજે દિવસે પેહલવાન (સામ)-અલ્બોર્ઝ પહાડ તરફ દોડતો જાય,

(અને) શોધ ચલાવે કે કદાચ તેને પાછો મેળવે-(અને) પોતાનાં દિલની ખુશહાલીમાં વધારો કરે.

બખાબ્ દીદને સામ્ ઝાલ્રા બારે દોવુમ્ વ રફ્તને ઊ બજોસ્તનશ્ બઅલ્બોર્ઝ્ ફૂહ્.

ચુ શબ્ તીરહ્ શુદ રાએ ખાબ્ આમદશ
કઝ્ અન્દીશએ દેલ્ શેતાબ્ આમદશ
ચુનીન્ દીદ દર્ ખાબ્ કઝ્ ફૂહે હિન્દ
દેરફૂશી બરૂઅફ્રાખ્તન્દી બુલન્દ
ઘોલામી પદીદ આમદી ખૂબ્રૂય
સેપાહી ગેરાન્ અઝ્ પસે પોશ્તે ઊય
૨૬૨ બદસ્તે ચપશ બર્ યકી મૂબદી
સુવી રાસ્તશ નામવર્ બેખરદી
યકી પીશે સામ્ આમદી ઝીન્ દો મર્દ
ઝબાન્ બર્ કોશાદી બગોફ્તારે સર્દ
કે અય મર્દ બીબાક્ નાપાક્ રાય
ઝે દીદહ્ બેશુસ્તી તો શર્મે ખોદાય

બીજી મરતબે ઝાલને સામનું ખાબમાં જોવું અને તેને શોધવા માટે તેનું અલ્બોર્ઝ પહાડ ઉપર જવું.

જ્યારે રાત પડી ત્યારે તેને ઊંઘ આવવા લાગી-વળી અંદેશાને સબબે ઊંઘ જલ્દી આવી.

તેણે ખાબમાં જોયું કે "હિંદના પહાડ તરફથી-એક ઝુંડો ઊંચો ઉઠાવતા હતા.

એક ખૂબસૂરત ઘોલામ દેખાતો હતો-તેની પીઠ આગળ એક ભારી લશ્કર (હતું).

તેના ડાબા હાથ ઉપર એક મોબેદ-(અને) તેની જમણી તરફ એક દાના નામવર (હતો).

તે બેઉ મર્દમાંથી એક સામની નઝદીક આવતો-(અને) તેને ઠપકો દેતો,

"કે ઓ બેપરવા ઊંધી અક્કલના મર્દ!-તેં આંખમાંથી ખોદાતાલાની શર્મ ધોઇ નાખી છે?

તોરા દાયહ્ ગર્ મૌરૂષ્ શાયદ્ હમી
પસ્ ઈન્ પહ્લવાની ચે બાયદ્ હમી
ગર્ આહુસ્ત બર્ મર્દ મૂએ સપીદ્
તોરા મૂએ સર્ ગશ્ત ચૂન્ મુશ્કે બીદ્
હમાનો હમીન્ ઈઝદત્ બહ્રહ્ દાદ્
હમી કમ કુની તૂ. બબીદાદ્ દાદ્
પસ્ અઝ્ આફ્રીનન્દહ્. બીઝાર્ શવ્
કે દર્ તનત્ હર્ રૂઝ્ રન્ગીસ્ત નવ્
પેસર્ કૂ બનઝ્દીકે તૂ બૂદ્ ખાર્
મર્ ઊ હસ્ત પર્વર્દએ કેર્દેગાર્
કઝ્ મેહ્રબાનતર્ બદ્ દાયહ્ નીસ્ત
તોરા ખુદ્ બમેહ્ર્ અન્દરૂન્ પાયહ્ નીસ્ત
બખાબ્ અન્દરૂન્ બરૂખૌરૂશીદ્ સામ
ચુ શીરે ઝેયાન્ કન્દર્ આયદ્ બદામ
બેતર્સીદ્ અઝાન્ ખાબ્ કઝ્. કેર્દેગાર્
નબાયદ્ કે બીનદ્ બદે રૂઝ્ગાર્
ચુ બીદાર્ શુદ્ બેખ્રદાન્રા બેખાન્દ્
સરાને સેપહ્રા હમહ્ બર્નેશાન્દ્
બેયામદ્ દમાન્ સૂએ આન્ કૂહ્સાર્
કે અફ્કન્દએ ખુદ્ કુનદ્ ખાસ્તાર્
સર્ અન્દર્ સૂરયયા યકી કૂહ્ દીદ્
કે ગોઈ સેતારહ્ બેખાહદ્ કશીદ્
નેશીમા અઝ્ બર્ કશીદહ્ બલન્દ્
કે નાયદ્ ઝે કયવાન્ બરૂ બર્ ગઝન્દ્
ફેરૂબોરૂદહ્ અઝ્ શીઝો સન્દલ્ અમૂદ્
યક્ અન્દર્ દેગર્ યાકૂતહ્ ચૂબે ઊદ્
બરાન્ સન્ગે ખારા નેગહ્ કર્દ્ સામ.
બદાન્ હયબતે મોર્ઘો હઉલે કુનામ
યકી કાખ્ બુદ્ તારક્ અન્દર્ સમાક્
ને અઝ્ દસ્તે રન્જો ને અઝ્ આબો ખાક્
સેતાદહ્ જવાની બકેર્દારે સામ
બેદીદશ્ કે મીગશ્ત ગેર્દે કુનામ
અબર્ આફ્રીનન્દહ્ કર્દ્ આફ્રીન્
બેમાલીદ્ રોખ્સારગાન્ બર્ ઝમીન્
કઝાન્સાન્ બદાન્ કૂહ્ મોર્ઘ આફ્રીદ્
ઝે ખારા સર્ અન્દર્ સુરયયા કશીદ્
બેદાનેસ્ત કૂ દાદગર્ દાવરસ્ત
તવાનાઓ અઝ્ બર્તરાન્ બર્તરસ્ત
રહે બર્શુદન્ જોસ્તો કય બૂદ્ રાહ્
દદો દામરા બર્ ચુનાન્ જાએગાહ્
સેતાયેશ્ કુનાન્ ગેર્દે આન્ કૂહે બર્
બરૂઆમદ્ ઝે જાઈ નદીદ્ ઊ ગુઝર્
હમીગોફ્ત કય બર્તરઝ્ જાએગાહ્
ઝે રઉશાન્રવાનો ઝે ખુર્શીદો માહ્
બપૂઝેશ્ બરે તૂ સર્ અફ્કન્દહ્અમ
ઝે તર્સે તો જાન્રા પરાગન્દહ્અમ
ગર્ ઈન્ કૂદક્ અઝ્ પાક્ પોશ્તે મનસ્ત
ને અઝ્ તોખ્મે બદ્ગઉહર્ અહ્રીમનસ્ત
બરીન્ બર્શુદન્ બન્દહ્રા દસ્તગીર્
મરીન્ પુર્ગુનહ્રા તો કુન્ દેલ્પઝીર્

અગરજો તારાં (બચ્ચાં)ની દાયા (એક) મોર્ઘ બને–તો પછી
(તને) આ પેહલવાની શા માટે જોઇયે ?
જો મર્દના બાલ સફેદ હોવા એ એબની વાત હોય–તો તારા મા-
થાનાં બાલ પણ કસ્તુરી જેવા થયલા છે.
આ અને તે એ (સર્વ) તને ખોદાએજ આપ્યું છે–તો ઇન્સાફ
અને ધયર ઇન્સાફે તું કમી કરે છે.
(પછી તો) તું તે પેદા કરનારથી પણ બેઝાર થા–કારણકે તારા
તન ઉપર પણ દરરોઝ નવા નવા રંગ (બદલાય) છે.
જે છોકરાને કે તું તુચ્છ ગણે છે–તેજ ખાસ ખોદાતાલા તરફથી
પળાયો છે.
કારણકે એનાથી વધારે મેહરબાન તેની દાયા (કોઇ) નથી–તને તો
કશી પણ માયાજ નથી. ”
(એવું સાંભળી) ઊંઘમાં સામે જેમ મસ્ત સિંહ ફાંદામાં આવે
(અને પોકાર મારે) તેમ પોકાર માર્યો.
તે ખાબથી બીધો કે એવું નહીં થાય કે ખોદા તેને બૂરો વખત ૨૬૩
દેખાડે.
જ્યારે તે બીદાર થયો ત્યારે દાનાઓને બોલાવ્યા–(અને) સધળા
લશ્કરના સરદારોને બેસાડયા.
(અને પોતે) દોડતો પેલા પહાડ તરફ ગયો–કે પોતાનાં નાખી
દીધેલાં (બચ્ચાં)ની માગણી કરે.
તેણે એક પહાડ જોયો (કે જેનું) સર સુરૈયા સેતારાની અંદર
(હતું)–જાણે તે સેતારાને ખેંચવા માગતો હતો.
તે ઉપર એક બુલંદ માળો બાંધેલો હતો–કે જેના ઉપર શનિશ્ચર
સેતારોબી કશી હાનિ પુગાડી ન શકતો.
આબ્નૂસ અને સુખડના લાકડાંના થાંભા નીચે લટકેલા–(અને) અગ-
રનું લાકડું એક બીજામાં ગોઠવેલું હતું.
તે વાસ્તી બર્યાં મોર્ઘની અને બીક લાગે એવા માળા તરફ–તથા
સખ્ત પહાડ તરફ સામે નેગાહ કીધી.
(તેણે જોયું કે) એક મેહલ (છે) કે જેનું સર સમાક સેતારાને લાગતું–
અને જે નહીં કારીગરો કે નહીં પાણી અને ખાકથી (બાંધેલો હતો).
(ત્યાં) એક જવાન સામની મિસાલનો ઉભેલો–તેણે જોયો કે તે મા-
ળાની આસપાસ ફરતો હતો.
તેણે (સામે) ખોદાતાલા ઉપર દોઆ કરી–માથું ઝમીન ઉપર
મૂક્યું.
કે તે પહાડ ઉપર આવું મોર્ઘ પેદા કર્યું–અને સુરૈયા સૂધી પુગે ૨૬૪
એવો પહાડ બનાવ્યો.
તેણે જાણ્યું કે તેજ દાદગર દાવર શક્તિમાન અને સૌથી વધારે
બરતર છે.
તેણે ઉપર ચઢવાનો રસ્તો શોધ્યો પણ આવી જગ્યા ઉપર (જવાને)
ફાડીખાનાર જાનવર અને પક્ષીઓનેબી રસ્તો કયાં હતો ?
તે તારીફ કરતો પેલા બુલંદ પહાડની આસપાસ (ફરી)–એક જ-
ગ્યાથી ઉપર આવ્યો (પણ) તેણું જવાની જગ્યા જોઇ નહીં.
તે એ પ્રમાણે બોલતો હતો કે “ઓ (ખોદા) ! તું જગ્યા, રોશન
જાન, આફતાબ અને માહતાબથી (પણ) બરતર છે.
માફીને માટે મેં તારી નઝદીક સર મૂક્યું છે–તારી ધાસ્તીએ મારો
જીવ પરેશાન થયો છે.
અગરજો આ બચ્ચું મારીજ પાક પીઠનું છે–(અને) બદ ગોહર
એહરેમનનાં તોખમથી નથી,
તો આ ઉપર ચઢવા માટે તું મુજ બંદાનો દસ્તગીર થા–આ ગુનાહ
ભરેલા (બંદા)નો તું કબૂલ કરનાર થા.

બરહુમત બરૂઅફ્રાઝ ઈન્ બન્દહુરા
બમન્ બાઝ દેહ પૂરે અફૂગન્દહુરા

તારી રેહમથી આ બંદાને સરફ્રરાઝ કર-(અને) નાખી દીધેલાં ફર્ઝંદને મને પાછું આપ."

આવર્દને સીમોર્ઘ્ ઝાલ્રા નઝ્દે સામ્.

ચુ બા દાવરૂ ઈન્ રાઝ્હા ગોફ્તહ્ શુદ
નેયાયેશ હમન્ગહ્ પઝીરોફ્તહ્ શુદ
૨૬૫ નેગહ્ કરૂદ સીમોરૂઘ્ ઝફ્રાઝે કૂહ્
બેદાનેસ્ત ચૂન્ દીદ સામો ગોરૂહ્
કે આન્ આમદનશ અઝ્ પયેં બચ્ચહ્ બૂદ
ને અઝ્ બહ્રે સીમોરૂઘ્ આન્ રાહ્ સૂદ
ચુનીન્ ગોફ્ત સીમોરૂઘ્ બા પૂરે સામ્
કે અય દીદહ્ રન્જે નેશીમો કુનામ્
તોરા પરૂવરન્દહ્ યકી દાયહ્ અમ્
હમત્ દાયહ્ હમ્ નીકુ સરૂમાયહ્ અમ્
નેહાદમ્ તોરા નામ્ દસ્તાને ઝન્દ
કે બા તૂ પેદરૂ કરૂદ દસ્તાનો બન્દ
બદીન્ નામ્ ચૂન્ બાઝ્ ગર્દી ઝે જાય
બેગૂ તાત્ ખાનદ યલે રહ્નુમાય
પેદરૂ સામે યલ્ પહ્લવાને જેહાન્
સરૂઅફ્રાઝ્તરૂ કસ મેયાને મેહાન્
બદીન્ કૂહ્ ફર્ઝન્દજૂ આમદસ્ત
તોરા નઝદે ઊ આબ્રૂ આમદસ્ત
રવા બાશદ અકૂનૂન કે બરૂદારમત્
બેયાઝારૂ નઝદીકે ઊ આરમત્
જવાન્ ચૂન્ ઝે સીમોરૂઘ્ બેશનીદ ઈન્
પુરઝ્ આબ્ ચશ્મો દેલ્ અન્દૂહ્ગીન્
૨૬૬ બરૂ આવાઝે સીમોરૂઘ્ ગોફ્તી સોખન્
ફરાવાન્ ખેરદ બૂદો દાનેશ કોહન્
અગરૂ ચન્દ મરૂદુમ નદીદહ્ બદૂય
ઝે સીમોરૂઘ્ આમૂખ્તહ્ બુદ ગોફ્તગૂય
ઝબાને ખેરદ બૂદો રાએ દુરોસ્ત
બતન્ નીઝ યારી ઝે યઝ્દાન્ બેજોસ્ત

સીમોર્ઘનું ઝાલને સામની નઝદીક લાવવું.

જ્યારે ખોદાતાલાની નઝદીક આ સખુનો તે કહી રહયો-ત્યારે તેજ વખત (તેની) બંદગી કબૂલ થઈ.

જ્યારે બુલંદ પહાડ ઉપરથી સીમોર્ઘે નેગાહ કરી સામ અને લોકોને જોયાં ત્યારે જાણ્યું,

કે તે બચ્ચાં માટેજ આવ્યો છે-નહીં કે સીમોર્ઘ માટે તેણે રસ્તો કાપ્યો હોય.

સીમોર્ઘે સામના છોકરાને એ પ્રમાણે કહયું-કે "ઓ માળાની તકલીફ વેઠેલા !

હું તારી પર્વરશી કરનાર એક દાઈ છું-તારી દાઈ તેમજ તારૂં નેક નસીબ છું.

મેં તારૂં નામ "દસ્તાને ઝંદ*" પાડયું છે-કારણકે તારી સાથે બાપે મકર અને ફરેબ કીધો.

જ્યારે તું આ જગ્યાથી પાછો ફરે ત્યારે તે રેહનુમા પેહલવાનને કહેજે કે તને એજ નામે બોલાવે.

(તારો) બાપ પેહલવાન સામ (જે) જેહાન પેહલવાન-(અને) સરદારોમાં વધારે સરફ્રરાઝ (અને) લાયક (છે),

તે આ પહાડ ઉપર (તું) ફર્ઝંદને શોધવા આવ્યો છે-તને તેની નઝદીક આબરૂ મળશે.

હવે વખત આવ્યો છે કે હું તને ઉઠાવી-એમનો એમ તેની નઝદીક લઈ જાઉં."

જ્યારે તે જવાને સીમોર્ઘથી એવું સાંભળ્યું-ત્યારે (તેની) આંખ આંસુ ભરી અને દિલ ધમગીન' (થયું).

તે સીમોર્ઘની બોલીમાં વાત કરતો હતો-(તેને) ઘણીક અકલ અને પાકટ બુદ્ધિ હતી.

જો કે તેણે ઇન્સાન જોયું હતું નહીં-(પણ) સીમોર્ઘથી તે (ઈન્સાનની) વાતચિત્ત શીખ્યો હતો.

તે દાનાઇભરી ઝબાનનો અને સારી સમજનો હતો-(અને) દિલમાં પણ ખોદાતાલાની મદદ માગતો હતો.

* "દસ્તાને ઝંદ" એટલે યુક્તિવાળો, કુનહબાઝ, સીમોર્ઘના હાથ હેઠળ એણે ઘણી સારી તાલીમ લીધી હતી તેમજ ઘણીક યુક્તિઓ શીખ્યો હતો. "ઝાલ" કરી એને ઓળખવાનું કારણ એ કે જન્મથીજ એના બાલ સફેદ હતા જેથી સર્વે એને ઝાલ એટલે "બુઢઢો" કરી ઓળખવા લાગ્યા. એને "ઝાલેઝર" (સોનેરી બાલવાળો ઝાલ) કરીને પણ કહે છે. અવસ્તા અને પેહલવીમાં એ નામ મળતું નથી. જેહાનપેહલવાન સામનો તે એક પુરોજ છોકરો હતો. તેણે કયકોબાદને પોતાના છોકરા રૂસ્તમની મદદ સાથ ઈરાનની ગાદીએ બેસાડી તુરાની પાદશાહ અફ્રાસિયાબને ઈરાનમાંથી નસાડયો હતો. કયાની વંશની સ્થાપના કરનાર તરીકે ઝાલ અને રૂસ્તમ બન્ને તવારીખમાં જાણીતા થયલા છે. કદીમ ઈરાનના લોકો પોતાના દેશના રાજદ્વારી માણસોમાં ઝાલને સવથી વધારે દાનેશમંદ અને બાહોશ ગણી ગયા છે. ઇરાની શેહનશાહતનો સાચો દોસ્ત અને ઈરાન દેશનો રક્ષણ કરનાર ઝાલ હતો, એમ તવારીખદાનો કહે છે. ઇરાની પ્રજા ઉપર આવી પડતાં સંકટોમાં તેમજ ભયના સમયે લોકો ઝાલની સલાહ લેતાં હતાં. ઝાલ જેટલો બચગીમાં કમનસીબ હતો તેટલોજ ઘડપણમાં પણ દુર્ભાગ્યી હતો. પોતાનાં વહાલાં ફરઝંદો અને ફરઝંદઝાદાઓનાં મરણનાં દુઃખ ખમી શેવટે કમબખ્તીમાં ઝિંદગી પુરી કરી હતી.

બસીમોરૂઘ બેનગરૂ કે દસ્તાન્ ચે ગોફૂત
કે સીરૂ આમદસ્તી હમાના ઝે જોફૂત
નેશીમે તો ફરૂખેન્દહ્ ગાહે મનસ્ત
દો પરેં તો ફરેં કોલાહે મનસ્ત
સેપાસ અઝ તો દારમ પસ અઝ કેરૂદેગારૂ
કે આસાન્ શુદમ અઝ તો દુશ્વારૂ કારૂ
ચુનીન્ દાદ પાસોખ કે ગરૂ તાજો ગાહ્
બેબીનીઓ રસ્મે કયાંની કોલાહ્
મગરૂ કીન્ નેશીમત નેયાયદ બકારૂ
યકી આઝમાયેશ કુન્ અઝ રૂઝગારૂ
ને અઝ દુશ્મની દૂરૂ દારમ તોરા
સુ-ી પાદ્શાહી ગુઝારમ તોરા
તોરા બુદન્ ઇદરૂ મરા દરૂખરસ્ત
વલીકેન્ તોરા આન્ અઝીન્ બેહ્તરસ્ત
અબા ખીશતન્ બરૂ યકી પરેં મન્
હમીશહ્ હમીબાશ બા ફરેં મનં
ગરત હીચ સખ્તી બરૂ આવરન્દ
ઝે નીકો ઝે બદ ગોફૂતગૂ આવરન્દ
બરૂ આતેશ બરૂ અફૂગન્ યકી પરેં મન્
કે બીની હમઅન્દરૂ ઝમાન્ ફરેં મન્
કે દરૂ ઝીરે પરેંત બેપર્વરૂદહ્અમ
અબા બચ્ચગાનત બરૂઆવરૂદહ્અમ
હમન્ગહ્ બેયાયમ ચુ અબ્રે સેયાહ્
બેયાઝારત આરમ બદીન્ જાયગાહ્
ફરામોશ મકુન્ મેહ્રે દાયહ્ ઝે દેલ
કે બાશદ મરા મેહ્રે તૂ દેલગુસેલ
દેલશ કરૂદ પેદ્રામો બરૂદાશ્તશ
ગોરાઝાન્ બઅબ્રૂ અન્દરૂ અફ્રાશ્તશ
ઝે પર્વાઝશ આવરૂદ નઝદે પેદરૂ
રસીદહ્ બઝીરે બરશ મૂએ સરૂ
તનશ પીલવારો રોખશ ચૂન બહારૂ
પેદરૂ ચૂન બેદીદશ બેનાલીદ ઝારૂ
ફેરૂબોરૂદ સરૂ પીશે સીમોરૂઘ ઝૂદ
નેયાયેશ હમી બાફ્રીન્ બરૂ ફઝૂદ
કે અય શાહે મોર્ઘાન્ તોરા દાદગરૂ
બદાન્ દાદ નીરૂઓ ફરેં હોનરૂ
કે બીચારગાન્રા હમી યાવરી
બનીકી બહરૂ દાવરાન્ દાવરી
ઝે તૂ બદસેગાલાન્ હમીશહ્ નેઝન્દ
બેમાન્ હમચુનીન્ જાવેદાન્ ઝૂરમન્દ
હમાન્ગાહ્ સીમોરૂઘ બરૂશુદ બકૂહ
બેમાન્દહ્ બરૂ ચશ્મે સામો ગોરૂહ
પસન્ગહ્ સરો પાએ ફ્રૂદફ્ બેદીદ
હમી તાજો તખ્તે કયીરા સઝીદ
બરો બાઝુએ શીરો ખોરૂશીદ રૂય
બદેલ પહ્લવાન્ દસ્ત શમ્શીરૂજૂય
સપીદશ મુઝહ્ દીદગાન્ કીરૂગૂન્
ચુ બુસ્સદ લબો રોખ બમાનન્દે ખૂન
જોઝ અઝ મૂ બરૂ ઊ બરૂ નેકૂહેશ નબૂદ
બદી દીગરશરા પેઝૂહેશ નબૂદ

તું જો કે ઝાલે સીમોર્ઘને શું કહયું ?–કે "ખચીત તું તારા સાથીથી ઘરાયો છે.

તારો માળો મારૂં મુબારક તખ્ત છે–તારી બેહુ પાંખ મારી કોલાહનો ઝળકાટ છે.

ખોદાતાલાની પછી હું તારૂં એહસાન માનું છું–કારણકે મારૂં મુશ્કેલ કામ તારાથી આસાન થયું છે."

(ત્યારે સીમોર્ગે) એવો જવાબ દીધો કે અગર તું તાઝ તખ્ત અને પાદશાહી કોલાહ જોશે,

તો ખચીત આ માળો તને પસંદ પડશે નહીં–ઝમાનાને હવે તું જરા જો.

હું કાંઇ તને દુશ્મનીથી મારી આગળથી દૂર કરતો નથી–(પણ) તને પાદશાહી (મરતબા) તરફ મોકલું છું.

તારૂં અહિંયાં રહેવું મને તો પસંદ છે–પણ તારે માટે એનાં કરતાં તેં વધારે સારૂં છે.

મારૂં એક પિચ્છ તું પોતાની સાથે લઈ જા–કે હમેશે તું મારા દબ- ૨૬૭
દબા સાથ રહેશે.

અગર તને કાંઈ નેક યા બદ વાતની સખ્તી આવી પડે,

તો મારૂં એક પિચ્છ આતશ ઉપર મેળજે–કે તેજ વખતે તું મારો દબદબો જોશે.

કારણકે મેં તને (મારી) પાંખ નીચે પાળ્યો છે–(અને મારાં) બચ્ચાંઓ સાથ તને ઉધાર્યો છે.

હવે હું સીઆહ વાદળ પેરે ઉડી તને કશી પણ તકલીફ પુગાડયા વગર, પેલી જગા ઉપર (જ્યાં સામ છે ત્યાં) લઈ જઈશ.

તું દિલથી (મુજ) દાયાની મોહબત ભૂલી ના જતો–કારણકે તારી મોહતબ મારૂં દિલ તોડનારી છે."

(એમ કહી) તેનું દિલ ખુશ કરીને તેને ઉઠાવ્યો–(અને) નાઝ નખરાંથી તેને વાદળ ઉપર ઉઠાવી ચાલ્યું.

ઉડાવીને તેને બાપની નઝદીક લઈ આવ્યું–તેનાં માથાનાં બાલ છાતી નીચે (સૂધી) લટકતા હતા.

તેનું તન હાથીની મિસાલ અને ચેહરો બહારની મિસાલ (હતો)– જ્યારે બાપે તેને જોયો ત્યારે પુષ્કલ રડયો.

(પછી) જલ્દીથી તેણે સીમોર્ઘની આગળ સર નમાવ્યું–(અને) દોઆ સાથ તેની વખાણ કરી.

કે "એ મોર્ગોના પાદશાહ ! તને ખોદાતાલાએ–આવું ઝોર, દબ- ૨૬૮
દબો અને હોનર એને માટે બક્ષ્યો (છે),

કે તું લાચારોનો મદદગાર થાય–(અને) દરેક ઈન્સાફ માગનારાઓનો તું નેકીથી ઇન્સાફ કરે.

તારાથી હમેશે દુશ્મનો ખુવાર (હોજો) !–એજ પ્રમાણે તું જાવેદાન સૂધી ઝોરમંદ રહેજો !"

તેજ વખતે સીમોર્ઘ પહાડ ઉપર ઉડી ગયું–સામ અને લશ્કરની નઝર તેના ઉપર રહેલી (હતી).

ત્યાર પછી (સામે) છોકરાને પગથી માથા (સૂધી) જોયો–કે તે પાદશાહી તાજ અને તખ્ત લાયકનો હતો.

સીના અને બાઝૂમાં સિંહ અને ચેહરામાં આફતાબ,–દિલથી બાહદુર અને હાથ શમ્શેર શોધનારો,

તેનાં પાંપણ સફેદ (અને) આંખો સીહા રંગની–લબ પરવાલાં મિસાલ અને મોઢું લાલ લોહી મિસાલનું (હતું).

(સફેદ) બાલ સિવાય તેનાં બદન ઉપર બીજી એબ નહીં હતી– બીજી કોઇ પણ બદી તેમાં નહીં હતી.

દેલે સામ શુદ ચૂન્ બેહેશ્તે બરીન્
બરાન્ પાક્ ફર્ઝંન્દ કરૂદ આફ્રીન્
બમન્ અય પેસર્ ગોફ્ત દેલ્ નરૂમ કુન્
ગુઝશ્તહ્ મકુન્ યાદો દેલ્ ગરૂમ કુન્
૨૬૯ મનમ કમતરીન્ બન્દહ યઝદાન્પરસ્તત
અઝાન્ પસ કે આવરૂદમત બાઝ્ દસ્ત
પઝીરોફ્તહ્અમ અઝ્ ખોદાએ બુઝોરૂગ્
કે દેલ્ બર્ તો હરૂગેઝ્ નદારમ સુતોરૂગ્
બેખાહમ હવાએ તો અઝ્ નીકો બદ
અઝાન્ પસ ચુ ખાહી તો ચૂનાન્ સઝદ
તનશ્રા યકી પહ્લવાની કબાય
બેપૂશીદો અઝ્ કૂહ્ બોગ્ઝારૂદ પાય
ફેરૂદ આમદ અઝ્ કૂહો બાલાએ ખાસ્ત
હમાન્ જામએ ખુસ્રવ્આરાએ ખાસ્તં
સેપહ્ યકસરહ્ પીશે સામ આમદન્દ
કુશાદહ્દેલો શાદકામ આમદન્દ
તબીરહ્ઝનાન્ પીશ બેરૂદન્દ પીલ્
બરૂઆમદ યકી ગરૂદ ચૂન કૂહે નીલ્
ખેરૂશીદને કૂસ બા કર્નાય
હમાન્ જન્ગે હેન્દીઓ હેન્દી દરાય
સવારાન્ હમહ્ નઅરહ્ બરૂદાશ્તન્દ
બદાન્ ખુર્રમી રાહ્ બોગ્ઝાશ્તન્દ
બશાદી બશહ્રૂ અન્દરૂન્ આમદન્દ
અબા પહ્લવાની કુઝૂન આમદન્દ

સામનું દિલ બુલંદ બેહેશ્ત મિસાલ થયું-(અને) તે પાક ફરઝંદ ઉપર તેણે આફ્રીન કીધી.

તે બોલ્યો કે "ઓ બેટા તું મારી ઉપર દયા કર-ગુઝરેલી વાત યાદ ના કર અને ઉલટ પકડ.

હું યઝદાનપરસ્ત કમતરીન બંદો-હવે જ્યારે તને મારા હાથમાં પાછો લાવ્યો છું,

ત્યારે બુરતર ખોદાતાલાની આગળ મેં કબૂલાત આપી છે-કે તારી ઉપર કદી પણ સખ્ત દિલનો થઈશ નહીં.

હવેથી જેવી રીતની લાયક હોય તેવી રીતની તારી ભલી અને બૂરી મુરાદ જે ચાહશે તે હું બર લાવીશ."

(પછી) તેનાં શરીરને એક પેહલવાની જભ્ભાથી-ઢાંકયું અને પહાડ ઉપરથી ઊઠાંગરી કરી.

તે પહાડ ઉપરથી નીચે આવ્યો અને સવારીનો ઘોડો તેમજ પાદશાહી સણગારનાં કપડાં માગ્યાં.

તમામ લશ્કર હરખ ભર્યા દિલ અને ખુશી સાથ સામની આગળ આવ્યું.

તેઓએ નગારાં વજાડતા હાથી આગળ ચલાવ્યા-(જેથી) નીલના પહાડની મિસાલ એક ધૂળ ઉઠી.

નગારાં, કરનાએ તેમજ હિંદી ઘંટ અને હિંદી સરનાઇનો પોકાર ઉઠયો.

સઘળા સવારોએ પોકાર ઉઠાવ્યો-(અને) ખુશહાલી ભર્યા રાહ કાપવા લાગ્યા.

તેઓ એક વધુ પેહલવાન લઇને ખુશહાલી સાથ શેહરમાં આવ્યા.

આગાહ્ શુદને મેનૂચેહ્ર્ અઝ્ આમદને સામ્ બા ઝાલ્ વ ફેરેસ્તાદને નવ્દર્રા બતલબે ઈશાન્.

૨૭૦ કે ઝાબુલ્ બશાહ્ આમદ ઈન્ આગહી
કે સામ આમદ અઝ્ કૂહ્ બા ફર્રહી
અઝાન્ આગહી શુદ મેનૂચેહ્રૂ શાહ
બસી અઝ્ જહાન્આફ્રીન્ કરૂદ યાદ
મેનૂચેહ્રૂરા બુદ દો પૂરે ગુઝીન
દલીરો ખેરદમન્દો બા ફરૂરો દીન
યકી નામ નવ્દરૂ દેગરૂ બુદ ઝરસ્પ
બમયદાન્ બમાનન્દે આઝરૂગોશસ્પ
બેફરૂમૂદ તા નવ્દરે નામદારૂ
શવદ તાઝેયાન્ પીશે સામે સવારૂ

મિનોચેહરને ઝાલની સાથ સામને આવવાની ખબર થવી અને નવદરને તેઓને બોલાવવા મોકલવો.

પાદશાહને ઝાબુલથી એવી ખબર મલી,-કે "સામ પહાડ તરફથી દબદબા સાથ આવ્યો છે."

તે ખબરથી મિનોચેહર ખુશી થયો-(અને) ખોદાતાલાને ઘણોક યાદ કર્યો.

મિનોચેહરને પસંદ કરવા લાયક, બહાદુર, અકલમંદ, દબદબા અને દીન સાથના બે છોકરા હતા.

એકનું નામ "નવદર", અને બીજાનું "ઝરસ્પ" હતું-(તેઓ લડાઈનાં) મયદાનમાં આઝરગોશસ્પની* મિસાલ (તેઝ હતા).

(પાદશાહે) ફરમાવ્યું કે "નામવર નવદર-દોડતો સામે સવારની નઝદીક જાય.

* એને વીજળીનો આતશ કહે છે પાદશાહ કયખુસરૂએ બહમન દેઝ ફતેહ કર્યા બાદ એને અસ્નવંત નામના પહાડ ઉપર તખ્તનશીન કર્યો હતો. એ આતશ રથએશ્તારો ઉપર મુવક્કલ છે. આઝરગોશસ્પની મિસાલ એટલે "પુષ્કળ ઝડપથી" દરેક ઠેકાણે સમજી લેવું.

ચુ બીનદ્ યકી રૂએ દસ્તાને સામ્
કે ખુદ્ પર્વરાનીદહ્ અન્દર્ કુનામ્
કુનદ્ આફ્રીને કયાની બરૂય
બદાન્ શાદ્માની કે ખુર્રુશાદ્ . રૂય
બેફર્માયદશ તા સુઝી શહ્રયાર્
શવદ્ તા સખુનહા કુનદ્ આશ્કાર્
•વઝાન્ જા સુવી • ઝાબુલેસ્તાન્ શવદ્
બર્ આયીને ખુસ્રવપરસ્તાન્ શવદ્
ચુ નવ્દર્ બરે સામે નયરમ રસીદ્
યકી નવજવાન્ પહ્લવાન્રા બેદીદ્
ફેરૂદ્ આમદ્ અઝ્ અસ્પ્ સામે સવાર્
ગેરેફ્તન્દ્ મર્ યક્ દેગરૂરા કેનાર્
ઝે શાહો ઝે ગોર્દાન્ બેપુર્સીદ્ સામ્
વઝીશાન્ બદ્ દાદ્ નવ્દર્ • પયામ્
ચુ બેશ્નીદ્ પયઘામે શાકે બુઝોર્ગ્
ઝમીન્રા બેબૂસીદ્ સામે સુતોર્ગ્
દમાન્ સૂએ દર્ગાહ્ બેન્હાદ્ રૂય
ચુનાન્ કશ બેફર્મૂદ્ દીહીમજૂય
ફરાઝે યકી પીલ્ બર્ ઝાલેઝર્
નેશાન્દો બેરાન્દશ સબુક્ સૂએ દર્
ચુ આમદ્ બનઝ્દીકીએ શહ્રે શાહ્
શહન્શાહ્ પઝીરહ્ શુદશ બા સેપાહ્
દેરફ્શે મેનૂચેહ્ર્ ચૂન દીદ્ સામ્
પેયાદહ્ શુદ્ અઝ્ અસ્પા બુગ્ઝારૂદ્ ગામ્
ઝમીન્રા બેબૂસીદ્ પસ પહ્લવાન્
કે જાવીદ્ ઝી શાહો રઉશન્રવાન્
મેનૂચેહ્ર્ ફર્મૂદ્ તા બર્નેશસ્તં
મરાન્ પાકદેલ્ મર્દે ખુસ્રવપરસ્ત.
સુયી તખ્તે ઈરાન્ નેહાદન્દ્ રૂય
યે દીહીમદારો યે દીહીમજૂય
મેનૂચેહ્ર્ બર્ ગાહ્ બેન્શસ્ત શાદ્
કોલાહે કયાની બસર્ બર્નેહાદ્
બયક્ દસ્ત કારન્ બયક્ દસ્ત સામ્.
નેશસ્તન્દ્ રઉશન્દેલો શાદ્કામ્
પસ આરાસ્તહ્ ઝાલ્રા પીશે શાહ્
બઝર્રીન્ આમૂદો બઝર્રીન્ કોલાહ્
ગોરાઝાન્ બેયાવર્દ્ સાલારે બાર્
શેગેફ્તી બેમાન્દ્ અન્દર શહ્રયાર્
પસ ગાહ્ મેનૂચેહ્ર્ બા સામ્ ગેફ્ત.
કે ઈન્રા હમાના કસી નીસ્ત જોફ્ત
બદીન્ બોર્ઝો બાલા બદીન્ ખૂબ્ચેહ્ર્
તો ગૂઈ કે આરામે જાનસ્તો મેહ્ર્
ચુનીન્ ગોફ્ત મર્ સામરા શહ્રયાર્
કે અઝ્ મન્ તો ઈન્રા બઝેન્હાર્ દાર્
બખીરહ્ મેયાઝારશ અઝ્ હીચ રૂય
બકસ શાદ્માને મશવ્ જોઝ્ બદ્રૂય
કે ફર્રે કયાન્ દારદો ચન્ગે શીર્
દેલે હુશમન્દાનો ફર્હંગે પીર્
બેયામૂઝ ઊરા રહે સાઝે રઝમ્
હમાન્ શાદ્કામીઓ આયીને બઝમ્

જ્યારે સામના દસ્તાનનો ચેહરો તે જોય-કે જે પક્ષીના માળામાં પર્વરેશ થયલો છે,

ત્યારે તે ઉપર પાદશાહી દોઆ કરે-(અને) ખુશહાલીથી મોં ખોલીને

તેને ફર્માવે કે જેથી તે પાદશાહની તરફ-જાય અને બધી વાત ખોલીને કહે,

અને ત્યાંથી પાદશાહપરસ્તોની રસમ પ્રમાણે-(પાછો) ઝાબુલેસ્તાન તરફ જાય."

જ્યારે નવદર, નરીમાનના સામની નઝદીક પહોંચ્યો-ત્યારે તેણે એક નવજવાન પેહલવાનને જોયો.

(તેજ વખત) સામે સવાર ઘોડા ઉપરથી નીચે ઉતર્યો-(અને) એક બીજાને બઘલગીરી કીધી. ૨૭૧

સામે, પાદશાહ અને પેહલવાનોની (ખબર) પૂછી-અને નવદરે તેને તેઓ તરફનો પયઘામ પુગાડયો.

જ્યારે બુઝોર્ગ પાદશાહનો પયઘામ સાંભળ્યો-ત્યારે દેલાવર સામે ઝમીન ચૂમી.

(પછી) જેવી રીતે કે તેને પાદશાહે ફર્માવ્યું હતું તેવી રીતે તે શિતાબીથી (પાદશાહી) દરગાહ તરફ ચાલ્યો.

એક મસ્ત હાથી ઉપર ઝાલેઝરને બેસાડીને તેને જલ્દી દરબાર તરફ ચલાવ્યો.

જ્યારે તે પાદશાહનાં શેહરની નઝદીક આવી લાગ્યો-ત્યારે શેહનશાહ લશ્કર સાથ તેને એસ્તેકબાલ ગયો.

જ્યારે સામે, મિનોચેહરનો ઝુંડો જોયો-ત્યારે ઘોડા ઉપરથી પેયાદો થઇને ચાલવા લાગ્યો.

પછી તે પેહલવાને ઝમીન ચૂમી-(અને બોલ્યો) કે "તું (શાહ) હમેશ રોશન જીવ અને ખુશહાલી (સાથ) જીવજે !"

મિનોચેહરે ફર્માવ્યું જેથી તે પાક દિલનો ખુસરૂપરસ્ત મર્દ પાછો સવાર થયો.

(પછી) શું તે તાજદાર (શાહ) અને શું તે તાજ શોધનાર (પેહલવાન) ઈરાનનાં તખ્ત તરફ ચાલ્યા.

મિનોચેહર પાદશાહી કોલાહ સર ઉપર મેળી ખુશહાલ તખ્ત ઉપર બેઠો. ૨૭૨

એક હાથ ઉપર કારન (અને) બીજા હાથ ઉપર સામ રોશન દિલ અને ખુશી સાથ બેઠા.

પછી ઝાલને સોનેરી ગોર્ઝ અને સોનેરી કોલાહ સાથ સણગારીને પાદશાહની નઝદીક,

દરબારનો સરદાર ખુશહાલ ચલાવતો લઈ આવ્યો-જેથી પાદશાહ અજબ રહયો.

પછી મિનોચેહરે સામને કહ્યું-કે "ખચીત એનો કોઈ જોડયો નથી.

આવો દબદબો, કદ અને ખૂબસૂરત ચેહરાથી-જાણે જીવનો આરામ અને માયાજ છે."

(વળી) સામને પાદશાહે એ પ્રમાણે કહયું-કે "મારા તરફથી તું એને પનાહમાં રાખ.

બેહુદાપણાથી તેને કોઈ પણ રીતે દુઃખી ના કરતો-તેના સિવાય તું કોઈ સાથ ખુશહાલ ના રહેતો.

કારણકે તે પાદશાહી દબદબો અને સિંહની ચુંગાલ, દાનાઓનું દિલ અને બુઢ્ઢાઓની અકલ ધરાવે છે.

તેને તું લડાઇનાં હથિયાર વાપડવાની રીત તેમજ ખુશહાલી અને મજલેસનો તરીકો શીખવ.

૨૭૩ નદીદસ્ત જોઝ મોર્ઘો કૂહો કોનામ
કુજા દાનદ્ આયીને શાહીઓ નામ
પસ અઝ કારે સીમોર્ઘો કૂહે બુલન્દ
વઝાન્ તા ચેરા ખારૂ શુદ અરૂજમન્દ
યકાયક બદૂ સામે યલ્ બાઝ ગોફૂત
ઝે ખુર્દો ઝે ખોફૂતો ઝે જાએ નેહોફૂત
વઝ અફૂકન્દને ઝાલ્ બોકુશાદ રાઝ
કે ચૂન ગશ્ત બરૂ સરૂ સેપહૂરે ફરાઝ
બેરફૂતમ બફર્માને ગીહાન્ખોદાય
બઅલ્બોરૂઝ કૂહ અન્દરાન્ સખ્ત જાય
યકી કૂહ દીદમ સરૂ અન્દરૂ સહાબ્
સેપહૂરીસ્ત ગોફૂતી ઝે ખારા બરૂ આબ્
બદૂ બરૂ નેશીમી ચુ કાખે બલન્દ
ઝે હરૂ સૂ બરૂ બસ્તહૂ રાહે ગઝન્દ
બદૂ અન્દરૂન્ બચ્ચહૂ સીમોર્ઘો ઝાલ્
તો ગોફૂતી કે હસ્તન્દ હરૂ દૂ હમાલ્
હમી બૂએ મેહૂરૂ આમદ અઝ બાદે ઊય
બદેલ્ રાહત આવરૂદમી યાદે ઊય
નબુદ રાહૂ બરૂ કૂહ અઝ હીચ રૂય
દવીદમ બસી ગેરૂદે ઊ સૂ બસૂય
૨૭૪ મરા પૂયએ પૂરે ગુમ બૂદહૂ ખાસ્ત
બદેલ્ સૂઝગી જાન્ હમીરફૂતુ ખાસ્ત
અબા દાવરે પાક ગોફૂતમ બરાઝ
કે અય ચારએ ખલ્કો ખુદ બીનેયાઝ
રસીદહૂ બહૂરૂ જાએ બુર્હાને તૂ
નગરૂદદ ફલક જોઝ બફર્માને તૂ
યકી બન્દહૂ અમ બા દેલે પુરૂગુનાહૂ
બનઝદે ખોદાવન્દે ખુરૂશીદો માહૂ
ઉમીદમ બબખ્શાયેશે તોસ્ત બસ
બચીઝી દેગરૂ નીસ્તમ દસ્તરસ
તો ઈન્ બન્દએ મોરૂઘ પર્વદહૂરા
બખારીઓ ઝારી બરૂઆર્વદહૂરા
યકી ચરૂમ પૂશદ બજાએ હરીરૂ
મઝદ ગોશ્ત હન્ગામે પેસ્તાને શીરૂ
રસાન્ તા બમન્ યા મરા રાહૂ કુન્
સુવી ઊઓ ઈન્ રન્જ કુતાહૂ કુન્
બબદ મેહૂરીએ મન્ રવાનમ મસૂઝ
બમન્ બાઝ બખ્શો દેલમ બરૂફેરૂઝ
બફર્માને યઝદાન્ ચુ ઈન્ ગોફૂતહૂ શુદ
નેયાયેશ હમન્ગહૂ પઝીરોફૂતહૂ શુદ
૨૭૫ બેઝદ પરોં સીમોરૂઘ બરૂશુદ બઅબ્રૂ
હમી હલ્કહૂ ઝદ બરૂ સરે મરૂદે કબ્રૂ
ઝે કૂહ અન્દરૂ આમદ ચુ અબ્રે બહારૂ
ગેરેફૂતહૂ તને ઝાલ્રા દરૂ કેનારૂ
ઝે બૂયશ જહાન્ પાક પુરૂ મુશ્ક શુદ
દો દીદહૂ મરા તરૂ દો લબ્ ખુશ્ક શુદ
ઝે સહૂમે વયો પૂયએ પૂરે ખીશ
ખેરદ દરૂ સરમ જાએ નગ્રેફૂત પીશ
બપીશે મન્ આવરૂદ ચૂન દાયઈ
કે દરૂ મેહૂરૂ બાશદ વરા પાયઈ

તેણે મુર્ઘ, પહાડ અને માળા સિવાય (કાંઈ બીજું) જોયું નથી–તે કેવી રીતે પાદશાહી રીત અને નામદારી જાણે ?"

પછી સીમોર્ઘ અને બુલંદ પહાડની બાબદથી–તે ઝાલ શા માટે ખુવાર થયો ત્યાં સૂધીની,

સઘળી ખાવા પીવાની, સુવાની અને છૂપી જગ્યાની (હકીકત) સામે તેને કહી.

અને ઝાલને નાખીદેવાનો ભેદ ખોલ્યો–કે " બુલંદ આસ્માને તેની સાથે શું ખેલ ખેલ્યો.

દુન્યાના સાહેબના હોકમથી હું તે અલ્બોર્ઝ પહાડની સખ્ત જગ્યામાં ગયો.

"મેં એક પહાડ જોયો (જેનું) સર વાદળમાં (હતું)–જાણે પાણી ઉપર પત્થરનું એક આસ્માન હતું.

તેના ઉપર બુલંદ મેહલનાં જેવો એક માળો હતો–જેને નુકસાન પુગાડવાનો કોઈ પણ રસ્તો ખુલ્લો ન હતો.

તેની અંદર સીમોર્ઘનું બચ્ચું અને ઝાલ (હતાં)–જાણે તે બેહુ સાથી હતાં.

તેની હવામાંથી માયાની સુગંધ (લાગણી) આવતી હતી–તેની યાદ મારા દિલમાં આરામ લાવતી હતી.

હું તેની આસપાસ દરેક તરફ ઘણોબી ફરી વળ્યો–(પણ) તે પહાડ ઉપર કોઈ તરફથી રસ્તો હતો નહીં.

મને ગુમ થયલા છોકરા માટે ભટકવું પડયું–બલાપાથી (મારો) જીવ નીકળી જવા ચાહતો હતો.

(ત્યારે) મેં પાક દાદારને અર્ઝ કરી કહયું–કે ' ઓ ખલ્કનાં લોકોનો ચારો કરનાર અને તું પોતે હાજત વગરનો (સાહેબ),

તારી સાબેતી દરેક જગ્યાએ પહોંચેલી છે–તારા હોકમ સિવાય આસ્માન ફરી શકતો નથી.

તું આફતાબ અને માહતાબના સાહેબની નઝદીક–હું એક ગુનાહ ભરેલાં દિલનો બંદો છું.

મારી ઉમેદ તારી બક્ષેશ ઉપર છે (અને) બસ–બીજી કોઈ ચીઝ ઉપર મારો હાથ પુગી શકતો નથી.

તું આ મોર્ઘથી પર્વરેશ થયલા બંદાને–ખુવારી અને સખ્તીથી ઉછરેલાને,

(કે જે) રેશમી કપડાંને બદલે ચામડું પહેરે છે–(અને) દૂધનાં થાનને વખતે ગોસ્ત ચૂસે છે (તેને)

તું મુજ તક પુગાડ અથવા મને તેની તરફ જવાનો રસ્તો દેખાડ–અને આ દુઃખ ઓછું કર.

મારી બૂરી માયાને લીધે તું મારા જીવને ના બાળ–તે (છોકરો) મને પાછો બખ્શ અને મારૂં દિલ રોશન કર !'

જ્યારે એ કહી રહયો ત્યારે તેજ વખત ખોદાના હોકમથી (મારી) બંદગી કબૂલ થઇ.

સીમોર્ઘ પાંખ ઉપાડી વાદળ ઉપર ગયું–અને લોખંડી કોલાહ પહેરેલા (સાંમ) ઉંપર ઉડવા લાગ્યું.

તે ઝાલને બઘલમાં લઇને–બહારનાં વાદલની મિસાલ પહાડ ઉપરથી નીચે આવ્યું.

તેનાં પમરાટથી જેહાન બિલકુલ કસ્તુરી ભરેલી થઈ–મારી બેહુ આંખ ભિની અને બેહુ હોઠ સુક્કા થયા.

' તેની ધાસ્તી અને મારા છોકરાની દોડથી–મારાં માથાંમાં અકલ રહી નહીં.

(તેને) એક દાઇની માફક કે જે ઘણી મેહરબાની ભરેલી હોય તેમ મારી નઝદીક લાવ્યું.

ઝબાનમ બકુ બરૂ સેતાયેશ ગેરેફૂત
બસીઓરૂઘ બોરૂદમ નમાઝ અય શેગેફૂત
બમન માન્દ ફર્ઝન્દો ખુદ બાઝ ગશ્ત
તો ગૂઈ કે બા ચરૂખ અમ્બાઝ ગશ્ત
મન આવરૂદમશ નઝદે શાહે 'જેહાન
હમહ આશકારા બેકરૂદમ નેહાન

મારી ઝબાને તેની તારીફ કીધી-વધુ અજાયબ જેવું તો એ છે કે મેં તેના આગળ સર નમાવ્યું.

(પછી) આ ફર્ઝંદ મારી આગળ મૂકી પોતે પાછું ગયું.-જાણે કે તે આસ્માન સાથ ભેળાઇ ગયું.

હું તેને (તું) જેહાનના પાદશાહની નઝદીક લાવ્યો-(આ) સઘળી છૂપી (વાત) મેં (તને) ઝાહેર કરી. "

જોસ્તને મૂબેદાન્ અખ્તરે ઝાલ્રા વ બાઝ્ ગશ્તને 'સામ્ બા ઝાલેઝર્ બઝાબુલેસ્તાન્.

બેફરૂમૂદ પસ શાહ બા મૂબદાન્
સેતારહશેનાસાનો હમ બેખ્રદાન્
બેજૂચીદ તા અખ્તરે ઝાલ ચીસ્ત
બદાન્ અખ્તરૂ અઝ્ બખ્ત સાલારૂ કીસ્ત
ચે ગીરદ બુલન્દી ચે ખાહદ બદન્
હમહ દાસ્તાનહા બેબાયદ ઝદન્
સેતારહશેનાસાનો હમ મૂબેદાન્
ગેરેફૂતન્દ પયદા ઝે અખ્તરૂ નેશાન્
બેગોફૂતન્દ બા નામવરૂ શહરૂયારૂ
કે ઊ પહલવાની બુવદ નામદારૂ
હોશીવારો બીદારો ગોર્દો દેલીરૂ
સેપહદારો ગોરૂદઅફૂકનો શીરૂગીરૂ
ચુ બેશ્નીદ શાહ ઈન્ સખુન્ શાદ શુદ
દેલે પહલવાન્ અઝ્ ધમ આઝાદ શુદ
યકી ખેલઅત આરાસ્ત શાહે ઝમીન્
કે ખાન્દન્દ હરૂ કસ બરૂ આફૂરીન્
ઝે અસ્પાને તાઝી બઝર્રીન્ સેતામ
બશમ્શીરે હેન્દી બઝર્રીન્ નેયામ
ઝે દીબાઓ ખઝ્ઝો ઝે યાકૂતો ઝરૂ
ઝે ગુસ્તરૂદનીહાએ બેસ્યારૂ મરૂ
ઘોલામાને રૂમી બદીબાએ રૂમ
હમહ પયકરૂ અઝ્ ગઉહરો ઝરૂશ બૂમ
ઝબરૂજદ તબકૂહાએ પીરૂઝહ જામ
ચે અઝ્ ઝર્રે સોખ્તે ચે અઝ્ સીમે ખામ
પુરઝ્ મુશ્કો કાફૂરો પુરૂ ઝઅફરાન્
હમહ પીશ બોરૂદન્દ ફર્માન્બરાન્
હમાન્ જઉશનો તર્કો બરૂગુસ્તુવાન્
હમાન્ નીઝહો તીઘો ગોર્ઝે ગેરાન્
હમાન્ તખ્તે પીરૂઝહો તાજે 'ઝરૂ
હમાન્ મોહરે યાકૂતો ઝર્રીન્ કમરૂ
બમોહરશ મેનૂચેહરૂ અહદી નેવેશ્ત
સરાસરૂ સેતાયેશ બસાને બેહેશ્ત
હમહ કાબુલો દમ્બરો માએ હેન્દ
ઝે દર્યાએ ચીન્ તા બદર્યાએ સેન્દ

દાનાઓએ ઝાલનું નસીબ જોવું અને સામનું ઝાલેઝર સાથ ઝાબુલેસ્તાન પાછું ફરવું.

પછી પાદશાહે મોબેદો, સેતારેશેનાસો અને દાનાઓને ફર્માવ્યું,

(કે) "તમો ઝાલના ગ્રહ જુઓ કે કેવા છે-સેતારામાં ઊંચો (સેતારો) કયો છે,

તે શું નેકનામી મેળવશે અને શું થશે ?-તે સઘળી વાત કહેવી ૨૭૬
જોઇયે. "

નુજુમીઓ તેમજ દાનાઓએ-(તેના) ગ્રહ જોયા.

તેઓએ નામવર પાદશાહને કહયું-કે " તે એક નામવર પેહલવાન થશે.

તે હોશ્યાર, ચાલાક, જવાન મર્દ અને દેલાવર (થશે)-તે પેહલવાનોને પટકનાર અને સિંહોને પકડનારો સરદાર (થશે)."

જ્યારે પાદશાહે આ વાત સાંભળી ત્યારે ખુશી થયો-(અને સામ) પેહલવાનનું દિલ ધમથી મોકળું થયું.

દુન્યાના પાદશાહે એક સરપાવ તૈયાર કરાવ્યો-કે દરેક જણ તેના ઉપર આફ્રીન કરે.

સોનેરી લગામ સાથના અરબી ઘોડા, સોનેરી મેયાન સાથની હિંદી તલવાર,

રેશમી અને બાલનાં વણેલાં કપડાં, માણેક, સોનું, ઘણાક ગાલીચા,

રૂમી રેશમી કપડાં સાથના રૂમી ઘોલામો-જે કપડાં પર મોતી ટાંકેલાં અને સોનેરી કોરો હતી.

પોખરાજની રકાબીઓ (અને) પીરોઝાની જામ-શું ખાલેસ સોનું અને શું ખરૂં રૂપું.

(તેમજ) કસ્તુરી, કપૂર અને કેસર ભરીને-ચાકરો તે સઘળું તેની ૨૭૭
આગળ લઇ ગયા.

તેમજ બખ્તર, કોલાહ અને પાખરં-તેમજ નેઝો, તલવાર અને ભારી ગોર્ઝ,

તેમજ પીરોઝાનું તખ્ત અને સોનેરી તાજ-તેમજ માણેકની મોહર અને સોનેરી કમરબંદ (લાવ્યા).

મિનોચેહરે તેની મોહર ઉપર બેહેસ્તની મિસલ સઘળી તારીફ સાથ એક કરારનામું લખ્યું.

સઘળું કાબુલ અને હિંદુસ્તાનનાં " દમ્બર " અને " માઇ " (નામનાં શેહરો)-(અને) ચીનના દર્યાથી તે સિંધના દર્યા સૂધી (નો મુલક),

ઝે ઝાબુલસેતાન્ તા બદાન્ રૂએ બોસ્ત
બનવ્વી નેવેશતન્દ અહૂદી દુરોસ્ત
ચુ ઈન્ અહૂદો ખેલઅત બેયારાસ્તન્દ
પસ અસ્પે જહાન્પહૂલવાન્ ખાસ્તન્દ
ચુ ઈન્ કરૂદહૂ શુદ સામ્ બરૂપાએ ખાસ્ત
બેગોફૂત અય ગુઝીન્ મેહૂતરે દાદે રાસ્ત
શુદહૂ તા બરૂ અફ્રાખ્તહૂ ચર્ખે માહૂ
ચુ તૂ શાહૂ નન્હાદ બરૂ સરૂ કોલાહૂ
બમેહૂરો બરાયો બખૂયો ખરદ
ઝમાનહૂ હમી અઝ તો રામેશ બરદ
૨૭૮ હમહૂ ગન્જે ગીતી બચશ્મે તો ખારૂ
મબાદા બજોઝ નામે તૂ યાદગારૂ
ફરાઝ્ આમદો તખ્તરા દાદ બૂસ
બેબસ્તન્દ બરૂ કૂહએ પીલ્ કૂસ
સુવી ઝાબુલેસ્તાન્ નેહાદન્દ રૂય
નઝારહૂ બરૂ બરૂ હમહૂ શહૂરો કૂય
ચુ આમદ બનઝદીકીએ નીમરૂઝ
ખબરૂ શુદ કે સાલારે ગીતીફ઼ોરૂઝ
કે આમદ અબા ખેલઅતો તાજે ઝરૂ
અબા અહૂદો મન્શૂરો ઝર્રીન કમરૂ
બેયારાસ્તહૂ સીસ્તાન્ ચૂન્ બેહેશ્ત
ગેલશ મુશ્ક શુદ નીઝો ઝરૂ ગશ્ત ખેશ્ત
બસી મુશ્કો દીનારૂ બરૂ રીખ્તન્દ
બસી ઝઅફ઼રાનો ગોહરૂ રીખ્તન્દ
યકી શાદમાની શુદ અન્દરૂ જેહાન્
સરાસરૂ મેયાને કેહાનો મેહાન્
હરાન્જા કે બુદ મેહૂતરે નામ્જૂય
ઝે ગીતી સુવી સામ્ બેન્હાદ રૂય
કે ફર્ખોન્દહૂ બાદા પયે ઈન્ જવાન્
બદીન્ તાઝહૂ દેલ નામવરૂ પહૂલવાન્
૨૭૯ ચુ બરૂ પહૂલવાન્ આફ઼રીન્ ખાન્દન્દ
અબરૂ ઝાલેઝરૂ ઝરૂ બરૂ અફ઼્શાન્દન્દ
કસીકૂ બખેલઅત સઝાવારૂ બૂદ
ખેરદમન્દ બૂદો જહાન્દારૂ બૂદ
બઅન્દાઝહૂ શાન્ ખેલઅત આરાસ્તન્દ
હમહૂ પાયએ બરૂતરી ખાસ્તન્દ
પસ આન્ગાહૂ સામ અઝ પયે પૂરે ખીશ
હોનરહાએ શાહાન્ બેયાવરૂદ પીશ
જહાન્દીદગાન્રા ઝે કેશ્વરૂ બેખાન્દ
સખુન્હાએ બાયેસ્તહૂ ચન્દીન્ બેરાન્દ
ચુનીન્ ગોફૂત બા નામવરૂ બેખ્રદાન્
કે અય પાકૂ હોશયારૂદેલ મૂબદાન્
ચુનીનસ્ત ફર્માને હોશ્યારૂ શાહૂ
કે લશ્કરૂ હમીરાન્દ બાયદ બરાહૂ
સુવી કરૂગ્સારાનો માઝન્દરાન્
હમીરાન્દ ખાહમ સેપાહે ગરાન્
દેલો જાનમ ઈંદરૂ બમાનદ હમી
મેઝહૂ ખૂને દેલ બરૂફ઼શાનદ હમી
બગાહે જવાનીઓ કુન્દાવરી
યકી બીહુદહૂ સાખ્તમ દાવરી

(તેમજ) ઝાબુલેસ્તાનથી તે "બોસ્ત" નામના મુલકની) હદ સૂધીનો—એક કરાર નવેસરથી બરાબર લખ્યો.

જ્યારે આ કરાર અને સરપાવ તૈયાર થયો—ત્યાર પછી જેહાનપેહલવાનનો ઘોડો મંગાવ્યો.

જ્યારે આ થઇ રહયું ત્યારે સામ ઉઠયો—(અને) બોલ્યો (કે) "ઓ રાસ્ત ઇન્સાફના પસંદ કરેલા સરદાર!

જ્યારથી આસ્માન અને માહતાબ પયદા થયાં ત્યારથી—તું પાદશાહ માફક કોઇ થયો નથી.

મેહરબાની, અકલ, ખસ્લત, અને દાનાઈમાં—ઝમાનો તારાથીજ ખુશહાલી મેળવે છે.

દુન્યાનો સઘળો ખઝાનો તારી નઝરમાં ખોવાર (છે)—તારા સિવાય (કોઇનું) નામ યાદગાર ના રહેતું."

(એમ કહી) તે નઝદીક આવ્યો અને તખ્તને બોસો દીધો—(પછી) હાથીની પીઠ ઉપર નગારાં બાંધ્યાં

તેઓએ ઝાબુલેસ્તાન તરફ મોં કર્યાં—તે ઉપર સઘળાં શેહર અને મોહલ્લાનાં (લોકો)ની નઝર હતી.

જ્યારે તે નીમરોઝની નઝદીક આવી પહોંચ્યો ત્યારે તે દુન્યાને રોશન કરનાર સરદારની ખબર (બધે) થઈ,

કે તે સરપાવ. સોનેરી તાજ, પરવાનો, ફર્માન અને સોનેરી કમરબંદ સાથ આવ્યો છે.

તેઓએ સીસ્તાન શેહર બેહેસ્તની માફક સણગાર્યું—તેની ધૂળ કસ્તુરી બની અને ઇંટ સોનું થઇ.

ઘણીક કસ્તુરી, દીનાર, કેસર અને ગોહર તેઓએ વેર્યાં.

દુન્યાની અંદર તમામ નાનાં અને મોટાઓ વચ્ચે એક ખુશહાલી થઇ રહી

દુન્યામાં હરએક જગ્યાએ જ્યાં કે નામતેય સરદારો હતા તેઓ સામની તરફ ચાલ્યા,

(અને બોલ્યા) કે "આ જવાનનાં કદમ મુબારક હોજો!—એનાથી (તું) નામવર પેહલવાનનું દિલ ખુશ (રહેજો)!"

જ્યારે તેઓ તે પેહલવાન ઉપર દોઆ કરી રહયા—ત્યારે ઝાલેઝર ઉપર સોનાનો વધાવો કર્યો.

(પછી સામે) જે કોઈ કે સરપાવને લાયકના દાનાઓ અને હાકેમો હતા,

તેઓને માફકસરનો સરપાવ આપ્યો (અને) સઘળાનો દરજ્જો વધાર્યો.

ત્યાર પછી સામ પોતાના છોકરાને પાદશાહોને લાયકના હોનરો શીખવવાની ગોઠવણ કરવા લાગ્યો.

તેણે (હરેક) મુલકમાંથી અનુભવીઓનો બોલાવ્યા—(અને) તેઓને કેટલાક લાયક સખુના કહયા.

તેણે તે નામવર દાનાઓને એ પ્રમાણે કહયું—કે "ઓ પાક હોસ્યાર દિલનાં મોબેદો!

દાના પાદશાહનું એ રવેશેનું ફર્માન છે—કે (તારે બીજા) માર્ગમાં લશ્કર લઈ જવું જોઇયે.

કર્ગસાર અને માઝંદરાન તરફ—હું એક ભારી લશ્કર લઈ જવા ચાહું છું.

મારૂં દિલ અને જાન અહિંજ રહેશે—મારી આંખનાં પાંપણ મારાં દિલનું લોહી વરસાવશે.

જવાની અને ઝોરાવરીનાં વખતમાં—મેં એક બેહુદુ કામ કર્યું હતું.

પેસરૂ દાદ યઝદાન્ બેયન્દાખ્તમ્
ઝે બીદાનેશી અરૂજ્ નેશ્નાખ્તમ્
ગેરાન્માયહુ સીમોરૂઘ બરૂદાશ્તશ
હુમાન્ આફ્રીનન્દહુ બેગ્માશ્તશ
મરા ખારૂ બુદ મોરૂઘરા અરૂજમન્દ
બેપર્વરૂદ તા શુદ ચુ સર્વે બલન્દ
ચુ હન્ગામે બખ્શાયેશ્ટૂ આમદ્ ફરાઝ
જહાન્દારૂ યઝ્દાન્ બમન્ દાદ બાઝ
શુમારા સેપોરૂદમ્. બઆમૂખ્તન્
રવાન્શઝ્ હોનરૂહા બરૂઅફ્રૂખ્તન્
બેદાનીદ કીન્ યાદ્ગારે મનસ્ત
બનઝ્દે શુમા ઝીન્હારે મનસ્ત
ગેરામીશ દારીદો પન્દશ દેહીદ
હમહુ રાહો રાએ બલન્દશ દેહીદ
કે મન્ રફ્તુ ખાહમ્ બફર્માને શાહુ
સોવી દુશ્મનાન્ બા સરાને સેપાહુ
સોવી ઝાલ્ કરૂદ આન્ ગહી સામ રૂય
કે દાદો દેહેશ ગીરો આરામ્ જૂય
ચુનાન્ દાન્ કે ઝાબુલસેતાન્ ખાને તોસ્ત
જહાન્ સરૂબસરૂ ઝીરે ફર્માને તોસ્ત
તોરા ખાનોમાન્ બાદ આબાદ તરૂ
દેલે દૂસ્તાનત બતૂ શાદ તરૂ
કલીદે દરે ગન્જહા પીશે તોસ્ત
દેલે શાદો ઘમ્ગીન્ બકમ બીશે તોસ્ત
દેલે રઉશનત હરૂ ચે ખાહદ બકારૂ
બજા આરૂ અઝ્ બઝ્મો અઝ્ કારૂઝારૂ
બસામ્ આન્ગહી ગોફ્તુ ઝાલે જવાન્
કે ચૂન્ ઝીસ્ત ખાહુમ્ મન્ ઈદરૂ નવાન્
કસી બા ગુનહુ કૂ ઝે માદરૂ નઝાદ
મન્ આનમ્ સઝદ ગરૂ બેનાલમ્ બદાદ
જુદા પીશતરૂ ઝીન્ કુજા દાશ્તી
મદારમ્ કે આમદ ગહે આશ્તી
ગહી ઝીરે ચન્ગાલે મોરૂઘ અંદરૂન્
ચમીદન્ બખાકો મઝીદન્ બખૂન્
કુનામમ્ નેશસ્ત આમદો મોરૂઘ યારૂ
બદાન્ગહ કે બૂદમ્ ઝે મોર્ઘાન્ શુમારૂ
કુનૂન્ દૂરૂ માન્દમ્ ઝે પર્વરૂદેગારૂ
ચુનીન્ પર્વરાનદ મરા રૂઝ્ગારૂ
ઝે ગુલ્ બહુરએ મન્ બજોઝ્ ખારૂ નીસ્ત
બદીન્ બા જહાન્દારૂ પયકારૂ નીસ્ત
પેદરૂ ગોફ્તુ પર્દાખ્તન્ દેલ સઝાસ્ત
બેપર્દાઝો બરૂગૂય હરૂ ચત હવાસ્ત
સેતારહુશુમોરૂ મરૂદે અખ્તરૂશેરાય
ચુનીન્ ઝદ તોરાઝ્ અખ્તરે નીકૂરાય
કે ઈદરૂ તોરા બાશદ આરામગાહુ
હમ ઈદરૂ સેપાહો હમ ઈદરૂ કોલાહુ
ગુઝરૂ નીસ્ત અઝ્ હોકૂમે ગર્દાન્ સેપેહુરૂ
હમ ઈદરૂ બેબાયદત ગુસ્તરૂદ મેહુરૂ
કુનૂન્ ગેરૂદે ખીશ અન્દરૂ આવરૂ ગોરૂહુ
સવારાનો ગોર્દાનો દાનેશ પેઝૂહુ

(મને) ખોદાતાલાએ છોકરો આપ્યો (જેને) મેં નાખી દીધો- ૨૮૦
(અને) વગર અકલે (તેની) કીમત નહીં પિછાની.
બુઝોર્ગ સીમોર્ઘે તેને ઊંચકી લીધું,-તેમજ ખોદાતાલાએ (તે બચ્ચાં
માટેજ) તેને મોકલી આપ્યું.
(તે બચ્ચું) મારી આંખોમાં નકામું હતું (પણ, સીમોર્ઘને કીમતી
હતું-(તેથી) તેણે પાળ્યું અને તે સરોવર મિસાલ બુલંદ થયું.
જ્યારે બખ્શેશ કરવાનો વખત નઝદીક આવ્યો-ત્યારે જેહાનના રાખ-
નાર ખોદાતાલાએ તે મને પાછું આપ્યું.
તેને કેળવણી આપવા તથા તેના જાનને રોશન કરવા માટે મેં તમોને
સોંપી આપ્યો છે.
તુમો જાણજો કે આ મારો યાદગાર છે-(અને) તમોને સોંપેલી એ
મારી અનામત છે.
તેને તમો પ્યારથી રાખજો અને શીખામણ આપજો-તેને સઘળી રીત-
ભાંત અને સમજ ઊંચા પ્રકારની આપજો.
કારણકે હું પાદશાહના હોકમથી લશ્કરના સરદારો સાથ દુશ્મનોની
તરફ જવા ચાહું છું."
ત્યાર પછી સામે ઝાલની તરફ મોં કરી (કહ્યું)-કે "તું ઈન્સાફ
અને સખાવત કરજે અને સારી રીતે રહેજે.
તું એમ જાણજે કે (આખું) ઝાબુલેસ્તાન તારૂંજ ઘર છે-તમામ
દુન્યા તારા હોકમ નીચે છે.
તારૂં ખાન્દાન વધારે આબાદ હોજો!-તારા દોસ્તોનાં દિલ તારાથી ૨૮૧
વધારે ખુશહાલ રહેજો!
ખઝાનાના દરવાઝાની ચાવી તારીજ પાસે છે-ખુશહાલ અને ઘમગીન
દિલ તારી કમઝયાદા (બક્ષેશ) ઉપર છે.
તારૂં રોશન દિલ ખુશીની મજલેસ અને લડાઈનાં કામ માટે જે કાંઈ
ચાહે તે પ્રમાણે તું કરજે."
ત્યારે જવાન ઝાલે સામને કહ્યું-કે "હું અહિંયાં (એખલો) રડતો
કેમ જીવી શકીશ?
કોઈ ગુનાહ સાથેજ માને પેટે જન્મ્યો નથી-(પણ) હું તે છું કે જો
ઈન્સાફને માટે પોકાર કરૂં તો તે લાયક છે.
કારણકે તેં (મને) પહેલેથીજ જુદો રાખ્યો-(હવે જ્યારે)
સલાહસંપનોજ વખતે આવ્યો (ત્યારે) મને (જુદો) ના રાખ.
એક વખત તો મુર્ઘના પંજા હેઠલ, ધૂલમાં ફરવા અને લોહી ચૂંસ-
વામાં હું રહેલો હતો.
માળો મારૂં ઘર હતું અને મુર્ઘ મારૂં મિત્ર હતું.-તે વખતે મારી
ગણત્રી (પણ) મુર્ઘોમાંજ હતી,
(અને) હવડાં હું બાપથી (પણ) દૂર પડું છું-ઝમાનો મને એ-
વીજ રીતે પાળશે.
ગોલાબમાથી મને કાંટા સિવાય કશું બીજું નથી મળતું-એ બાબ-
દમાં હું ખોદાતાલાને ઠપકો આપતો નથી."
(ત્યારે) બાપે કહ્યું કે "(આવા વિચારોથી તારૂં) દિલ ખાલી કરવું ૨૮૨
લાયક છે-તું તે ખાલી કર અને જે કાંઈ તારી ખાહેશ હોય તે કહે.
સેતારાની ગણત્રી કરનાર નુજૂમીએ-તારા સારા સેતારાની ચાલ માટે
એમ કહ્યું છે,
કે તારૂં રહેવાનું અહીંજ થશે-અહીંજ (તારૂં) લશ્કર અને અહીંજ
કોલાહ.
ફરતા આસ્માનના હોકમથી છૂટાતું નથી-(તેથી) તને અહીંજ
માયા વધારવી જોઇયે (યાને રહેવું જોઇયે).
હવે તારી આસપાસ સવારો, પેહલવાનો અને દાના લોકોને એકઠા
કર;

બેયામૂઝો બેશનવ્ ઝે હર્ દાનેશી
બેયાબી ઝે હર્ દાનેશી રામેશી
ઝે ખુર્દો ઝે બખ્શેશ મેયાસાય હીચ
હમહ્ દાનેશો દાદ્ દાદન્ પસીચ
દેગર્ બા ખેરદમન્દ મર્દુમ નેશીન
કે નાદાન્ નબાશદ્ બર્ આયીનો દીન્
કે દાના અગર્ દુશ્મને જાન્ બુવદ્
બેહ્ અઝ્ દોસ્ત મર્દી કે નાદાન્ બુવદ્
તો ફર્ઝન્દીઓ યાદગારે મની
બહર્ કાર્ દસ્તૂરો યારે મની
૨૮૩ ઉમીદમ્ બદાદારે રૂઝે શુમાર્
કે અઝ્ બખ્તો દવલત શવી બખ્તયાર્
બેગોફ્ત ઇનો બર્ખાસ્ત્ આવાઝે કૂસ
હવા કીર્ગૂન શુદ્ ઝમીન્ આબ્નૂસ
ખોરૂશીદને ઝન્ગે હેન્દી દરાય
બર્આમદ્ ઝે દહ્લીઝે પર્દહ્સરાય
અબા સી હઝાર્ અઝ્ દેલીરાને કાર્
ચૂ શી[illegible] જન્ગાં ગહે કાર્ઝાર્
સેપહ્બુદ્ સુવી જન્ગ્ બેન્હાદ્ રૂય
યકી સાખ્તહ્ લશ્કરી જન્ગ્જૂય
બેશુદ્ ઝાલ્ બા ઊ દો મન્ઝેલ્ બરાહ્
બદાન્ તા પેદર્ ચૂન્ ગુઝારદ્ સેપાહ્
પેદર્ ઝાલ્રા તન્ગ્ દર્ બર્ ગેરેફ્ત
શેગેફ્તી ખોરૂશીદન્ અન્દર્ ગેરેફ્ત
હમી ઝાલ્રા દીદહ્ દર્ ખૂન્ નેશાન્દ્
બરોખ બર્ હમી ખૂને દેલ્ બર્ફેશાન્દ્
બેફર્મૂદ્ તા બાઝ્ ગર્દદ્ ઝે રાહ્
શવદ્ શાદ્દેલ્ સૂએ તખ્તો કોલાહ્
બેયામદ્ પુર્ અન્દીશહ્ દસ્તાને સામ
કે તા ચૂન્ ઝેયદ્ બીપેદર્ શાદ્કામ
૨૮૪ નેશસ્ત અઝ્ બરે નામવર્ તખ્તે આજ
બસર્ બર્ નેહાદ્ આન્ ફેરૂઝન્દહ્ તાજ
અબા યારેહો ગોર્ઝએ ગાવસર્
અબા તઉકે ઝરીનો ઝરીન્ કમર્
ઝે હર્ કેશ્વરી મૂબેદાન્રા બેખાન્દ્
પેઝૂહીદહ્ હર્ ચીઝો હર્ ગૂનહ્ રાન્દ્
સેતારહ્શેનાસાનો દીન્આવરાન્
સવારાને જન્ગીઓ કીન્આવરાન્
શબો રૂઝ્ બૂદન્દ્ બા વય બહમ
ઝદન્દી હમી રાએ બર્ બીશો કમ
ચુનાન્ ગશ્ત ઝાલ્ અઝ્ બસ આમૂખ્તન્
કે ગોફ્તી સેતારહ્સ્તઝ્ અફ્રૂખ્તન્
બરાયો બદાનેશ બજાઈ રસીદ્
કે ચૂન્ ખીશતન્ દર્ જહાન્ કસ નદીદ્
સવારીશ ચુનાન્ બુદી દર્ જેહાન્
કઝ્ દાસ્તાનહા ઝદન્દી મેહાન્
ઝે ખૂબીશ ખીરહ્ શુદી મર્દો ઝન્
ચુ દીદી શુદન્દી બર્ અન્જુમન
હરાન્ કસ કે નઝ્દીક્ યા દૂર્ બૂદ્
ગુમાન્ મુશ્ક્ બોર્દન્દો કાફૂર્ બૂદ્

(અને) દરેક દાનાઈ શીખ અને સમજ–તે દરેક દાનાઈથી તું ખુશાહાલી મેળવશે.

તું ખાવા પીવા અને ખેરાત કરવાથી જરા પણ પછાત પડતો ના–દાનાઈ અને ઇન્સાફ કરવાનીજ ખાહેશ કરજે.

બીજું તું અકલમંદ માણસ સાથ બેસજે,–કારણકે નાદાન રાહરસમ અને ધર્મ ઉપર (ચુસ્ત) હોતો નથી.

કારણકે અગર એક દાના કટ્ટો દુશ્મન હોય–તે એક દોસ્ત કે જે નાદાન હોય તે કરતાં ભલો (હોય છે).

તું મારૂં ફરઝંદ અને મારો યાદગાર છે–તું દરેક કામમાં મારો વઝીર અને યાર છે.

મને કેયામતના દહાડાના સાહેબથી ઉમેદ છે–કે તું બખ્ત અને દોલતથી ભાગ્યેશાલી થશે."

એટલું બોલ્યો અને નકારાંનાં આવાઝ ઉઠયા–હવા અંધારી અને ઝમીન આબ્નૂસ થઈ.

સરાપર્દાના દરવાઝાથી હિંદી ઘંટના આવાઝ નીકળ્યા.

અનુભવી દેલીરોમાંથી લડાઈ વખતે જંગી સિંહની મિસાલના ત્રીસ હઝાર (સવારો) સાથનું,

એક લડાયક લશ્કર તૈયાર કરીને–સેપહસાલાર (સામ) લડાઇ તરફ ચાલ્યો.

ઝાલ તેની સાથ બે મંઝલ સૂધી રાહમાં ગયો–એટલા માટેજ કે બાપ કેવી રીતે લશ્કર લઈ જાય છે.

(પછી) બાપે ઝાલને મઝબૂત બઘલમાં પકડયો–(અને) અજબ જેવી રીતે રડવા પડયો.

(અને) ઝાલની આંખ પણ આંસુ ભરેલી કીધી–તેનાં મોં ઉપર લોહીનાં આંસુ વરસાવ્યાં

(પછી) તેણે ફર્માવ્યું કે "(હવે) તે રાહમાંથી પાછો ફરે–(અને) ખુશહાલ દિલે તખ્ત અને કોલાહ ધારણ કરે."

(હવે) સામનો ઝાલ અંદેશાભરેલો પાછો ફર્યો– બાપ વગર હું કેવી રીતે ખુશહાલીથી જીવીશ.

તે નામવર (સામ)નાં હાથીદાંતનાં તખ્ત ઉપર બેઠો માથાં ઉપર તેનું ઝળકતું તાજ મેલ્યું.

(હાથમાં) સોનાનાં કળાં અને ગાએની સૂરતનો ગોર્ઝ–(તેમજ) સોનેરી સાંકળી અને સોનેરી કમરબંદ સાથ (બેઠો).

તેણે દરેક મુલકથી દાનાઓને બોલાવ્યા–(અને) દરેક ચીઝની અને દરેક રીતની શોધખોળ ચલાવી.

નુજૂમીઓ, ધર્મ સમજાવનારાઓ, લડાયેક સવારો અને કીનાના લેનારાઓ,

રાત અને દિવસ તેની સાથેજ રહેતા–(અને) નાનાં મોટાં કામ ઉપર વિચાર ચલાવતા.

પુષ્કળ કેળવણી લીધાથી ઝાલ એવો થયો–કે ગોયા તે એક રોશન સેતારોજ છે.

તે દાનાઈ અને બાહોશીમાં એટલે સૂધી પહોંચ્યો–કે પોતાના જેવો દુંન્યામાં કોઇ જોયો નહીં.

તેની ઘોડે સવારી એવી હતી–કે સરદાર લોકો તેનીજ વાત કરતા.

તેની ખૂબીથી મર્દ અને ઓરત અજબ થતાં–(અને) જ્યારે તેને જોતાં ત્યારે તેની આસપાસ ભેગાં મળતાં.

જે કોઈ કે નઝદીક યા દૂર હતા તેઓ તે (કે જે) કપૂર હતો તેને કસ્તુરી સમજવા લાગ્યા.

ચુનીન્ હમ હમીગશ્ત ગર્દાન્ સેપેહ્ર્
બદર્ સામો બર્ ઝાલ્ ગુસ્તરદહ્ મેહ્ર્
ચુનાન્ બુદ કે રૂઝી ચુનાન્ કરદ રાય
કે દર્ પાદ્શાહી બેજુમ્બદ્ ઝે જાય
બેરૂન્ રફ્ત બા વીઝહ્ ગોર્દાને ખીશ
કે બા વય યકી બૂદ્ શાન્ રાયો કીશ
સોવી કેશ્વરે હેન્દવાનૂ કરદ રાય
સોવી કાબુલો દમ્બરો મર્ગો માય
બહર્ જાએગાહી બેયારાસ્તી
મયો રૂદો રામેશગરાન્ ખાસ્તી
કુશાદહ્ દરે ગન્જો અફ્કન્દહ્ રન્જ
બર્ આયીનો રસ્મે સરાએ સેપન્જ
ઝે ઝાબુલ્ બકાબુલ્ રસીદ આન્ ઝમાન્
ગોરાઝાનો ખન્દાનો દેલ્શાદમાન્

એજ રવેશે ફરતો આસ્માન પણ ફરતો હતો–(અને) સામ તથા ૨૮૫
ઝાલ ઉપર મેહરબાની પાંથરતો હતો.

એમ બન્યું કે એક દિવસ તેણે એવો વિચાર કર્યો–કે તે (પોતાના) મુલકમાં ફરવા નીકળે.

(જેથી) તે પોતાનો ખાસ પેહલવાનો સાથ બાહેર નીકળ્યો–કે જેઓનાં વિચાર અને મત પોતાના જેવાંજ હતાં.

તેણે હિંદુસ્તાનના મુલક તરફ (તેમજ) કાબુલ, દમ્બર, મર્ગ અને માઈ તરફ (જવાનો) વિચાર કર્યો.

તે દરેક ઠેકાણે મજલેસ ભરતો–(અને) શરાબ, વાજીંત્ર અને રામેશંગરો બોલાવતો હતો.

તેણે ત્રણપાંચ દિવસની દુન્યાની રાહરસમ પ્રમાણે રંજ દૂર કરીને ખઝાનાનો દરવાઝો ખોલ્યો.

તે દોડતો, હસતો અને ખુશહાલ દિલે ઝાબુલથી એમ કરતાં કરતાં કાબુલ તરફ આવી પહોંચ્યો.

સર્ગુઝશ્તે ઝાલ્ બા મેહ્રાબે કાબુલી વ આશેક્ શુદને ઝાલ્ બર્ રૂદાબહ્ દોખ્તે મેહ્રાબ્.

ઝાલનો કાબુલી મેહરાબ સાથનો કિસ્સો અને ઝાલનું મેહરાબની છોકરી રોદાબે ઉપર આશેક થવું.

યકી પાદ્શા બૂદ મેહ્રાબ્ નામ
ઝબર્દસ્તો બા ગન્જો ગુસ્તરદહ્ કામ
બબાલા બકેર્દારે આઝાદ સર્વ
બરોખ્ ચૂન્ બહારો બરફ્તન્ તઝર્વ
દેલે બેખ્રદાન્ દાશ્ત મગ્ઝે રદાન્
દો કેફ્તે ચલાનો હોશે મૂબદાન્
ઝે ઝહ્હાકે તાઝી ગોહર્ દાશ્તી
ઝે કાબુલ્ હમહ્ બૂમો બર્ દાશ્તી
હમીદાદ હર્ સાલ્ બા સામ્ સાવ
કે બા વય બરઝ્મશ નબૂદ ઈચ તાવ્
ચુ આગહ્ શુદ અઝ્ કારે દસ્તાને સામ
ઝે કાબુલ્ બેયામદ બહન્ગામે બામ
અબા ગન્જો અસ્પાને આરાસ્તહ્
ઘોલામાનો હર્ ગૂનઈ ખાસ્તહ્
ઝે દીનારો યાકૂતો મુશ્કો અબીર્
ઝે દીબાએ ઝરબફ્તો ખઝ્ઝો હરીર્
યકી તાજે પુર્ ગઉહરે શાહ્વાર્
યકી તઉકે ઝર્રીન્ ઝબરજદ નેગાર્
સરાન્ હર્ કે બૂદન્દ કાબુલ્ સેપાહ્
બેયાવરદ બા ખીશતન્ સૂએ રાહ્
ચુ આમદ બદસ્તાને સામ આગેહી
કે ઝીબા મેહી અન્દર્ આમદ મેહી
પઝીરહ્ શુદશ ઝાલો બેન્વાખ્તશ
બઆયીન્ યકી પાયગહ્ સાખ્તશ
સુવી તખ્તે પીરૂઝહ્ બાઝ્ આમદન્દ
કુશાદહ્ દેલો બઝ્મસાઝ્ આમદન્દ

મેહરાબ નામનો એક ઝબરદસ્ત, ખઝાના સાથનો અને મુરાદમંદ પાદશાહ હતો.

તે કદમાં આઝાદ સર્વની મિસાલનો,–ચેહરામાં બહારની મિસાલનો અને ચાલમાં તઝર્વ (રાની મર્ઘા)ની (મિસાલનો) હતો.

તે અકલમંદોનું દિલ અને દાનાઓનું મઘઝ (ધરાવતો હતો)–(તેને) બે પેહલવાની ખભાં અને દાનાઓની દાનાઇ (હતી).

તે ઝોહાક તાઝીની અવલાદનો હતો–(તેમજ) તે કાબુલનો સઘળો ૨૮૬
મુલક ધરાવતો હતો.

તે દર વર્ષે સામને ચોથાઇ આપતો હતો–કારણકે તેની સાથ લડાઇ કરવાની (તેમાં) કાંઈજ શક્તિ હતી નહીં.

જ્યારે તે સામના દસ્તાનનાં કામથી વાકેફ થયો–ત્યારે કાબુલથી બામદાદને વખત (તેની તરફ) આવ્યો.

ખઝાના, સણગારેલા ઘોડા, ઘોલામો, હરેક જાતનો હદીયો,

દીનાર, યાકૂત, કસ્તુરી, અબીર, સોનેરી વણતનાં, બાલના અને રેશમી કપડાં,

એક પાદશાહી ગોહરથી ભરેલું તાજ,–એક પોખરાજની મઢેલી સોનેરી સાંકળી,

(તેમજ) કાબુલી લશ્કર અને જે કોઇ સરદારો હતા–(તેમોને) પોતા સાથ તેની તરફ લઈ આવ્યો.

જ્યારે સામના દસ્તાનને ખબર પડી–કે એક ઝેબભરેલો સરદાર દબદબા સાથે આવે છે,

ત્યારે ઝાલ તેને સામે લેવા ગયો અને તેને ઘણીક આબરૂ આપી–(અને) તેને લાયકનો મરતબો આપ્યો.

તેઓ પીરોઝાના તખ્ત તરફ ખુશહાલ દિલે આવ્યા અને ખુશીની મજલેસની તૈયારી કરી.

૨૮૭ ચકી પહૂલવાની નેહાદન્દ ખાન્
નેશસ્તન્દ બરૂ ખાને ઊ ફરૂરોખાન્
ગુસારન્દએ મય મય આવરૂદ જામ
નેગહ્ કરૂદ મેહ્રાબ્ દરૂ પૂરે સામ
ખુશ આમદ હમાનાશ દીદારે ઊય
દેલશ તીઝ્ તરૂ ગશ્ત દરૂકારે ઊય
અઝાન્ દાનેશો રાએ મેહ્રાબ્ ગોરૂદ
હેલો દાનેશો હૂશ ઊરા સેપોરૂદ
ચુ મેહ્રાબ્ બરૂખાસ્ત અઝ્ ખાને ઝાલ્
નેગહ્ કરૂદ ઝાલ્ અન્દરાન્ બોઝોં યાલ્
ચુનીન્ ગોફ્ત બા મેહ્તરાન્ ઝાલેઝર
કે ઝીબન્દહ્ તરૂ ઝીન્ કે બન્દદ કમરૂ
બચેહરો બબાલાએ ઊ મરૂદ નીસ્ત
કસશ જૂય ઊરા હમઆવરૂદ નીસ્ત
ચકી નામદારૂ અઝ્ મેયાને મેહાન્
ચુનીન્ ગોફ્ત કય પહૂલવાને જેહાન્
પસે પરૂદઈ ઊ ચકી દોખ્તરસ્ત
કે રૂયશ ઝે ખુરૂશીદ રઉશન્ તરસ્ત
ઝે સરૂ તા બપાયશ બકેર્દારે આજ
બરોખ ચૂન્ બહારો બબાલા ચુ સાજ
૨૮૮ બરૂ આન્ સોફૂતે સીમીન્ દો મુશ્કીન્ કમન્દ
સરશ ગશ્તહ્ ચૂન્ હલકએ પાએબન્દ
રોખાનશ ચુ ગુલ્નારો લબ્ નારૂવાન્
ઝે સીમીન્ બરશ રોસ્તહ્ દૂ નારૂ દાન્
દો ચશ્મશ બસાને દો નર્ગેસ બબાઘ
મોઝહ્ તીરગી બોરૂદહ્ અઝ્ પર્રે ઝાઘ
દો અબ્રૂ બસાને કમાને તરાઝ્
બરૂ તૂઝ્ પૂશીદહ્ અઝ્ મુશ્કે નાઝ્
અગરૂ માહ જૂઈ હમહ્ રૂએ ઊસ્ત
વગરૂ મુશ્ક જૂઈ હમહ્ મૂએ ઊસ્ત
સરે ઝુલ્ફો જઅદશ ચુ મુશ્કીન્ ઝેરેહ્
ફેકન્દસ્ત ગૂઈ ગેરેહ્ બરૂ ગેરેહ્
દહ્ અન્ગુશ્ત બરૂસાને સીમીન્ કલમ્
બરૂ કરૂદહ્ અઝ્ ઘાલીયહ્ સદ રકમ્
બેહેશ્તીસ્ત સરૂ તા સરૂ આરાસ્તહ્
પુરૂ આરાયેશો રામેશો ખાસ્તહ્
તોરા ઝીબદ અય નામવરૂ પહૂલવાન્
કે માનન્દે માહસ્ત બરૂ આસ્માન્
ચુ બેશ્નીદ ઝાલ્ ઈન્ સખુન્હા અઝૂય
બેજુમ્બીદ મેહ્રશ બરાન્ માહરૂય
૨૮૯ બરૂઆર્વદ મરૂ ઝાલ્રા દેલ્ બજૂશ
ચુનાન્ શુદ કઝૂ રફ્ત આરામો હૂશ
કે અઝ્ નીકોઈ મરૂદ અચદૂન્ બુવદ
બખૂબી અઝીન્ ઝાદહ્ ખુદ ચૂન્ બુવદ
શબ્ આમદ દરૂ અન્દીશહ્ બેન્શસ્ત ઝારૂ
બનાદીદહ્ બરૂશુદ બજાન્ સૂગ્વારૂ
ચુ ઝદ બરૂ સરે કૂહ્ બરૂ તીઘ શીદ
ચુ કાફૂરૂ શુદ રૂએ ગીતી સપીદ
દરે બારૂ બોકુશાદ દસ્તાને સામ
બેરફ્તન્દ ગોર્દાન્ બઝર્રીન્ નેયામ

એક દબદબાભરેલો સફરો બિછાવ્યો–(અને) મુબારક કદમનાઓ તે ખાણા ઉપર બિરાજ્યા.

(અને). શાકી, શરાબ અને જામ લાવ્યો–મેહરાબે સામના છોકરા ઉપર નઝર કીધી.

તેજ વખતે તેને તેનો ચેહરો પસંદ આવ્યો–(અને) તેનું દિલ તેની તરફ ખેંચાવા લાગ્યું.

તેની દાનાઇ અને સમજ જોઇને મેહરાબ પેહલવાને–(પોતાનું) દિલ દાનાઈ અને હોશ તેને સોંપ્યો.

જ્યારે ઝાલનાં ખાણા ઉપરથી મેહરાબ ઉઠયો–ત્યારે તેના કદ અને બાઝૂ ઉપર ઝાલેઝરે નેગાહ કરી,

(અને) ઝાલેઝરે સરદારોને એ પ્રમાણે કહ્યું કે " આનાં કરતાં વધારે ઝેબ આપનારો પેહલવાન કયો હોગ ?

ચેહરા અને કદમાં તેના જેવો મર્દ નથી–ગોયા તેનો કોઈ હરીફજ નથી."

(ત્યારે) તે સરદારોમાંથી એક નામદારે–એ પ્રમાણે કહ્યું કે " ઓ જેહાનના પેહલવાન !

તેનાં ઘરમાં એક છોકરી છે કે તેનો ચેહરો આફતાબથી પણ વધુ રોશન છે.

તે પગથી માથાં સૂધી હાથીદાંતની મિસાલ (સફેદ),–ચેહરામાં બહારની મિસાલ અને કદમાં સાગની મિસાલ (લાંબી છે).

તેની રૂપેરી ગર્દન ઉપર બે કસ્તુરીની કમન્દ છે–જેનાં માથાં પગમાં પેહેરવાનાં કડાં જેવાં વળેલાં (ગોળ) છે.

તેના ગાલો દાડમનાં ફૂલ મિસાલ અને હોઠ લાલચોળ (છે)–તેની રૂપેરી છાતી ઉપર બે દાડમના દાના ઉગેલા (છે).

તેણીની આંખો જાણે બગીચામાં જોડે જોડ ઉગેલી બે નર્ગેસ (છે)–તેણીનાં પાંપણે કાગડાનાં પરના કાળાસને પણ ધોઇ નાખ્યો છે.

તેણીનાં ભવાં જાણે તરાઝ શેહરમાં બનાવેલી બે કમાન (મિસાલ છે)–વળી તેની ઉપર ખાલેસ કસ્તુરીનું પડ ચઢાવ્યું હોય એવાં કાળાં (છે).

અગર તું માહતાબ જોવા માગતો હોય તો પેલો ચેહરો–અને અગર તું કસ્તુરી સુંઘવા ચાહે તો પેલા તેણીના બાલ (છે).

તેના વળેલા અને ઝુલ્ફાંવાળા બાલનું માથું કસ્તુરીનાં બખ્તરની મિસાલ ગોયા બખ્તરની કડીઓ પેરે એક એક સાથે એક ગુંથાયલું,

(તેના હાથનાં) દશે આગળાં રૂપેરી કલમની મિસાલનાં–તે ઉપર સુધંધી સો (રેખા) ચીતારેલા.

તેણી માથાંથી પગ સૂધી જાણે બેહેશ્તજ છે–ગાયણ, નાચ અને ખૂબસૂરતી (ભરેલી) છે.

ઓ નામવર પેહલવાન ! તે તારેજ લાયકની (છે)–કારણકે તે આસ્માન ઉપર(ના) માહતાબની મિસાલ છે. "

જ્યારે તેનાથી ઝાલે આ સખુન સાંભળ્યા–ત્યારે તે માહરૂઇ ઉપર તેનો પ્યાર ઉભરી આવ્યો.

ઝાલનું દિલ ગભરાટમાં પડયું–એવું થયું કે તેનો આરામ અને હોશ (પણ) જતા રહ્યા.

જ્યારે કે તેણીનો બાપજ આવો ખૂબસૂરત છે–ત્યારે એનેથી ઉત્પન્ન થયલી કેવીક હશે ?

(જ્યારે) રાત પડી (ત્યારે) તે વિચારમાં રડતો બેઠો– (ઉપલી માશુકને) નહીં જોયા છતાં શોકભરેલો થયો.

જ્યારે સૂરજે પોતાની (કિરણ રૂપી) તલવાર પહાડના સર ઉપર ફેંકી–અને કપૂરની મિસાલ દુન્યાની સપાટી સફેદ થઇ,

ત્યારે સામના દસ્તાને દરબારનો દરવાઝો ખોલ્યો, સરદારો સોનેરી મેયાન સાથ આવ્યા,

દરે પહુલવાન્રા બેયારાસ્તન્દ
ચુ બાલાએ પુરૂમાયગાન્ ખાસ્તન્દ
બેરૂન્ રફૂત મેહુરાબે કાબુલ્ ખોદાય
સોવી ખીમએ ઝાલે ઝાબુલ્ ખોદાય
ચુ આમદ બનઝદીકીએ બારૂગાહ્
ખોરૂશ આમદ અઝ્ દરૂ કે બોકુશાય રાહ્
બરે પહુલવાન્ અન્દરૂન્ રફૂત. ગવ
બસાને દરખ્તી પુરઝ્ બારે નવ
દેલે ઝાલ્ શુદ શાદો બેન્વાખ્તશ
વઝાન્ અન્જુમન્ સરૂ બરૂઅફ્રાખ્તશ
બેપુર્સીદ અઝ્ મન્ ચે ખાહી બેખાહ્
ઝે તખ્તો ઝે મોહુરો ઝે તીઘો કોલાહ્
બદૂ ગોફૂત મેહુરાબ્ કય પાદશા
સરૂઅફ્રાઝો પીરૂઝો ફર્માન્રવા
મરા આરૂઝૂ દરૂ ઝમાનહ્ યકીસ્ત
કે આન્ આરૂઝૂ બરૂ તો દુશ્વારૂ નીસ્ત
કે આઈ બશાદી સોવી ખાને મન્
ચુ ખોરૂશીદ રઉશન્ કુની જાને મન્
ચુનીન્ દાદ પાસોખ કે ઈન્ રાએ નીસ્ત
બખાને તો અન્દરૂ મરા જાએ નીસ્ત
નબાશદ બદીન્ સામ હમ્દાસ્તાન્
હમાન્ શાહ્ ચૂન્ બેશનવદ દાસ્તાન્
કે મા મય ગોસારીમો મસ્તાન્ શવીમ
સોવી ખાનએ બુતપરસ્તાન્ શવીમ
જોઝીન્ હરૂ ચે ગૂઈ તો પાસોખ દેહીમ
બદીદારે તૂ રાએ ફરેંખ દેહીમ
ચુ બેશનીદ મેહુરાબ્ કરૂદ આફ્રીનં
બદેલ્ ઝાલ્રા ખાન્દ નાપાકદીન્
ખરામાન્ બેરફૂત અઝ્ બરે તખ્તે ઊય
હમી આફ્રીન્ ખાન્દ બરૂ બખ્તે ઊય
બરૂ હીચ કસ ચશ્મ નુગ્માશ્તન્દ
મરૂ ઊરા ઝે બીગાનગાન્ દાશ્તન્દ
અઝાન્ કૂ ને હમ્દીનો હમરાહ્ બૂદ
ઝબાન્રા સેતૂદનશ કૂતાહ્ બૂદ
ચુ દસ્તાને સામ્ અઝ્ પસશ બેન્ગરીદ
સેતૂદશ ફરાવાન્ ચુનાન્ ચૂન્ સઝીદ
ચુ રઉશનદેલે પહુલવાન્રા બદૂય
ચુનાન્ ગરૂમ દીદન્દ બા ગોફૂતગૂય
મરૂ ઊરા સેતૂદન્દ યકૂ યકૂ મેહાન્
બુઝોર્ગાનો નામઆવરાને જેહાન્
ઝે બાલાઓ દીદારો આહેસ્તગી
બેબાયેસ્તગી હમ ઝે શાયેસ્તગી
દેલે ઝાલ્ યકબારહ્ દીવાનહ્ ગશ્ત
ખેરદ દૂરૂ શુદ એશ્ક ફર્ઝાનહ્ ગશ્ત
સેપહ્દારે તાઝી સરે રાંસ્તાન્
બેગૂયદ બરીન્ બરૂ યકી દાસ્તાન્

અને પેહલવાનની મજલેસને શોભીતી કીધી–હવે જ્યારે સરદારોએ પોત પોતાના ઘોડા મંગાવ્યા,

ત્યારે કાબુલનો સાહેબ મેહરાબ ઝાબુલના સાહેબ ઝાલના તરફ ચાલ્યો.

જ્યારે તે દરબારની નઝદીક આવ્યો–ત્યારે દરગાહથી પોકાર ઉઠયો કે "(એને) રસ્તો આપો."

નવાં ફળથી ભરેલાં એક ઝાડની તાઝગી જેવો–તે પેહલવાન, પેહલવાનની નઝદીક ગયો.

(તેથી) ઝાલનું દિલ ખુશી થયું અને તેને નવાઝયો–તે અંજુમનમાં તેને સઉથી ઊંચી જગ્યા આપી.

તેણે પૂછયું (કે) "મારાથી તું શું માગે છે?–તખ્ત, મોહર, તલ- ૨૯૦
વાર અને કોલાહ જે ગમે તે માગ."

મેહરાબે તેને કહ્યું કે "ઓ સરફરાઝ,–ફતેહમંદ અને હુકમ આપનાશ શાહ!

ઝમાનામાં મારી એક ઇચ્છા છે–કે જે પુરી પાડવી તારે માટે મુશ્કેલ નથી.

તું કૃપા કરી મારે ઘર આવે–(અને) મારા જીવને ખુરશેદની મિસાલ રોશન કરે."

તેણે જવાબ આપ્યો કે આ સલાહકારક નથી–(કારણકે) તારા ઘરમાં મારેથી અવાય નહીં.

(કારણ) સામને એ વાત ગમે નહીં–તેમજ વળી પાદશાહ પણ જ્યારે એ વાત સાંભળે,

કે બુતપરસ્તનાં* ઘરમાં અમો ગયા અને દારૂ પી મસ્ત થયા, (તો તે પણ ઘોસ્સે થાય).

એ સિવાય જે કાંઈબી તું કહે તે હું કબૂલ કરૂં–હું તને જોઈ ખુશ થયો છું."

જ્યારે મેહરાબે (એવું) સાંભળ્યું ત્યારે દુઆ કીધી–(પણ) દિલમાં ઝાલનેજ બૂરી દીનનો ગણ્યો.

તેનાં નસીબ ઉપર દુઆ કરતો કરતો તે તેનાં તખ્ત આગળથી ધીમે ધીમે ચાલતો થયો.

તે ઉપર કોઇએ પણ કાંઈ ધ્યાન પુગાડયું નહીં–તેને બેગાનાઓમાંનો ૨૯૧
એક ગણ્યો હતો.

અને જોકે તેનો ધર્મ અને રાહરસમ તેઓનાં જેવાં ન હતાં તેટલા માટે કોઈ તેને બાબે કશુ બોલ્યું નહીં.

પણ સામના દસ્તાને જ્યારે તેને જતાં જોયો ત્યારે તેને લાયકની ઘટતી વખાણ કીધી.

જ્યારે (સઘળાઓએ) તે રોશન દિલના પેહલવાનને તે (મેહરાબ) સાથની તારીફ કરતાં સાંભળ્યો,

ત્યારે સઘળા સરદારો, બુઝોર્ગો અને દુન્યાના નામદાર લોકોએ તેની વખાણ કરી.

તેના કદ, દીદાર અને ધીરજની–તેમજ તેની લાયકાત વગેરેની (તારીફ કરી).

ઝાલનું દિલ એકદમ દીવાનું થયું–અકલ દૂર થઈ (અને) એશ્કે સરદારી લીધી.

રાસ્ત લોકોના સરદાર એક અરબ સપેહસાલાર–એ બાબદ ઉપર એક દાસ્તાન કહે છે,

---

બેબસ્તન્દ લબ્ મૂબેદાનો રદાન્
સુખન્ બસ્તહ્ શુદ બર્ લબે બેખરદાન્
કે ઝહ્હાક્ મેહ્રાબ્રા બુદ નેયા
દેલે શાહ્ ઝીશાન્ પુરઝ્ કીમેયા
૩૨૫ કુશાન્દહ્ સુખન્ કસ નેયારસ્ત ગોફ્ત
કે નેશ્નીદ કસ નૂશ બા ઝહ્ર્ જોફ્ત
ચુ નેશ્નીદ અઝીશાન્ સેપહ્બુદ સખુન્
બેજૂશીદો રાએ નવ અફ્કન્દ બુન્
કે દાનમ કઝીન્ પસ પેઝૂહેશ કુનીદ
બદીન્ રાએ બર્ મન્ નેકૂહેશ કુનીદ
વલીકેન્ હરાન્ કૂ બુવદ ખુદમનેશ
બેબાયદ શનીદન્ બસી સરઝનેશ
મરા ગર્ બદીન્ રહ્નુમાયેશ કુનીદ
વઝીન્ બન્દ રાહે કોશાયેશ કુનીદ
બજાએ શુમા આન્ કુનમ દર્ જેહાન્
કે બા કેહ્તરાન્ કસ નકરૂદ અઝ્ મેહાન્
કે નીકીઓ ખૂબીઓ અઝ્ રાસ્તી
ઝે બદ નાવરમ દર્ શુમા કાસ્તી
હમહ્ મૂબેદાન્ પાસોખ આરાસ્તન્દ
હમહ્ કામો આરામે ઊ ખાસ્તન્દ
કે મા મર્ તોરા સરબસર્ બન્દહ્ ઈમ
દરીન્ બસ શેગેફ્તી ફરૂમાન્દહ્ ઈમ
કે બૂદસ્ત અઝીન્ કમતરો બીશતર્
બઝન્ પાદશારા નકાહદ હોનર્
અબા આન્કે મેહ્રાબ્ અઝાન્ પાયહ્ નીસ્ત
૩૨૬ બુઝોર્ગસ્તો મર્દી સબુક્માયહ્ નીસ્ત
હમાનસ્ત કઝ્ ગઉહરે અઝ્દહાસ્ત
વગર્ ચન્દ બર્ તાઝેયાન્ પાદશાસ્ત
અગર્ શાહ્રા બદ નગરૂદદ ગમાન્
નબાશદ અઝીન્ નન્ગ્ બર્ દૂદમાન્
યકી નામહ્ બાયદ સુવી પહ્લવાન્
ચુનાન્ ચૂન્ તો દાની બરઉશાન્ રવાન્
તોરા ખુદ ખેરદ બાને મા બીશતર્
રવાનો ગુમાનત બઅન્દીશહ્ તર્
મગર્ કૂ યકી નામહ્ નઝ્દીકે શાહ્
ફેરેસ્તદ કુનદ રાએ ઊરા નેગાહ્
મેનૂચેહ્ર્ અઝ્ રાએ સામે સવાર્
નપર્દાઝદ અઝ્ રહ્ બદીન્ માયહ્ કાર્

મારૂં દિલ સીન્દોખ્તની બેટીનું તાબેદાર થયું (છે)–તમો શું કહો છો, આ ખુશીમાં સામ (શામેલ) થશે?

અને અગર આ (વાત) મિનોચેહરશાહ સાંભળશે–તો આ ગુનાહને નાદાનીમાં થયલો ગુનાહ ગણશે?

શું નાના કે મોટાં સઘળાંજ જ્યારે પરણવાનો વિચાર કરે છે–ત્યારે ધર્મ અને રાહરસમ પ્રમાણેજ વર્તે છે.

કોઇ પણ અકલમંદ માણસ એ વંતથી વિરૂધ જતો નથી–કારણ દીન અને દેયાનતનું એજ ફરમાન છે.

હવે દાના મોબેદ શું કહે છે–અકલમંદો તમારો શું વિચાર છે?"

દાનાઓ અને સરદારો ચૂપ થઈ ગયા–અકલમંદોના હોઠજ સિવાઇ ગયા,

કારણકે ઝોહાક મેહરાબનો નેયાગાન હતો–અને પાદશાહ (મિનોચેહર) એ બેઉને ધિક્કારતો હતો.

ખરાબ લાગે એવા સૅખુન બોલવાની કોઇયે હિમ્મત કીધી નહીં–કારણકે ઝેહર અને તેનો ઉતાર સાથે ભેલાઈ જાય એમ કોણે સાંભળ્યું છે?

જ્યારે તેઓએ કંઈ પણ જવાબ વાળ્યો નહીં–ત્યારે તે ધુસ્સે થયો અને જુદીજ યુક્તિ કીધી.

(તે બોલ્યો) કે "હું જાણું છું કે તમો એમાં ખોડ ખાપણ કાઢશો–(અને) મેં જે રસ્તો લીધો છે તે માટે તમો મને ઠપકો દેશો.

હા, જે કોઇ કે પોતાના વિચાર ઉપરજ અમલ કરે છે–તેને ઘણો ઠપકો સાંભળવો પડે છે.

પણ જો તમો આ વાતનો મને કોઈ સીધો રસ્તો બતાવો–અને આ બંધણમાંથી છૂટવાનું મને સૂઝ પાડો,

તો હું તમો સાથે એવી વર્તણુક કરીશ–કે કોઈ માલકે પોતાની રૈયત સાથ કીધી નહીં હોય.

એટલે ખૂબી, નેંકી અને રાસ્તી કરીને તમો ઉપર હું કશી પણ બુરાઇ આવવા દઇશ નહીં."

સઘળા દાનાઓએ જવાબ દેવાનો વિચાર કીધો–તેઓએ તેની તરફ ભલી લાગણી દર્શાવી,

કે "અમો સઘળા તારા તાબેદાર છિયે–આ ઘણીજ અજાયબ (વાત)થી અમો આજેઝ છિયે.

આવા બનાવો વધતા ઓછા બનેલા છે, પણ ગમે તેવા ખાન્દાનની ઓરત સાથ એક પાદશાહ જોડાય તેથી તેનો મરતબો ઘટતો નથી.

જો કે મેહરાબ બરાબરના દરજ્જાનો નથી–છતાં તે બુઝોર્ગ, બહાદુર, અને ધનવાન છે.

પણ એટલુંજ કે તે અઝદહાનાં તોખમનો છે–પછી તે અરબોનો પાદશાહ છે તો શું થયું?

જો પાદશાહને કશો બૂરો વિચાર નહીં આવે તો–એથી કાંઈ ખાન્દાનને નામોશી લાગવાની નથી.

જેમ તારૂં વિચારવંત મન સૂચવે તેમ તું હવે પેહલવાન ઉપર એક કાગઝ લખ.

અમો કરતાં તારા પોતાનામાં અકલ, વિચાર અને દાનાઇ વધારે છે.

જેથી (સામ) પાદશાહ ઉપર એક નામુ મોકલે અને તેમાં પોતાના શું વિચાર છે તે દર્શાવે.

મિનોચેહર સામેસવારના વિચારથી આ બાબદમાં વેગળો જશે નહીં."

નામએ ઝાલ્ બસામ્ દર્ બારએ શીફ્તગીએ ખુદ્ બરૂદાબાહ્

સેપહબુદ નવીસન્દહરા પીશ ખાન્દ
દેલ્ આગન્દહ્ બૂદશ હમહ્ બર્ ફેશાન્દ
યકી નામહ્ ફરમૂદ નઝદીકે સામ
સરાસર્ નવીદો દોરૂદો પયામ
બખન્ત અઝ્ નુખોસ્ત આફ્રીન્ ગુસ્તરીદ
બદાન્ દાદગર્ કાફ્રીન્ આફ્રીદ
અઝૂયસ્ત શાદી વઝૂયસ્ત ઝૂર્
ખોદાવન્દે કયવાનો નાહીદો હૂર્
ખોદાવન્દે હસ્તો ખોદાવન્દે નીસ્ત
હમહ્ બન્દગાનીમો ઈઝદ યકીસ્ત
અઝ્ બાદ બર્ સામે નયરમ દોરૂદ
ખોદાવન્દે શમ્શીરો ગૂપાલો ખૂદ
કે ગીતી બેશુસ્ત ઊ બતીધ અઝ્ બદાન્
ફેરૂઝન્દએ અખ્તરે બેખરદાન્
ચમાનન્દએ ચર્મહ્ હન્ગામે ગરૂદ
ચરાનન્દએ કર્ગસ અન્દર્ નબરૂદ
ફેઝાયન્દએ બાદે આવરૂદગાહ્
ફેશાનન્દએ ખૂન્ ઝે અબ્રે સેયાહ્
ગેરાયન્દએ તાજો ઝરૂરીન્ કમર્
નેશાનન્દએ શાહ્ બર્ તખ્તે ઝર્
બમર્દા હોનર્ દર્ હોનર્ સાખ્તાહ્
સરશ અઝ્ હોનરહા બરૂઅફ્રાખ્તાહ્
ચુ સામે નરીમાન્ ગહે કાઝાર્
બમર્દી ને હસ્તો નબાશદ સવાર્
મન્ ઊરા બસાને યકી બન્દહ્અમ
બમેહ્રશ રવાનો દેલ્ આગન્દહ્અમ
ઝે માદર્ બેઝાદમ બદાન્ સાન્ કે દીદ
ઝે ગરૂદૂન્ બમન્ બર્ સેતમહા રસીદ
પેદર્ બૂદ દર્ નાઝો ખઝ્ઝો પરન્દ
મરા બોરૂદ સીમોરૂઘ દર્ કૂહે હન્દ
મરા ખુરૂદ ખૂન બૂદ દર્ જાએ શીર્
દરાન્ આશયાનહ્ બસાને અસીર્
ઉમીદમ બસીમોરૂઘ માન્દહ્ મુદામ
દેલી મુસ્તમન્દો રોખી ઝરૂદફામ
નેયાઝમ બદ્ કાન્ શેકાર્ આવરદ
અબા બચ્ચહ્અમ દર્ શુમાર્ આવરદ
હમી પૂસ્ત અઝ્ બાદ બર્ મન્ બેસૂખ્ત
ઝમાન્ તા ઝમાન્ ખાક્ ચશમમ બેદૂખ્ત
હમીખાન્દન્દી મરા પૂરે સામ
બઅવરન્ગ્ બુદ સામો મન્ દર્ કુનામ
ચુ યઝદાન ચુનીન્ રાન્દ અન્દર્ બવેશ
બરીનગૂનહ્ પીશ આવરીદમ રવેશ
કસઝ્ દાદે યઝદાન નેયાબદ ગુરીઘ
અગરૂચેહ્ બેપરૂરદ બરૂઆયદ બમીઘ

રોદાબે ઉપર પોતે આશક થવા માટેનો સામ ઉપર ઝાલનો પત્ર.

સરદારે મહેતાને પોતાની પાસે બોલાવ્યો-દિલમાં જે ભરેલું હતું તે બધું બાહેર કાઢયું.

સામ ઉપર એક નામુ સઘળા પયધામ, દોઆ અને વધામણી (સાથનું) લખ્યું.

કાગ્નઝમાં પહેલાં તે દાદગરની કે જેણે ઇન્સાફ્ બનાવ્યો છે તેની ઉપર આફરીન કીધી.

" (કે) તેનાંથીજ ખુશી અને તેનાથીજ કૌવત છે-તે શનિશ્ચર, શુક્ર ૩૨૭
સેતારા અને આફતાબનો સાહેબ (છે).

તે હસ્તી અને નીસ્તીનો સાહેબ છે-તે એક ખુદા છે અને આપણ (તેના) સઘળા બંદા છિયે.

તેનાથી તલવાર, ગોર્ઝ અને કોલાહના સાહેબ નરીમાનના સામ ઉપર દુઆ હોજો !

કે જેણે તલવારે કરીને બુરાઓથી દુન્યા ધોઈ (સાફ કીધી છે)- (અને) જે અકલમંદોનો સેતારો રોશન કરનારો (છે).

જે લડાઈની ભીડમાં પોતાનો ઘોડો ફેંકનારો છે-જે લડાઇમાં ગીધોને પેટ ભરી ખોરાક આપનાર છે.

જે લડાઇનાં મયદાનમાં ધૂળના તોફાન ઉઠાડનારો છે-જે કાળાં વાદળો-માંથી લોહી વરસાવનારો છે.

જે તાજ અને સોનેરી કમરબંધનો આપ લે કરનારો છે-જે સોનેરી તખ્ત ઉપર પાદશાહને બેસાડનારો છે.

તેણે મર્દીથી અદભૂત કામો કર્યા છે-હોનરથીજ તેનું નામ બુલંદ થયલું છે.

લડાઇને વખતે નરીમાનના સામ જેવો-મર્દીમાં (કોઇ પણ) સવાર નથી અને થશે (પણ) નહીં.

હું તેના ચાકરની મિસાલ છું-તેની માયાથી મારાં દિલ અને જાન ભરપુર છે.

હું કેમ પેદા થયો તે તો તેણે જોયો છે-(ત્યાર પછી) આસ્માનથી ૩૨૮
મારા ઉપર ઘણો ઝુલ્મ પડયો (છે).

જ્યારે મારો બાપ ઐશ આરામ, ભરેલાં અને સાદાં રેશમી કપડામાં સજ રહેતો-ત્યારે સીમુર્ઘ મને હિંદના એક પહાડ ઉપર ઉડાડી લઈ ગયું હતું.

દૂધની જગ્યાએ મારો ખોરાક લોહીનો હતો તે માળામાં (હું) કયદીની મિસાલ (હતો).

મારી બધી આશા સીમોર્ઘ ઉપરજ લટકેલી હતી-(મારૂં) દિલ હાજતમંદ અને ચેહરો ફિકકો (હતો).

આશા એજ કે તે શિકાર લાવે અને મને પોતાનાં બચ્ચાં તરીકે ગણે તોજ મને ખાવાનું મળે.

મારી પીઠ ગૈરમ પવનથી બળતી હતી-ઘડી ઘડી મારી આંખ ધૂળથી ભરાઇ જતી હતી.

તેઓ મને સામનો બેટો કહેતાં હતાં-જ્યારે કે સામ પાદશાહી તખ્ત ઉપર અને હું માળામાં પડેલો હતો.

ખોદાએ ભવિષ્ય એવુંજ ઘડયું હતું અને મારે માટે એજ સરજ્યું હતું.'

યઝદાનના ઈન્સાફથી કોઇ નાસી જઇ શકતો નથી-ગમે તો તે ઉડીને વાદળ ઉપર (કાં નહીં) જાય ?

સનાન્ ગરૂ બદન્દાન્ બેખાયદ્ દલીરૂ
બેદરૂરદ્ ઝે આવાઝે ઊ ચર્મે શીરૂ
૩૨૯ ગેરેફ્તારે ફર્માને યઝ્દાન્ બુવદ્
વગરૂ ચન્દ દન્દાનશ સન્દાન્ બુવદ્
યકી કારૂ પીશ આમદમ દેલ્શેકન્
કે નતવાન્ નમૂદનશ બરૂ અન્જુમન્
પેદરૂ ગરૂ દેલીરસ્તો ગરૂ અઝ્દહાસ્ત
અગરૂ બેશનવદ્ રાઝે કેહ્તરૂ રવાસ્ત
મનઝ્ દોખ્તે મેહ્રાબ્ ગેર્યાન્ શુદમ
ચુ બરૂ આતેશે તીઝ્ બેર્યાન્ શુદમ
સેતારહ્ શબે તીરહ્ યારે મનસ્ત
મન્ આનમ્ કે દર્યા કેનારે મનસ્ત
બરન્જી રસીદસ્તમ અઝ્ ખીશતન્
કે બરૂ મન્ બેગેર્યદ્ હમહ્ અન્જુમન્
અગરૂચેહ્ દેલમ્ દીદ્ ચન્દીન્ સેતમ
નખાહમ્ ઝદન્ જોઝ્ બફર્માનત દમ
ચે ફર્માયદ્ અકૂનૂન્ જહાન્પહ્લવાન્
કુશાયમ્ અઝીન્ રન્જો સખ્તી મેયાન્
સેપહ્બુદ્ શનીદ્ આન્ચે મૂબેદ્ બેગોફ્ત
કે ગઊહરૂ કુશાદહ્ કુનદ્ અઝ્ નેહોફ્ત
ઝે પયમાન્ નગરૂદદ્ સેપહ્બુદ્ બદરૂ
બદીન્ કારૂ દસ્તૂરૂ બાશદ્ મગરૂ
૩૩૦ કે મન્ દોખ્તે મેહ્રાબ્રા જોફ્તે ખીશ
કુનમ્ રાસ્તીરા બઆયીનો કીશ
પેદરૂ યાદ્ દારદ્ કે ચૂન્ મરૂ મરા
બદ્ બાઝ્ દાદ્ ઈઝદે દાવરા
બપયમાન્ ચુનીન્ ગોફ્ત પીશે ગોરૂહ્
ચુ બાઝ્ આવરીદમ્ ઝે અલ્બોરૂઝ્ કૂહ્
કે હીચ આરૂઝૂ બરૂ દેલત નુગ્સેલમ્
કુનૂન્ અન્દરૂ ઈનસ્ત બસ્તહ્ દેલમ્
સવારી બકેર્દારે આઝરૂગોશસ્પ
ઝે કાબુલ સોવી સામ્ શુદ્ બરૂ દો અસ્પ
બેફરૂમૂદો ગોફ્ત અરૂ બેમાનદ્ યકી
નબાયદ્ તોરા દમ ઝદન્ અન્દકી
બદીગરૂ સબુક અન્દરૂ આયો બેરવ
બદીન્સાન્ હમી તાઝ્ તા પીશે ગવ
ફેરેસ્તાદહ્ અઝ્ પીશે ઊ બાદ્ ગશ્ત
બઝીરૂ અન્દરશ ચર્મહ્ પૂલાદ્ ગશ્ત
ચુ નઝ્દીકીએ કર્ગસારાન્ રસીદ્
યકાયક્ ઝે દૂરશ સેપહ્બુદ્ બેદીદ્
હમીગશ્ત ગેર્દે યકી કૂહ્સારૂ
ચમાનન્દહ્ યૂઝો રમન્દહ્ શેકારૂ
૩૩૧ ચુનીન્ ગોફ્ત બા ઘમગોસારાને ખીશ
બદાન્ કારૂદીદહ્ સવારાને ખીશ
કે આમદ્ સવારી દમાન્ કાબુલી
હમાન્ ચર્મહ્ ઝીરૂ અન્દરશ ઝાબુલી
ફેરેસ્તાદએ ઝાલ બાશદ્ દુરોસ્ત
અઝૂ આગહી જોસ્ત બાયદ્ નુખોસ્ત
ઝે દસ્તાનો ઈરાનો અઝ્ શહ્રૂયારૂ
હમીકરૂદ્ બાયદ્ સખુન્ ખાસ્તારૂ

તે એવો ઝોરાવર હોય કે દાંતથી ભાલો ચાવી નાખે-અને તેના પોકારથી સિંહનું ચામડું ફાટી જાય,

તો પણ તે 'ખોદાતાલાનાં હોકમમાંજ છે-પછી તેના દાંત ગમે તો લોખંડી એરણ જેવાજ કાં ન હોય?

હાલમાં એક દિલ તોડનારૂં કામ આવી પડયું છે-કે જે ઝાહેરમાં લાવી શકાતું નથી.

(પણ) બાપ પછી તે બહાદુર હોય કે અઝદહા હોય-જો બાળકોનો ભેદ સાંભળે તો વાજબીજ છે.

મેહરાબની છોકરી મને રડાવે છે-હું ધગ ધગતા અંગાર ઉપર ભુંજાઉં છું.

અંધારી રાતના સેતારાજ મારા સાથી છે-મારો ખોળો દર્યો થઈ ગયો છે.

હું પોતાને હાથેજ આ આફતમાં પડયો છું-કે જે ઉપર બધાં લોકો રડે છે.

જો કે મારાં દિલ એટલો બધો સેતમ વેઠયો છે-(તે છતાં) તારા હુકમ વગર હું એક શ્વાસ પણ ભરવાનો નથી.

હવે જેહાનપેહલવાન શું ફરમાવે છે?-ખોદાને વાસ્તે મને આ આફત અને સંકટમાંથી છોડવ.

મોબેદે મને શું સલાહ આપી તે સરદારે સાંભળી-કે મારે કશું પણ છૂપું રાખવું નહીં.

સરદાર પોતાના વચનથી ફરશે નહીં-એ કામમાં કદાચ મુજ સાથ એકમત થશે,

કે હું મેહરાબની બેટીને રાસ્તી, ધર્મ અને રીતથી મારી પરણેતર કરૂં.

બાપ(ને) યાદ હશે કે જ્યારે મને ઇન્સાફી ખોદાએ તને પાછો આપ્યો.-

અને જ્યારે મને અલ્બોર્ઝ પહાડ ઉપરથી પાછો લાવ્યો-ત્યારે બધાંની સામે વચન આપી તું એમ બોલ્યો (હતો),

કે હું તારા દિલની એક પણ માગણી ના પાડીશ નહીં-હવે મારૂં દિલ એ ઉપરજ લાગેલું છે." (આ નામુ લઈ),

એક સવાર આઝર ગોશસ્પની માફક (યાને શિતાબીથી)-કાબુલથી સામની તરફ ગયો અને એક બીજો ઘોડો સાથે રાખ્યો.

કારણ ઝાલે તેને કહયું હતું કે "જો એક (ઘોડો) થાકીને રહી જાય તો તારે જરાએ ઘોભવું નહીં.

પણ તુરતજ બીજા ઉપર સવાર થઈ જવું-અને એમ કરી તુરત પેહલવાન પાસે પુગવું."

કાસેદ તેની આગળથી પવન(ની મિસાલ શેતાબ) ચાલ્યો-તેની રાન નીચેનો ઘોડો જાણે પોલાદી ઘોડો હતો.

જ્યારે તે કર્ગસારાની નઝદીક પહોંચ્યો ત્યારે અચાનક તેને દૂરથી (સામે) જોયો.

જે એક પહાડી જગાની આસપાસ ફરતો હતો-જ્યાં ચિત્તા શેકાર કરતા હતા.

તેણે પોતાના દોસ્તો અને પોતાના અનુભવિ સવારોને કહયું.

કે "કોઈ કાબુલી સવાર દોડતો આવે (છે)-જે ઝાબુલી ઘોડા ઉપર સવાર છે.,

તે ઝરૂર ઝાલનોજ કાસેદ હશે-પહેલાં તેની ખબર મેળવવી જોઇયે.

"

ઝાલ, ઈરાન અને પાદશાહ માટે ખબર અંતર પૂછવી જોઇયે છે."

હમન્દર્ ઝમાન્ પીકી ઊ શુદ સવાર્
બૅદસ્ત અન્દરાન્ નામએ નામદાર્
ફેરૂદ આમદો ખાકૂરા બૂસહુ દાદ
બસી અઝ્ જહાન્આફ્રીન્ કરૂદ યાદ
બેપુર્સીદો બેસ્તદ અઝૂ નામહુ સામ
ફેરેસ્તાદહુ ગોફ્ત આન્ચે બૂદશ્ પયામ
સેપહ્દાર્ બેફ્રૂશાદ્ અઝાન્ નામહુ બન્દ
ફેરૂદ આમદ અઝ્ તીઘે કૂહે બલન્દ
સખુનહાએ દસ્તાન્ યકાયક્ બેખાન્દ
બેપેઝ્મોર્દો બર્ જાએ ખામોશ્ બેમાન્દ
પસન્દશ્ નેયામદ ચુનીન્ આરૂઝૂય
દિગર્ ગૂનહુ બાયેસ્તશ્ ઊરા બખૂય
ચુનીન્ દાદ પાસોખ કે આમદ પદીદ
સુખન્ હરૂચે અઝ્ ગઉહરે ઊ સઝીદ
ચુ મોર્ઘે ઝેયાન્ બાશદ આમૂઝ્ગાર્
ચુનીન્ કામે દેલ્ જૂયદ અઝ્ રૂઝ્ગાર્
ઝે નખ્ચીર્ કામદ સોવી ખાને બાઝ્
બદેલશ્ અન્દર્ અન્દીશહુ આમદ દરાઝ્
હમીગોફ્ત અગર્ ગૂયમ ઈન્ નીસ્ત્ રાય
મકુન્ દાવરી સૂએ દાનેશ્ ગેરાય
બરે દાદગર્ નીઝો બર્ અન્જોમન્
નબાશદ પસન્દીદહુ પયમાન્શેકન્
વગર્ ગૂયમ આરીઓ કામત્ રવાસ્ત
બેપર્દાઝ્ દેલરા બદાન્ચત હવાસ્ત
અઝીન્ મોર્ઘ પર્વર્દો ઝાન્ દીવઝાદ
ચેગૂનહુ બેઝાયદ ચે બાશદ નેઝાદ
સરશ્ ગશ્ત અઝ્ અન્દીશહા દેલ્ ગરાન્
બેખોફ્તો ને આસૂદહુ ગશ્ત અન્દરાન્
સખુન હરૂચે બર્ બન્દહુ દુશ્વાર્તર્
દેલશ્ ખસ્તહ્તર્ ઝાનો તન્ ઝાર્તર્
ફુશાદહ્તર્ આન્ બાશદ અન્દર્ નેહાન્
કે ફર્માન્ દેહદ કેર્દેગારે જેહાન્

તેટલાંમાંજ તેની નઝદીક પેલો સવાર ઝાલનું નામુ હાથમાં લઇને આવી પુગ્યો.

તે (કાસેદ ઘોડા ઉપરથી) નીચે ઉતરયો અને ઝમીનને બોસા લીધા-ખોદાતાલાનો ઘણો ઉપકાર માન્યો.

સામે તેને આવકાર દીધો અને તેની પાસેથી નામુ લીધું-કાસેદે તેનો જે કાંઈ પયધામ હતો તે કહયો.

સરદારે તે નામુ ઉખેડયું-તે પહાડની બુલંદી ઉપરથી નીચે આવ્યો.

તેણે ઝાલના સખુનો સઘળા વાંચ્યા-તે રંજીદા થયો અને ચૂપ રહયો.

તેને તેની એવી માગણી પસંદ આવી નહીં-તેણે જુદીજ માગણી કરવી હતી.

તેણે વિચાર્યું કે "જે કંઈ સ્વભાવિક હતું તેજ બાહેર પડયું. ૩૩૨

જ્યારે કોઇ વિક્રાળ પક્ષીજ કોઇનું ઉછેરનારૂં હોય-ત્યારે તેને તો એવીજ ઈચ્છા થાય."

(જ્યારે) તે શિકારથી ઘર તરફ પાછો ફર્યો-(ત્યારે) તેના દિલમાં લાંબો વિચાર આવ્યો.

તે બોલ્યો કે "જો હું એને એમ કહું છું કે આ વાત સારી નથી-જો તું જીદ ના કર અને કંઈ ડહાપણની વાત કર,

તો ખોદા અને દુન્યાનાં લોકો બેઉની આગળ-હું વચનથી ફરનારા તરીકે બદનામ થઈશ.

વળી જો હું એને કહું છું કે વારૂં તું કહે છે તે ઠીક છે-અને તને જેમ ગમે છે તેમજ કર,

તો પછી આ પક્ષીના ઉધારેલા અને પેલા દેવના જણેલાની અવલાદ તે કેવીક થશે ?"

એવા એવા વિચારોથી તેનું માથું ફરવા લાગ્યું-તે સૂતો પણ ઊંઘ બરાબર આવી નહીં.

જ્યારે કોઈ ચાકર ઉપર કશું ભારી કામ આવી પડે છે-ત્યારે જેટલું તે કામ ભારી હોય છે તેટલુંજ તેનું દિલ ભારી થાય છે અને મુશ્કેલી વધે છે.

પણ જ્યારે દુન્યાના સાહેબનીજ ઇચ્છા થાય છે-ત્યારેજ તેને સઘલી શાન્તિ અને સુખ મળે છે.

રાએ ઝદન્ સામ્ બા મૂબેદાન્ દર્ કારે ઝાલ્ વ નામએ ઊરા પાસોખ્ નેવેશ્તન્.

ચુ બર્ખાસ્ત અઝ્ ખાબ્ બા મૂબેદાન્
યકી અન્જુમન્ કરૂદ બા બેખરદાન્
કોશાદ ઈન્ સુખન્ બર્ સેતારહુશુમર્
કે ફર્જામે ઈન્ બર્ ચે આયદ બસર્
દો ગઉહર્ ચુ આબો ચુ આતેશ્ બહમ
બર્ આમીખ્તન્ બાશદ અઝ્ બુન્ સેતમ
હમાના કે બાશદ બરૂઝે શુમાર્
ફરીદૂનો ઝહ્હાકરા કાર્ઝાર્

ઝાલનાં કામમાં દાનાઓ સાથ સામનું મસ્લહત કરવું અને તેનાં નામાનો જવાબ લખવો.

જ્યારે તે (સામ) ખાબથી ઉઠ્યો ત્યારે દાનાઓ અને અકલમંદોની અંજુમન એકઠી કીધી. ૩૩૩

તેણે નુજૂમીઓ આગળ તે વાત કહી-કે "આ બધાંનું શેવટ શું આવશે?

પાણી અને આતશ જેવાં બે જુદાં જુદાં ગોહરો સાથે-ભેળવાં એતો ઘણુંજ ઝૂલ્મ કામ છે.

એથી તો એમજ થાય કે કયામતને દહાડે-ફરીદૂન અને ઝોહાક ફરી લડાઈ કરે.

કે અખ્તરૂ બેજૂયીદો પાસોખ દેહીદ
સરે ખામહ્ બરૂ નકૂશે ફરૂરોખ નેહીદ
સેતારહ્શેનાસાન્ બફ્રેકે દરાઝ
હમી ઝારેમાન્ બાઝ જોસ્તન્દ રાઝ
બેદીદન્દો બા ખન્દહ્ પીશ આમદન્દ
કે દૂ દુશ્મન્ અઝ બખ્ત ખીશ આમદન્દ
બસામે નરીમાન્ સેતારહ્શમરૂ
ચુનીન્ ગોફ્તૂ કય ગોરૂહે ઝરૂરીનકમરૂ
તોરા મોઝ્દહ્ અઝ દોખ્તે મેહ્રાબો ઝાલ
કે બાશન્દ બા હમ દો ફરૂરોખ હમાલ
અઝીન્ દૂ હોનરૂમન્દ પીલી ઝેયાન્
બેઆયદ બમર્દી બેબન્દદ મેયાન્
૩૩૪ જહાની બપાય અન્દરૂ આરદ બતીઘ
નેહદ તખ્તે શાહ્ અઝ બરે પોશ્તે મીઘ
બેબુરૂરદ પયે બદ્સેગાલાન્ ઝે ખાક
બરૂએ ઝમીન્ બરૂ નમાનદ મઘાક
ને સગ્સારૂ માનદ ને માઝન્દરાન્
ઝમીન્રા બેશૂયદ બગોર્ઝે ગરાન્
અઝૂ બીશતરૂ બદ બતૂરાન્ રસદ
હમહ્ નીકુઈ ઝૂ બઈરાન્ રસદ
બખાબ્ અન્દરૂ આરદ સરે દરૂદ્મન્દ
બેબન્દદ દરે રન્જો રાહે ગઝન્દ
બદૂ બાશદ ઈરાનેયાન્રા ઉમીદ
અઝૂ પહ્લવાન્રા ખરામો નવીદ
પયે બારઈ દૂ જેહાનદ બજન્ગ
બેમાલદ બરૂ રૂએ જન્ગી પલન્ગ
ચે પીલાને જન્ગીઓ શીરે ઝેયાન્
તબહ્ ગરૂદદ અઝ ગોર્ઝે આન્ પહ્લવાન્
ખુનક પાદ્શાહી બહન્ગામે ઊય
ઝમાનહ્ બશાહી બરદ નામે ઊય
ચુ બેશ્નીદ ગોફ્તારે અખ્તરૂશેનાસ
બેખન્દીદો પેઝીરોફ્ત અઝીશાન્ સેપાસ
૩૩૫ બેબખ્શીદ શાન્ બીકરાન્ ઝરૂરો સીમ
કે આરામશ આમદ બહન્ગામે બીમ
ફેરેસ્તાદએ ઝાલ્રા પીશ ખાન્દ
ઝે હરૂગૂનહ્ બા ઊ સખુનહા બેરાન્દ
બેગોફ્તશ કે બા ઊ બખૂબી બેગૂય
કે ઈન્ આરૂઝૂરા નબુદ હીચ રૂય
વલીકેન્ ચુ પયમાન્ બદીન્ બુદ નુખોસ્ત
બહાનહ્ નશાયદ બબીદાદ જોસ્ત
બેયાસાએ અકૂનૂન તો પૂશીદહ્ દારૂ
બદાન્ તા નદાનદ કસ અઝ રૂઝગારૂ
મન્ ઈનક બશબ્ગીરૂ અઝીનૂં રઝમગાહ્
સોવી શહ્રે ઇરાન્ ગુઝારમ સેપાહ્
બદાન્ તા ચે ફર્માયદમ શહ્રૂયારૂ
ચે આરદ્શ અઝીન્ કારૂ પર્વરૂદેગારૂ
ફેરેસ્તાદહ્રા દાદ ચન્દીન્ દેરમ
બદૂ ગોફ્ત ખીઝો મઝન્ હીચ દમ
ગુસી કરૂદશો ખુદ બરાહ્ ઇસ્તાદ
સેપાહે સેપહ્બુદ અઝાન્ કારૂ શાદ

તમો સિતારાથી (એનો ભેદ) શોધો અને જવાબ આપો-તમો કાંઈ વધાઈ ભરેલી વાત મને કહો. ”

નુજૂમીઓએ આખો દહાડો એની શોધમાંજ કાઢયો.

તેઓએ જોયું અને હસ્તા તેની નઝદીક આવ્યા-કે નસીબને ઝોરે બે દુશમનોમાં સગપણ થાય છે.

નુજૂમીઓએ નરીમાનના સામને-એમ કહયું કે “ ઓ સોનેરી કમર-બંદવાળા પેહલવાન!

મેહરાબની બેટી અને ઝાલ તરફથી તને વધાઈ (હોજો !)-એ બેઉની એક મુબારક જોડી થશે.

આ બન્ને હુનરમંદોથી એક મસ્ત હાથી (મિસાલનો બેટો)-પેદા થશે (અને) તે મર્દીની કમર બાંધશે.

તમામ દુન્યાને તલવારથી તાબે કરશે-પાદશાહનું તખ્ત વાદળની પીઠ ઉપર મૂકશે.

તે ઝમીન ઉપરથી બૂરાંઓને દફે કરશે-દુન્યામાં તેઓને ભરાઈ બેસવાની કેથે જગા રહેવા દેશે નહીં.

સગસાર કે માઝંદરાન બચશે નહીં-(ત્યાંની) ઝમીનને તે ભારી ગોર્ઝથી સાફ કરી નાખશે.

તેનાથી તુરાનને ઘણી ખરાબી પહોંચશે-તેનાથી ઇરાનને સઘળી નેકી પહોંચશે.

દુઃખીઓ તેનાથી આરામ પામશે-તે લડાઇનો દરવાઝો અને નુકસાનીની રાહ બંધ કરશે.

ઈરાનીઓની ઉમેદ કે આશા તેની ઉપરજ રહેશે-તુંજ પેહલવાનને તેના તરફથી વધાઇ હોજો !

લડાઈમાં જે ઘોડો કે તે દપટાવશે-તે લડાયક ચિત્તાઓના ચેહરાને પગ નીચે કચડી નાખશે.

લડાયક હાથી અને મસ્ત સિંહ-તે પેહલવાનના ગોર્ઝથી પાયમાલ થશે.

તેના વખતનો પાદશાહ ભાગ્યશાળી નિવડશે-ઝમાનો તેનું નામ પાદશાહોની સફમાં મૂકશે. ”

જ્યારે તેણે નુજૂમીઓનું બોલવું સાંભળ્યું ત્યારે તે હસ્યો અને તેઓનો ઉપકાર માન્યો.

તેઓને પુશ્કળ સોના ચાંદીની બક્ષેશ કીધી કારણ ધાસ્તીના વખતમાં તેને ખુશી ઉપજી હતી.

તેણે ઝાલના કાસેદને પોતા પાસે બોલાવ્યો-તેની સાથે હરેક રીતની વાતો ચલાવી.

તેને કહયું કે ખૂબી સાથ તેને કહેજે કે “ આ તારી માગણીમાં કશું વાજબીપણું નહીં હતું,

પણ જ્યારે હું પહેલેથીજ વચન આપી ચૂકયો હતો-ત્યારે તેનાથી ફરી જવાનું કશું બહાનું કાઢયું નથી.

તું હમણાં તો ધીરજ ધર (અને આ વાત) છૂપી રાખજે-જેથી એને કોઇ નહીં જાણે.

હું સવાર પડતાંજ આ લડાઇગાહથી-ઈરાન શેહર તરફ પાછો ફરૂં છું.

જેથી (જોઉં કે) પાદશાહ મને શું ફર્માવે છે-એ કામમાં પરવરદેગાર તેને કેવી વળણ લેવાડે છે ? ”

એલચીને કેટલાક દિરમ આપ્યા-(અને) તેને કહયું કે “ તું જા અને કેથે પણ થોભતો ના. ”

તેને રવાના કીધો અને પોતે રસ્તે પડયો. તે કામથી લશ્કરનો સરદાર ખુશી હતો.

બબસ્તન્દ્ અઝાન્ કર્ગસારાન્ હઝાર્
પેયાદહ્ બઝારી કશીદન્દ્ ખાર્
દો બહ્રહ્ ચુ અઝ્ તીરહ્ શબ્ દર્ગુઝશ્ત
ખોરૂશે સવારાન્ બર્આમદ્ ઝે દશ્ત
હમાન્ નાલએ કૂસ્ બા કર્રનાય
બર્આમદ્ ઝે દહ્લીઝે પર્દહ્સરાય
સેપહ્બુદ્ સુવી શહ્રે ઈરાન્ કશીદ્
સેપહ્રા બનઝ્દે દેહેસ્તાન્ કશીદ્
ફેરેસ્તાદહ્ આમદ્ બનઝ્દીકે ઝાલ્
અબા બખ્તે પીરૂઝો ફર્ખોન્દહ્ ફાલ્
ચુ આમદ્ બદૂ દાદ્ પયઘામે સામ્
અઝ્ ઝાલ્ બેશ્નીદો શુદ્ શાદ્કામ્
ગેરેફ્ત આફ્રીન્ ઝાલ્ બર્ કેર્દેગાર્
બદાન્ બખ્શેશો શાદ્માન્ રૂઝ્ગાર્
દેરમ દાદો દીનાર્ દર્વીશરા
નવાઝન્દહ્ શુદ્ મર્દુમે ખીશરા
બસી આફ્રીન્ બર્ સેપહ્દારે સામ્
બેકર્દી અઝાન્ ખૂબ્ દાદન્ પયામ્
ને શબ્ ખાબ્ કર્દી ને રૂઝ્ આર્મીદ્
ને મય ખુર્દી ને નીઝ્ રામેશ ગુઝીદ્
દેલશ્ ગશ્તહ્ બૂદ્ આર્ઝૂમન્દે જોફ્ત
હમહ્ હર્ચે ગોફ્તી ઝે રૂદાબહ્ ગોફ્ત

તેઓએ કર્ગસારોમાંથી હઝારને કયદ કરી બાંધ્યા—અને સંકટ અને પીડા સાથે તેઓને ઘસડવા માંડયા.

પાછલી રાતને વખતે—મયદાનમાંથી ઘોડેસવારોની ગડબડ સંભળાવા ૩૩૬
લાગી.

તેમજ કર્નાયની સાથ નગારાના આવાઝ—તંબુના દરવાઝામાંથી બાહેર નીકળ્યા.

સરદાર (સામ) લશ્કર સાથે દેહેસ્તાન થઇને ઇરાન તરફ ચાલ્યો.

(હવે પેલી તરફ) કાસેદ ખુશ ખબરી અને વધાઈ લઇને ઝાલ તરફ આવ્યો.

જ્યારે તે આવ્યો ત્યારે તેણે સામનો પયધામ પુગાડયો—તે ઝાલે સાંભળ્યો અને ખુશહાલ થયો.

તે બખ્શેશ અને વધાઇ માટે ઝાલે પર્વર્દેગારના શુક્રાના કીધા.

દર્વીશોને દીનાર અને દિરમ આપ્યા—(અને) પોતાનાં માણસોને નવાઝનારો થયો.

રૂડો જવાબ મોકલવાથી સરદાર સામ ઉપર ઘણી દુઆ કીધી.

તે દિવસના આરામ અને રાતના ખાબ નહીં કરતો—તે શરાબ નહીં પીતો અને ખુશી પસંદ નહીં કરતો,

કારણ તેનું દિલ પેલી ઓરતનીજ ઈચ્છાવાળું થયલું હતું—તે જેબી બોલતો તે રોદાબે માટેજ બોલતો.

આગાહ્ શુદને સીનૂદોખ્ત્ અઝ્ શીફ્તગીએ રૂદાબહ્ વ ઝાલ્ વ ખુશ્નૂદ શુદન્.

રોદાબે અને ઝાલની મોહબતથી સીન્દોખ્તનું વાકેફ થવું અને તેનું ખુશી થવું.

મેયાને સેપહ્દારો આન્ સર્વંબુન
ઝની બૂદ્ ગૂયન્દહ્ શીરીનસખુન્
પયામ્ આવરીદી સુવી પહ્લવાન્
હમઝ્ પહ્લવાન્ સૂએ સર્વે રવાન્
સેપહ્દાર્ દસ્તાન્ મર્ ઊરા બેખાન્દ્
સુખન્ હર્ ચે બેશ્નીદ્ બા ઊ બેરાન્દ્
બદૂ ગોફ્ત નઝ્દીકે રૂદાબહ્ શવ્
બેગૂયશ કે અય નીક્દેલ્ માહે નવ્
સુખન્ ચૂન્ બઝ્ખ્તીઓ તન્ગી રસીદ્
ફ્રાખીશરા ઝૂદ્ બીની કલીદ્
ફેરેસ્તાદહ્ બાઝ્ આમદ્ અઝ્ પીશે સામ્
અબા શાદ્કામીઓ ફર્રોખ પયામ્
બસી ગોફ્તો બેશ્નીદ્ ઝ્ દાસ્તાન્
સરન્જામ્ ઊ ગશ્ત હમદાસ્તાન્
સબુક્ પાસોખે નામહ્ ઝનરા સેપોર્દ્
ઝન્ અઝ્ પીશે ઊ રફ્તો નામહ્ બેબોર્દ્
બનઝ્દીકે રૂદાબહ્ આમદ્ ચુ બાદ્
બદીન્ શાદ્માની બશ મોઝ્દહ્ દાદ્

સરદાર (ઝાલ) અને પેલાં સરોવર (રોદાબે)ની વચ્ચે—એક મીઠા ૩૩૭
સખુન બોલનારી ઓરત આવ જાવ કરતી હતી.

તે પેહલવાન તરફ પયઘામ લાવતી—તેમજ પેહલવાન તરફનો પયધામ સરોવર (રોદાબે) તરફ (લઈ જતી).

સરદાર દસ્તાને તેને બોલાવી—(અને) જે કાંઇ વાત થઈ હતી તે તેને કહી.

તેને કહ્યું (કે) " તું રોદાબેની આગલ જા—(અને) તેને કહે કે એ મેહરબાન અને ખીલતી ખૂબસૂરતી !

જ્યારે કોઇ બાબદ ઘણીજ તંગીમાં આવી પડે છે—ત્યારે તેને આસાન કરવા માટે આપણ ઘણાજ ઉતાવળાં પગલાં ભર્યે છિયે.

(તેમજ) કાસેદ સામની પાસેથી ખુશહાલ અને મુબારક પયધામ સાથે પાછો આવ્યો (છે).

સામે પહેલાં તો ઘણીજ હોના તોંજી (હા ના) કીધી—(પણ) શેવટે તેણે હા કહી છે."

એમ કહી તુરત પેલાં નામાનો જવાબ ઓરતને હવાલે કીધો—તે તેની નઝદીકથી ચાલી અને નામુ લઈ ગઇ.

તે રોદાબેની નઝદીક પવનની માફક આવી—અને ખુશહાલીની વધાઇ આપી.

પરીરૂચ બરૂ ઝન્ દેરમ બરૂફેશાન્દ
બકુર્સીએ ઝરૂપયકરશ દરૂનેશાન્દ
૩૩૮ બેદાહશ બદાન્ દાયએ ચારહુગરૂ
યકી દસ્ત જામહુ બરૂ આન્ મોઝ્દહુબરૂ
હમાન્ નીઝ્ અઝ્ બહુરે ફરૂખોન્દહુ ઝાલ
ઝે ચીઝી કે બાશદ મરૂ ઊરા હમાલ
યકી શારહુ સરૂબન્દ પીશ્ આવરીદ
શુદહુ તારો પૂદ અન્દરાન્ નાપદીદ
હમહુ પયકરશ સોરૂખ યાકૂતો ઝરૂ
શુદહુ ઝરૂ હમહુ નાપદીદ અઝ્ ગોહરૂ
યકી જોફૂત પુરૂમાયહુ અન્ગુશ્તરી
ફોરૂઝન્દહુ ચૂન બરૂ ફલકુ મુશ્તરી
ફેરેસ્તાદ નઝ્દીકે દસ્તાને સામ
બસી દાદ બા આન્ દોરૂદો પયામ
ઝન્ અઝ્ હુજરહુ રફૂતો બઅયવાન્ રસીદ
નેગહુ કરૂદ સીનદોખ્ત ઊરા બેદીદ
પુરૂ અન્દીશહુ શુદ જાને સીનદોખ્ત અઝૂય
બઆવાઝ્ ગોફૂત અઝ્ કુજાઈ બેગૂય
ઝન્ અઝ્ બીમે ઊ ગશ્ત ચૂન્ સન્દરૂસ
બેતર્સીદો રૂએ ઝમીન્ દાદ બૂસ
બદૂ ગોફૂત સીનદોખ્ત કય જેશ્તરૂય
સખુન્ બેશનવો પાસોખશરા બેગૂય
૩૩૯ ઝમાન્ તા ઝમાન્ પીશે મન્ બોગ્ઝરી
બહુજરહુ દરૂઆઈ બમન્ નનગરી
દેલે રઉશનમ શુદ બતૂ બદ્ગમાન્
નગૂઈ મરા તા ઝેહી યા કમાન્
બદૂ ગોફૂત હસ્તમ યકી ચારહુજૂય
હમી તા ફરાઝ્ આરમ અઝ્ ચન્દ રૂય
બહાયી ઝે જામહુ ઝે પીરાયહા
ફોરૂશમ ઝે મરૂદુમ બુવદ માયહા
શવમ મન્ સુવી ખાનએ મેહુતરાન્
ઝે મન્ જામહુ ખરૂરન્દો હમ ગઉહરાન્
બદીન્ હુજરહુ રૂદાબહુ પીરાયહુ ખાસ્ત
હમાન્ ગઉહરાને ગેરાન્માયહુ ખાસ્ત
બેયાવરૂદમશ અફૂસરી ઝરૂનેગારૂ
યકી હુકુકહુ પુરૂ ગઉહરે શાહુવારૂ
બદૂ ગોફૂત સીનદોખ્ત બેન્માઈઅમ
દેલે બસ્તહુ ઝનદીશહુ બોકુશાઈઅમ
સેપોરૂદમ બરૂદાબહુ ગોફૂત ઇન્ દો ચીઝ્
કુઝૂન્ ખાસ્ત અફૂનૂન્ બેયારમશ નીઝ્
બહા ગોફૂત બોગ્ઝારૂ બરૂ ચશ્મે મન્
યકી આબ્ બરૂઝન્ બરીન્ ખશ્મે મન્
દેરમ ગોફૂત ફર્દા દેહમ માહુરૂય
૩૪૦ બહા તા નેયાબમ તો અઝ્ મન્ મજૂય
હમી કઝ્ બેદાનેસ્ત ગોફૂતારે ઊય
બેયારાસ્ત દેલ્રા બપયગારે ઊય
નેયામદ બેજોસ્તશ અઝૂ રાસ્તી
હમીદીદ અઝૂ કઝ્ઝીઓ કાસ્તી
ચુ આન્ જામહાએ ગેરાન્માયહુ દીદ
હમઝ્ દસ્તે રૂદાબહુ પીરાયહુ દીદ

રોદાબેએ (તે) ઓરતની ઉપર દિરમ વધાવ્યા–તેને સોનેરી કુર્સી ઉપર બેસાડી.

તેણે તે કુનેહબાઝ દાસીને તે વધાઈ લાવવા માટે એક જોડી કપડાં આપ્યાં,

તેમજ મુબારક ઝાલને માટે. પણ–તેને લાયકની ચીઝો ભેટ મોકલી.

એક માથે બાંધવાની હિન્દી પાઘડી જે એવી સરસ વણેલી હતી કે તેનો તાણો અને વાણો માલૂમ પડતો ન હતો.

તેની ઉપર સોના અને યાકૂતથી તરેહ ભરેલી હતી–ગોહરોની નીચે સોનું ઢંકાઇ ગયું હતું.

વળી એક બંધ બેસ્તી કીમતી વીટી–જેમ આસ્માન ઉપર બ્રહસ્પતિ સેતારો ચળકે છે તેમ ચળકતી હતી.

(તે સઘળું) સામના દસ્તાનની નઝદીક મોકલ્યું–તે સાથે પયઘામ અને ઘણી દુઆ કહેવાડી.

તે ઓરત ઓરડામાંથી ગઈ અને હોલમાં પહોંચી–(તેવીજ) સીન્દોખ્તની નઝર પડી (અને) તેને જોઈ.

તેને જોયાથી સીન્દોખ્તનો જીવ ફિક્રમંદ થયો–તેણીએ પોકાર માર્યો (કે) "બોલ તું કયાંથી આવી?"

તે ઓરત તેની ધાસ્તીથી ચંદ્રુસની મિસાલ (ફિક્કી) પડી ગઇ–તે બીહધી અને ઝમીનને બોસા લીધા (વાંકી વળી).

તેને સીન્દોખ્તે કહયું કે "ઓ એબ લગામણી !–હું કહું છું તે સાંભળ અને તેનો જવાબ આપ.

ઘડી ઘડી તું મારી આગળથી જાય છે–અને ઓરડામાંથી બાહેર આવે છે અને મને કાંઇ ખાતેરમાંજ નથી લાવતી.

મને તારા ઉપર ઘણોજ શક આવે છે–બોલી દે તું ચિલ્લો છે કે કમાન."

તેણે કહયું (કે) "હું એક ગરીબડી ગરજાઉ છું–અહીં તહીંથી પોતાનું પુરૂં કરૂં છું.

કીમતી કાપડ અને પોશાકો–હું વેચું છુ (અને) માણસોથી (તેની) કીમત લઉં છું.

હું મોટાઓનાં ઘરમાં જાઉં છું–તેઓ મારી પાસેથી કાપડ તેમજ ગોહરો ખરીદે છે.

આ ઓરડામાં રોદાબેએ પોશાક તેમજ ઊંચી કીમતનાં ગોહરો માગયાં (હતાં),

(તેથી) હું તેને (માટે) એક સોનેરી નકશીનું તાજ (અને) પાદશાહો લાયક ગોહરો(થી) ભરપુર એક દાબડો લાવી."

સીન્દોખ્તે તેને કહયું (કે) "તે મને બતાવ–(અને) મારાં દિલનો શક દૂર કર."

તે બોલી કે "રોદાબેને મેં તે બન્ને ચીઝો આપી દીધી–તેણે બીજી મંગાવી છે તે હમણા લેવા જાઉં છું."

(સીન્દોખ્ત) બોલી કે "તે વેચાણનાં શું પૈસા આવ્યા તે દેખાડ–અને મારો ઘુસ્સો થંડો પાડ."

એવું સાંભળીને તે દાસી બોલી કે "માહતાબને ચેહરેની (રોદાબે)એ કહયું છે કે પૈસા આવતી કાલે લેજે."

તેનું બોલવું બધું જૂઠું છે એમ સીન્દુખ્ત જાણી ગઈ–તેથી તેની તલાશ કરવાનો વિચાર કર્યો.

(પછી) તપાસ દરમેયાન તો તેની કશી સચ્ચાઈ જણાઈજ નહીં–જે કંઈ તે બોલી તે બધું તરકટ ભરેલું અને જૂઠુંજ હતું

જ્યારે તેણે તે કીમતી કપડાં જોયાં–અને રોદાબેને હાથની વીટી જોઇ

બરૂઆશુફતો ગીસૂએ ઊરા બદસ્ત
બેપીચીદો બરૂ રૂએ અફૂકન્દહ પસ્ત
કશીદશ ઝને ચારહુગરૂરા બમૂય
બેયાવર્દો અફૂકન્દહ ઊરા બરૂય
બખેશમ્ અન્દરૂન્ શુદહ અઝાન્ ઝન્ ઘમી
બખારી કશીદશ બરૂએ ઝમી
ઝમાની હમીબોરૂદહ મૂયશ કશાન્
બેયફૂગન્દહ બરૂ ખીફ ચુન્ બીહશાન્
બેયફૂગન્દહ ઊરા હમાનૂ જા બેબસ્ત
હમીફૂફૂત પાયો હમીઝદ બદસ્ત
વઝાન્જા બકાખ્ અન્દરૂ આમદ દેઝ્મ
હમીબૂદ બા દર્દો અન્દૂહો ઘમ
દરે કાખ્ બરૂ ખીશ્તન્ બરૂ બેબસ્ત
અઝ અન્દીશગાન્ શુદ બકેર્દારે મસ્ત
બેફરૂમૂદ તા દોખ્તરશ રફત પીશ
હમી દસ્ત બરૂઝદ બરોખસારે ખીશ
દો ગુલરા બદૂ નર્ગેસે આબ્દારૂ
હમીશુસ્ત તા શુદ ગુલાન્ તાબ્દારૂ
બરૂદાબહૂ ગોફૂત અય ગેરાન્માયહૂ માહૂ
ચેરા બરૂગુઝીદી તો બરૂ ગાહૂ ચાહૂ
ચે માન્દઅ નેફૂ દાશ્તન્ દરૂ જેહાન્
કે નન્મૂદમત્ આશ્કારો નેહાન્
સેતમગરૂ ચેરા ગશ્તી અય માહૂરૂય
હમહૂ રાઝ્હા પીશે માદરૂ બેગૂય
કે ઈન્ ઝન્ ઝે પીશે કે આયદ હમી
બનઝદત ઝે બહૂરે ચે આયદ હમી
સોખન્ બરૂ ચેસાનસ્તો ઇન્ મરૂદ કીસ્ત
કે ઝીબાએ સરૂબન્દો અન્ગુશ્તરીસ્ત
ઝે ગન્જે બુઝોરૂગ્ અફૂસરે તાઝેયાન્
બમા માન્દ બેસ્યારૂ સૂદો ઝેયાન્
બદીન્ નામે બદ દાદ ખાહી બબાદ
ચુ મન્ ઝાદહૂ ખુદ દોખ્ત હરૂગેઝ મબાદ
ઝમીન્ દીદ રૂદાબહો પોશ્તે પાય
ફેરૂમાન્દ અઝ શર્મે માદરૂ બજાય
ફેરૂરીખ્ત અઝ દીદગાન્ આબે મેહરૂ
બખૂને દો નર્ગેસ બેયારાસ્ત ચેહરૂ
બમાદર્ ચુનીન્ ગોફૂત કય પુરૂખેરદ
હમી મેહરૂ જાને મરા બેશ્કરદ
મરા માદરમ ગરૂ નઝાદી ઝે બુનૂ
નરફૂતી ઝે મન્ નીફ યા બદ સખુન્
સેપહદારે દસ્તાન્ બકાબુલ બેમાન્દ
ચુનીન્ મેહરે ઊઈમ્ બઆતેશ નેશાન્દ
ચુનાન્ નન્ગ્ શુદ બરૂ દેલે મન્ જેહાન્
કે ગેર્યાન્ શુદમ આશ્કારો નેહાન્
નખાહમ બુદન ઝેન્દહૂ બીરૂએ ઊય
જહાનમ નેયરૂઝદ બયફ મૂએ ઊય
બદાન્ કૂ મરા દીદો બા મન્ નેશસ્ત
બપયમાન્ ગેરેફૂતીમ દસ્તશ બદસ્ત
ચુ અઝ દીદની ચીઝે દીગરૂ નરફૂત
મેયાને મનો ઊ ખુદ આતેશ બેતફૂત

ત્યારે તે ધુસ્સે થઈ અને પેલીનો ચોટલો પકડી-ખેંચી કાઢી તેને ઊંધે મસ્તક નાખી દીધી.

(વળી) પેલી તરકટી ઓરતના બાલ પકડી-ખેંચતી ખેંચતી લાવીને ઊંધી નાખી.

એકદમ ધુસ્સાથી ભરાઇ જઇને પેલી ઓરતને ઘણીજ-શર્મ ભરેલી રીતે ભોંય ઉપર રગડી નાખી.

(વળી) થોડો વખત તેના બાલ ટુંપી નાખ્યા-અને તેને અધમુઈ જેવી કરી ભોંય ઉપર નાખી.

તેને ભોંય ઉપર નાખી ત્યાંની ત્યાંજ બાંધી દીધી-તેને લાત અને મુક્કીથી ખૂબ મારી.

પછી (સીન્દોખ્ત) તે જગાએથી ઉસકેરાયલી મેહલમાં આવી-તે દુઃખી, દેલગીર અને ઘમભરેલી હતી.

ઓરડામાં જઇ તેણીએ બારણા બંધ કરી દીધાં-વિચારમાંની વિચા- ૩૪૧
રૂમાં તે ગાંડી જેવી થઇ ગઇ.

પછી હોકમ કીધો કે રોદાબે મારી સામે આવે-તે આવે ત્યાં સુધી (સીન્દોખ્તે) પોતાનો ચેહરો પીખી નાખ્યો.

બે ભિંજાયલી નર્ગેસ (રડતી આંખો)થી બે ગોલાબ (ગાલ)ને-તેણે એવા ધોયા (એટલું રડી) કે તે બેઉ (ગાલ) ભભુકદાર (લાલ) થઈ ગયા.

તેણે રોદાબેને કહયું (કે) "ઓ કીર્તિવંત ચંદ્ર-તેં તખ્તને બદલે ખબોચ્યું કાંય પસંદ કર્યું?

ઝાહેર અને બાતેનની નેક ઝિંદગી ગુઝારવામાં એવું તે શું રહી ગયું હતું જે મેં તને શીખવ્યું ન હોય?

ઓ માહતાબને મુખની!-તેં આ ઝુલ્મ માતા ઉપર કાંય પાડયો?-તું સઘળો ભેદ માની નઝદીક કહે;

કે આ ઓરત કોણની આગળથી આવે છે-તે તારી નઝદીક શા માટે આવે છે?

(આ) વાત શી છે અને તે કોણ મર્દ છે-કે જે આ પાઘડી અને વીંટીને લાયકનો છે?

અરબોની પાદશાહીના તે મોટા ખઝાનામાંથી-આપણને માટે ઘણુક સારૂં અને નરસું રહી ગયું છે,

જે તું આ બુરાઇઓથી બરબાદ કરવા માગે છે.-મારી જણેલી જેવી કોઇને પેટે છોકરી ના આવતી."

રોદાબે માની શર્મથી તે જગોએ નીચી થઇ અને ઝમીન અને પગની ૩૪૨
તરફ જોયા કર્યું.

પ્યારનાં આંસુ તેની આંખોમાંથી નીચે પડયાં-લોહીનાં આંસુ પાડી તેને પોતાનો ચેહરો શોભીતો કર્યો.

તેણે માને કહયું કે "ઓ અકલમંદ!-મારો જીવ પ્યાર(નો) શિકાર થયો છે.

જો મને મારી મા પહેલેથીજ જણતે નહીં-તો મારેથી ભલું કે બુરૂં કશું થતેજ નહીં.

ઝાબુલનો સરદાર હાલ કાબુલમાં રહયો છે-તેના પ્યારનો આતશ મને બાળે છે.

દુન્યા મારે માટે એવી અકારી થઇ પડી-કે કોઇની સામે અથવા એકલી હું રડયાજ કીધી.

હું તેને જોયા વગર જીવી શકીજ નહીં-મારે (મનસે) દુન્યા તેના એક બાલ બરાબરબી નહીં ઉતરી.

અહીં સુધી કે તે મને મળવા આવ્યો અને મારી સાથ બેઠો-અમોએ હાથમાં હાથ લઇ કોલકરાર કર્યો.

અમો એક બીજાને મળ્યાં અને બસ બીજું કઈજ નહીં-અને અમો બેઉનાં દિલમાં મોહબતનો આતશ ભડકયો.

ફેરેસ્તાદહ્ શુદ્ નઅ્હે સામે બુઝોરૂગ્
ફેરેસ્તાદ્ પાસોખ બઝાલે સુતોરૂગ્
૩૪૩ ઝમાની બેપીચીદ્રો રન્જૂર્ બૂદ
સુખનહાએ બાયેસ્તહ્ ગોફ્તો શુનૂદ
સરૂઅન્જામ ઊ ગશ્ત હમદાસ્તાન્
બેપુર્સીદ્ અઝ્ મૂબદે બાસ્તાન્
બદીન્ કાર્ ગશ્તહ્ ઝે માઝન્દરાન્
અબા ખીશો પયવન્દે નામઆવરાન્
ફેરેસ્તાદહ્રા દાદ્ બેસ્યાર્ ચીઝ્
શનીદમ હમહ્ પાસોખે સામ નીઝ્
બદસ્તે હમીન્ ઝન્ કે કન્દીશ મૂય
ઝદી બર્ ઝમીનો કશીદી બરૂય
ફેરેસ્તાદહ્ આરન્દએ નામહ્ બૂદ
મરા પાસોખે નામહ્ ઈન્ જામહ્ બૂદ
ફેરૂમાન્દ સીન્દોખ્ત ઝીન્ ગોફ્ત ગૂય
પસન્દ આમદશ ઝાલરા જોફ્તે ઊય
ચુનીન્ દાદ્ પાસોખ કે ઈન્ ખોરૂદ નીસ્ત
ચુ દસ્તાન્ ઝે પુરૂમાયગાન્ ગોરૂહ નીસ્ત
બુઝોર્ગસ્તો પૂરે જહાનપહ્લવાન્
હોશીવારો બા રાયો રઉશનરવાન્
હોનરૂહા હમહ્ હસ્તો આહૂ યકી
કે ગરૂદદ્ હોનર્ પીશે ઊ અન્દકી
૩૪૪ શવદ શાહે ગીતી બદીન્ ખેશ્મનાક્
બરૂઆરદ્ ઝે કાબુલ બખોરૂશીદ્ ખાક્
નખાહદ્ કે અઝ્ તોખ્મે મા બર્ ઝમીન્
કસી પાએ ખીશ અન્દર્ આરદ્ બઝીન્
બઝન્ ગોફ્ત કય ઝીરકે હુશયાર્
ચુનીન્ કુન્ હમીશહ્ લબત બસ્તહ્ દાર્
મબાદા લબે તૂ બગોફ્તાર્ ચાક્
સુખનરા ફેરૂ કુન્ હમીનજા બખાક્
રહા કરૂદ્ ઝનરાઓ બેન્વાખ્તશ
ચુનાન્ કરૂદ્ પયદા કે નેશનાખ્તશ
ચુનાન્ દીદ્ દોખ્તરૂશરા દર્ નેહાન્
કુજા પન્દે કસ નેશનવદ્ દર્ જેહાન્
બરૂઆમદ્ બતીમારો ગેર્યાન્ બેખફ્ત
હમી પૂસ્ત બર્ તનશ ગોફ્તી બેકફ્ત

(પછી) બુઝોર્ગ સામની પાસે એક એલચિયો મોકલ્યો-(અને સામે) કીર્તિવંત ઝાલ ઉપર તેનો જવાબ મોકલ્યો.

તે પહેલાં તો કાંઇક ખીજવાયો અને દુઃખી થયો-વળી ઘણીક બાબદોની પૂછ પરછ કીધી.

પણ શેવટે તેણે પણ પોતાની ખુશી ઝાહેર કરી-અને વિદ્વાન મોબેદોથી ઘણીક માહિતી મેળવી.

(હાલમાં) તે (પોતાના) ખેશ કબીલા અને નામદારો સાથ-માઝંદરાનથી એજ કામ માટે (ઇરાન) ગયો છે.

તેણે કાસેદને ઘણી ચીઝો (બક્ષેશ) આપી-મેં સામનો કાગળ પણ વાંચ્યો છે.

તે આજ ઓરતની મારફતે કે જેના તેં બાલ પીખ્યા-ઝમીન ઉપર પછાડી, અને મોઢું રગડી નાખ્યું (છે).

તેજ નામુ લાવનારી કાસેદ હતી-તે નામાના જવાબમાં મારી તરફનાં આ કપડાં છે."

આ થાતચિત્તથી સીન્દોખ્ત અજબ થઇ-ઝાલ સાથનું તેણીનુ જોડાણ તેને પસંદ પડયું.

તોબી તે બોલી કે "આ કાંઈ નાની જેવી વાત નથી-દસ્તાન જેવો સરદારોમાં કોઈ પેહલવાન નથી.

તે બુઝોર્ગ અને જેહાનપેહલવાનનો બેટો છે-(તે) હુશ્યાર, અકલમંદ અને ડાહયો છે.

(તેમાં) સઘળા હુનરો છે પણ એક અયબ (છે)-કે જેથી તેનાં હુનરો ઢંકાઇ જાય છે.

(વળી) દુન્યાનો શાહ (મિનોચેહર) એથી ગુસ્સે થશે-અને કાબુલની ધૂળધાણી કરી નાખશે.

તે નથી ચાહતો કે આપણની તોખ્મનો કોઈ પણ સરદારી ભોગવે."

(પછી) તેણે પેલી ઓરત (દાસી)ને કહયું કે "ઓ હુસ્યાર અકલમંદ!-હમેશે એવીજ હુશ્યારી વાપડજે અને મોઢું મુગું રાખજે.

તારા હોઠ બોલવા માટે ખુલતાજ ના-તું (આ) વાતને એજ જગોએ ખાકમાં છૂપાવી દેજે."

તેણીએ તે ઓરતને છૂટી કરી અને નવાઝી-એવું ઝાહેર કીધું કે જાણે કશું થયુંજ ન હોય.

તેણે પોતાની બેટીનાં મનની વળણ એવી જોઈ-કે જે કાઇની પણ શીખામણ સાંભળેજ નહીં.

તે ઘમભરેલી અને રડતી રડતી આવી અને સૂઈ ગઈ-જાણે કે તેના તન ઉપરની ચામડી ફાટી જતી હતી.

આગાહી યાફ્તને મેહ્‌રાબ્ અઝ્ શીફ્તગીએ રૂદાબહ્ વ ઝાલ્ વ બર્ આશોફ્તન્. વ બર્ રાહ્ અવર્દને સીન્દોખ્ત્ ઊરા..

રોદાબે અને ઝાલના પ્યારમાં પડવાથી મેહરાબનું વાકેફ થવું અને તેનું ધુસ્સે થવું અને સીન્દોખ્તનું તેને રાહ ઉપર લાવવું.

બરૂઆમદ્ કે દરૂગાહ્ મેહ્‌રાબ્ શાદ
કંઝ્ કરૂદહ્ બુદ્ ઝાલ્ બેસ્યાર્ યાદ
ગેરાન્માયહ્ સીન્દોખ્તરા ખોફ્તહ્ દીદ
રોખશ પેઝ્મોરીદહ્ દેલ્ આશોફ્તહ્ દીદ
બેપુર્સીદો ગોફ્તશ ચે બૂદત બેગૂય
ચેરા પેઝ્મોરીદત દો ગુલ્બરૂગ્ રૂય
ચુનીન્ પાસોખશ દાદ્ સીન્દોખ્ત બાઝ્
કે અન્દીશઈ દર્ દેલમ શુદ દરાઝ્
અઝીન્ ગન્જો આબાદો ઈન્ ખાસ્તહ્
વઝીન્ તાઝી અસ્પાને આરાસ્તહ્
અઝીન્ કાખે આબાદો ઈન્ બૂસ્તાન્
અઝીન્ કામગારી દેલે દૂસ્તાન્
વઝીન્ બન્દગાને સેપહ્બુદ્ પરસ્ત
વઝીન્ તાજો ઈન્ ખુસ્રાવાની નેશસ્ત
વઝીન્ ચેહ્‌રહો સર્વે બાલાએ મા
વઝીન્ નામો ઈન્ દાનેશો રાએ મા
બદીન્ આબ્દારીઓ ઈન્ રાસ્તી
ઝમાન્ તા ઝમાન્ આયદશ કાસ્તી
બનાકામ બાયદ્ બદુશ્મન્ સુપોરૂદ્
હમહ્ રન્જે મા બાદ્ બાયદ્ શુમોરૂદ્
યકી તન્ગ્ સન્દૂક્ અઝાન્ બહ્‌રે માસ્ત
દરખ્તી કે તર્યાકે ઊ ઝહ્‌રે માસ્ત
બેકેશ્તીમો દાદીમ આબશ બરન્જ
બરૂઆવીખ્તીમ અઝ્ બરશ તાજો ગન્જ
ચુ બરૂશુદ્ બખુરૂશીદો શુદ્ સાયહ્દાર્
બખાક્ અન્દર્ આમદ્ સરે માયહ્દાર્
બરીનસ્ત અન્જામો ફર્જામે મા
નદાનમ્ કુજા બાશદ્ આરામે મા
બસીન્દોખ્ત મેહ્‌રાબ્ ગોફ્ત ઈન્ સોખન્
નવ્ આવર્દીઓ નવ્ બેકર્દી કોહન્
સરાએ સેપન્જી બદીન્સાન્ બુવદ્
યકી ખારો દીગર્ તન્આસાન્ બુવદ્
યકી અન્દર્ આયદ્ દેગર્ બુગ્ઝરદ્
કે દીદી કે ચર્ખશ હમીનેશ્કરદ્
બન્તગીએ દેલ્ ધમ નગરૂદદ્ બદર્
બદીન્ નીસ્ત પયગાર્ બા દાદ્ગર્
બદ્ ગોફ્ત સીન્દોખ્ત કીન્ દાસ્તાન્
બરૂએ દેગર્ બર્ નેહદ્ રાસ્તાન્
ચેગૂનહ્ તવાન્ કરૂદ્ અઝ્ તૂ નેહાન્
ચુનીન્ રાઝો ઈન્ કારૂહાએ ગેરાન્

ઝાલે તેની ઘણીજ ખાતેરદારી કીધેલી હોવે મેહરાબ દરબારમાંથી ખુશી થતો થતો પાછો ફર્યો.

ભાગ્યશાળી સીન્દોખ્તને સૂતેલી જોઈન્તેનો ચેહરો કરમાએલો (અને) દિલ દુ:ખી જોયું.

તેની ખબર અંતર પૂછી કે "તને શું થયું છે, બોલ-તારા બન્ને ગુલરંગ ગાલ સાથી ફિક્કા (થયા છે)?"

સીન્દોખ્તે તેને જવાબ આપ્યો-કે "મારાં દિલને મોટો અંદેશો ૩૪૫
થયો (છે).

આ ભરપુર ખઝાનો અને માલમતા,-આ સણગારેલા અરબી ઘોડા,

આ આબાદ મેહલ અને આ બાધ;-આ દિલ ખુશ કરનારા દોસ્તો,

આ સરદારના તાબેદાર બંદાઓ, આ તાજ અને આ પાદશાહી તખ્ત,

આ આપણો ચેહરો અને બુલંદ સરોવર જેવાં કદ,-આ આપણું નામ, અકલ અને વિચાર,

આ દબદબો અને આ મોટાઈ એ બધાંમા-વખત જતે ઘટાડો થતો જશે.

નાચારીએ (આ સઘળું) દુશ્મનને સોંપવું પડશે-આપણી સઘળી મેહનત બરબાદ જશે.

એમાંથી આપણે માટે એક સાંકડી પેટીજ (ઘોર) રહેશે-જાણે એક ઝાડ કે જેના મીઠાં ફળ પણ આપણ માટે ઝેહરજ થઈ પડે.

આપણે મેહનતથી તેને વાવ્યે અને પાણી સીંચ્યે-આપણે તે ઉપર તાજ અને ખઝાનો લટકાવ્યે,

જ્યારે તે ખુરશેદ સુધી ઊંચું ચઢે અને છાયાદાર બને-ત્યારે મેવાથી ભરેલું તેનું સર ખાકમાજ આવે છે.

આપણો (પણ) શેવટ અને અંત એમજ છે-હું નથી જાણતી (કે) ૩૪૬
આપણને આરામ કયાં મળશે?"

મેહરાબે સીન્દોખ્તને ઉત્તર વાળ્યો-કે "જૂની વાતને વળી તેં નવેસરથી માંડી.

ત્રણ પાંચ દહાડાની દુન્યા એવીજ રીતની છે-એક ખુવાર અને બીજો સુખી (થાય) છે.

એક આવે છે અને બીજો જાય છે.-તેં એવો કોણ જોયો છે જેને ફરતાં આસ્માને શિકાર નહીં કર્યો હોય?

ચીરડાવાથી કે ઉદાસીથી કાંઈ ધમ દૂર થતો નથી-ખુદાતાલા સાથે એ બાબદમાં લડી શકાતું નથી."

સીન્દોખ્તે તેને કહયું કે "મેં જે વાત કહી-તેનો અકલમંદો જુદોજ અર્થ કાઢે છે.

એવી રીતનો ભેદ અને આ મોટું કામ-તારીથી કેવી રીતે ગુપ્ત રાખી શકાય?

ખેરદ્ યાકૂતહુ મૂબદે નીકુબખ્ત
બફ઼ર્ઝન્દ્ ઝદ્ દાસ્તાને દરખ્ત
ઝદમ્ દાસ્તાન્ તા ઝે રાહે ખરદ્
સેપહ્બુદ્ બગોફૂતારે મન્ બેન્ગરદ્
ફ઼ેરૂ બોરૂદ્ સરૂ સરૂવરા દાદ્ ખમ
બનર્ગેસ ગુલે સોરૂખરા દાદ્ નમ
૩૪૭ કે ગરદૂન્ ને ઝાન્સાન્ હમી બોગ્ઝરદ્
કે મારા હમી બાયદ્ અય પુરૂખરદ્
ચુનાન્ દાન્ કે રૂદાબહુરા પૂરે સામ
નેહાની નેહાદસ્ત હરૂ ગૂનહુ દામ
બેબોરૂદસ્ત રઉશનદ્દેલે ઊ ઝે રાહ્
ચકી ચારહુ માન્ કરૂદ્ બાયદ્ નેગાહ્
બસી દાદમશ પન્દો સૂદી નકરૂદ્
દેલશ ખીરહુ બીનમ હમી રૂએ ઝરૂદ્
દેલશ પુરૂ ઘમો દરૂદ્ બીનમ હમી
લબશ ખુશ્કો દમ સરૂદ્ બીનમ હમી
ચુ બેશ્નીદ્ મેહ્રાબ્ બરૂ પાએ જસ્ત
નેહાદ્ અઝ્ બરે દસ્તએ તીઘ દસ્ત
તનશ ગશ્ત લર્ઝાનો રોખ લાજવરૂદ્
પુરઝ્ ખૂન્ જેગરૂ લબ્ પુરઝ્ બાદે સરૂદ્
હમીગોફૂત રૂદાબહુરા રૂદે ખૂન્
બેરીઝમ બરૂએ ઝમીન્ ખુદ્ કુનૂન
ચુ આન્ દીદ્ સીન્દોખ્ત બરૂ પાએ જસ્ત
કમરૂ કરૂદ્ બરૂ ગેરૂદ્ગાહશ દો દસ્ત
ચુનીન્ ગોફૂત કઝ્ કેહૂતરૂ અફ્નૂન્ યકી
સુખન્ બેશ્નવો ગૂશદારૂ અન્દકી
૩૪૮ વઝાન્ પસ હમાન્ કુન્ કે રાય આયદત
રવાનો ખેરદ્ રહ્નોમાય આયદત
બેપીચીદો અન્દાખ્ત ઊરા ઝે દસ્ત
ખુરૂશી બરૂઆવરૂદ્ ચૂન પીલે મસ્ત
હમીગોફૂત ચૂન દોખ્તરૂ આમદ્ પદીદ્
બેબાયેસ્તમશ દરૂઝમાન્ સરૂ બુરીદ્
ને કોશ્તમ નેરફૂતમ બરાહે નેયા
કુનૂન સાખ્ત બરૂ મન્ ચુનીન્ કીમેયા
પેસરૂ કૂ ઝે રાહે પેદરૂ બુગ્ઝરદ્
દેલીરશ ઝે પોશ્તે પેદરૂ નેશ્મરદ્
ચકી દાસ્તાન્ ઝદ્ બરીન્ બરૂ પલન્ગ્
બદાન્ગહ્ કે દરૂ જન્ગ્ શુદ્ તીઝ્ ચન્ગ્
મરા કારૂઝારસ્ત ગોફૂત આરૂઝૂય
પેદરૂ અઝ્ નેયા હમ્ચુનીન્ દાશ્ત ખૂય
નેશાને પેદરૂ બાયદ્ અન્દરૂ પેસરૂ
રવા નબ્વદ્ અરૂ કમતરૂ આરદ્ હોનરૂ
હમમ બીમે જાનસ્તો હમ જાએ તન્ગ્
ચેરા બાઝ્ દારી સરૂમરાં ઝે જન્ગ્
અગરૂ સામે યલ બા મેનૂચેહ્રૂ શાહ્
બેયાબન્દ્ બરૂ મા યકી દાસ્તગાહ્
૩૪૯ ઝે કાબુલ બરૂ આયદ્ બખોરૂશીદ્ દૂદ્
ને આબાદ્ માનદ્ ને કેશ્તો દુરૂદ્
ચુનીન્ ગોફૂત સીન્દોખ્ત બા મરૂઝબાન્
કઝીન્ દરૂ મગર્દાન બખીરહુ ઝબાન્

એક નેકબખ્ત વિદ્વાન મોબેદે-એકવાર પોતાના ફ઼ર્ઝંદને ઝાડની દ્રષ્ટાંત રૂપી શીખામણ આપી હતી.

તેજ દ્રષ્ટાંત મેં અત્રે કહ્યું કે કદાચ અકલની રાહથી-સરદાર મારૂં બોલવું સમજી જાય."

(એમ કહી) તેણીએ માથું નીચું કર્યું અને સીધાં સરોવર (બદન)ને વાંકુ વાળ્યું-આંખોમાંથી રાતા ગોલાબ (ગાલ) ઉપર દવ પાડયો (રડી).

(અને બોલવા લાગી) કે "ઓ અકલમંદ! આપણુ સાથ-જેવી રીતે વર્તવું જોઇયે તેવી રીતે આ આસ્માન વર્તતું નથી.

જાણુ કે રોદાબેને માટે સામના બેટાએ-ઘણી રીતનો છુપો ફાંદો ગોઠવ્યો છે.

તેણીનું રોશન દિલ-તેણે આડે માર્ગે ઉતાર્યું છે-(તેથી) આપણુને તેનો ઈલાજ કરવો જોઇયે.

મેં તેને ઘણીક શીખામણુ આપી પણુ કશો ફાયદો થયો નહીં-હું તેણીનું દિલ હુલકાયલું (અને) ચેહરો ફિકકો જોઉં છું.

હું તેનું દિલ ઘમ અને દર્દ ભરેલું જોઉં છું-મેં તેના હોઠ સૂકાયલા અને તેણીને સીસાસો નાખતી જોઈ છે."

જ્યારે મેહરાબે (આ) સાંભળ્યું ત્યારે તે કૂદયો (અને) તલવારની મૂઠ ઉપર હાથ નાખ્યો!

તેનું તન ધ્રુજતું અને મોઢું બલુ રંગનું થયું-(તેનું) જીગર લોહીથી ભરપુર થયું અને હોઠ ઉપર ફુંફાડા આવવા લાગ્યા.

તે બોલ્યો (કે) "રોદાબેનાં લોહીની નેહેર-હમણા હું પોતે વહેતી કરૂં છું"

જ્યારે સીન્દોખ્તે-તેવું જોયું ત્યારે તે કૂદી-(અને) બન્ને હાથ તેની કમરની આસપાસ વીટાળ્યા.

તેણી બોલી કે "મુજ એક અદનાની-જરા વાત સાંભળ અને તેના ઉપર કાન લગાડ.

અને ત્યાર પછી જે તારા વિચારમાં આવે તેમ કરજે-જેમ તને સારૂં સુજે તેમ કરજે."

(મેહરાબે) ઝટકો મારી તેણીને નીચે નાખી-(અને) તેણે મસ્ત હાથીની મિસાલ પોકાર માર્યો.

તે બોલ્યો (કે) "જ્યારે છોકરી પેદા થઈ-ત્યારે તેજ વખતે તેનું સર મારે કાપી નાખવું હતું.

મેં તેણીને મારી નહીં નાખી (અને) હું નેયાગાનની રસમ ઉપર નહીં ચાલ્યો-ત્યારે તેણીએ મારી ઉપર આ નામોશી નાખી છે.

જે છોકરો બાપની રસમથી ઉલટો ચાલે-તેને બહાદુરો બાપની પીઠથી ગણુતા નથી.

એ બાબદ ઉપર એક ચિત્તાએ લડાઈમાં ઉતરતી વખતે એક વાત કહી છે,

કે 'મને લડાઈમાંજ કીર્તિ મળે છે-મારા બાપે તેના બાપથી એજ ખાસીયત મેળવી છે.'

છોકરામાં બાપના ગુણ અને ખાસીયત હોવી જોઇયે-જો તે એમાં ઓછો ઉતરે તો એ વાજબી ગણાય નહીં.

એમાં મારા જીવની ધાસ્તી છે તેમજ આબરૂ જાય છે-ત્યારે તું મને એ લડાઈથી શું કામ રોકે છે?

અગર પેહલવાન સામ મિનોચેહર શાહ સાથ મળી મારા ઉપર કાબૂ મેળવશે તો,'

કાબુલને બાળી જાળી ધૂમાડો કરી નાખશે-આબાદી; વાવણી અને રોપાણી (કાંઈ) રહેશે નહીં."

પાદશાહને સીન્દોખ્તે કહ્યું-કે "તું એવું બેહુદુ ના બોલ.

કઝીન્ આગહી યાકૂત સામે સવારૂ
બદેલ્ તર્સો તીમારો તન્ગી મદારૂ
વય અઝ્ કર્ગસારાન્ બદીન્ ગશ્ત્ બાઝ
કુશાદહ્ શુદહ્ ઈન્ સખુન નીસ્ત્ રાઝ
ચુનીન્ ગોફ્ત મેહ્રાબ્ કય ગાહ્રૂય
સખુન્ હીચ બા મન્, બકઝી મગૂય
ચુનીન્ ખુદ્ કય અન્દરૂખુરદ્ બા ખરદ્
કે મરૂ ખાકરા બાદ્ ફર્માન્ બરદ્
મરા નીસ્તી દેલ્ બદીન્ દર્દમન્દ્
અગરૂ અયમની યાકૂતી અઝ્ ગઝન્દ્
ઝે ઝાલે ગેરાન્માયહ્ દામાદ્ બેહ્
નબાશદ્ હમીદાનદ્ અઝ્, કેહ્ વ મેહ્
કે બાશદ્ કે પયવન્દે સામે સવારૂ
નખાહદ્ ઝે અહ્વાઝ્ તા કન્દહારૂ
બદ્દ ગોફ્ત સીન્દોખ્ત કય સરફરાઝ્
બગોફ્તારે કઝી મબાદમ નેયાઝ્
ગઝન્દે તો પયદા ગઝન્દે મનસ્ત
દેલે દર્દમન્દે તો બન્દે મનસ્ત
ચુનીનસ્ત ઈન્ બરૂ દેલમ શુદ્ દુરોસ્ત
હમીન્ બદ્ગુમાની મરા અઝ્ નુખોસ્ત
કઝાન્ગૂનહ્ દીદી મરા દર્દનાક
બઘમ ખોફ્તહ્ શાદી ઝે દેલ્ રફ્તહ્ પાક
અગરૂ બાશદ્ ઈન્ નીસ્ત કારી શેગેફ્ત
કે ચન્દીન્ બદ્ અન્દીશહ્ બાયદ્ ગેરેફ્ત
ફરીદૂન બસર્વે યમન્ ગશ્ત શાદ્
જહાનજૂએ દસ્તાન્ હમીકરદ્ યાદ્
કે અઝ્ આતેશો આબો અઝ્ બાદો ખાક
શવદ્ તીરહ્ રૂયે ઝમીન્ તાબ્નાક
બસીન્દોખ્ત બેસ્પોરદ્ મેહ્રાબ્ ગૂશ
દેલી પુરૂ ઝે કીનહ્ સરી પુરૂ ઝે જૂશ
બેયાવરદ્ પસ પાસોખે નામહ્ પીશ
વરા ગોફ્ત ખુશ કુન અઝીન્ કામે ખીશ
હરાનગહ્ કે બીગાનહ્ શુદ્ ખીશે તૂ
બેગુદ્ તીરહ્ રાએ બદ્ અન્દીશહ્ તૂ
બસીન્દોખ્ત ફરમૂદ્ પસ નામદારૂ
કે રૂદાબહ્રા ખીઝો પીશે મન્ આરૂ
બેતર્સીદ્ સીન્દોખ્ત અઝાન્ તીઝ્મરદ્
કે રૂદાબહ્રા અન્દરૂ આરદ્ બગરદ્
વઝાન્ ચૂન્ બેહેશ્તે બરીન્ ગુલ્સેતાન્
બેગરદદ્ તેહી રૂએ કાબુલ્સેતાન્
બદ્દ ગોફ્ત પયમાન્ત ખાહમ નુખોસ્ત
કે ઊરા સેપારી બમન્ તન્દુરોસ્ત
ચકી સખ્ત પયમાન્ સેતદ્ ઝૂ નુખોસ્ત
બચારહ્ દેલશરા ઝે કીનહ્ બેશોસ્ત
ઝબાન્ દાદ્ સીન્દોખ્તરા નામજૂય
કે રૂદાબહ્રા બદ્ નેયારદ્ બરૂય
બદ્દ ગોફ્ત બેન્ગરૂ કે શાહે ઝમીન્
સરૂ અઝ્ મા કુનદ્ ઝીન્ સુખન્ પુરૂ ઝે કીન્
નમાનદ્ બરો બૂમો ને મામો બાબ્
શવદ્ પસ્ત રૂદાબહ્ બરૂ રૂદે આબ્

કારણકે સામેસવાર આ વાતની ખબર પામ્યો (છે)-તું દિલમાં કશી બીક, ઘમ અને ફિક્ર ના રાખ.

તે કર્ગસારથી એજ કામ માટે પાછો ફર્યો (છે)-આ વાત બધા જાણે છે કાંઇ છૂપી નથી."

મેહરાબ બોલ્યો કે "એ ચંદ્રનાં મુખની!-તું મને ના છેતર,

અકલ કયારે એવી વાત કબૂલ કરે-કે હવા ખાકની તાબેદાર બને.

જો હયરાનગતીનો કશો ભય ન હતે તો હું એ વાતની પરવા નહીં કરતે.

બધાં નાનાં મોટાં જાણે છે કે અશરાફ ઝાલ કરતાં સારો જમાઈ મલવો મુશ્કેલ છે.

એ અહવાઝથી કન્દહાર સૂધીમાં એવો કોણ છે કે જે સામેસવાર સાથનું સગપણ નહીં ચાહતો હોય?"

સીન્દોખ્તે તેને કહયું કે "એ સરફરાઝ!-તારી સાથે દઘો કરવાની કદીપણ મારી ઈચ્છા ના હોતી!

૩૫૦ તારૂં નુકસાન તે ખુલ્લે ખુલ્લું મારૂં નુકસાન છે-તારૂં દુઃખ તે મારૂંજ દુઃખ છે.

એજ પ્રમાણે શુરૂઆતમાં મને (પણ) બૂરો વિચાર હતો-(પણ પછીથી) આ (વાત) મારા દિલને વાજબી લાગી છે.

એથીજ તેં મને દુઃખભરેલા ઘમથી સૂતેલી જોઈ હતી-જ્યારે ખુશી બિલકુલજ ઉડી ગઈ હતી.

અગર આ કામ બનંતો કાંઈ અજબ જેવું નથી-એ માટે એટલો બધો અદેંશો કરવાની કાંઈ ઝરૂર નથી.

ફરીદૂન યમનના (શાહ) સર્વથી ખુશી થયો (હતો)-એજ વાત શાહઝાદા ઝાલે યાદ કીધી છે,

કે આતશ, પાણી, પવન અને માટીની મેળવણીથી-ઝમીનની કાળી સપાટી ઝલકાટ ભરેલી થાય (છે)."

મેહરાબે સીન્દોખ્તનું કહેવું સાંભળ્યું-પણ તેનું દિલ કીનાભરેલું અને માથું ધુસ્સાભરેલું હતું.

પછી તેણી (તેની) નઝદીક (ઝાલના) નામાનો જવાબ લાવી-અને બોલી કે "લે, તારા જીવને એથી ખુશી કર,

કે જ્યારે બેગાના તારી સાથે ખેશી થશે-ત્યારે તારા દુશ્મનોનાં મોઢાં કાળાં પડશે."

પછી નામદાર (મેહરાબે) સીન્દોખ્તને ફરમાવ્યું-કે "ઉઠ અને રોદાબેને મારી નઝદીક લાવ."

૩૫૧ સીન્દોખ્ત તે ધુસ્સાભરેલા મર્દથી બીહધી-કે "કદાચ રોદાબેને તે મારી તો નહીં નાખે?

અને તેથી બુલંદ બેહેશ્તની મિસાલનો બાગ આ કાબુલ ખાલી તો નહીં થઈ જાય?"

તેથી તેણે કહયું (કે) "પહેલાં તું વચન આપ-કે તું તેણીને મને જેવીને તેવી પાછી આપશે."

તેણીએ એક ઉસ્તવાર કોલ તેની પાસેથી લીધો-(અને) યુક્તિથી તેનું દિલ કીનાથી સાફ કર્યું.

તે નામજોએ સીન્દોખ્તને વચન આપ્યું-કે રોદાબેને કાંઈપણ હાનિ પુગાડશે નહીં.

તે બોલ્યો કે "તું જોજે કે પાદશાહ-એ બાબદનો આપણ ઉપર કીનો રાખશે.

તે ફળ, ઝમીન, મા કે બાપ કોઈ રાખશે નહીં-(અને) રોદાબેને પાણીના ધોધમાં વહેતી કરી મૂકશે."

ચુ બેશનીદ સીન્દોખ્ત સર્ પીશે ઊય
ફેરૂ બોરૂદ બર્ ખાક બેન્હાદ રૂય
બરે દોખ્તર્ આમદ પુરઅ્ ખન્દહ્ લબ્
ફુશાદહ્ રોખો રૂઅ્ ગૂન્ ઝીરે શબ્
હમી મોઅ્દહ્ દાદશ કે જન્ગી પલન્ગ્
ક્રે ગૂરે ઝેયાન્ કરૂદ કૂતાહ્ ચન્ગ્
૩૫૨ બદાદારે દારન્દહ્ મેહ્રાબે ગોરૂદ
યકી સખ્ત સઉગન્દરા નામ્ બોરૂદ
કે નાઝારદ અઝ્ કીનહ્ યક્ તારે મૂય
બશાન્ સર્વે સીમીન્બરે માહરૂય
કુનૂન્ ઝૂદ પીરાયહ્ બોકુશાય રૂય
બપીશે પેદર્ શવ્ બઝારી બનૂય
બદ્ ગોફ્ત રૂદાબહ્ પીરાયહ્ ચીસ્ત્
બજાએ સરેમાયહ્ બીમાયહ્ ચીસ્ત
રવાને મરા પૂરે સામસ્ત જોફ્ત
ચેરા આશકારા બેબાયદ નેહોફ્ત
બપીશે પેદર્ શુદ ચુ ખોરૂશીદે શર્ક
બયાકૂતો ઝર્ અન્દરૂન ગશ્તહ્ ઘર્ક
બેહેશ્તી બુદ આરાસ્તહ્ પુર્નેગાર્
ચુ ખુરૂશીદે તાબાન્ બખુરૂરમ બહાર્
પેદર્ ચૂન્ વરા દીદ ખીરહ્ બેમાન્દ
જહાન્આફ્રીન્રા નેહાની બેખાન્દ
બદ્ ગોફ્ત કય શુસ્તહ્ મગ્ઝ અઝ્ ખરદ
બપુરૂગઉરાન્ ઈન્ કય અન્દર્ખરદ
કે બા અહ્રમન્ જોફ્ત ગરૂદદ પરી
કે ને તાજ બાદત્ ને અન્ગુશ્તરી
૩૫૩ ગરઅ્ દસ્તે કહ્તાન્ યકી મારગીર્
શવદ મોઘ્ બેબાયદશ કોશ્તન્ બતીર્
ચુ બેશ્નીદ રૂદાબહ્ પાસોખ બેસૂખ્ત
ઝે શર્મે પેદર્ રૂએરા બર્ ફેરૂખ્ત
સેયહ્મેઝહ્ બર્ નર્ગેસાને દેઝમ
ફેરૂ ખાબ્નીદો નઝદ હીચ દમ
પેદર્ દેલ પુરઅ્ ખેશ્મો સર્ પુર્ ઝે જન્ગ્
હમીગશ્ત ઘુરૂરાન્ બસાને પલન્ગ્
સોવી ખાનહ્ શુદ દોખ્તરશ દેલ્શદહ્
રોખાને સુઅસ્ફર્ બખૂન્ આઝદહ્
બયઝ્દાન્ ગેરેફ્તન્દ હર્ દુ પનાહ્
હમાન્ દોખ્તરો મામ બા દસ્તગાહ્

જ્યારે સીન્દોખ્તે સાંભળ્યું ત્યારે તેની નઝદીક માથું-નમાવી નમસ્કાર કર્યો.

પછી તેણી હસ્તા હોઠે અને ખુશહાલ ચેહરે, જ્યાં કે બામદાદનું ઝઝ-કલું રાતની નીચે છુપાયલું દેખાતું હતું ત્યાં પોતાની છોકરી પાસે આવી.

તેણીએ તેને વધાઈ આપી કે "લડાયક ચિત્તાએ-કમબખ્તીનાં મારેલાં ગોરખરને પોતાની ચુંગાલથી મોકળું કીધું છે,

બચાવ કરનાર દાદારને નામના, મેહરાબ પેહલવાને,-સખ્ત સઉગંદ લીધા છે,

કે તે રૂપેરી સરોવર (અને) માહતાબનાં મોંની (બાનુ)ના બાળના એક તારને પણ કીનાથી નુકસાન નહીં પુગાડશે.

હવે તું જલ્દીથી ઘરેણાં ગાઠાં કાઢી નાખ-અને નવાધાર આંસુ રેડતી તારા બાપ પાસે જા."

રોદાબે બોલી (કે) "પોશાક શું ચીઝ છે-આ કીમત વિનાનાં ઘરેણાં ગાંઠાં મારાં ધન (ઝાલ) આગળ શું વિસાદમાં છે?

સામનો બેટો મારા જીવનો સાથી છે-(તો) આવી ખુલ્લી વાતને શુ કાંમ છુપાવવી જોઇયે?

તે ઉગતા સૂર્ય માફક જવાહીર અને સોનાથી ઘર્ક થયલી બાપની નઝદીક આવી.

તે ખુશી ભરેલી બહારના ઝળકતા આફતાબની માફક-સણગારેલાં બેહેસ્ત સમાન સુંદર દેખાતી હતી.

જ્યારે બાપે તેણીને જોઈ ત્યારે તે અજબ થયો-(અને) દુન્યા પેદા કરનારને મનમાં યાદ કીધો.

તેણીને કહયું કે "એ અકલ ખોઈ બેઠેલી!-શું આ વાત ઊંચી બુન્યાદવાળાઓને પસંદ પડશે,

કે પરી હારેમનની સાથે જોડાય?-તારૂં તાજ અને વીંટી ગુમ થજો!

અગર કેહતાનના જંગલમાંથી કોઇ સાંપ પકડનાર-સાધુ થાય તો તેને તીરથી મારવો જોઇયે."

જ્યારે રોદાબેએ સાંભળ્યું ત્યારે કાંઈ જવાબ આપ્યો નહીં-બાપની શર્મથી લાલચોળ થઈ ગઈ.

(તેણીએ) કાળાં પાપણ ધમગીન આંખ ઉપર ઢાંકી દીધાં અને કાંઈ પણ બોલી નહીં.

(તેણીનો) બાપ ઘુસ્સાભરેલાં દિલે અને કીનાના વિચાર સાથ-આખો વખત ચિત્તાની પેઠે બખારતો રહયો.

તેણીના ફિક્કા ગાલોમાં લોહી પાછું ધાઇ આવતા ચેહરા સાથ પ્યારની મારેલી છોકરી પોતાના ઓરડા તરફ પાછી ફરી.

(જ્યાં) તે જીત મેળવેલી મા અને બેટી-એ બન્ને જણે ખુદાતાલાની પનાહ પકડી.

આગાહી યાફ્તને મેનૂચેહ્ર્ અઝ્ પયવન્દે ઝાલ્ વ રૂદાબેહ્ વ ઘમ્ગીન્ શુદનશ્ વ ફેરેસ્તાદને નવ્દર્રા બતલબે સામ્.

પસ્ આગાહી આમદ્ બશાહે બુઝોરૂગ્
ઝે મેહ્રાબો દસ્તાનો સામે સુતોરૂગ્
ઝે પયવન્દે મેહ્રાબો અઝ્ મેહ્રે ઝાલ્
વઝાન્ હર્ દો આઝાદએ નાહમાલ્.
સુખન્ રફ્ત હર્ગૂનહ્ બા મૂબેદાન્
બપીશે સરફ્રાઝ્ શાહે જેહાન્
ચુનીન્ ગોફ્ત બા બેખરદાન્ શહ્રયાર્
કે બર્ મા શવદ્ ઝીન્ દેઝમ રૂઝગાર્
ચુ ઈરાન્ ઝે ચન્ગાલે શીરો પલન્ગ્
બેરૂન્ આવરીદમ બરાયો બજન્ગ્
ફરીદૂન્ ઝે ઝહ્હાક્ ગીતી બેશોસ્ત
કે મેહ્રાબે કાબુલ્ ઝે તોખ્મશ બેરોસ્ત
નબાયદ્ કે બર્ ખીરહ્ અઝ્ એશ્કે ઝાલ્
નેહાલે સર્અફ્કન્દહ્ ગર્દદ્ હમાલ્
ચુ અઝ્ દોખ્તે મેહ્રાબો અઝ્ પૂરે સામ
બર્ આયદ્ યકી તીઘે તીઝ્ અઝ્ નેયામ
બયક્ સૂ ને અઝ્ ગઉહરે મા બુવદ્
ચુ તર્યાક્ બા ઝહ્ર્ હમતા બુવદ્
વગર્ તાબ્ ગીરદ્ સુવી માદરંશ
ઝે ગોફ્તે બદ્ આગન્દહ્ ગર્દદ્ સરશ
કુનદ્ શહ્રે ઈરાન્ પુર્ આશૂબો રન્જ
બદ્ બાઝ્ ગર્દદ્ મગર્ તાજો ગન્જ
બેગૂયીદ્ તા ઈન્ ચે રાય આવરમ
કે ઈન્ દાસ્તાન્રા બજાય આવરમ
નબાયદ્ કે ઈન્ કાર્ ગર્દદ્ દરાઝ્
બખમ અન્દર્ આરદ્ સરે સર્ફરાઝ્
કુનૂન્ ઈન્ સખુન્રા ચે પાસોખ દેહીદ્
બેફ્રૂશીદ્ તા રાએ ફર્રૂખ નેહીદ્
હમહ્ મૂબેદાન્ આફ્રીન્ ખાન્દન્દ્
વરા ખુસ્રવે પાક્દીન્ ખાન્દન્દ્
બેગોફ્તન્દ્ કઝ્ મા તો દાના તરી
બબાયેસ્તનીહા તવાના તરી
હમાન્ કુન્ કુજા બા ખેરદ્ દર્ ખરદ્
દેલે અઝ્દહારા ખેરદ્ બેશ્કરદ્
ચુ બેશ્નીદ્ અઝીશાન્ ગેરાનમાયહ્ શાહ્
સરન્જામ આન્રા હમી જોસ્ત રાહ્
બેફ્રમૂદ્ તા નવદર્ આમદ્ બપીશ
અબા વીઝગાનો બુઝોર્ગાને ખીશ
બદ્ ગોફ્ત રવ પીશે સામે સવાર્
બપુર્સશ કે ચૂન્ રસ્તી અઝ્ કાર્ઝાર્

ઝાલ અને રોદાબેનાં જોડાણથી મિનોચેહરનું વાકેફ થવું, અને તેનું દેલગીર થવુ અને સામને બોલાવવા માટે નવદરને મોકલવુ.

બુઝોર્ગ પાદશાહ (મિનોચેહર)ને મેહરાબ અને બુઝોર્ગ સામના દસ્તાનની ખબર મળી.

તેમજ મેહરાબ સાથના સંબંધ અને ઝાલના પ્યાર–અને તે કીર્તિવંત કજોડાંની ખબર પડી.

સરફરાઝ જેહાનના શાહે દાનાઓ સાથ દરેક બાબદ ઉપર વાત ચલાવી.

પાદશાહે દાનાઓને કહયું–કે " આપણે માટે એ (વાત)થી બૂરો વખત આવશે.

શું ઈરાન(ને) સિંહ અને ચિત્તાની ચુંગાલથી–મેં ડહાપણ અને લડા- ૭૫૪
ઈથી છોડવ્યું,

(અને) ફરીદૂને ઝોહાકથી દુન્યા ધોઈ નાખી–તે શું એ માટે કે તેનાં તોખ્મથી કાબુલમાં મેહરાબ માથું ઊંચકે ?

એવું નહીં થાય કે અમારી ઘફલતીને લીધે ઝાલના આ પ્યારથી–પેલો કરમાઈ ગયલો રોપો પાછો ખીલી નીકળે.

મેહરાબની બેટી અને સામના બેટાથી અવતરનાર અગર મેયાનમાંથી તલવાર પાછી બાહેર કાઢે.

જ્યારે એક અંશમાં તો તે પારકા દેશનુંજ માણસ છે–અને ત્યારે ઝેહરનો ઉતાર અને ઝેહર સાથે કેમ મળી શકશે ?

જો તે માતા તરફનો પક્ષ પકડશે–તો ખરેજ તેના મનમાં બૂરા વિચારો ઉત્પન્ન થશે.

(અને પછી તે) પોતાનું ગયલું તાજ અને ખઝાનો પાછો મેળવવા–ઈરાનને ખરાબ અને ખુવાર કરશે.

હવે તમો કહો (કે) હું એનો શું વિચાર કરૂં–કે જેથી હું આ વાતને રાહ ઉપર લાઉં ?

એ કામમાં ઢીલ થવી નહીં જોઇએ–કે જેથી તે સરદાર કશા વિચારમાં પડી જાય.

તમો હવે એ વાતનો શું જવાબ આપો છો ?–ખૂબ વિચાર કરી મને સારી સલાહ આપજો. "

સઘલા દાનાઓએ તેની ઉપર દુઆ કીધી–(અને) તેને પાક દીનનો ૭૫૫
પાદશાહ કહયો.

તેઓ બોલ્યા કે " તું અમારા કરતાં વધારે દાના (છે)–અને દરેક કાંમમાં તને વધું એખ્તેયાર છે.

જે અકલને લાયક લાગે તેજ તું કર–અકલથીજ અઝદહાના દિલનો શિકાર કરી શકાય છે. "

જ્યારે કુઉવાન શાહે આ સાંભળ્યું–ત્યારે તે (કામ)નો નિકાલ લાવવાની તેણે તૈયારી કરી.

તેણે ફરમાવ્યું જેથી નવદર પોતાના બુઝોર્ગો અને ગ્રહસ્થ લોકો સાથ તેની નઝદીક આવ્યો.

તેને કહયું (કે) " તું સામે સવારની નઝદીક જા–તેને પૂછ કે લડાઈ માટે શું સારૂં સારૂં મેળવ્યું.

ચુ દીદી બેગૂયશ કઝીન્ સૂ ગેરાય
કે નઝ્દીકે મા કુન્ સુવી ખાનહૂ રાય
હમાન્ ગાહૂ બરૂખાસ્ત ફર્ઝન્દે શાહૂ
અબા વીઝગાન્ સરૂ નેહાદહૂ બરાહૂ
સુવી સામે નયરમ નેહાદન્દ રૂય
અબા ઝેન્દહૂ પીલાને પરૂખાશ જૂય
ચુ ઝીન્ કારૂ સામે યલ આગાહૂ શુદ
પઝીરહૂ સુવી પૂરગી શાહૂ શુદ
૩૫૧ હમહૂ નામદારાન્ પઝીરહૂ શુદન્દ
અબા ઝેન્દહૂ પીલો તબીરહૂ શુદન્દ
રસીદન્દ પસ પીશે સામે સવારૂ
ખુઝોર્ગાન્ અબા નવ્દરે નામદારૂ
બપુર્સેશ ગેરેફ્તન્દ બા યકૂ દેગરૂ
રહાનો ખુઝોર્ગાને પરૂખાશખરૂ
અઝાન્ પસ નેશસ્તન્દ દરૂ મરૂઘઝારૂ
સખુન્ ગોફ્તહૂ આમદ કે હરૂ ખાસ્તારૂ
પયામે પેદરૂ શાહે નવ્દરૂ બેદાદ
બદીદારે ઊ સામે યલ ગશ્ત શાદ
ચુનીન્ દાદ પાસોખ્ કે ફર્માન્ કુનમ
કે દીદારે ઊ રામેશે જાન્ કુનમ
બુદન્દ અન્દરાન્ રૂઝ મેહમાને સામ
બદીદારે સામ આન્ ગુરૂહૂ શાદકામ
નેહાદન્દ ખાનો ગેરેફ્તન્દ જામ
નુખોસ્ત અઝ મેનૂચેહરૂ બોરૂદન્દ નામ
પસઝ નવ્દરો સામો હરૂ મેહતરી
ગેરેફ્તન્દ શાદી કે હરૂ કેશ્વરી
બશાદી સરૂઆમદ શબે દીરૂબાઝ
ચુ ખુરૂશીદે રખ્શન્દહૂ બોકુશાદ રાઝ
૩૫૭ ખેરૂશે તબીરહૂ બરૂઆમદ કે દરૂ
હયૂને તગાવરૂ બરૂઆવરૂદ પરૂ
સુવી બારૂગાહે મેનૂચેહરૂ શાહૂ
બફર્માને ઊ બરૂ ગેરેફ્તન્દ રાહૂ
મેનૂચેહરૂ ચૂન યાફ્ત ઝ આગહી
બેયારાસ્ત દીહીમે શાહન્શાહી
કે સારીઓ આમુલ બરૂઆમદ ખોરૂશ
ચુ દર્યાએ જૂશાન્ બરૂઆવરૂદ જૂશ
બેરફ્તન્દ આન્ ગાહૂ જૂબીનવરાન્
અબા જઉશનો ગોરૂઝહાએ ગરાન્
સેપાહી કે અઝ કૂહ તા કૂહ મરૂદ
સેપરૂ દરૂ સેપરૂ યાફ્તહૂ સોર્ખો ઝરૂદ
અબા કૂસો બા નાયો રૂયીનહૂ સન્જ
અબા તાઝી અસ્પાનો પીલાનો ગન્જ
અઝાન્ ગૂનહૂ લશ્કરૂ પઝીરહૂ શુદન્દ
મેહાન્ બા દેરફ્શો તબીરહૂ શુદન્દ

વાતચિત્ત કીધા પછી કહેજે કે પહેલાં અત્રે આવે-અમારી પાસે આવ્યા પછી પોતાને ઘર જાય."

તેજ વખત પાદશાહનો બેટો ઉઠયો-(અને) ગ્રહસ્થો સાથે રસ્તે પડયો.

તેઓ લડાયક મસ્ત હાથીઓ સાથ-નરીમાનના સામની તરફ આવ્યા.

જ્યારે નઉદરના આવવાથી પેહલવાન સામ વાકેફ થયો-ત્યારે તે શાહના બેટાને એસ્તેકબાલે ગયો.

સઘળા નામદારો (પણ) નગારાં અને હાથી સાથે એસ્તેકબાલે આવ્યા.

પછી નામદાર નઉદર સાથે બુઝોર્ગો-સામે સવારની નઝદીક આવ્યા.

લડાયક બુઝોર્ગો અને સરદારોએ-એક બીજાની ખેર આફીયત પૂછી.

તે પછી તેઓ જંગલમાં બેઠા-(અને) દરેક બાબદની વાતો કીધી.

શાહ નઉદરે બાપનો પયગામ તેને આપ્યો-તેના દીદારથી પેહલવાન સામ ખુશી થયો.

તેણે જવાબ આપ્યો કે "હું હુકમ બજા લાવીશ-(અને) તેને જોઈને મારા જીવને ખુશી કરીશ."

તેઓ તે દહાડે સામના મેહમાન રહયા-તે લોકો સામના દીદારથી ખુશી થયા.

તેઓએ (ખાણાનાં) ખુમચા મૂકયા અને શરાબની જામ ઉડાવી-પહેલી સલામતી તેઓએ મિનોચેહરની લીધી.

પછી નઉદર, સામ અને બીજા મોટાઓની (લીધી)-તેઓએ કાઈ પણ પ્રાંતની સલામતી લેવામાં કસર રાખી નહીં.

મોડી રાત સૂધી તેઓએ એજ ખુશહાલી કીધી-પણ જ્યારે ઝળકતા ખુરશેદે ભેદ ખુલ્યો (યાને બામદાદ થઈ),

ત્યારે દરવાઝાથી નગારાંનો આવાઝ નીકળ્યો-દોડનારી સાઢણીએ પગ ઉઠાવ્યા.

